ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા. ૧૪-૧૨-૨૦૨૦ સોમવાર
AHMEDABAD
ESTABLISHED-1991

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૦ અંક-૧૩૪ ● ૨૮ રબીઉલ આખર હિજરી ૧૪૪૨ ● 14 DECEMBER- 2020 ● PAGES 12 ● મૂલ્ય ₹ ૫.૦૦

સમગ્ર દેશમાં આજે ખેડૂતોની ભૂખ હડતાળ : કેન્દ્રનું અક્કડ વલણ યથાવત્

કૃષિ કાયદા વિરૂદ્ધ આજે દેશના તમામ જિલ્લાના વડામથક ખાતે ધરતીપુત્રોના ધરણાં યોજાશે : જલદ બનતું આંદોલન

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્રના નવા કૃષિ કાયદા વિરૂદ્ધ દેશના ખેડૂતોનું આંદોલન ૧૮માં દિવસમાં પ્રવેશ્યું છે. ત્યારે આ વિરોધને તેજ બનાવતાં દિલ્હી-જયપુર હાઈ-વેને બંધ કરવા ધરતીપુત્રોએ દિલ્હી તરફ કૂચ કરવાની શરૂઆત કરી હતી. જગતના તાત દ્વારા પોતાની માંગણીઓને બુલંદ બનાવવા ટ્રેક્ટર માર્ચનો આરંભ કરવામાં આવ્યો હતો. ખેડૂતો અને સરકાર વચ્ચે છ તબક્કાની મંત્રણા યોજાઈ ચૂકી છે પણ કોઈ નક્કર પરિણામ પર પહોંચી શકાયું નથી. જયપુર-દિલ્હી અને દિલ્હી-આગ્રા એક્સપ્રેસ હાઈ-વેને જામ કરવાની ખેડૂતોએ જણાવ્યું હતું કે તેઓની આવકમાં ઘટાડો થયો છે અને ખરીદી માટે ખાનગી એકમોનો હાથ ઉપર રખાતાં આવતીકાલે દેશવ્યાપી પ્રદર્શનની યોજના ઘડવામાં આવી છે.

ટોક ઓફ ધ વલર્ડ બનેલા આ આંદોલનના દસ મોટા ઘટનાક્રમ :

૧. દિલ્હીથી ૧૨૦ કી.મી.ના અંતરે સ્થિત શાહજહાંપુર ખાતેથી રવિવારે સવારે ખેડૂતોની કૂચ શરૂ થઈ હતી. સ્વરાજ ઈન્ડિયાના પ્રમુખ યોગેન્દ્ર યાદવના નેતૃત્વમાં ૮૦૦થી ૯૦૦ લોકોનું જૂથ બન્યું છે. આ જૂથમાં સામાજીક કાર્યકર મેધા પાટકર પણ જોડાયા છે. આ સમયના

નક્કી કર્યું છે.

૬. સિંધુ બોર્ડર ખાતે પ્રદર્શન કરી રહેલા ખેડૂતોએ જણાવ્યું હતું કે, આવતીકાલે સમગ્ર દેશમાં ધરતીપુત્રો દ્વારા એક દિવસની ભૂખ હડતાળ પાળશે. જિલ્લાના તમામ મથકો ખાતે ધરણાં કરાશે. ગત ગુરૂવારે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાથેની બેઠક નિષ્ફળ ગયા બાદ ખેડૂતોએ પોતાના આંદોલનને તેજ બનાવવાની યોજના ઘડી હતી.

૭. શાંતિપૂર્ણ દેખાવો ચાલુ રખાશે એવું જણાવતાં ખેડૂત નેતા બલ્દેવ સિંહ સિર્સાએ જણાવ્યું હતું કે, મોદી સરકારે ખેડૂતોની ધીરજની કસોટી કરવી જોઈએ વિરોધી છે. હું એ વાત કહેવા માંગુ છું કે, સરહદે ખેડૂતો સાથે હજારો નિવૃત્ત સૈનિકો પણ આંદોલનમાં જોડાયા છે, શું તેઓ પણ રાષ્ટ્ર વિરોધી છે. હું એ પૂછવા માંગુ છું કે, વિદેશમાં ભારતનું નેતૃત્વ કરનારા રમતવીરો ધરતીપુત્રોના સમર્થનમાં મેડલ પરત કરી રહ્યાં છે શું તેઓ પણ દેશ વિરોધી છે.

૯. નવા કૃષિ કાયદાની તરફેણ કરી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો કે, તેમની સરકાર ખેડૂતોની આવક વધારવા માંગે છે. તેમની સરકાર ખેડૂતોને વધુ સમૃદ્ધ બનાવવા ઈચ્છે છે. નવા સુધારા ખેડૂતોને વધુ તક અને નવી બજારો ઉપલબ્ધ

જગતના તાતની ટ્રેક્ટર માર્ચના પગલે દિલ્હી-જયપુર હાઈ-વે પર ત્રણ કલાક સુધી ચક્કાજામ : આંશિક રીતે પરિવહનની શરૂઆત : રાજધાની તરફ આગળ વધી રહેલા હજારો ખેડૂતોને હરિયાણાના રેવાડી ખાતે અટકાવતી પોલીસ

ઘોષણાને પગલે દિલ્હી પોલીસે શહેરની સરહદો ખાતે સુરાક્ષા વધારી દીધી છે. રાજસ્થાન-હરિયાણા સરહદ ખાતે શાહજહાંનપુર ખાતેથી ધરતીપુત્રો દ્વારા ટ્રેક્ટર માર્ચ શરૂ કરાતાં ત્રણ કલાક સુધી બંધ રહ્યાં બાદ દિલ્હી-જયપુર હાઈ-વે આંશિક રીતે શરૂ થયો હતો. ચિલ્લા ખાતે દિલ્હી-નોએડા સરહદ ખાતેના અવરોધો દૂર કરી હાઈ-વેને ફરી ખોલવામાં આવ્યો હતો. દિલ્હી તરફ આગળ વધી રહેલા ખેડૂતો હરિયાણાના રેવાડી ખાતેના સીમાડે પહોંચ્યા છે. જો કે આ સ્થળે પોલીસે દિલ્હી-જયપુર બન્ને તરફથી બેરિકેડ લગાવી દીધા છે જેથી તેઓ રાજ્યમાં પ્રવેશી ન શકે. દ્રશ્યોમાં લોકોના હાથમાં પ્લેકાર્ડ જોવા મળ્યા હતા. હાઈ-વે તરફ આગળ વધતાં આ લોકો તરફથી ભારે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો હતો.

૨. ખેડૂતો અને સરકાર વચ્ચેની મંત્રણા નિષ્ફળ જવા અંગે યાદવને પ્રશ્ન પૂછાતાં તેમણે જણાવ્યું હતું કે, આ એક વિચિત્ર વાટાઘાટો છે. તેઓને બળજબરીપૂર્વક એવી ભેટ અપાઈ રહી છે જેની તેમને જરૂર નથી. વડાપ્રધાન મોદી કહે છે કે આ એક ઐતિહાસિક ભેટ છે પણ ખેડૂતો તેનો ઈન્કાર કરી રહ્યાં છે. અમે આ ભેટના પેકિંગને બદલી રહ્યાં છે. પણ ખેડૂતો કહે છે કે, તેમને આ ભેટ નથી જોઈતી. યાદવે જણાવ્યું હતું કે, મોદીએ ખેડૂતોના કલ્યાણ માટે વિચારવું જોઈએ.

૩. દિલ્હી તરફ આગળ વધી રહેલા ખેડૂતોને હરિયાણાના રેવાડી ખાતે અટકાવવામાં આવ્યા હતા. પોલીસે અવરોધો ઊભા કરી ધરતીપુત્રોને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. પંજાબના ખેડૂતોથી અલગ તેઓ કોઈ સામગ્રી લઈને જઈ રહ્યાં નથી. પણ સ્થાનિક લોકો દ્વારા તેમના માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ઉપરાંત તેઓ આંદોલનકર્તાઓના પરિવહન માટે ટ્રકોની પણ વ્યવસ્થા કરી રહ્યાં છે.

રાષ્ટ્રવિરોધી, પાકિસ્તાની, નકસલવાદી હોવાના આરોપોની નોંધ લઈ કિસાન નેતા બલદેવ સિંહ સિર્સાએ કહ્યું : મોદી સરકારે ખેડૂતોની ધીરજની કસોટી ન કરવી જોઈએ

૪. રાજસ્થાનના નિમરાણા ખાતેથી આંદોલન કરી રહેલા ખેડૂતોનું એક અન્ય જૂથ હરિયાણા સરહદ તરફ કૂચ કરી રહ્યું છે. કોંગ્રેસ શાસિત આ રાજ્યના ખેડૂતો પોતાનું આંદોલન જલ્દ બનાવતાં પહેલા કેન્દ્ર સરકારને આ મડાગાંઠના ઉકેલની વધુ એક તક આપવા માંગે છે.

૫. નાગોર જિલ્લામાં જાટ ખેડૂતોનું મોટું સમર્થન ધરાવનાર રાષ્ટ્રીય લોકજનતાંત્રિક પાર્ટીએ જણાવ્યું હતું કે, તેમના પાર્ટી પ્રમુખ હનુમાન બેનિવાલ આંદોલનમાં જોડાવા સરહદે ગયા છે પણ તેઓએ આ કોકડું ઉકેલવા કેન્દ્રની ભાજપ સરકારને વધુ એક તક આપવાનું નહીં. પહેલાં મોદી સરકારે ખેડૂતો પર પાકિસ્તાની હોવાનો આરોપ લગાવ્યો હતો ત્યારબાદ ચીન આ આંદોલન ચલાવી રહ્યાંનો દાવો કરવામાં આવ્યો હતો. અને હવે સરકાર કહે છે કે નકસલીઓ દ્વારા આ દેખાવો કરવામાં આવી રહ્યાં છે.

૮. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, તેઓ ખેડૂતો સાથે એકતા દર્શાવવા આવતીકાલે ભૂખ હડતાળમાં જોડાશે. તેમણે અન્યોને પણ ભૂખ હડતાળ કરવા અપીલ કરી હતી. ભાજપ અને ઘણાં કેન્દ્રીય નેતાઓ વારંવાર કહી રહ્યાં છે કે, ખેડૂતો દેશ કરાવશે. તેઓ ટેકનોલોજીના લાભો ઉપાડી શકશે. તેમજ રોકાણ પણ લાવી શકશે.

૧૦. ધરતીપુત્રોએ જણાવ્યું હતું કે, તેઓ કેન્દ્ર સાથે મંત્રણા ચાલુ રાખવા ઈચ્છે છે. જેથી આ વિવાદાસ્પદ કાયદા અંગે હજુ પણ અમે ચર્ચાના માર્ગે છે. જગતના તાતે વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર આ આંદોલન પાછળ વિપક્ષોનો હાથ હોવાનું, આંદોલનમાં પંજાબના અલગતાવાદીઓની સંડોવણી હોવાનું, તેમજ આ પ્રદર્શનો ચીન અને પાકિસ્તાનના કાવતરાનો ભાગ હોવાનું જણાવી આંદોલનને કમજોર બનાવવા અને તેને ખંડિત કરવા ઈચ્છે છે.

'જ્યારે અડધો ભારત દેશ ભૂખે મરી રહ્યો છે' ત્યારે નવી સંસદ ભવનની શું જરૂર ? પીએમ મોદીને કમલ હાસનનો સવાલ

(એજન્સી) તા.૧૩

અભિનેતામાંથી રાજકારણી બનેલા કમલ હાસને રવિવારે વડાપ્રધાન મોદીના નવા સંસદ નિર્માણ પ્રોજેક્ટ માટે ટીકા કરી હતી અને તેમને પૂછ્યું હતું કે જ્યારે અડધો ભારત કોરોનાના સંકટ વચ્ચે ભૂખો મરી રહ્યો છે. તો આવા સમયે આટલો મોટો ખર્ચ કરવાની શું જરૂર છે ? હાસને એક ટવીટમાં લખ્યું ગ્રેટ વોલ ઓફ ચાઈનાના નિર્માણમાં હજારો લોકો મરી ગયા હતા. રાજાએ કહ્યું હતું કે આ દીવાલ લોકોની રક્ષા માટે છે. જ્યારે કોવિડના કારણે અડધા ભારતે તેનું ગુજરાન ગુમાવી દીધા પછી, લોકો ભૂખે મરી રહ્યા છે તો એવા સમયે ૧,૦૦૦ કરોડ રૂપિયાનું સંસદ કેમ બનાવવું છે ? કોને બચાવવા માટે કોની સુરક્ષા માટે નવું સંસદ બનાવી રહ્યા છો ? માનનીય પ્રધાનમંત્રીજી કૃપા કરીને જવાબ આપો હાસનનું આ ટવીટ ૨૦૨૧માં તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે તેમની પાર્ટી મક્કલ નીધિ મઈમ (એમએનએમ)ના પ્રચાર અભિયાનની શરૂઆત પહેલા આવ્યું હતું. હાસને કહ્યું હતું કે એમએનએમ હવે શું કરવાની જરૂર છે તેના વિશે વાત કરશે. મોદીએ ૧૦ ડિસેમ્બરે નવા સંસદ ભવનનો પાયો નાખ્યો હતો. તેમણે કહ્યું કે આ નવું ભવન ભારતની લોકશાહીનો સીમાચિહ્ન હશે. કોંગ્રેસ અને અન્ય વિપક્ષોએ બીજી તરફ સવાલો ઉઠાવ્યા હતા કે, રોગચાળા અને કેન્દ્રના ત્રણ કૃષિ કાયદાઓના વિરોધમાં ખેડૂતોના પ્રદર્શનો વચ્ચે આવા સમયે આ નિર્માણની જરૂર જ શું છે ? સરકારે સંસદના નવા નિર્માણ માટેના તેના નિર્ણયને ન્યાયી ઠેરવીને કહ્યું હતું કે હાલનું ભવન તકલીફ અને વધારે ઉપયોગના સંકેતો દર્શાવે છે. જણાવી દઈએ કે આ નવું સંસદ ભવન ૨૦,૦૦૦ કરોડ રૂા.ના સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટનો એક મુખ્ય ભાગ છે અને આના નિર્માણમાં કુલ ૯૭૧ કરોડનો ખર્ચ આવશે. સંભાવના છે કે ઓગસ્ટ ૨૦૨૨ સુધીમાં આનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ જશે.

વૉશિંગ્ટનમાં ભારતના નવા કૃષિ કાયદા વિરુદ્ધ પ્રદર્શન દરમ્યાન

કિસાન આંદોલનની ઝાળ અમેરિકા પહોંચી : વૉશિંગ્ટનમાં દેખાવો દરમ્યાન ખાલિસ્તાની ઝંડા દેખાયા, ગાંધીજીની પ્રતિમાને નુકસાન

અમેરિકામાં ભારતીય દૂતાવાસ બહાર ખાલિસ્તાની ઝંડા લહેરાયા, ભારતીય દૂતાવાસે ગુંડાગર્દી પર નિંદા કરી, લેબર પાર્ટીના સાંસદ તાએવો ઓવાતેમીએ માફી માંગી

વૉશિંગ્ટન,તા.૧૩

વોશિંગ્ટનમાં ખાલિસ્તાની અલગતાવાદીઓના સભ્યોએ ભારતના નવા કૃષિ કાયદાની વિરૂદ્ધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતોના સમર્થનમાં સિખ-અમેરિકન યુવાનો દ્વારા આયોજીત વિરોધ પ્રદર્શન દરમ્યાન મહાત્મા ગાંધી ની પ્રતિમાને નુકસાન પહોંચાડ્યું.

ગ્રેટર વોશિંગ્ટન ડીસી ક્ષેત્ર, મેરીલેન્ડ અને વર્જીનિયાની આસપાસના સેંકડો સિખોની સાથો સાથ ન્યૂયોર્ક, ન્યૂજર્સી, પેંસિલ્વેનિયા, ઈંડિયાના , ઓહિયો અને નોર્થ કેરોલિના ના સિખોએ પણ શનિવારના રોજ ભારતીય દૂતાવાસ સુધી કાર રેલી કાઢી હતી. આ બધા પ્રદર્શનકારી ખેડૂતોની સાથે એકજૂથતા વ્યક્ત કરવા માટે ભેગા થયા હતા. જો કે શાંતિપૂર્ણ વિરોધ ટૂંક સમયમાં જ અલગતાવાદી સિખો દ્વારા હાઈજેક કરી લેવાયો, જે ભારત વિરોધી પોસ્ટર અને બેનરની સાથે ખાલિસ્તાની ઝંડા લઈ જઈ રહ્યા હતા, જેમાં કહ્યું હતું કે તેઓ ખાલિસ્તાન ગણરાજ્યનું પ્રતિનિધિત્વ કરે છે. વિરોધ પ્રદર્શન દરમ્યાન, ખાલિસ્તાન સમર્થકની યુવા મહાત્મા ગાંધીની પ્રતિમા પર કૂદી પડ્યા અને તેના પર પોસ્ટ ચીપકાવી દીધા. ગ્રૂપ ભારત વિરોધી અને ખાલિસ્તાન સમર્થક નારા લગાવી રહ્યા હતા. ભારતીય દૂતાવાસ એ પ્રદર્શનકારીઓના રૂપમાં ગુંડાગર્દી કરવા પર શરારતી કૃત્યની નિંદા કરી. એક નિવેદનમાં કહ્યું કે ૧૨ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ ખાલિસ્તાન તત્વો દ્વારા દૂતાવાસની સામે મહાત્મા ગાંધી મેમોરિયલ પ્લાઝામાં મહાત્મા ગાંધીની પ્રતિમાને

ખંડિત કરી દીધી હતી. દૂતાવાસે પ્રદર્શનકારીઓ તરીકે ગુંડાઓ દ્વારા આ શરારતી કૃત્યની આકરી આલોચના કરી. દૂતાવાસે જણાવ્યું હતું કે તેમણે અમેરિકન કાયદા પ્રવર્તન એજન્સીઓની સામે એક મજબૂત વિરોધ નોંધાવ્યો છે અને રાજ્યના વિભાગની સાથે આ કેસની પ્રારંભિક તપાસ અને લાગૂ કાયદાની અંતર્ગત દોષિતોની વિરૂદ્ધ કાર્યવાહી માટે પણ આ મામલો ઉઠાવ્યો છે. ત્યારબાદ અમેરિકામાં લેબર પાર્ટીના સાસંદ તાએવો ઓવાતેમીએ તેમના સમર્થનમાં એક ટ્વીટ કરી હતી પરંતુ બહુ જલદી તેમણે આ ટ્વીટ બદલ માફી માંગી લીધી. તેમણે કહ્યું કે શીખોના ન્યાય માટે સૂચવવામાં આવેલી ટ્વીટને પોસ્ટ કરવા બદલ અનેક લોકોએ મને ઈમેઈલ કર્યો હતો.

નાસા સુધીની સફર માટે હું અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીની ઋણી છું : હાશીમા હસન

એ સમયે ઘણા ભારતીયોની જેમ મેં પણ પોતાની ડિગ્રી, બુદ્ધિમતા અને નવી દુનિયાના વાયદાઓ સાથે ન્યૂયોર્કની ધરતી પર પગ મૂક્યો હતો : નાસા વૈજ્ઞાનિક હાશીમા હસન



(એજન્સી) અલીગઢ, તા.૧૩

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિર્ટીની ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને યૂએસએની નાસા ખાતે પ્રોગામ/ડિસીપ્લીન વૈજ્ઞાનિક હાશિમા હસનને અવકાશ વિજ્ઞાનમાં રસ ત્યારે પડ્યો જ્યારે તેઓએ ૧૯૫૭માં લખનૌમાં તેમના નાનકડા ગામમાંથી આકાશમાં સ્પુતનિક લોન્ચને જોયુ હતુ જે ચોખ્ખા આકાશમાં એક ચમક જેવુ દેખાતા એક ઉલ્કાપિંડ જેવુ દેખાતુ હતું. "એ વખતે હું એક નાનકડી છોકરી હતી, પણ આવા અદભૂત સેટેલાઈટ લોન્ચની સફળતા કે નિષ્ફળતાને અખબારમાં જોવા આતુર હતી. મને સ્પષ્ટ પણે યાદ છે કે, એક દિવસે માનવીએ ચાંદ પર પગ મુક્યો હતો" નાસા સ્ટેમ સ્ટારને ઈન્ટવ્યુ આપતાં ડો.હાશીમા હસને જણાવ્યું. નાસામાં ગતિશીલ, પડકારજનક અને ઉર્જાવાન અને સ્પેશ વૈજ્ઞાનિક બનવા સુધીનો સફર અલીગઢ મુસ્લિમ યુનિવસીર્ટીમાં ન્યુકિલ્યર ફિઝીક્સમાં અનુસ્નાતકની ડિગ્રી લીધા બાદ શરૂ થયો, ડો.હાશીમાએ પોતાની વાતો યાદ કરતા કહ્યું. તેમણે જણાવ્યું હતું કે, એએમયુમાં ૧૯૬૮થી ૧૯૭૩ દરમિયાન વિદ્યાર્થી રહ્યા અને યુનિવર્સિટીમાં પ્રાપ્ત શૈક્ષણિક ઓળખપત્રને કારણે તેને ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ન્યુક્લિયર સાયન્સમાં ઉચ્ચ અભ્યાસ કરવા માટે પ્રતિષ્ઠિત શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરવામાં મદદ મળી. તેમણે પોસ્ટ-ડોક માટે મુંબઈના ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચમાં પણ ભાગ લીધો હતો અને યુએસ કાઉન્સિલ ફેલોશિપ પર યુનાઈટેડ સ્ટેટ્સ જતાં પહેલા મુંબઈના ડો.ભાભા અણુ સંશોધન કેન્દ્રમાં કામ કર્યું હતું. ત્યાર બાદ બાલ્ટીમોર ખાતે મે સ્પેસ ટેલીસ્કોપ સાઈન્સ ઈન્સીટ્યુટમાં કામ કર્યુ, જ્યાં હબલ સ્પેસ ટેલીસ્કોપ અને વિજ્ઞાનનાં અન્ય ઉપકરણો માટેનાં સિમ્યુલેશન સોફટવેરનાં કોડ લખ્યા હતા અને હબલ લોન્ચ પહેલાં ઓપ્ટિકલ એરરને દૂર કરવા કામ લાગ્યા હતા, તેમણે ઈન્ટરવ્યુમાં જણાવ્યું. ડો.હાશીમાને ઓપ્ટિકલ ટેલેસ્કોપ એસેમ્બલી વૈજ્ઞાનિક તરીકે તેમના કામને યાદ કરતા કહ્યું કે, ત્યાં તેમનુ કામ ટેલેસ્કોપને ખૂબ જ સારા ફોકસમાં રાખવુ તેમનુ કામ હતું જ્યાં સુધી તે એક બાજુ સ્થાપિત ન થઈ જાય. ત્યારબાદ નાસામાં કામ કરવાનુ મારૂ સ્વપ્ન પુરૂ થયુ અને ૧૯૪માં નાસામાં વિઝીટિંગ સિનિયર વૈજ્ઞાનિક તરીકે એક જાહેરાત આવી ત્યાં મે બે વર્ષ કામ કર્યુ. મારા માટે નાસાના મુખ્યમથક પર કામ કરવું ખૂબ જ લાભદાયક રહ્યું, જે રીતનું મે ધાર્યુ હતું. "તેમણે કહ્યું કે નાસાના અવકાશ વિજ્ઞાન કાર્યક્રમથી તેમને વૈશ્વિક કક્ષાના વૈજ્ઞાનિકો સાથે કામ કરવા અને લખવાની તક મળે છે. જુની યાદોથી પાછા ફરતાં ડો.હાશીમા હસને કહ્યું કે, એ સમયે ઘણા ભારતીયોની જેમ તેઓ પણ પોતાની ડિગ્રી, બુદ્ધિમત્તા અને નવી દુનીયાના વાયદાઓ સાથે ન્યુયોર્કની ધરતી પર પગ મુક્યો હતો. મે ખૂબ જ મહેનત કરી અને મારી પાસે જે હતુ એ મે આ જમીનને આપ્યું અને એક મહાન દેશે મને પાછુ ઘણુ બધુ આપ્યું પણ જ્યાંથી મે શરૂઆત કરી અલીગઢ મુસ્લિમ યુનિવર્સીટીથી તેની હુ હજીપણ આભારી કે ઋણી છુ. તેમણે ભારપૂર્વક જણાવ્યું.

આંદોલનકારી ખેડૂતોના સમર્થનમાં પંજાબના DIGનું રાજીનામું

મોદી સરકાર માટે લાલબત્તી સમાન ઘટના

(એજન્સી) ચંડીગઢ,તા.૧૩

કિસાનોના આંદોલન વચ્ચે પંજાબ પોલીસના સીનિયર અધિકારીએ રાજીનામુ આપ્યું છે. પંજાબના ડીઆઈજી (જેલ) લખવિંદર સિંહ જાખડએ કિસાનોના મુદ્દા પર સમર્થનની વાત કરતા રાજ્યના મુખ્ય સચિવને રાજીનામુ સોંપી દીધુ છે. જાખડે પ્રમુખ સચિવને પત્ર લખતા સેવાથી રિટાયરમેન્ટ લેવાની વાત કહી છે. તેમણે કહ્યું, 'હું તમને જણાવવા ઈચ્છુ છું કે હું કૃષિ કાયદા વિરુદ્ધ શાંતિપૂર્વક પ્રદર્શન કરી રહેલા પોતાના કિસાન ભાઈઓની સાથે છું. તેથી હું રાજીનામું આપી રહ્યો છું. મીડિયા રિપોર્ટસ પ્રમાણે લખવિંદર સસ્પેન્ડ ચાલી રહ્યા છે. થોડા મહિના પહેલા જેલ અધિકારી પાસે કથિત રીતે લાંચ લેવાના આરોપમાં તે સસ્પેન્ડ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર સરકાર તરફથી હજુ સુધી રાજીનામાનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. ઉલ્લેખનીય છે કે પંજાબમાં કિસાનોના પ્રદર્શનને લોકોને ભરપૂર સમર્થન મળી રહ્યું છે. ખેલ જગતથી લઈને, સાહિત્ય અને રાજનીતિના દિગ્ગજ પણ ખુલીને કિસાનોના સમર્થનમાં આવી રહ્યાં છે. હોકી ટીમના પૂર્વ કેપ્ટન પરગટ સિંહ સહિત અનેક ખેલાડી પોતાનું સન્માન પરત આપી ચુક્યા છે.

સુપ્રીમકોર્ટ દ્વારા અર્નબ ગોસ્વામીની સંરક્ષણની માગ કરતી અરજી ફગાવાયાના એક દિવસ પછી ફેક TRP કૌભાંડ મામલે રિપબ્લિક ટીવીના CEOની ધરપકડ

(એજન્સી) તા.૧૩

શનિવારે મુંબઇ પોલીસે રિપબ્લિક ટીવીના સીઈઓ વિકાસ ખાનચંદાનીની ફેક ટીઆરપી કૌભાંડ હેઠળ કેસમાં ધરપકડ કરી છે. પોલીસના ક્રાઈમ ઈન્ટેલિજન્સ યુનિટ આ કથિત ટેલિવિઝન રેટિંગ પોઈન્ટ (TRP) કૌભાંડની તપાસ કરી રહી છે. હંસા રિસર્ચના અધિકારી નીતિન દેવકરની ફરિયાદ બાદ મુંબઈ પોલીસે આ નકલી ટીઆરપી રેકેટ અંગે ૬ ઓક્ટોબરે એફઆઈઆર નોંધી હતી. આ કેસમાં હજુ સુધી ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. નવેમ્બરમાં અહીંની કોર્ટમાં મુંબઈ પોલીસે આ કથિત ટીઆરપી કૌભાંડમાં ચાર્જશીટ પણ દાખલ કરી હતી. આ મામલે અગાઉ પણ વિકાસ ખાનચંદાનીની અનેક વાર પૂછપરછ કરવામાં આવી છે. વિકાસ ખાનચંદાની, વરિષ્ઠ પત્રકાર અને ચેનલના મુખ્ય સંપાદક અર્નબ ગોસ્વામીને પણ એક જૂના કેસમાં મુંબઈ પોલીસે ધરપકડ કરી હતી. જોકે બાદમાં કોર્ટે તેને જામીન આપી દીધા હતા. બનાવટી ટીઆરપી કૌભાંડ ત્યારે પ્રકાશમાં આવ્યું જ્યારે રેટિંગ એજન્સી બ્રોડકાસ્ટ ઓડિયન્સ

રિસર્ચ કાઉન્સિલ (બીએઆરસી) એ ફરિયાદ નોંધાવી કે કેટલીક ટીવી ચેનલો ટીઆરપીના આંકડામાં હેરાફેરી કરી રહી છે. બાર્કે આ ફરિયાદ હંસા રિસર્ચ ગ્રુપ દ્વારા નોંધાવી હતી. વિકાસ ખાનચંદાનીના પહેલા વરિષ્ઠ પત્રકાર અને ચેનલના પ્રધાન સંપાદક અર્નબ ગોસ્વામીની પણ મુંબઈ પોલીસે એક જૂના કેસમાં ધરપકડ કરી હતી. જોકે બાદમાં કોર્ટમાંથી તેમને જામીન મળી ગયા હતા. ઉલ્લેખનીય છે કે, ફેક ટીઆરપી ગોટાળો તે સમયે સામે આવ્યો હતો જ્યારે રેટિંગ એજન્સી બ્રોડકાસ્ટ ઓડિયન્સ રિસર્ચ કાઉન્સિલ (BARC)એ આ વાતની ફરિયાદ નોંધાવી હતી કે કેટલીક ટીવી ચેનલો ટીઆરપીના આંકડાઓમાં હેરફેર કરી રહી છે. BARCએ આ ફરિયાદ હંસા રિસર્ચ ગ્રુપના માધ્યમથી નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે એજન્સીએ ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે, તેના કેટલાક જૂના કર્મચારીઓએ કંપનીનો ડેટા ચોરી લીધો હતો અને તેના દ્વારા અમુક ચેનલો માટે ટીઆરપીને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો હતો. ચોરાયેલા ડેટા દ્વારા, જે ઘરોમાં ટીઆરપી મીટર હોય છે. તેમને પૈસાની લાલચ આપીને ચેનલ જોવાનું કહેવામાં આવ્યું, જેથી તે ચેનલની ટીઆરપી વધી શકે. ટીઆરપી કૌભાંડમાં મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાંચે વિકાસ ખાનચંદાની સહિત ૧૨ લોકોની ધરપકડ કરી છે. અગાઉ, રિપબ્લિક ટીવી વેસ્ટર્ન રિજનના ડિસ્ટ્રિબ્યુશન હેડ ઘનશ્યામ સિંહની પણ ગયા મહિને ધરપકડ કરવામાં આવી હતી, જેમને આ મહિને જામીન મળી ગયા છે.

ઈથિયોપિયાના શહેરમાં સેનાએ સેંકડો સામાન્ય લોકોની હત્યા કરી

(એજન્સી) અદિસ અબાબા, તા.૧૩

ઈથોપિયાના એક શહેરમાં સુરક્ષાબળો અને તેમના સહયોગીઓએ સેંકડો સામાન્ય લોકોને ચાકુ-છરાથી હત્યા કરી દીધી. ઘટના દરમ્યાન જીવતા બચેલા લોકોએ આ માહિતી આપી છે. એક રિપોર્ટ પ્રમાણે Mai-Kadra નામના શહેરમાં ૯ નવેમ્બરના રોજ આ ઘટનાને અંજામ આપ્યો.

સર્વાઈવર્સનું એ પણ કહેવું છે કે ઘટના બાદ કેટલાંય દિવસ સુધી મૃતદેહ જમીન પર જ પડી રહ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે દોરડાથી ગળા દબાવીને કેટલાંય લોકોની હત્યા કરી દેવાઈ. માનવાધિકાર સંગઠન એમનેસ્ટી ઈન્ટરનેશનલ એ ગયા મહિને કહ્યું હતું કે નરસંહારમાં ઘણા બધા લોકોના મોત થયા છે.

હકીકતમાં ઈથોપિયામાં છેલ્લાં કેટલાંક સમયથી ક્ષેત્રીય સરકાર ચલાવી રહેલ પાર્ટી ટિગ્રે પીપુલ્સ લિબરેશન ફ્રન્ટ અને પ્રધાનમંત્રી આબી અહમદની સરકાર વચ્ચે લડાઈ ચાલી રહી છે. આપને જણાવી દઈએ કે અહમદને ગયા વર્ષે શાંતિનો નોબેલ પુરસ્કાર મળ્યો હતો.

ઈથોપિયાના માનવાધિકાર પંચ અને એમનેસ્ટી ઈન્ટરનેશનલને સાક્ષીઓએ કહ્યું કે ટિગ્રેયન સુરક્ષાબળ અને તેમના સહયોગીઓએ દેશના સૌથી મોટા એથનિક ગ્રૂપ અમહારા પર હુમલો કર્યો. જો કે ટિગ્રે ક્ષેત્રમાં અમહારા લોકો લઘુમતીમાં છે.

બીજીબાજુ ટિગ્રેયન રિફ્યૂજીઓએ કહ્યું કે આ લોકો પર જ કેન્દ્રીય સુરક્ષાબળો અને અમહારાના ક્ષેત્રીય સૈનિકોએ હુમલો કર્યો. ત્યારબાદ એમનેસ્ટી એ પણ કહ્યું કે શકય છે કે બંને તરફના સામાન્ય લોકો ઘટના દરમ્યાન મોતને ભેટ્યા હોય.

પ્રમાણિકતાનું ઉદાહરણ આયશાએ વંદનાની લાખોની રોકડ ભરેલ બેગ પરત કરી

(એજન્સી) તા.૧૩

૧૦ ડિસેમ્બરે લખનૌમાં રહેતી વંદના મિશ્રાના પરિવારમાં લગ્ન હતા તે પોતાના ઘરથી લગ્નમાં જવા માટે રવાના થઈ. પરંતુ આ દરમ્યાન તેની બેગ જેમાં બે લાખ રૂપિયા અને ઘરેણાં હતા તે પડી ગઈ. તેમણે લગ્નમાં પહોંચતા જાણ થઈ તો આંચકો લાગ્યો. આ દરમ્યાન તેમને ફોન આવ્યો કે તેમની બેગ મળી ગઈ છે. આવીને લઈ જાવ. ફોન કરનાર યુવકનું નામ સલીમ હતું. તે સરનામું મુઝફ્ફરનગરના ચરથાવલના રહેવાસી ઈરશાદ ત્યાગી ઉત્તરપ્રદેશ પોલીસ ઈન્સ્પેક્ટર હતા. તેમના ઘરે વંદના પહોંચી. વંદનાનું બેગ ઈરશાદ ત્યાગીની પત્ની આયશા ત્યાગીને મળ્યું. તે બેગને ઉપાડીને ઘરે લઈ આવી. જ્યારે તેણે ખોલ્યું તો તેમાં રોકડ અને જ્વેલરી પણ હતી. પછી તેમણે તે બેગમાં મૂકેલા કાગળોને જોયા જેમાં એક કાર્ડ પર મોબાઈલ નંબર લખેલો હતો. તેમણે તેની પર ફોન કરી બેગ લઈ જવા કહ્યું.

આયશા ત્યાગી પાછલા ૧૧ વર્ષથી પરિવાર સાથે લખનૌમાં રહે છે. તેમણે જણાવ્યું કે હું કોઈ કામથી બહાર જવા માટે ઘરથી નીકળી તો મને રસ્તામાં આ બેગ મળી. હું તેને ઘર લઈ આવી. ને તેને ખોલી તો તેમાં રોકડ અને જ્વેલરી હતી તેમાં એક કાર્ડ પણ હતું તેમાં ફોન કરી મેં બેગ લઈ જવા જણાવ્યું. આયશા જણાવે છે કે કોઈની વસ્તુમાં દાનત બગાડવી ઘણો મોટો ગુનો છે. એક મુસ્લિમને આ શોભાતું નથી કે તે કોઈની વસ્તુ છે. મને બેગ પરત કરીને

હૃદયને શાંતિ મળી.

આયશા ત્યાગીએ જે રીતે પોતાની પ્રમાણિકતાના પુરાવા આપ્યા છે. આ પહેલા આ જ કારનામું તેના પતિ ઈરશાદ ત્યાગી પણ કરી ચૂક્યા છે. ૨૩ માર્ચ ૨૦૧૩માં ઈરશાદ ત્યાગી લખનૌની એનઈઆર ચોકીના પ્રભારી હતા. ત્યારે રમેશચંદ્રની પત્ની ભાગ્યલક્ષ્મી એનઈઆર સરક્યુલેટિંગ ક્ષેત્રમાં રિક્ષા પાસે પોતાની બેગ ભૂલી ગઈ હતી. જ્યારે ઈન્સ્પેક્ટર ઈરશાદ ત્યાગીએ બેગ જોઈ તો તેમાં લાખોના ઘરેણાં અને રોકડ હતી. પરંતુ આટલી મોટી રકમ જોઈને પણ ઈરશાદ ત્યાગીનું ઈમાન હલ્યું નહીં. તેમણે બેગમાં મૂકેલી દવાની પરચી પર લખેલા મોબાઈલ નંબર પર ફોન કરી તેમને જાણ કરી. ત્યારબાદ ભાગ્યલક્ષ્મી પોતાના પરિવાર સાથે પોલીસ સ્ટેશન પહોંચી અને ઈરશાદ ત્યાગીને દુઆઓ આપી તેમણે ઈનામ સ્વરૂપ ઘરેણા આપવાનો પ્રયાસ કર્યો પરંતુ ઈરશાદ ત્યાગીએ ઈન્કાર કરી દીધો.

હવે હરદોઈમાં તૈનાત ઈરશાદ જણાવે છે કે તેમણે પોતાની પત્ની પર ગર્વ છે. પ્રમાણિકતામાં પોતાનામાં તાકાત હોય છે.

આ વર્ષે ઈન્ડો-બાંગલા બોર્ડર પર રોહિંગ્યાઓની કોઈ ઘૂસણખોરી જણાઈ નથી : BSF

(એજન્સી) કોલકાતા, તા.૧૨

બોર્ડર સિક્યુરીટી ફોર્સે માહિતી આપી હતી કે પશ્ચિમ બંગાળમાં ઈન્ડો-બાંગ્લા બોર્ડર પર અમારા દક્ષિણ બેંગાલ ફ્રન્ટ ઉપર રોહિંગ્યાઓની આ વર્ષ દરમિયાન કોઈ ઘૂસણખોરી જણાઈ નથી.

રોહિંગ્યાઓની ઘૂસણખોરી બાબત માહિતી આપતા બી.એસ.એફ.ના ઈન્સ્પેકટર જનરલ અશ્વિની કુમારે કહ્યું, "અમારો ધ્યેય આંતરરાષ્ટ્રીય બોર્ડરની પવિત્રતા સાચવવાનો છે. અમે બોર્ડરના કોઈપણ ભંગની વિરૂદ્ધ છીએ. છેલ્લા કેટલાક સમયથી જ નહીં પણ આ વર્ષે રોહિંગ્યાઓની ઘૂસણખોરીની એક પણ ઘટના બની નથી.

તેઓ બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશના વધારાના ડાયરેક્ટર જનરલ સાથે વાતચીત કર્યા પછી જણાવી રહ્યા હતા. કોલકત્તામાં બીએસેફ અને બીજીબી વચ્ચે ત્રણ દિવસ સુધી મંત્રણાઓ થઈ હતી.

એમને પુછાયું હતું કે, નાગરિક સુધારા બિલને એક વર્ષ થયું છે એના અનુસંધાને ભારતમાં કોઈપણ પુરાવાઓ વિના રહેતા બંગ્લાદેશીઓ શું તેમના દેશમાં પાછા જઈ રહ્યા છે ? એમણે જવાબ આપ્યો કે અમે એવી કોઈ નોંધ લીધી નથી બોર્ડર ઉપર બધું સામાન્ય ચાલી રહ્યું છે.

એમણે જણાવ્યું કે, બી.એસ.એફ. અને બીજીબી સંયુક્ત રીતે નિગરાની રાખી રહ્યા છીએ. જેથી કોઈ અજુગતી ઘટના નહીં બંને. અમે સીમા પર ફાયરિંગ પણ નહીં થાય એ માટે પણ ધ્યાન રાખીએ છીએ. દાણચોરીની ઘટનાઓને પણ અટકાવવા અમે સાથે મળીને કામગીરી કરીએ છીએ. સીમા પર થતા કોઈપણ કાયદાના ભંગ સામે અમે સાવચેત છીએ.

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૩

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા કોરોના વાયરસથી સંક્રમિત થયા છે. જેપી નડ્ડાએ ટ્વીટ કરીને ખુદ આ માહિતી આપી છે. મહત્વનું છે કે જેપી નડ્ડા હાલમાં પશ્ચિમ બંગાળના બે દિવસીય પ્રવાસે ગયા હતા. ભાજપના અધ્યક્ષે ટ્વીટ કરીને કહ્યુ કે, કોરોનાના શરૂઆતી લક્ષણ દેખાતા તેમણે ટેસ્ટ કરાવ્યો, જેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેમણે કહ્યું કે, મારી તબીયત સારી છે, ડોક્ટરોની સલાહ પર હોમ આઈસોલેશનમાં તમામ દિશા-નિર્દેશોનું પાલન કરી રહ્યો છું. મારી વિનંતી છે કે પાછલા દિવસોમાં જે લોકો મારા સંપર્કમાં આવ્યા તે સ્વયંને આઈસોલેટ કરી પોતાનો ટેસ્ટ કરાવે. હાલમાં જેપી નડ્ડા બંગાળના



પ્રવાસે હતા. આ દરમિયાન તેમના કાફલા પર હુમલો પણ થયો હતો. જે સમયે ભાજપ અધ્યક્ષ ડાયમંડ હાર્બર તરફ જઈ રહ્યાં હતા, ત્યારે રસ્તામાં તેમના કાફલા પર પથ્થર ફેંકવામાં આવ્યા અને હુમલો થયો હતો. આ દરમિયાન નડ્ડા તો સુરક્ષિત રહ્યા, પરંતુ કૈલાશ વિજયવર્ગીયને ઈજા થઈ હતી.

મધ્યપ્રદેશના હાઈકોર્ટ જજ વંદના કસરેકરનું નિધન

(એજન્સી) ભોપાલ, તા.૧૩

મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર ખંડપીઠમાં પદસ્થ જજ વંદના કસરેકરનું રવિવારે સવારે કોરોનાને કારણે નિધન થયું છે. તેઓ ૬૦ વર્ષના હતા. તેમનું દિલ્હીની મેદાંતા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. તેઓ દેશના બીજા હાઈકોર્ટ જજ છે જેમનું કોરોનાને કારણે નિધન થયું છે. ગત સપ્તાહે ગુજરાત હાઈકોર્ટના જજ જીઆર ઉધવાનીનું પણ કોરોનાને કારણે નિધન થયું હતું.

જસ્ટિસ કસરેકરનો જન્મ ૧૦ જુલાઈ ૧૯૬૦માં થયો હતો. તેઓ ૨૫ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર ખંડપીઠના જજ તરીકે નિયુક્ત થયા

હતા તેમના નિધન પર મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે શ્રદ્ધાંજલિ આપી છે.

સુપ્રીમકોર્ટ બાર એસોસિએશને વિરોધ કરી રહેલા ખેડૂતો સામે બળનો ઉપયોગ કરવાની નિંદા કરી

(એજન્સી) તા.૧૩

સુપ્રીમકોર્ટ બાર એસોસિએશન (એસસીબીએ)ની એક્ઝિક્યુટીવ સમિતિએ કેન્દ્રના નવા કૃષિ કાયદાઓનો વિરોધ કરી રહેલા ખેડૂતો સામે બળપ્રયોગ અને દમનકારી પગલાં ભરવા અંગે નિંદા કરવાનો સંકલ્પ કર્યો છે. એસસીબી સમિતિએ તમામ નાગરિકોના શાંતિપૂર્ણ વિરોધ કરવાના બંધારણીય અધિકારોનું સમર્થન કરવા અને રક્ષણ કરવા તમામ સંબંધિતોને હાકલ કરી છે. સમિતિએ ખુલાસો કરતા કહ્યું કે ખેડૂતોએ કાયદા અંગે પોતાનો મત રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. જે તેમના મતે તેમના અધિકારોનું ઉલ્લંઘન કરે છે અને ખેડૂતોને તેમના અધિકાર માટે અહિંસક વિરોધ પ્રદર્શન કરતા અટકાવવા માટે બળનો ઉપયોગ કરવો તે એક મુદ્દો છે. એસસીબીએના કાર્યકારી સચિવ રોહિત પાંડેએ મીડિયામાં ૪ ડિસેમ્બરે યોજાયેલી બેઠકમાં પસાર કરવામાં આવેલા ઠરાવને રજૂ કર્યો હતો. એસસીબીએ એ જણાવ્યું હતું કે તે ભારપૂર્વક આવા બિલ અથવા કાયદાઓ વિરૂદ્ધ ચર્ચા, ટીકા અને વિરોધ કરવાનો નાગરિકોના અધિકારને પવિત્ર માને છે અને શાંતિપુર્ણ વિરોધ આપણા બંધારણનો પાયો છે અને માનવાધિકારનો સ્તંભ છે. એસસીબીએએ તમામ સંબંધિત સરકારોને શાંતિપૂર્ણ વિરોધ કરવાના તમામ નાગરિકોના બંધારણીય અધિકારને ટેકો આપવા અને રક્ષણ કરવા હાકલ કરી છે.

પાકિસ્તાનની પ્રસિદ્ધ અભિનેત્રી માહિરાખાન કોરોના પોઝિટિવ

(એજન્સી) તા.૧૩

પાકિસ્તાની અભિનેત્રી માહિરાખાન કોરોના વાયરસની ચપેટમાં આવી ગઈ છે. તેમણે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ દ્વારા આ વાતની માહિતી આપી છે.

જણાવી દઈએ કે, વર્ષ ૨૦૧૭માં હિન્દી ફિલ્મ રઈસથી બોલિવુડમાં એન્ટ્રી કરી હતી. ત્યાં માહિરાખાને તેમના સંપર્કમાં આવેલા લોકોને કોરોના ટેસ્ટ કરાવવાની અપીલ કરી છે.

તેમણે લખ્યું કે, 'મારો કોરોના

વાયરસનો ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હું આઈસોલેટ થઈ ગઈ છું. આ ખૂબ જ મુશ્કેલ સમય છે અને આ જલ્દી સારૂં થઈ જશે. મહેરબાની કરીને માસ્ક પહેરો અને સોશિયલ ડિસ્ટન્સ જાળવો.

હરિયાણામાં આજથી તો ઉત્તરાખંડમાં આવતીકાલથી શાળાઓ ખૂલશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

દેશમાં કોરોનાની પરિસ્થિતિ સુધરતા હવે રાજ્યોમાં સ્કુલ ખુલવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. કેટલાક રાજ્યોમાં આ મહિને સ્કૂલ ખુલી જશે જ્યારે કેટલાક રાજ્યોમાં વેક્સિન આવ્યા બાદ સ્કૂલ ખુલશે. જોકે કેટલાક રાજ્ય હજુ પણ સ્કુલ ખોલવાને લઈને અસમંજસમાં ફસાયેલા છે.

આ સ્કૂલ ગયા ૧૦ મહિનાથી બંધ છે. પરિસ્થિતિ સારી થતા હવે કેટલાક રાજ્યોએ ધીરે-ધીરે સ્કૂલ ખોલવાનો નિર્ણય કરી લીધો છે.

ઉત્તરાખંડમાં ૧૫ ડિસેમ્બરથી ખુલશે સ્કૂલ

ઉત્તરાખંડમાં સરકારે ૧૫ ડિસેમ્બરથી સ્કૂલ ખોલવાનો નિર્ણય કર્યો છે. તે સંબંધિત અધિકારીઓને આદેશ જારી કરી દીધા છે. શરૂઆત મોટા ધોરણોથી થશે. તે બાદ નાના ધોરણોના બાળકોને પણ બોલાવવામાં આવશે.

હરિયાણામાં ૧૪ ડિસેમ્બરથી ખુલશે સ્કૂલ

હરિયાણામાં ૧૪ ડિસેમ્બરથી ધોરણ ૧૦ અને ૧૨ના સ્કૂલ ખુલી જશે. બોર્ડ એક્ઝામના કારણે આ બંને ધોરણના વિદ્યાર્થીઓને પહેલા બોલાવવામાં આવી રહ્યા છે. જે બાદ ૨૧ ડિસેમ્બરથી ધોરણ ૯ અને ૧૧ માટે સ્કૂલ ખોલી દેવામાં આવશે.

બિહારમાં જલ્દી ખુલી શકે છે સ્કૂલ

બિહારમાં ૮મા ધોરણ સુધીના સ્કૂલ જલ્દી ખુલી શકે છે. જોકે ઓડિશામાં સ્કૂલ ખોલવાને લઈને સરકારમાં અસમંજસ છે. ત્યાં સરકાર હાલ સ્કૂલ વિશે કોઈ નિર્ણય લઈ રહી નથી.

આ રાજ્યોમાં નહીં ખુલે સ્કૂલ

દિલ્હી, પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, મિઝોરમમાં આ વર્ષે સ્કૂલ નહીં ખુલે. આ રાજ્યોની સરકારે એલાન કરી દીધુ છે કે કોરોના વેક્સિન નહીં આવે ત્યાં સુધી સ્કૂલો નહીં ખુલે. એમપીમાં પણ ૮મી સુધીના સ્કૂલ ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી બંધ કરવાની જાહેરાત કરી દીધી છે.

બાકી રાજ્યોમાં છે અસમંજસ

દેશના બાકી રાજ્ય હજુ અસમંજસની પરિસ્થિતિમાં ફસાયેલા છે. તેઓ હાલ કોરોના વેક્સિન આવવાની રાહ જોઈ રહ્યા છે. જો ભારતમાં જાન્યુઆરીથી વેક્સિનેશન શરૂ થઈ જાય તો શક્યતા છે કે ફેબ્રુઆરીથી કેટલાક રાજ્ય સ્કૂલોને ખોલી દે.

એચસીએના મોહમ્મદ અઝહરૂદીન અને વિજયાનંદ વચ્ચેનો અણબનાવ પ્રકાશમાં આવ્યો

(એજન્સી) તા.૧૩

હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશન (એચસીએ)ના અધ્યક્ષ મોહમ્મદ અઝહરૂદીન અને તેના સચિવ આર. વિજયાનંદ વચ્ચે વાર્ષિક સામાન્ય બેઠક (એજીએમ)ને લઈને અણબનાવ ઉભો થયો છે. માહિતી અનુસાર વિજયાનંદે રાચકોંડાના પોલીસ કમિશનરને પત્ર લખ્યો ત્યાર બાદ આ બધુ શરૂ થયું. પત્રમાં એચસીએના સચિવે ઉલ્લેખ કર્યો કે એજીએમ ૨૦ ડિસેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે યોજાશે. તેમણે એમ પણ ઉલ્લેખ કર્યો કે ઉપ્પલ સ્ટેડિયમમાં યોજાનારી બેઠકમાં ૨૦૦થી ૨૫૦ જેટલા સભ્યો હાજર રહેશે. મોહમ્મદ અઝહરૂદ્દીને પણ કમિશનરને પત્ર લખ્યો જેમાં તેમણે જણાવ્યું કે એજીએમને તેમને માહિતી આપ્યા વગર જણાવ્યા વગર નિર્ધારીત કરવામાં આવી હતી. એચસીએના અધ્યક્ષે કમિશનરને પરવાનગી (મંજૂરી)ને ફગાવી દેવા માટે કહ્યું તેમણે આગળ લખ્યું કે એચસીએની સર્વોચ્ચ પરિષદે બેઠકના આયોજન અંગે

કોઈ નિર્ણય લીધો નથી. વિવાદ અંગે જવાબ આપતા કમિશનરે બંનેને બોર્ડના પ્રસ્તાવની નકલ સાથે સંયુકત પ્રતિનિધિત્વ રજૂ કરવા માટે કહ્યું નક્કી થયેલી બેઠકમાં સહભાગીઓની ચોક્કસ સંખ્યા અને ચોક્કસ સ્થાન જણાવવા માટે પણ બોર્ડે કહ્યું નોંધપાત્ર છે કે આ પ્રથમ વખત નથી, અગાઉ પણ અઝહરૂદ્દીન અને વિજયાનંદ વચ્ચેનો અણબનાવ પ્રકાશમાં આવ્યો હતો જ્યારે એચસીએના અધ્યક્ષે સુપ્રીમકોર્ટના પૂર્વ ન્યાયાધીશ દિપક વર્માને એક લોકપાલ અને નૈતિક અધિકારી તરીકે નિમણુક કર્યા હતા.

૧૩,૦૦૦ કરોડનું ફૂલેકું ફેરવનાર માલ્યા પાસે વકીલને આપવા પૈસા નથી..!!

લંડન,તા.૧૩

ભારતના ભાગેડુ બિઝનેસમેન વિજય માલ્યાને લંડનમાં રૂપિયાની ખોટ પડી ગઈ છે. ભારતમાં એશો-આરામની જિંદગી વિતાવનાર અને અરબો રૂપિયાના સ્વામી માલ્યાને લંડનમાં હજાર અને લાખ રૂપિયાનો હિસાબ રાખવો પડી રહ્યો છે. વિજય માલ્યાની હાલત એવી થઈ ગઈ છે કે તેની પાસે પોતાના વકીલને ફી આપવા માટે પણ રૂપિયા નથી. તેના અંગત ખર્ચ પર તો પૂરી રીતે બ્રેક લાગી ગઈ છે. ભારતની તપાસ એજન્સીઓની કડકાઈનો સામનો કરી રહેલા વિજય માલ્યાએ લંડનની હાઈકોર્ટને કહ્યુ છે કે તેમની ફ્રાંસની પ્રૉપર્ટી વેચવાથી જે રૂપિયા મળ્યા છે તેમાંથી તેમને ૧૪ કરોડ રૂપિયા રિલીઝ કરવામાં આવે. પરિસ્થિતિ એવી છે કે લંડનમાં વિજય માલ્યાનો કેસ લડી રહેલા બેરિસ્ટરે કહી દીધુ છે કે જો તેમને જલ્દી તેમની ફી ના મળી તો તેઓ આગામી સુનાવણીથી કેસ લડવાનું બંધ કરી દેશે. અત્યારે લંડનની કોર્ટે વિજય માલ્યાની સંપત્તિઓને પોતાની નજરમાં રાખ્યા છે. માલ્યા આ સંપત્તિઓને વેચી શકતા નથી, ના આની પર લોન લઈ શકે છે. વિજય માલ્યાની હાલત જોતા લંડનની કોર્ટે દયા દાખવી છે. કોર્ટે વિજય માલ્યાના કોર્ટની ફી ભરવા માટે ૩૯ લાખ રૂપિયા રિલીઝ કરવા તૈયાર થઈ ગયા છે પરંતુ કોર્ટે તેમના અંગત ખર્ચ માટે એક પણ રૂપિયો જારી કર્યો નથી. હવે આ કેસની સુનાવણી આગામી શુક્રવારે થશે. વિજય માલ્યાના વિરૂદ્ધ ના માત્ર લંડનમાં પરંતુ ભારતમાં પણ કેટલાય કેસ ચાલી રહ્યા છે. આ કેસમાં તેમને ઘણી રકમ ખર્ચ કરવી પડે છે. ૬૪ વર્ષના વિજય માલ્યા પર ભારતની સરકારી બેંક્રોએ હજારો કરોડો રૂપિયા આપ્યા છે. વિજય માલ્યા ભારતથી ફરાર થઈને લંડનની શરણે છે. ભારતની એજન્સીઓ વિજય માલ્યાના પ્રત્યાર્પણ માટે લાંબી કાનૂની લડત લડી રહ્યા છે.

જેના લીધે એક કાર્યકરનું મૃત્યુ થયું એ ભાજપનું રાજબંશી કાર્ડ સંઘર્ષમાં

(એજન્સી) સિલીગુડી, તા.૧૩

૭મી ડિસેમ્બરે યોજાયેલ ઉત્તરકન્યા અભિયાન વિરોધ કૂચ દરમિયાન ભાજપના સમર્થક રાજબંશી કોમના એક કાર્યકરનાં મોત અને અન્યોને થયેલ ઈજાઓથી ભાજપ અને તૃણમૂલના નેતાઓ વચ્ચેની લડાઈ અગામી ચૂંટણીઓમાં વધુ ઉગ્ર બનશે.

મરનાર ઉલેન રોય, ચાની ખેતી કરનાર એક નાના ખેડૂત જલપાઈગુડીના રાજગંજ બ્લોકથી સંબંધ ધરાવે છે અને ઈજા પામનારાઓ જોગેશ રોય, અમરદીપ રોય બધા જ રાજબંશી કોમ સાથે સંબંધ ધરાવે છે. ઉત્તર બંગાળની ૫૪ બેઠકોમાંથી ૧૫ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત છે. જેમાં મોટાભાગના રાજબંશીઓ છે. ઓછામાં ઓછી ૧૦થી વધુ બેઠકો પર રાજબંશીઓ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. ભાજપનો દાવો છે કે, આ ત્રણેય વ્યક્તિઓ પર પોલીસે પેલેટ ગોળીઓ છોડી હતી. ભાજપ કોમવાદી કાર્ડનો ઉપયોગ કરી જણાવે છે કે, તૃણમૂલ કોંગ્રેસ અને રાજ્ય સરકાર રાજબંશીઓ ઉપર અત્યાચારો કરે છે. ઉત્તર બંગાળના ભાજપના પાંચ સાંસદોએ રોયના કુટુંબીજનોની સંભાળ કરવા વચન આપ્યું છે. શુક્રવારે રાજ્યના પક્ષ એકમના અધ્યક્ષ રાહુલસિંહ રોયના ઘરે ગયા હતા.

ટીએમસીના નેતા સુબ્રત મુખરજીએ ભાજપ સામે ચોંકાવનારો આક્ષેપ કર્યો

ભાજપ બંગાળ ચૂંટણી જીતવામાં નિષ્ફળ જશે તો મમતા બેનર્જીની હત્યા કરાવી શકે

(એજન્સી) કોલકાત્તા, તા.૧૩

પ.બંગાળમાં થોડા મહિનાઓ બાદ વિધાનસભાની ચૂંટણી થવાની છે ત્યારે રાજ્યમાં રાજકારણમાં ગરમાગરમી જોવા મળી રહી છે, મમતા બેનર્જીની પાર્ટીના નેતાએ ભાજપ ખૂબ ગંભીર આરોપ લગાવ્યો છે. પ.બંગાળ સરકારના મંત્રી અને તૃણમુલ કોંગ્રેસના દિગ્ગજ નેતા સુબ્રત મુખરજીએ ભારતીય જનતા પાર્ટી ખૂબ મોટો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે જો આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ જીતી ન શકે તો તે ગુપ્ત રીતે મમતા બેનર્જીની હત્યા કરાવી શકે છે. એક જનસભામાં આ મંત્રી બોલી રહ્યા હતા અને તેમણે કહ્યું કે જો મમતા બેનર્જી વિરૂદ્ધ ભાજપ જીતશે નહીં તો તે પોતાના લોકોને ગુપ્ત રીતે મોકલીને તેમની હત્યા પણ કરાવી શકે છે. ટીએમસીના આ આરોપ બાદ આખા પ.બંગાળમાં ચકચાર મચી ગઈ છે જે બાદ રાજકારણ પણ ગરમાયું છે. ભાજપના પ્રદેશ પ્રમુખે આ મામલે જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકારને જનતાનો કોઈ સાથ મળી રહ્યો નથી જે બાદ સહાનુભૂતિ લેવા માટે તેના નેતાઓ આવા નિવેદનો આપી રહ્યા છે. દિલીપ ઘોષે વધુમાં કહ્યું કે મમતા બેનર્જી અચાનક જ જેલ જવાની વાતો કેમ કરી રહી છે? કારણ કે તેમને જાણ છે કે આગામી ચૂંટણી બાદ તે જેલ જઈ શકે છે. તે કહી રહી છે કે કેટલાક લોકો તેમની હત્યા કરાવી દેશે, પણ આવો અપરાધ કોઈ કેમ કરશે ? લોકોના મત અને સહાનૂભૂતિ મેળવવા માટે આ બધું કરવામાં આવી રહ્યું છે.

જમ્મુમાં મુગલ રોડ પર ત્રણ આતંકી ઝડપાયા

(એજન્સી) તા.૧૩

અધિકારીઓએ રવિવારે જણાવ્યું કે, જમ્મુના પૂંછ જિલ્લાના મુગલ રોડ પર ચટ્ટા-પાની વિસ્તારમાં સુરક્ષા દળોએ ત્રણ આતંકીવાદીઓને પકડી લીધા છે. અધિકારીઓએ જણાવ્યું કે, "એક ગુપ્ત સૂચનાના આધારે સુરક્ષા દળો દ્વારા મુગલ રોડની આસપાસના વિસ્તારોમાં એક તપાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું. જેના પરિણામ સ્વરૂપ સંતાયેલા આતંકવાદી પકડાયા હતા. આ પહેલાં આજે પશ્ચિમી સેનાના કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ આર.પી. સિંહે જમ્મુ ક્ષેત્રમાં ૧૯૮ કિ.મી. લાંબી ભારત-પાક. આંતરરાષ્ટ્રીય સીમા પર સુરક્ષાની સમીક્ષા કરી. હાલમાં જ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે હથિયારો, દારૂગોળા, ડ્રગ્સ અને પૈસા છોડવા માટે ભારતીય ક્ષેત્રોમાં પ્રવેશ કરનાર પાકિસ્તાની ડ્રોનની ઘટનાઓમાં વૃદ્ધિ થઈ છે. પાછલા મહિને સુરક્ષા દળોએ એક ક્રોસ-બોર્ડર ટર્નલની પણ શોધ કરી હતી. જેનો ઉપયોગ ચાર જૈશ આતંકવાદીઓએ જમ્મુમાં પ્રવેશ કરતા પહેલાં કર્યો હતો. જ્યારે તે નગરોટા પાસે બનેલા ટોલપ્લાઝામાં એક ઓપરેશનમાં મૃત્યુ પામ્યા હતા. આજે ભારત સંસદ પર ૨૦૦૧ના આતંકવાદી હુમલાની ૧૯મી વર્ષગાંઠ ઉજવવામાં આવી રહી છે. ૧૯ વર્ષ પહેલાં ૧૩ ડિસેમ્બરે લશ્કરે તૈયબા અને જૈશ મોહમ્મદના આતંકવાદીઓએ સંસદ પરિસરમાં ઘૂસીને ગોળીઓ ચલાવી હતી. ઘટનામાં આઠ સુરક્ષા કર્મચારીઓ સહિત નવ લોકોનાં મોત થયા છે. તમામ પાંચ આતંકવાદી સુરક્ષા દળો દ્વારા મૃત્યુ પામ્યા હતા.

૨૦૨૧માં યોજાનારી ચૂંટણી અગાઉ AIMIMનો પાયો મજબૂત કરવા અસદુદ્દીન ઓવૈસી બંગાળની મુલાકાત લેશે

ન્યુઝ ગુ પોઈન્ટ

શું ૮૫% હિન્દુ મત અને ૧૫% મુસ્લિમ મતનું તૃષ્ટિકરણ કોમવાદી પરિબળોને પ્રોત્સાહિત નહીં કરે ? શું ઓવૈસી ક્યારેય ભારત તો ઠીક પણ કોઈ રાજ્ય કે કોઈ શહેર ઉપર રાજ કરી શકે ? વળી ભારત હૈદરાબાદ નથી. મુસ્લિમ મત યુ.પી., બિહાર, બંગાળ અને કેરળની ૫-૧૦ વિધાનસભા બેઠક સિવાય અન્ય વિધાનસભા વિસ્તારમાં ભાગ્યે જ ૨%થી ૫% ધરાવે છે અને લોકસભાની આશરે ૫૦૦ બેઠકોમાં ફક્ત ૨%થી ૫% મુસ્લિમ મત છે જ્યારે માંડ રથી ૪ લોકસભા બેઠકોમાં મુસ્લિમ મત ૨૫થી ૩૫% છે, તો શું ધર્મના આધારે મત આપવાથી દેશમાં કોમવાદ નહીં વધે ? જો લઘુમતી આમ જ વિચારશે તો બિનસાંપ્રદાયિક રાજકીય પક્ષો પણ ૧૫% મુસ્લિમ હિતને પડતું મૂકી કટ્ટરવાદી મુસ્લિમ વિરૂદ્ધ અભિગમ અપનાવશે અને તેમાં હરીફાઈ કરશે તો નુકસાન કોનું ? બિનસાંપ્રદાયિક રાજકીય પક્ષોને ફક્ત ૮૫% ટકા મતોમાં જ મહેનત કરવાની રહેશે. આવી પરિસ્થિતિમાં બિનસાંપ્રદાયિક રાજકીય પક્ષ કે જે મુસ્લિમ મત સાથે હિન્દુ મત પણ મેળવી શકે તે જ સાચો ભારતીય. બંગાળમાં મમતા બેનરજી કોમવાદી દેખાય કે ઓવૈસી પહોંચી ગયા ? ભલભલા રાજકારણીને ત્યાં આજે ઈ.ડી. કે ઇન્કમટેક્સ અથવા સી.બી.આઈ.ના દરોડા પડે છે તો બિનસાંપ્રદાયિક મત વિભાજિત કરનારાઓ કેટલાય લોકો સચવાઈ ગયા છે !

(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૩

બંગાળમાં આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે અસદુદ્દીન ઓવૈસી પોતાની પાર્ટી એ આઈએમઆઈએમને મજબૂત બનાવવાના ઈરાદાથી રાજ્યની મુલાકાત લેશે, એમ એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. એક અહેવાલમાં જણાવાયું હતું કે, બિહારમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ઓવૈસીની પાર્ટીએ નોંધપાત્ર દેખાવ કરતાં હવે તેમની નજર બંગાળ પર છે. બંગાળમાં મજલિસ-એ-ઈત્તેહાદ-ઉલ-મુસ્લિમિન (AIMIAM)ને મજબૂત બનાવવાની ઓવૈસીની યોજના છે. બંગાળના એક પોર્ટલના અહેવાલ મુજબ, ટૂંક સમયમાં ઓવૈસી બંગાળમાં પગ મુકશે. વર્ષ ૨૦૧૯ની ચૂંટણી બાદથી આ પાર્ટી દ્વારા હૈદરાબાદ બહારના ક્ષેત્રો પર નજર કરવામાં આવી છે અને પાર્ટી દ્વારા સંગઠનને મજબૂત બનાવવાના પ્રયાસો થઈ રહ્યાં છે. બિહારમાં મળેલી સફળતા બાદ ઓવૈસીની પાર્ટીના આત્મવિશ્વાસમાં વધારો થયો છે. બંગાળ ચૂંટણી પહેલા ઓવૈસીની રાજ્યની પ્રસ્તાવિત મુલાકાતથી એક વાત સ્પષ્ટ થઈ છે કે, તેઓ હવે બંગાળમાં પણ પગ જમાવવા ઈચ્છે છે. અને રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં ઝંપ લાવશે. પોતાની બંગાળ મુલાકાત દરમ્યાન ઓવૈસી પાર્ટીના રાજ્ય નેતાઓ સાથે બેઠક કરે તેવી શકયતા છે. બેઠકમાં પાર્ટીની ચૂંટણી રણનીતિ નક્કી કરવામાં આવશે. કેટલી બેઠકો પર ચૂંટણી લડવા તથા ચૂંટણીમાં કયા ઉમેદવારો ઉતારવા તે અંગે પણ ચર્ચા કરવામાં આવશે. એ આઈએમઆઈએમના બંગાળના પ્રમુખે દિનજપુર જિલ્લા, માલ્દાહ, મુરશીદાબાદ અને ૨૪ પરગનાના બે જિલ્લામાં ઉમેદવારી નોંધાવવાની જાહેરાત કરી છે. આ ક્ષેત્રમાં મુસ્લિમોની વિશેષ વસ્તિ છે. ઉત્તર દિનજપુરની સરહદ બિહારના સિમાન્ચલ ક્ષેત્ર સાથે જોડાયેલી છે. આ ક્ષેત્ર પર ઓવૈસીની પાર્ટીની પકડ મજબૂત છે.

લંડન : શ્રીલંકામાં બળજબરીપૂર્વક મુસ્લિમોના પણ દાહ સંસ્કાર કરવા મામલે ઉગ્ર દેખાવો

લંડનમાં શ્રીલંકાના હાઈ કમિશન સામે લોકોની ભીડ એકજૂટ થવાની શરૂઆત થઇ હતી, આ ભીડ બીજા કોઈની નહીં પણ શ્રીલંકાના નાગરિકોની જ હતી, આશરે ૪૦૦ જેટલા શ્રીલંકન મુસ્લિમો હાઈ કમિશનની બહાર એકઠા થઈ ગયા હતા અને તેઓએ શ્રીલંકામાં શંકાસ્પદ કોવિડ દર્દીઓનો ત્યાંના તંત્ર દ્વારા બળજબરીપૂર્વક દાહ સંસ્કાર કરવાનો વિરોધ કર્યો હતો

(એજન્સી) તા.૧૩

લંડનમાં શ્રીલંકાના હાઈ કમિશન સામે લોકોની ભીડ એકજૂટ થવાની શરૂઆત થઈ હતી. આ ભીડ બીજા કોઈની નહીં પણ શ્રીલંકાના નાગરિકોની જ હતી. આશરે ૪૦૦ જેટલા શ્રીલંકન મુસ્લિમો હાઈ કમિશનની બહાર એકઠાં થઈ ગયા હતા અને તેઓએ શ્રીલંકામાં શંકાસ્પદ કોવિડ દર્દીઓનો ત્યાંના તંત્ર દ્વારા બળજબરીપૂર્વક દાહ સંસ્કાર કરવાનો વિરોધ કર્યો હતો. ૪૦૦ જેટલા દેખાવકારોએ આ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન સાથે ધારદાર પ્રદર્શનો કરવાની શરૂઆત કરી હતી. તેમણે આ મામલે શ્રીલંકાની સરકારને પણ આડેહાથ લેતા તેની વિરૂદ્ધ નારેબાજી કરી હતી. દક્ષિણ એશિયા એકતા સંગઠન દ્વારા આ દરમિયાન તેમના સમર્થનમાં બેનરો પણ બતાવાયા હતા અને તેઓને આ દેખાવોને અનેક લોકો દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. આ દેખાવોના આયોજકોમાં બાઝીર રહેમાન પણ સામેલ હતા. તેઓએ કહ્યું કે, અમે દક્ષિણ એશિયા એકતા સંગઠનની સાથે છીએ. અમે મુસ્લિમોની પડખે ઊભા છીએ. અમે ખ્રિસ્તી હોય કે કેથોલિક સમુદાયના શ્રીલંકન નાગરિકો દરેકના અધિકાર માટે લડવા તૈયાર છીએ. હાલમાં શ્રીલંકાની સરકાર દ્વારા એક ક્રૂરતાપૂર્વકની નીતિ અમલી બનાવાઈ છે. જેના લીધે મુસ્લિમો સાથે ભેદભાવ થઈ રહ્યો છે. હાલમાં શ્રીલંકામાં શંકાસ્પદ કોરોના દર્દીઓના પણ મૃત્યુ બાદ તેમના બળજબરીપૂર્વક દાહ સંસ્કાર કરી દેવામાં આવી રહ્યા છે. જો કે આ મામલે કોઈ સાઈન્ટિફિક સ્પષ્ટતા પણ કરવામાં આવી નથી. જો કે, હાલના સમયમાં જ્યારે મહામારી ફેલાયેલી છે, ત્યારે એવા અનેક લોકોના મનમાં ભય પેદા થયો છે. જેમના ઘરના પ્રિયજનોને કોરોના થયો છે અને તેઓ ખાસ કરીને લઘુમતી સમુદાયના છે.

અમે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને જવાબ આપવા બંધાયેલા નથી : જે.પી.નડ્ડાના કાફલા પર હુમલા અંગે સમન્સ પાઠવાતાં TMCનો વળતો પ્રહાર

ન્યુઝ ગુ પોઈન્ટ

મજબૂત સત્તાધારી કેન્દ્ર સામે જો કોઈ મક્કમતાથી લડત આપે છે તો તે દીદી છે પરંતુ બંગાળમાં મતોનું વિભાજન કરાવી દીદીને હરાવવા હાલ કોઈને નિયુક્ત કરેલ છે !

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

ભાજપના પ્રમુખ જે.પી.નડ્ડાના કાફલા પર થયેલા હુમલા મામલે રાજ્યના ત્રણ ઉચ્ચ અધિકારીઓને કેન્દ્રના સમન્સ મામલે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)એ વળતો પ્રહાર કર્યો હતો. ટીએમસીએ જણાવ્યું હતું કે, તેઓ કેન્દ્રીય ગૃહ મંત્રાલયને જવાબ આપવા બંધાયેલા નથી. ભાજપના પ્રમુખ જે.પી. નડ્ડાના કાફલા પર બંગાળ પર થયેલા હુમલા મામલે મમતા બેનરજીની પાર્ટી અને કેસરિયા બ્રિગેડ વચ્ચે ભારે ખેંચતાણ સર્જાવા પામી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે નડ્ડાની સુરક્ષામાં તહેનાત ત્રણ આઈએએસ અધિકારીઓને સમન્સ પાઠવી ડેપ્યુટેશન પર દિલ્હી બોલાવતાં મમતાની પાર્ટી તરફથી તીખી પ્રતિક્રિયા વ્યક્ત કરવામાં આવી હતી. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની પાર્ટી તૃણમુલ કોંગ્રેસના સાંસદ કલ્યાણ બેનરજીએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહ મંત્રાલય નરેન્દ્ર મોદી અને અમિત શાહના રાજકીય ગુલામ તરીકે કામ કરે છે. રાજ્યમાં કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ખુલાસો કરવા કેન્દ્રીય ગૃહ મંત્રાલયે બંગાળના મુખ્ય સચિવ અને ડીજીપીને સમન્સ પાઠવતાં બેનરજીએ ઉક્ત પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી. ટીએમસીએ ગૃહ મંત્રાલયના આ પગલાંને ગેરબંધારણીય ઠેરવ્યું હતું. આ મામલે વિરોધ કરવા બંગાળ દ્વારા કેન્દ્ર સરકારને પત્ર પણ પાઠવવામાં આવ્યો હતો. ગત શુક્રવારે બંગાળના ડાયમન્ડ હાર્બર ખાતે ભાજપના પ્રમુખ જે.પી. નડ્ડા પર થયેલા હુમલાને પગલે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે બંગાળના મુખ્ય સચિવ અલપાન બેનરજી અને ડીજીપી વિરેન્દ્રને દિલ્હી બોલાવ્યા છે. બેનરજી અને વિરેન્દ્રને આ હુમલા અંગે ખુલાસો કરવા જણાવાયું છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયને બંગાળ દ્વારા પાઠવવામાં આવેલા સત્તાવાર પત્રમાં જણાવાયું હતું કે, નડ્ડાના કાફલા પર થયેલા હુમલા અંગે રાજ્ય સરકાર ગંભીરતાથી તપાસ કરી રહી છે. ટીએમસીના સાંસદ બેનરજીએ જણાવ્યું હતું કે, આખરે કયા બંધારણીય આધારે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે બંગાળના અધિકારીઓને તેડું મોકલ્યું છે તે સમજાતું નથી. કેન્દ્ર સરકાર બંધારણની વિરૂદ્ધ જઈ કામ કરી રહી છે. ટીએમસીના સાંસદ બેનરજીએ જણાવ્યું હતું કે, કેન્દ્રમાં શાસક એનડીએ નેતૃત્વની ભાજપ સરકાર બંગાળ સાથે બદલાની ભાવનાથી કામ લઈ રહી છે. બંગાળમાં કાયદા વ્યવસ્થાની સંપૂર્ણ જવાબદારી રાજ્ય સરકાર પર છે નહીં કે, કેન્દ્રીય ગૃહ મંત્રાલય પર.

નડ્ડા પર હુમલો : કેન્દ્રીય ગૃહ મંત્રાલય ત્રણ IPS અધિકારીઓને બરતરફ કરવા ઈચ્છે છે, TMCએ કહ્યું મમતા સરકાર પાસે 'છેલ્લા શબ્દો' હશે

ભાજપના પ્રમુખ જે.પી.નડ્ડાના કાફલા પર થયેલા હુમલા મામલે કેન્દ્રીય ગૃહ મંત્રાલય બંગાળના ત્રણ આઈપીએસ અધિકારીઓને બરતરફ કરવા ઈચ્છે છે ત્યારે મમતા બેનરજીની પાર્ટી તરફથી આ મામલે જણાવાયું હતું કે, મમતા સરકાર પાસે 'છેલ્લા શબ્દો' હશે. ભાજપના પ્રમુખની સુરક્ષામાં તહેનાત ઉચ્ચ અધિકારીઓને સમન્સ કેન્દ્રીય ગૃહ મંત્રાલય તરફથી સમન્સ પાઠવાતાં ટીએમસીએ જણાવ્યું હતું કે, આ ધમકાવનારૂ પગલું છે. બંગાળે કેન્દ્રીય ગૃહ મંત્રાલય સાથે સંપર્ક સાધી જણાવ્યું હતુ કે, તેઓ આ અધિકારીઓને રિલિઝ કરવા ઈચ્છતા નથી. સરકારના ટોચના અધિકારીઓએ આ માહિતી આપી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ગઈરાત્રે બંગાળના નિર્ણયથી વાકેફ કરવામાં આવ્યું હોવાનું રાજ્યના ઉચ્ચ અધિકારીઓએ એક અહેવાલમાં જણાવ્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે નડ્ડાની સુરક્ષામાં તહેનાત ત્રણ આઈએએસ અધિકારીઓને સમન્સ પાઠવી ડેપ્યુટેશન પર દિલ્હી બોલાવતાં મમતાની પાર્ટી તરફથી પણ જવાબ વાળવામાં આવ્યો હતો. રાજ્યમાં કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ખુલાસો કરવા કેન્દ્રીય ગૃહ મંત્રાલયે બંગાળના મુખ્ય સચિવ અને ડીજીપીને સમન્સ પાઠવતાં બેનરજીએ ઉક્ત પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી. ટીએમસીએ ગૃહ મંત્રાલયના આ પગલાંને ગેરબંધારણીય ઠેરવ્યું હતું. આ મામલે વિરોધ કરવા બંગાળ દ્વારા કેન્દ્ર સરકારને પત્ર પણ પાઠવવામાં આવ્યો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રાલયને બંગાળ દ્વારા પાઠવવામાં આવેલા સત્તાવાર પત્રમાં જણાવાયું હતું કે, નડ્ડાના કાફલા પર થયેલા હુમલા અંગે રાજ્ય સરકાર ગંભીરતાથી તપાસ કરી રહી છે.

ખંડિત ચૂંટણી પરિણામો પછી ભાજપને આસામના બોડોલેન્ડમાં કટ્ટરપંથી પક્ષ તરફ વળવું પડશે

(એજન્સી) ગુવાહાટી, તા.૧૩

વિદ્યાર્થી નેતામાંથી રાજકારણી બનેલ પ્રમોદ બોરોને ભાજપાએ એમના પક્ષ યુંપીપીએલને સમર્થન આપતા બોરો બોડોલેન્ડ ટેરિટોરિયલ કાઉન્સિલના વડા બનશે. હાલમાં યોજાયેલ ચૂંટણીઓમાં કોઈપણ પક્ષને બહુમતી નહીં મળતા ભાજપાને બોરોને સમર્થન આપવું જ પડશે. આ વર્ષની શરૂઆતમાં બોડો શાંતિ સમજૂતી કરાઈ હતી જેમાં સહી કરનાર બોરો અને એમનો પક્ષ યુનાઈટેડ પીપલ્સ પાર્ટી (યુપીપીએલ) મુખ્ય હતા. આ પક્ષને કટ્ટરપંથી માનવામાં આવે છે જેમણે અલગ બોડોલેન્ડની માંગણી કરી હતી. શનિવારે ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી વ્યાપક ચર્ચા વિચારણાના અંતે આસામના મુખ્યમંત્રી સોનોવાલે આજે કહ્યું હતું કે, બી.ટી.સી.માં ગઠબંધનની સરકાર બનશે, ભાજપ યુંપીપીએલને સમર્થન આપશે. ૭ અને ૧૦ ડિસેમ્બરે યોજાયેલ ચૂંટણીઓમાં એમના પક્ષે ૯ બેઠકો મેળવી છે જ્યારે બોરોના પક્ષે ૧૨ બેઠકો મેળવી છે. બોડોલેન્ડ સંસ્થામાં શાસન કરવા ૨૧ બેઠકોની જરૂર છે જે થઈ રહે છે. બી.ટી.સી.માં ૪૬ સભ્યો છે જેમાંથી ૪૦ બેઠકો માટે ચૂંટણી યોજાય છે અને ૬ સભ્યોની નિમણૂક કરવામાં આવે છે. આ ચૂંટણીઓને આગામી ૬ મહિના પછી યોજાનાર આસામની ચૂંટણી માટે સેમીફાઈનલ ગણવામાં આવી રહ્યું છે. બોડો શાંતિ સમજૂતી પછી આ પહેલી ચૂંટણી યોજાઈ છે. બી.ટી.સી.માં બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટે ૧૭ વર્ષ સુધી શાસન કર્યું હતું એમણે ફક્ત ૧૭ બેઠકો મેળવી છે. જે અગાઉની બેઠકોથી ત્રણ બેઠકો ઓછી છે. આ સંગઠન ત્રાસવાદીમાંથી રાજકારણી બનેલ હગ્રમા મોહિલારીની આગેવાની ધરાવે છે. આ પક્ષ હજુ પણ સૌથી મોટો પક્ષ છે. જો કે છેલ્લી ચૂંટણીમાં બી પી.એફ. ભાજપનું સાથી પક્ષ હતો પણ આ વખતે ભાજપ ફક્ત એકલા હાથે ચૂંટણી લડ્યો ન હતો પણ બીપીએફને પણ સાથે રાખ્યું હતું.

KCRએ નાગરિક ઉડ્ડયનમંત્રી પાસે તેલંગાણામાં પાંચ એરપોર્ટની ઝડપી કામગીરી માટે મંજૂરી માંગી

ન્યુઝ ગુ પોઈન્ટ

ભાજપને પાછલે બારણે મદદ કરી હૈદરાબાદમાં બીજા ક્રમે લાવી આપનાર KCRનો આત્મવિશ્વાસ વધી ગયો છે અને ચૂંટણી પત્યા પછી તરત જ પોતાની માંગણી આગળ ધરી દીધી છે !

(એજન્સી) તા.૧૩

મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવે શનિવારે નાગરિક ઉડ્ડયન મંત્રી હરદીપ સિંહ પુરી પાસે તેલંગાણામાં વધુ પાંચ એરપોર્ટ સ્થાપિત કરવાની પ્રક્રિયામાં ઝડપ લાવવા અને રાજ્ય સરકાર સાથે તમામ જરૂરી મંજૂરી પ્રાપ્ત કરવા ઉપરાંત એરપોર્ટની જગ્યા પસંદ કરવામાં મદદ કરવા આગ્રહ કર્યો છે. એક જાણીતા મીડિયાના અહેવાલ અનુસાર નવી દિલ્હીની મુલાકાત વખતે હરદીપ સિંહને સોંપવામાં આવેલા પત્રમાં મુખ્યમંત્રીએ કહ્યું કે એકવાર કાયદાકીય મંજૂરી મળી ગયા બાદ રાજ્ય સરકાર બિન અનુસૂચિત ઓપરેટરની પરમિટ(એનએસઓપી)ના સંચાલન માટે જલદીથી જલદી પાયાના માળખાનું કામ શરૂ કરી શકે છે તે પણ પોતાની મૂડીથી. તેમણે યાદ અપાવતા કહ્યું કે ૨૦૧૪માં તેલંગાણાની રચનાના તાત્કાલિક પછી તેમણે વડાપ્રધાન મોદીથી રાજ્યમાં વધારે એરપોર્ટ સ્થાપિત કરવા આગ્રહ કર્યો હતો કેમ કે હૈદરાબાદમાં ફક્ત એક જ એરપોર્ટ છે. રાજ્ય સરકારે પેદ્દાપલ્લી જિલ્લાના વસંતનગરમાં, વારંગલ શહેરના મમનૂર, આદિલાબાદમાં, નિઝામાબાદના જક્કાનપલ્લી, મહેબૂબનગરના દેવરકદ્રા અને ભદ્રાદ્રી કોત્તાગુડેમ જિલ્લામાં વધારાના એરપોર્ટ બનાવવાની કામગીરી શરૂ કરી છે.

KCRની વડાપ્રધાન મોદી તથા અમિત શાહ સાથે મુલાકાત- પૂરપીડિતો માટે જલદી ફંડ રિલીઝ કરવા અપીલ કરી

ચંદ્રશેખર રાવે વડાપ્રધાન મોદીને રાજ્યને ચૂકવવાના બાકી લેણાં ઝડપથી ચૂકવી આપવા પણ અપીલ કરી

હૈદરાબાદમાં જીએચએમસીની ચૂંટણી પતી ગયાના ત્વરિત બાદ તેલંગાણાના મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવનું સીધા દિલ્હી પહોંચી જવું અને અનેક પ્રકારની માગણીઓ કરી નાખવી તે અનેક સવાલો ઊભા કરે છે. અહીંથી જ એ સવાલ ઊભો થયો છે કે શું ભાજપને બીજા ક્રમનો મોટો પક્ષ બનવામાં તેમણે જ મદદ કરી હતી. દિલ્હી પહોંચેલા કે.ચંદ્રશેખર રાવે આ દરમિયાન સત્તાના ગલિયારામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય જળશક્તિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત સાથે શુક્રવારે બેઠકો કરી હતી. આ દરમિયાન તેઓ નાગરિક ઉડ્ડયનમંત્રી હરદીપ સિંહ પુરીને પણ મળ્યા હતા તેવા અહેવાલ છે. રાવે આ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને અપીલ કરી હતી કે તેઓ પૂરગ્રસ્ત હૈદરાબાદ માટે ડિજાસ્ટર મેનેજમેન્ટ ફંડને તાત્કાલિક ધોરણે રિલીઝ કરી. અમિત શાહ સાથે તેમણે આશરે ૪૦ મિનિટ કરતા પણ વધુ સમય સુધી બેઠક કરી હતી. આ દરમિયાન તેમણે રાજ્યના અન્ય મુદ્દાઓ અંગે પણ ચર્ચા કરી હતી. તેમણે શાહને યાદ અપાવી હતી કે રાજ્યની સરકારે ભારે વરસાદ બાદ પૂરને લીધે થયેલા નુકસાન બદલ ૧૩૫૦ કરોડ રૂપિયાની સહાય માગી હતી અને આ મામલે રિપોર્ટ પણ સબમિટ કરી દીધો છે. જોકે બીજી બાજુ તેમણે વડાપ્રધાન મોદી સાથે તેમના નિવાસે ૩૦ મિનિટ સુધી ચર્ચા કરી હતી. આ મામલે સૂત્રોએ કહ્યું કે રાવે આ દરમિયાન મોદીને એક આવેદન પત્ર સોંપ્યો હતો જેમાં પૂર અંગેના ફંડને ત્વરીત રિલીઝ કરવાની માગ કરી હતી.

૪૫ કરોડના ખર્ચે બનેલ

દેશની પ્રથમ ડિજિટલ શામળાજી-રતનપુર ચેકપોસ્ટ ખંડેર હાલતમાં

ચેકપોસ્ટ અસામાજિક તત્ત્વોનો અડ્ડો બની ગઈ : બારી બારણા ફર્નિચર ચોરાઈ ગયા

મોડાસા, તા.૧૩

રાજ્યમાં સૌથી વધુ આવક ધરાવતી શામળાજી ચેકપોસ્ટને અંદાજે ૫ કરોડથી વધુના ખર્ચે આધુનિકરણ કરાઇ અને દેશની પ્રથમ ડિજિટલ ચેકપોસ્ટ બનાવવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી.એક વર્ષ અગાઉ રાજ્ય સરકારે રાજ્યની ૧૬ ચેકપોસ્ટ નાબૂદ કરવાનો નિર્ણય લીધા બાદ રાજ્યની સૌથી વધુ આવક ધરાવતી શામળાજી ચેકપોસ્ટનો સૂર્યાસ્ત થયો હતો ચેકપોસ્ટ બંધ થયા બાદ જાણે ચેકપોસ્ટને નધણિયાત છોડી દેવામાં આવી હોય તેમ આરટીઓ ચેકપોસ્ટના બારી બારણા અને ફર્નિચર પણ ચોરાઈ જતા ખંડેર હાલતમાં જોવા મળી રહી છે આ ચેકપોસ્ટ પર અસામાજીક તત્ત્વો પણ અડ્ડો જમાવતા હોવાની બૂમો ઉઠી રહી છે ત્યારે લોકોના ટેક્સના રૂપિયાનો દૂર ઉપયોગ થઇ રહ્યો હોય અને જવાબદાર તંત્રનો અણધડ વહીવટથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. અસમાજિક તત્ત્વો પણ અડ્ડો જમાવતા આ આરટીઓ કચેરીમાં કોઈ ગુન્હાહીત પ્રવૃત્તિને અંજામ આપે તે પહેલા આરટીઓ કચેરીને ઉતારી લેવામાં આવે કે, પછી યોગ્ય જાળવણી કરવા માટે પગલા ભરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

વડોદરામાં વર્ચ્યુઅલ લોક અદાલતમાં ૩૨૩ કેસોમાં ૧૨ કરોડના વળતરની ચૂકવણી સાથે સમાધાન

વડોદરા, તા.૧૩

વડોદરા ખાતે ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટી દ્વારા આજે યોજાયેલી બીજી વર્ચ્યુઅલ લોક અદાલતમાં સમાધાન માટે કુલ ૨,૩૯૩ કેસ મુકવામાં આવ્યા હતા જેમાંથી ૩૨૩ કેસમાં સમાધાન થયુ હતુ અને આ ૩૨૩ કેસમાં મળીને કુલ રૂ.૧૨ કરોડના વળતર-ચૂકવણી નક્કી થયા હતા. લોક ડાઉનના કારણે પડતર પડેલા કેસો પૈકી લોક અદાલતમાં સમાધાન થતા કેસોના કારણે કોર્ટ પરનું ભારણ ઓછુ થઇ રહ્યું છે.

બાર કાઉન્સિલના વિરોધ વચ્ચે આજે વડોદરામાં યોજાયેલી વર્ચ્યુઅલ લોક અદાલતમાં કુલ ૨,૩૯૩ કેસ મુકવામાં આવ્યા હતા. જેમાંથી મોટાભાગના એટલે કે ૧,૬૯૯ કેસ પ્રિલિટિગેશન-મનીરિકવરીના હતા જેમાંથી માત્ર ૨૧ કેસોમાં સમાધાન થયુ હતુ અને રૂ.૧૮,૧૮,૦૦૦નુ વળતર નક્કી થયુ હતુ. જ્યારે બાકીના ૬૬૫ કેસ પેન્ડિંગ કેસ હતા જેમા ૨૮૧ કેસોમાં સમાધાન થયુ હતુ. જે પૈકી મની રિકવરી અને ચેક રિટર્નના૧૭૫ કેસમાંથી ૧૪૫માં સમાધાન સાથે રૂ.૭,૮૪,૧૩,૯૭૧ નુ વળતર નક્કી થયુ હતુ. તો વાહન અક્સમાતોના ૨૯૫માંથી ૫૭ કેસોમાં ૨,૧૪,૦૪,૦૦૦નુ વળતર નક્કી થયુ હતુ. આ ઉપરાંત સિવિલ કેસોમાં ૧૩૭માંથી ૪૫માં સમાધાન થયુ હતુ જેમાં રૂ. ૧,૬૯,૪૬,૮૫૧નુ વળતર નક્કી થયુ હતુ. બીજી તરફ ફેમિલી કોર્ટમાં છુટાછેડાના ૨૯ કેસ મુકવામાં આવ્યા હતા જેમાંથી ૨૧માં સમાધાન થયુ હતુ.

વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તક

ત્રણ બિલ્ડિંગો જર્જરિત થતાં એકને ટૂંક સમયમાં તોડી નંખાશે

વડોદરા, તા.૧૩

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓની ૧૧ ગામની ૧૬ શાળાઓને બાદ કરતા ૧૦૪ શાળાના ૬૬ બિલ્ડિંગો છે. જેમાંથી ત્રણ બિલ્ડિંગો જર્જરિત થતા તોડી નાંખી છે અને હવે એક બિલ્ડિંગ તોડવામાં આવશે. શાળાઓની બિલ્ડિંગોની મજબૂતાઇ માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટના રિપોર્ટના આધારે કામગીરી થાય છે. શાળાઓની બિલ્ડિંગો ભયજનક હોવાનું ધ્યાને આવતા જીઓ ટેસ્ટ સંસ્થા મારફતે એનડીટી એટલે કે નોન ડિસ્ટ્રકટિલ ટેસ્ટ કરવામાં આવે છે. આ ટેસ્ટના આધારે પૂર્વ ઝોન વિસ્તારમાં ત્રણ શાળાના મકાન જર્જરિત બનતા તોડી નાખ્યા છે. જેમાં બાવામાનપુરા, આજવા રોડ અને મોગલ રેસ્ટોરન્ટ વાડી વિસ્તારની પણ શાળાનો સમાવેશ થાય છે. હવે હાથીખાના વિસ્તારની શાળાના બિલ્ડિંગને તોડવામાં આવશે. આ બિલ્ડિંગમાં સવાર અને સાંજ એમ બે પાળીની એટલે કે બે શાળા ચાલે છે. આ બિલ્ડિંગ ખાલી કરી દેવાયુ છે. બિલ્ડિંગ જર્જરિત હોવાનો રિપોર્ટ આવતા તેને તોડવાનો નિર્ણય લેવાયો છે.

વડોદરા જિલ્લામાં ૨.૦૮ લાખથી વધુ લોકોના રસીકરણ માટે ૧ ૩૦૦ કર્મચારીઓ દ્વારા સર્વે

વડોદરા, તા.૧૩

જિલ્લાના ગ્રામ વિસ્તારોમાં પ્રથમ ૩ દિવસમાં ઉંમરના નિર્ધારિત માપદંડો અને કો મોર્બિડીટીના આધારે કુલ ૨.૦૮ લાખથી વધુ લોકોની કોરોના રસીકરણ માટે નોંધણી કરવામાં આવી હતી. વડોદરા જિલ્લાના ગ્રામ વિસ્તારોમાં હાલમાં ઉંમર અને કો મોર્બિડીટીના ઠરાવેલા માપદંડો અનુસાર કોવિડ રસીકરણની પૂર્વ તૈયારીના ભાગરૂપે મોજણી - સર્વે કરવામાં આવી રહી છે. આરોગ્ય, શિક્ષણ, મહેસૂલ અને અન્ય સહયોગી વિભાગોના કર્મચારીઓની બનેલી ૧૩૧૦ ટીમો દ્વારા મતદાન મથકોના વિસ્તારને આવરી લઈને રસીકરણને પાત્ર લોકોની નોંધણી નામ, સરનામું, મોબાઈલ નંબર, ઓળખના પુરાવા જેવી વિગતો સાથે કરવામાં આવી રહી છે. તા.૧૦ મીથી આ સર્વે શરૂ કરવામાં આવ્યો છે તેવી જાણકારી આપતા ડો.ઉદયે જણાવ્યું કે તા.૧૨ મી સુધીમાં સર્વે ટીમો દ્વારા ૫૦ વર્ષ થી વધુ ઉંમરના હોય એવા કુલ ૨૦૫૬૧૯ લોકોની નોંધણી કરવામાં આવી છે જેમાં ૯૮૯૫૯ પુરુષો અને ૧૦૬૬૬૦ મહિલાઓનો સમાવેશ થાય છે. તેવી જ રીતે, ૫૦ વર્ષ થી ઓછી ઉંમર પરંતુ કેન્સર, હૃદયરોગ અને અન્ય ગંભીર બિમારીઓ જેવા સહરોગોથી પીડિત હોય તેવા ૧૫૫૮ પુરુષો અને ૧૨૭૧ મહિલાઓ મળીને કુલ ૨૮૨૯ લોકોની નોંધણી કરવામાં આવી છે.આમ,હાલની મોજણી હેઠળ બંને માપદંડો હેઠળ કુલ ૨૦૮૪૪૮ લોકોની રસીકરણ માટે નોંધણી કરવામાં આવી છે.

મુંબઈમાં જશ્ને શાહ શરાફત અલી મિયાં અને સમૂહ શાદીનું ભવ્ય આયોજન

મુંબઈ, તા.૧૩

હઝરત શાહ સકલૈન અકેડમી ઓફ ઈન્ડિયા, મુંબઈ યૂનિટ દ્વારા મુંબઈમાં વાય.એમ.સી.એ ગ્રાઉન્ડ આગ્રીપાડામાં ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૧, રવીવારના રોજ ૧૫મો જશ્ને શાહ શરાફત અલી મિયાંનો ભવ્ય પ્રોગ્રામ મનાવવમાં આવશે. જેમાં જરૂરતમંદ સુન્ની મુસ્લિમો માટે ૫૦થી વધુ જોડાનો સમૂહ શાદીનો પણ ભવ્ય પ્રોગ્રામ રાખવામાં આવેલ છે. જેમાં જરૂરતમંદ છોકરીઓના સમૂહલગ્નમાં નિકાહ વિના મૂલ્યે કરાવામાં આવે છે તેમજ ઘર વખરીનો સામાન પણ હઝરત શાહ સકલૈન અકેડમી ઓફ ઈન્ડિયા મુંબઈ યૂનિટ તરફથી આપવામાં આવે છે.

આ વર્ષે પણ પીરે તરીકત હઝરત શાહ મોહંમ્મદ સકલૈન મિયા હુઝુમ બરૈલી શરીફથી તસરીફ ફરમાવશે. તેમની નિગેહબાનિમાં આ પ્રોગ્રમ કરવામાં આવશે. આ સમૂહ લગ્ન માટે હઝરત શાહ સકલૈન અકેડમી ઓફ ઈન્ડિયા સમૂહ લગ્ન વિભાગ મુંબવના સીરાજમાનભાઈ જરીવાલા, ફૈસલ ભખરાણી, અઝીઝભાઈ સાંઢા, કાદરભાઈ સાંઢા, સઈદભાઈ મુછાડા, ઉસ્માનભાઈ ઘડીયાલી, જહેમત ઉઠાવી રહ્યા છે. સમૂહ લગ્ન માટે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૫ જાન્યુઆરી ૨૦૨૧ સુધી રાખેલ છે. જરૂરતમંદોએ હઝરત શાહ સકલૈન અકેડમી ઓફ ઈન્ડિયા જોગેશ્વરી યૂનિટના શોએબ મ્યાનુંર(સકલૈની)નો સંપર્ક કરવો.(૮૮૯૮૫૫૪૬૯૦, ૮૦૭૦૬૭૮૬૯૦)

ચોટીલાના ગોલીડા ગામે કુદરતની અજાયબી

સીસા જ્ઞાતિના ૫૦૦થી વધુ લોકોને હાથ-પગમાં છ-છ આંગળીઓ..!!

૬-૬ આંગળીઓ છતાં રોજિંદા કામમાં કોઈ અસર પડતી નથી

વઢવાણ, તા.૧૩

ચોટીલા તાલુકાના ગોલીડા ગામે કુદરતની એક આશ્ચર્યજનક ઘટના જોવા મળી છે. જેમાં ગામમાં વસતાં અનેક પરિવારોમાં મોટાભાગના દરેક સભ્યોના હાથ અને પગમાં ૬-૬ આંગળીઓ જોવા મળે છે.

મળતી માહિતી મુજબ ચોટીલા તાલુકાના ગોલીડા ગામમાં વસતાં કેટલાક સીસા જ્ઞાતિના પરિવારોમાં ઘરના મોટાભાગનાં દરેક સભ્યોના હાથ અને પગમાં ૬-૬ આંગળીઓ કુદરતી રીતે જોવા મળે છે. સામાન્ય રીતે દરેક મનુષ્યને ૨૦ આંગળાઓ હોય છે પણ અહિં ઘરના દરેક સભ્યોને ૨૦ના બદલે ૨૪ આંગળીઓ જોવા મળી રહ્યા છે જેમાં એક જ પરિવારના દાદા-દાદી, માતા-પિતા, પુત્ર, પૌત્રી, ભાઈ, પૌત્ર સહિતના સભ્યોને હાથ અને પગ મળી કુલ ૨૪ આંગળીઓ જોવા મળે છે જ્યારે વધારાની આંગળીઓ તમામ પરિવારજનોને કોઈ કામમાં પણ નડતર રૂપ થતી નથી અને દરેક હાથ તેમજ પગમાં ૬-૬ આંગળીઓ જોવા મળી રહી છે. પરિવારજનો ઘરકામ સહિત દરેક પ્રકારનું કામ સહેલાઈથી કરી શકે છે. જ્યારે આ અંગે વધુ તપાસ કરતાં કેટલી પેઢીઓથી આ પ્રકારનું આનુવાંશીક વારસાને જાળવતાં લક્ષણો જોવા મળી રહ્યાં છે અને સીસા જ્ઞાતિના પરિવારના અંદાજે ૫૦૦થી વધુ સદસ્યો ગોલીડા ગામમાં વસવાટ કરી રહ્યા છે જ્યારે આ પરિવારોનો સંપર્ક કરતાં ઈશ્વરની કૃપા સ્વરૂપે વધારાની આંગળીઓ હોવાનું જણાવી રહ્યા છે તથા ૬-૬ આંગળી છતા રોજિંદા કામને કોઈ અસર પડતી નથી.

(તસવીર : ફારૂક ચૌહાણ, વઢવાણ)

પુણાની ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીમાં ધોળા દિવસે યુવકની હત્યા

સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૩

શહેરના પુણા વિસ્તારમાં આવેલી ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીમાં યુવકની ધોળા દિવસે હત્યા કરવામાં આવી છે. લોખંડના પાઈપથી એક યુવક અન્ય યુવક પર તૂટી પડ્યો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ જવા પામી છે. જ્યારે આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હોવાનું જાણવા મળ્યું છે. પુણા વિસ્તારમાં આવેલી ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીમાં લુમ્સ અને એમ્બ્રોઈડરીના કારખાનામાંથી એક યુવકની પાછળ હુમલાખોર યુવક ભાગે છે. ત્યારબાદ રસ્તાની સાઈડમાં આરોપી યુવક પર લોખંડના પાઈપથી હુમલો કરે છે. યુવક જમીન પર પટકાયા બાદ આરોપી લોખંડની પાઈપના ઘા મારવાનું શરૂ કરે છે. યુવક જેમ હલન ચલન કરે છે તેમ તેમ યુવક પાઈપના ઘા મારી રહ્યો હોવાનું સીસીટીવીમાં કેદ થઈ ગયું હતું. ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે આરોપી યુવકને ઝડપી પાડ્યો હતો.યુવકની હત્યાની ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી.

મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત

માંગરોળમાં મતદાન બુથો પર અનેક યુવા મતદારોની ભીડ

માંગરોળ, તા.૧૩

મોસાલી ચૂંટણીપંચ તરફથી મતદારયાદી સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત તા.૨૨ અને ૨૯ નવેમ્બર તથા તા.૬ અને ૧૩ ડિસેમ્બર દરમિયાન જે તે મતદાન બુથો ખાતે ખાસ મતદારયાદી સુધારણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેનો આજે છેલ્લો રવિવાર હતો. આજે માંગરોળ ખાતે એસપીએમ હાઈસ્કૂલના મતદાન બુથો ઉપર અનેક યુવા મતદારો પોતાના નામો મતદારયાદીમાં દાખલ કરાવવા માટે ઉમટી પડ્યા હતા. અત્રે યાદ આપવું જરૂરી છે કે, બે દિવસ પહેલાં સુરતના કલેક્ટર ડો.ધવલ પટેલે એક ઓડિયો મેસેજ દ્વારા સુરત જિલ્લાના યુવા મતદારોને પોતાના નામો મતદારયાદીમાં દાખલ કરાવવા અપીલ કરી હતી જેને સારી સફળતા મળી હોય એમ લાગે છે.

વડોદરા : 'ઝીદની ઈલ્મા ચેરિટેબલ ટ્રસ્ટ'ના પ્રમુખપદે ડૉ. બંદૂકવાલાનું રાજીનામું નામંજૂર

વડોદરા, તા.૧૩

'ઝીદની ઈલ્મા ચેરિટેબલ ટ્રસ્ટ'ના પ્રમુખ પદેથી ડૉ.જે.એસ. બંદૂકવાલાએ આપેલ રાજીનામું ટ્રસ્ટી મંડળે નામંજૂર કર્યું છે. ઝીદની ઈલ્મા ચેરિટેબલ ટ્રસ્ટના સેક્રેટરી એમ.યાસીન શેખના જણાવ્યા અનુસાર લાંબા સમયથી વિવિધ રોગોથી પીડિત ડૉ.જે.એસ. બંદૂકવાલા શારીરિક અશક્તિને કારણે ઝીદની ઈલ્મા ચેરિટેબલ ટ્રસ્ટમાં હમેંશની જેમ દરેક ક્ષેત્રે સક્રિય રહી શકે તેમ નથી. સંસ્થાના તેઓ સ્થાપક અને આધારસ્તંભ છે. સંસ્થા તેની પ્રતિષ્ઠા મુજબ ભવિષ્યમાં પણ કામ કરતી રહે તે માટે તેમના નેતૃત્વ, માર્ગદર્શન, કિંમતી સલાહ સૂચનોની આવશ્યકતા રહે છે જ આ દૃષ્ટિએ ટ્રસ્ટી મંડળે તેમનું રાજીનામું નામંજૂર કરી તેઓ સંસ્થા સાથે આજીવન પ્રમુખ તરીકે સર્વાનુમતે સ્થાપિત કર્યા છે.

સંસ્થાના નવા કાર્યવાહક પ્રમુખની વરણી નજીકના ભવિષ્યમાં કરવામાં આવશે એમ સેક્રેટરી એમ.યાસીન શેખે જણાવ્યું હતું.

ડભોઈ સ્ટેશનથી ચાંદોદ સુધી નંખાયેલ વીજવાયરોની ચકાસણી કરાઈ

ડભોઇ,તા.૧૩

ડભોઇથી ચાંદોદ સુધી નવીન બનેલ બ્રોડગેજ લાઇનને ઇલેક્ટ્રીક સપ્લાયથી ગતીનિરિક્ષણ કરી આખરી ઓપ આપવા માટે તા.૧૪ના રોજ ટ્રેન દોડવામાં આવનાર છે. ડભોઇ એશિયાનું સૌથી મોટું રેલ્વે જકશન ગાયકવાડી સાસણકાળ વખતે હતું. સમય જતાં રેલ્વે તંત્ર દ્વારા નવીની કારણના દોર શરૂ કર્યા હવે જ્યારે કેવડીયા ખાતે વિશ્વનું સૌથી ઊંચી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી મુસાફરોને સરળતાથી પહોચવા માટે પ્રથમ તબક્કાનું ડભોઈથી ચાંદોદ ૧૮.૬૬ કિલોમીટરનો રેલ્વે ટ્રેકને બ્રોડગેજમાં રૂપાંતર કરવામાં આવ્યો છે. જેનું કામ હાલ સંપૂર્ણ પણે પૂર્ણ થઈ ગયું છે. ત્યારે ડિસેમ્બર માસના અંત સુધી ડભોઈથી ચાંદોદ રેલ્વે પુનઃ શરૂ કરવાના એંધાણ હોય હાલ રેલ્વે અધીકારીઓ દ્વારા લાઇનનું નિરિક્ષણ ઝડપી બનાવ્યું છે. અગાઉ આ ટ્રેક ઉપર ડીઝલ એન્જિન ૧૩૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે દોડાવી નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં કોઈ ખામી જોવા મળી ન હતી હવે જ્યારે ડભોઇ રેલ્વે જકશન ઉપર ૧૦ જેટલી ઈલેક્ટ્રોનિક વાયરોથી ચાલતી ટ્રેનો દોડવાની છે. ત્યારે ડભોઈથી ચાંદોદ સુધી નખાયેલ ઇલેક્ટ્રીક વારોને અનુલક્ષીને પુનઃ તા.૧૪ના રોજ બપોરે ૨થી ૭ દરમ્યાન રેલ ગતી નીરીક્ષણ તેમજ ઇલેક્ટ્રીક વાયરોનું નિરિક્ષણ હાથ ધરવામાં આવનાર છે. રેલ્વે તંત્ર દ્વારા તા.૧૪ના રોજ સરિતા ક્રોસિંગ સહિત સાઠોદ અને થરાવાસા ક્રોસિંગ તેમજ બ્રોડગેજ લાઇન ઉપરથી કોઈએ પસાર ન થવા અપીલ કરી છે.

ડભોઈના મંડાળા નજીક નર્મદા કેનાલ ઉપરના વૃક્ષો કાપી નંખાતાં ખેડૂતોમાં રોષ

ડભોઈ, તા.૧૩

ડભોઈ તાલુકાના મંડાળા ગામેથી પસાર થતી સાંધાથી સુલતાનપુરા નર્મદા બ્રાન્ચ કેનાલ ઉપર ડભોઈ નર્મદા નિગમ દ્વારા કેનાલ સફાઈ માટેનો કોન્ટ્રાક્ટ અપાયો છે. હાલ સફાઈ કામગીરી ચાલી રહી છે ત્યારે સરકારી અધિકારીઓ સાથે મિલીભગત કરી કેટલાક કોન્ટ્રાક્ટરો દ્વારા કેનાલ ઉપરના દેશી બાવળ, લીમડા સહિતના ૫૦ ઉપરાંત વૃક્ષોનું નિકંદન થતાં આ વિસ્તારના ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. વૃક્ષો કાપી બારોબાર વેચી દેતા હોવાના આક્ષેપો સાથે મંડાળા ગામના જાગૃત ખેડૂત સચિનકુમાર અરવિંદ પટેલ દ્વારા નાયબ ઈજનેર સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડને પત્ર લખી આ બાબતની જાણ કરી હતી. જેથી જાગૃત નાગરિક દ્વારા અને જણાવ્યું કે, જો આ બાબતે કોઈ કાર્યવાહી નહીં થાય તો આત્મવિલોપનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

બેંકના મશીનમાં ટેકનિકલ ખામી રહી જતાં ગેંગે ગેરલાભ ઉઠાવ્યો

સુરત : કેનેરા બેંકના ATMને જ નિશાન બનાવતી હરિયાણાની ગેંગ ઝડપાઈ

ભેજાબાજોએ શહેરના અનેક સ્થળોએ કાર્યરત ATMમાંથી રૂા.૨૧ લાખથી વધુની ઉચાપત કરી હતી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૩

સુરતમાં કેનેરા બેંકના જ એટીએમ મશીનને હેક કરી લાખો રૂપિયાનું ફ્રોડ કરનાર ગેંગને આખરે ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી અનેક ગુનાના ભેદ ઉકેલી કાઢ્યા છે. એકમાત્ર કેનેરા બેંકને જ નિશાન બનાવવામાં આવતી હોવાથી પોલીસે કેનેરા બેંકના એટીએમ પર વોચ ગોઠવીને શાતિર ગેંગના બે સભ્યો ઝડપાયા હતા. આ ગેંગમાં અન્ય સાગરિતોના નામ પણ ખુલ્યા હોવાથી પોલીસે તે દિશામાં આગળ તપાસ હાથ ધરી છે. પોલીસે હનીફ રખીતા સૈયદ અને ઔસાફ હસનમોહંમદ સૈયદને રોકડા ૮૦ હજાર સહિત કુલ ૧.૧૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. કેનેરા બેંકના એટીએમમાં જે કંપનીના મશીન ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે તેમાં બાય ડિફોલ્ટ ખામી રહી ગઈ છે. હરિયાણાના શાતિર સાજીદખાન, ઈરફાન અને ઝહીર પાસેથી બંને ચોરો ખાસ્સુ શિખ્યા હતા અને ત્રણેય સાથે મળીને અનેક ઠેકાણે બેંકોને ચૂનો ચોપડ્યો હતો. એટીએમના ડિસ્પ્લે નજીક આવેલા લોકને ડુપ્લીકેટ ચાવી વડે ખોલીને અંદરના મધરબોર્ડની સ્વીચ ઓફ કરીને ઓન કરી દેવામાં આવે તો આખું મશીન રી-સ્ટાર્ટ થાય છે અને તે ઘડીએ થયેલું ટ્રાન્ઝેક્શન રેકર્ડ પર દર્શાવતું નથી. મશીનની આ ટેક્નિકલ ખામીને હરિયાણાની ફ્રોડ ગેંગે ભારે લાભ ઉઠાવ્યો હતો અને અનેક ઠેકાણે ચિટિંગ કરીને બેંકને ચૂનો ચોપડ્યો હતો. આ ભેજાબાજોએ સુરતના જુદા-જુદા વિસ્તામાં કાર્યરત કેનેરા બેંકના **ATM**માંથી રૂા.૨૧ લાખથી વધુની ઉચાપત કરી હતી.

સુરતમાં યુવતીને કેફીપીણું પીવડાવી દુષ્કર્મ આચરતા બે નરાધમની ધરપકડ : બે ફરાર

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૧૩

શહેરના વરાછા વિસ્તારની હીરાની ઓફિસ ધરાવતા હીરા વેપારીએ યુવતી પર દુષ્કર્મ, આચર્યુ હતું. પોલીસે આ ઘટનામાં હીરા વેપારીની ઓફિસમાં કામ કરતા કમર્ચારી અને અન્ય એક વેપારીની ધરપકડ કરી છે. જ્યારે દુષ્કર્મ, આચરનાર વસંર્ત પટેલ અને તેનો ડ્રાઈવર હજુ પણ પોલીસ પકડથી દૂર છે. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ જામનગરના ખંભાળીયાની વતની ૨૨ વષિર્ય અનામી (નામ બદલ્યું છે) હાલ સુરત રહે છે. વર્ષાની બહેનપણી સમા(નામ બદલ્યું છે) વેંલંર્જા ગામ વિસ્તારમાં રહે છે. ખંભાળીયાથી અનામી સમાના ઘરે રહેવા આવી હતી. મોટાવરાછા વિસ્તારના રિવર વ્યૂ હાઈરાઈટમાં રહેતો હીરાના વેપારી વસંત પટેલ સાથે તેણી નોકરી માટે વાત કરવા જવાની છે. સમાએ મોટાવરાછાથી વેપારી વસંતને ફોન કરતા વસંત તેના ડ્રાઈવર સાથે તેમની મસિર્ડિઝ કાર લઈને સમા અને અનામીને લેવા માટે ગયો હતો. બંર્નેને વરાછા મીની બજાર ખાતે ડાયમંર્ડ વલ્ડર્માં આવેલી ઓફિસે લઈ વસંત લઇ ગયો હતો.વસંતે ડ્રાઈવર જયેશને કોલ્ડડિંક્સ લાવવા કહ્યું હતું. અનામી અને સમાએ કોલ્ડડ્રિંક્સ પીધા પછી બંર્ને જણા બેભાન થઈ ગયા હતા. અનામીને ભાન આવ્યું ત્યારે તે સોફા પર સુતેલી હતી. ત્યારબાદ વસંર્તે સમાને શાંર્ત કરીને પોતાની કારમાં મોટાવરાછા સુધી મૂકી આવ્યો હતો. અનામીને શંકા હતી કે, તેની સાથે દુષ્કર્મ થયું છે. જો પરિવારજનો સાથે વાત કરીને વસંર્ત પટેલ અને તેના ડ્રાયવર જયેશ વિરૂદ્ધ રોજ વરાછા પોલીસ સ્ટેશનમાં દુષ્કમર્ની ફરિયાદ નોંધાવી હતી. વરાછા પોલીસે આ ઘટનામાં વસંત પટેલની ઓફિસમાં કામ કરતા ૨૯ વષિય અંકિત કમલેશકુમાર કાથરોટીયા અને હીરા વેપારી યોગેશ ઘનશ્યામ સાકરીયાની ધરપકડ કરી છે. જ્યારે મુખ્ય આરોપી વસંત અને ડ્રાઈવર જયેશ હજુ પણ નાસતા ફરી રહ્યા છે. બનાવ અંગે પોલીસ વધુ તપાસ કરી રહ્યી છે.

સામરખા નજીક એક્સપ્રેસના ગરનાળામાં એમોનિયા ભરેલ ટેન્કર ફસાતાં ગેસ લીકેજ

ગેસ લીકેજથી લોકોને શ્વાસ લેવામાં તકલીફ તથા આંખોમાં બળતરા

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૩

સામરખા ગામ તરફથી પુરપાટ ઝડપે આણંદ તરફ જઈ રહેલું લીકવીડ એમોનિયા ભરેલું ટેન્કર સામરખા ગામ નજીક અમદાવાદ વડોદરા એક્ષપ્રેસ-વેનાં ગરનાળામાં ફસાઈ જતા ટેન્કરનું ઢાંકણું લીકેજ થતા તેમાંથી એમોનિયા ગેસ લીકેજ થતા આસપાસનાં વિસ્તારોમાં તેમજ સામરખા ગામમાં લોકોમાં શ્વાસ લેવામાં તકલીફ તેમજ આંખોમાં બળતરા થતા આ બનાવ અંગે આણંદ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર ઓફીસર ધર્મેશ ગોરની સુચના અને માર્ગદર્શન હેઠળ ફાયર ફાયટર નરેન્દ્ર પંડયા,એચ સી ગઢવી, ધીરુભાઈ ઠાકોર, સહદેવ, પ્રવિણસિંહ, હિતેશ, નિલેશ અને જયેશ સહિતનો સ્ટાફ બે ફાયર ફાયટરો સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા અને જીવનાં જોખમે ટેન્કર પર પાણીનો મારો ચલાવીને એમોનીયા ગેસની તિવ્રતા ઓછી કરી હતી.તેમજ કેઈનની મદદથી ટેન્કરને ગરનાળામાંથી બહાર કાઢીને નજીકનાં ખુલ્લા મેદાનમાં પાર્ક કરી દેવામાં આવી હતી. ઘટનાની જાણ થતા આણંદ ગ્રામ્ય પોલીસ મથકનાં પીએસઆઈ નિલેશ રામી,ડીવાયએસપી બી ડી જાડેજા સહીતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા હતા અને સામરખા ગામ તરફથી તેમજ આણંદ તરફથી માર્ગ બંધ કરી વાહન વ્યવહારને એક્ષપ્રેસ વે બ્રીજ તરફ ડાયવર્જન આપી દેવામાં આવ્યું હતું.

(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

વાપીના ચાણોદથી ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલ ત્રણ આરોપીઓ પકડાયા

વાપી, તા.૧૩

ઘરફોડ ચોરીના ગુનામાં મૂળ ઉત્તરપ્રદેશના ત્રણ આરોપીઓને વલસાડ એસઓજીએ ઝડપી પાડ્યા છે. એસઓજીની ટીમ વાપીના ચાણોદ ખાતે પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી કે ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરફોડ ચોરીના ગુનામાં ત્રણ ઈસમો મોબાઈલ તથા કાંડા ઘડિયાળ ચાણોદ ત્રણ રસ્તા પાસે વેચવા આવવાના છે. જેથી એસઓજીની ટીમે આરોપીઓ ઐયાઝ ઉર્ફે જબ્બા ઉકીલ અહેમદ શેખ (ઉ.વ.૨૦), ઝાકીર હમિદખાન (ઉ.વ.૨૦) અને મોહમ્મદ સુફિયાન નબી અહેમદખાન (ઉ.વ.૨૦) (મૂળ રહે. તમામ ઉત્તરપ્રદેશ)ની અટકાયત કરી હતી. પોલીસે ત્રણેય આરોપીઓ પાસેથી ઘરફોડ ચોરીમાં ગયેલ મોબાઈલ નંગ-૯ તથા કાંડા ઘડિયાળ મળી કુલ રૂા.૪૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

સાવધાન! ગરમ વસ્ત્રો સાથે રહેજો તૈયાર : આગામી ત્રણ દિવસ રાજ્યમાં કડકડતી ઠંડીની આગાહી

અમદાવાદ,તા.૧૩ રાજયમાં ડિસેમ્બરનો પ્રથમ સપ્તાહ વિતવા છતાં શિયાળો બરોબર જામ્યો ન હતો ત્યારે રાજસ્થાનમાં સર્જાયેલ વેસ્ટર્ન ડિસટર્બન્સને કારણે સમગ્ર રાજયમાં તેની અસર જોવા મળી છે. સતત ત્રણ દિવસ સુધી કમોસમી વરસાદ બાદ

લઘુતમ તાપમાનમાં ૪થી ૫ ડિગ્રીનો ઘટાડો જોવા મળે તેવી સંભાવના

નલિયા અને ડીસામાં તાપમાન ૧૦ ડિગ્રી નજીક પહોંચવાની શક્યતા

પવનની દિશા બદલાતા ઠંડીમાં વધારો જોવા મળી રહ્યો છે ત્યારે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આગળ વધતા આગામી ત્રણ દિવસ ઠંડીનું જોર વધશે. હવામાન વિભાગ દ્વારા પણ આગામી દિવસોમાં હાડ થીજવતી ઠંડી પડશે તેવી આગાહી કરવામાં આવી છે. રાજયમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. અને ત્રણ દિવસ સુધી રાજયના મોટા ભાગના વિસ્તારોમાં સામાન્યથી લઈ એકથી બે ઈંચ જેટલો વરસાદ પડયો હતો. ત્યારે હવે શિયાળામાં વરસાદ બાદ ઠંડી પોતાનું જોર બતાવવા તૈયાર થઈ રહી છે. આવતીકાલથી રાજયમાં ઠંડીનું જોર જોવા મળશે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આગળ વધતા તેમજ ઉત્તર ભારતની હિમ વર્ષાને પગલે રાજયમાં હાડથીજવતી ઠંડી પડવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે. લઘુત્તમ તાપમાનમાં ૩થી ૪ ડિગ્રી સુધીનો ઘટાડો જોવા મળે તેવી સંભાવના છે રાજયના મોટા ભાગના સ્થળોનું તાપમાન ૧૦થી ૧૪ ડિગ્રીની નીચે પહોંચવાની શકયતા વ્યકત કરવામાં આવી છે. જયારે છેલ્લા બે દિવસથી સવારમાં પહોરમાં ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ત્યારે નલિયા અને ડીસામાં લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રી કરતા પણ ઓછું રહેવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે. કોરોના કાળમાં બેવડી ઋતુના અનુભવ બાદ ઠંડીનું પ્રમાણ વધવાની શકયતાને જોવા તબીબો વિશેષ તકેદારી રાખવાનું જણાવી રહ્યા છે ત્યારે આવનાર ત્રણ દિવસોમાં કાતિલ ઠંડી પડવાની સંભાવનાને જોતા ગરમ વસ્ત્રો સહિતની તૈયારીઓ સાથે ગુજરાતવાસીઓએ સજજ થવું પડશે.

કોરોનાનું જોર હવે ઘટવા લાગ્યું

ગુજરાતમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૧૭૫ નવા કેસ, ૧૩૪૭ દર્દી ડિસ્ચાર્જ

રાજ્યના ૨,૧૦,૨૧૪ દર્દી કોરોના સામેનો જંગ જીત્યા

ગુજરાતમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨,૨૭,૬૮૩ થઈ

અમદાવાદ, તા.૧૩ રાજયમાં કાળમુખા કોરોનાનું જોર ધીરે ધીરે ઘટી રહ્યું છે. દિવાળી બાદ સતત ૧૫૦૦થી વધુ નવા કેસ નોંધાતા હતા. તેમાં ધરખમ ઘટાડો સાથે હવે નવા નોંધાતા કેસનો આંકડો ૧૨૦૦થી પણ નીચે આવી ગયો છે. રવિવારે રાજયમાં ૧૧૭૫ કોરોનાના નવા કેસ નોંધાયા છે. જ્યારે વધુ ૧૧ દર્દીનાં મોત કોરોનાથી થયા છે તેમજ છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૪૭ દર્દીને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. રાજયમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨.૨૭ લાખને પાર થઈ ગઈ છે.

વિગતવાર વાત કરીએ તો ગુજરાતમાં કોરોના મહામારીની સ્થિતિ ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે. પરંતુ કોરોના વાયરસના દૈનિક નોંધાતા કેસની સંખ્યામાં ગત કેટલાક દિવસોથી ઘટાડો થઈ રહ્યો છે. જે એક સારી વાત છે. આજે તો કોરોનાનાં કેસ ૧૨૦૦થી પણ ઓછા નોંધાયા છે. આજે કોરોનાનાં ચેપના ફેલાવાના ગ્રાફમાં ૧૧૭૫ પોઝિટિવ કેસ આવ્યા છે . ગુજરાતમાં કોવિડ-૧૯ના કુલ કેસોની સંખ્યા વધીને ૨,૨૭,૬૮૩એ પહોંચી છે. જ્યારે રાજયમાં વધુ ૧૧ દર્દીઓએ દમ તોડતા ગુજરાતમાં કૂલ મૃત્યુઆંક વધીને ૪૧૭૧એ પહોંચ્યો છે. જ્યારે ૧૩૪૭ લોકોએ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને મ્હાત આપી છે. જોકે ગુજરાતમાં સાજા થવાનો દર ધીરે ધીરે વધી રહ્યો છે અને ૯૨.૩૩ ટકાએ પહોંચ્યો છે. ત્યાં જ આજે રાજયમાં ૫૫,૯૮૯ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

કોરોનાના ચેપના ફેલાવાના ગ્રાફમાં અમદાવાદ કોર્પોરેશન ૨૩૯, સુરત કોર્પોરેશન ૧૪૮, વડોદરા કોર્પોરેશન ૧૧૨, રાજકોટ કોર્પોરેશન ૯૯, મહેસાણા ૫૧, વડોદરા ૪૦, ગાંધીનગર ૩૫, રાજકોટ ૩૦, અમરેલી ૨૯, જામનગર કોર્પોરેશન ૨૮, કચ્છ ૨૮, પાટણ ૨૫, સુરત ૨૪, સાબરકાંઠા ૨૨, આણંદ ૨૧, બનાસકાંઠા ૨૦, દાહોદ ૨૦, પંચમહાલ ૧૯, સુરેન્દ્રનગર ૧૯, ભાવનગર કોર્પોરેશન ૧૭, ગાંધીનગર કોર્પોરેશન ૧૭, જામનગર ૧૭, ખેડા ૧૫, ભરૂચ ૧૪, જુનાગઢ કોર્પોરેશન ૧૪, મોરબી ૧૨, જુનાગઢ ૯, મહીસાગર ૯, અમદાવાદ ૮, ગીર સોમનાથ ૬, નર્મદા ૬, અરવલ્લી ૫, બોટાદ ૪, દેવભૂમિ દ્વારકા ૩, ભાવનગર ૨, છોટા ઉદેપુર ૨, નવસારી ૨, પોરબંદર ૨, તાપી ૨ કેસ સામે આવ્યા છે.

કોરોનાની વૈશ્વિક મહામારી દરમિયાન દિવાળી પછી રાજયમાં કોરોનાને કારણે મૃત્યુ વધ્યા હતા પરંતુ હવે તેમા સતત ઘટાડો નોંધાઇ રહ્યો છે. આરોગ્ય વિભાગે વિતેલા ૨૪ કલાકમાં સારવાર હેઠળના ૧૧ દર્દીઓના મોત થયાનું સ્વિકાર્યું છે. જેમા સૌથી વધુ અમદાવાદ કોર્પોરેશનમાં ૮ લોકોને કોરોના ભરખી ગયો છે ત્યાં જ સુરત કોર્પોરેશન ૩ વ્યક્તિએ દમ તોડયો હતો. આમ ગુજરાતમાં કૂલ મૃત્યુઆંક વધીને ૪૧૭૧એ પહોંચ્યો છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૨,૧૦,૨૧૪ નાગરીકો સાજા થઈ ગયા છે. જ્યારે આજે છેલ્લી સ્થિતિ મુજબ ૧૩,૨૯૮ સારવાર હેઠળના દર્દીઓ પૈકી ૬૫ વેન્ટિલેટર ઉપર રાખવામાં આવ્યા છે અને ૧૩,૨૩૩ સ્ટેબલ છે.

રાજ્યની ૬ મનપામાં આજથી 'કમિશનર રાજ' ચૂંટાયેલા હોદ્દેદારો પાછળ હવે ભૂતપૂર્વ લખાશે

અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, ભાવનગર અને રાજકોટમાં મેયર રાજ પૂર્ણ

હાલના મ્યુનિ. કમિશનરો વહીવટદાર તરીકે બેવડી ભૂમિકામાં રૂટીન કામગીરી જ કરશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩ રાજયની છ મહાનગરપાલિકા અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, ભાવનગર અને રાજકોટમાં આવતીકાલ સોમવારથી મેયર રાજ પૂર્ણ થશે અને પ્રથમવાર હાલના મ્યુનિ. કમિશનરો વહીવટીદાર તરીકે પણ બેવડી ભૂમિકા ભજવશે. મ્યુનિસિપલ કમિશનરો માત્ર રૂટીન કામગીરી જ કરશે.

રાજયની છ મહાનગર પાલિકામાં આવતીકાલ સોમવારથી મ્યુનિસિપલ કમિશનરો નીતિ વિષયક નિર્ણય લઈ શકશે નહીં. મહાનગર પાલિકામાં સામાન્ય રીતે વહીવટદાર તરીકે વર્તમાન આઈએએસ અધિકારી કમિશનર તરીકે ફરજ બજાવતા હોય તેમનાથી ઉપરી હોદ્દાના આઈએએસ અધિકારીને વહીવટદાર તરીકે મુકાતા હોય છે. જેઓ જનરલબોર્ડ અને સ્થાયી સમિતિની સત્તા ધરાવતા હોય છે, પરંતુ હવે કમિશનરોને માત્ર રૂટીન કામકાજ કરવા છૂટ અપાઈ છે અને નીતિ વિષયક નિર્ણયો લઈ શકશે નહીં.

ચૂંટાયેલા પદાધિકારીઓની મુદ્દત તારીખ મુજબ આજ ૧૩ ડિસેમ્બરની રાતે ૧૨ વાગ્યે પૂર્ણ થઈ ચૂકી છે. સોમવારથી આ પદાધિકારીઓએ પ્રજાના ખર્ચે મળેલી મોટરકાર, એરકન્ડિશન્ડ ઓફિસો, ફોન વગેરે તમામ સુવિધા પરત કરવાની રહેશે અને પદાધિકારીઓ તેમના લેટરહેડ વાપરી શકશે નહીં. રાજયની અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગર એમ છ મહાનગરપાલિકાની ફેબ્રુઆરીમાં ચૂંટણી યોજાવાની શકયતા છે. તે જોતા આ છ મહાનગરોના કોર્પોરેટરોને લાખો રૂપિયાનું ચૂકવાતું માસિક માનદ વેતન ત્રણ માસ સુધી ચૂકવવું પડશે નહીં.

મહાનગરપાલિકા માટેના ઉમેદવારોની પસંદગી, હાલની રાજકીય સ્થિતિ, સંભવિત ઉમેદવારોની તાકાત અને વફાદારી સહિતની બાબતો તથા નામો નક્કી કરવાની પ્રાથમિક તૈયારી માટે આગામી સપ્તાહથી પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે બેઠકોનો દૌર શરૂ થવાનો છે. વિરોધ પક્ષ કોંગ્રેસ પણ મહાપાલિકા, જિલ્લા પંચાયતો સહિતની સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે તરત જ રાજકીય તૈયારીઓ શરૂ કરશે, એવું પક્ષનાં સૂત્રો કહી રહ્યા છે. હાલ તો બે મહિના બાદ ચૂંટણી આવે અને માર્ચ મહિનામાં નવા શાસકો પદ ગ્રહણ કરે એવી શક્યતા છે.

કારનું ટાયર ફાટતા ગમખ્વાર અકસ્માત સર્જાયો

વિરમગામ-ધ્રાંગધ્રા હાઈવે ઉપર અકસ્માતમાં બેનાં મોત

અમદાવાદ, તા.૧૩ આજે બપોરના સુમારે વિરમગામ-ધ્રાંગધ્રા હાઈવે પર એક ગમખ્વાર અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં એક એક્ટિવા સાથે કાર ધડાકાભેર અથડાતાં અમદાવાદના પિતા-પુત્રના ઘટનાસ્થળે મોત નિપજયા હતા. જ્યારે કારમાં સવાર બે લોકોને ઈજા થઈ હતી. કારનું ટાયર ફાટતા અમદાવાદના પિતા-પુત્રનું મોત થયું હતું.

બનાવની વિગત એવી છે કે, આજે બપોરે વિરમગામ-ધ્રાંગધ્રા હાઈવે પર રહેમલપુર નજીક કાર અને એક્ટિવાનો ધડાકાભેરર અકસ્માત થયો હતો. આઈ-૨૦ કારનું ટાયર ફાટતા તેમને એક્ટિવાને અડફેટે લીધું હતું જેમાં નીસબજોગ પિતા-પુત્રનાં કરૂણ મોત થયા હતા. કારચાલક હિરેન મેરજા તેની પત્ની ઈજાગ્રસ્ત, હિરેન મેરજાના માતા નું વહેલી સવારે અકાળે મોત થતાં મોરબીના બગથળા ગામે આવી રહ્યા હતા.

મૃતક પિતા-પુત્ર અમદાવાદના વેજલપુરના વતની હતા અને અને વિરમગામ જઈ રહ્યા હતા. જ્યારે આઈ-૨૦માં સવાર મુસાફરોને ગંભીર ઈજા થતાં તેમને વિરમગામ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં વિરમગામ રૂરલ પોલીસ દોડી આવી હતી. પૂરપાટે જઈ રહેલી કારનું અચાનક ટાયર ફાટતા તે ગોથું ખાઈને ડિવાડર પર ચઢી ગઈ હતી. જો કે, તેણે એક્ટિવા ચાલકને અડફેટે લેતા પિતા-પુત્ર કાળનો કોળિયો બન્યા હતા.

વિરમગામ પોલીસે ઘટનાસ્થળે જઈ અને મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા હતા જ્યારે અકસ્માત અંગે કાયદેસરની કાર્યવાહી કરી અને કારચાલકોની તપાસ શરૂ કરી હતી.

મતદાર યાદી મુજબ ૧૫ લાખ પેજ પ્રમુખ બનાવવાનું લક્ષ્ય !

ભાજપનું મિશન ૧૮૨ : કેન્દ્રીય મંત્રી અમિત શાહ બન્યા પેજ પ્રમુખ

ગાંધીનગર, તા.૧૩ વિધાનસભા ચૂંટણીને હજુ બે વર્ષ જેટલો સમયગાળો બાકી છે પરંતુ તે જીતવા માટે ગુજરાત ભાજપે અત્યારથી જ કમર કસી લીધી છે. ભાજના મોટા નેતાઓનો પેજ પ્રમુખ બનવાનો સિલસિલો શરૂ થઇ ગયો છે. આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદના નારણપુરા વિધાનસભાના બૂથ નંબર ૧૦ના પેજના પ્રમુખ બન્યા છે. પેજ પ્રમુખ એ ભાજપ પ્રમુખના મિશન ૧૮૨નો પાયો છે. આ પહેલા પ્રદેશ પ્રમુખ તેમજ મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ વગેરે પેજ પ્રમુખ બની ચૂક્યા છે.

ભાજપ પ્રમુખના મિશન ૧૮૨નાં પાયા સમાન પેજ પ્રમુખ બનાવવાની કામગીરી વેગ પકડી રહી છે. કાર્યકરોને પાયા સાથે જોડી રાખવા માટે પેજ પ્રમુખો બનાવવામાં આવી રહ્યા છે. આ પેજ પ્રમુખ જનતા સાથે સ્થાનિક સ્તર પર જ સંવાદ સાધી શકે અને સૂચનો પણ કરી શકે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ પણ બન્યા છે પેજ પ્રમુખ. નારણપુરા વિધાનસભાના બુથ નંબર ૧૦ ના એક પેજના પ્રમુખ અમિત શાહ બનતા હવે કાર્યકરોમાં પણ ઉત્સાહનું મોજુ ફરી વળ્યું છે. ભાજપનું મિશન મહત્તમ પેજ પ્રમુખ બનાવીને તમામ મતદારો સુધી પહોંચવાનું છે. વિધાનસભા મતવિસ્તારની મતદાર યાદીમાં એક પેજમા ૩૦ જેટલા મતદારો હોય છે. ભાજપ એક પેજના ૩૦ મતદારો પૈકી એક મતદારને પેજ પ્રમુખ બનાવે છે. ગુજરાતમાં મતદાર યાદીમાં કુલ ૧૫ લાખ મતદાર પેજ છે તેથી ભાજપનું લક્ષ ૧૫ લાખ પેજ પ્રમુખ બનાવવાનું છે.

જેસીપી અજય ચૌધરીના લાઈવ પેઈન્ટીંગનું એક્ઝિબિશન યોજાયું

અમદાવાદના જોઈન્ટ પોલીસ કમિશનર અજય ચૌધરી દ્વારા એબસ્ટ્રેક્ટ લાઈવ પેઈન્ટીંગ ટોક એક્ઝિબિશન શહેરના હઠીસિંગ સેન્ટર ખાતે રાખવામાં આવ્યો હતો. ઘણા કલા પ્રેમીઓએ આ એક્ઝિબિશનની મુલાકાત લીધી હતી.

ચાણક્યપુરીમાં માયા ડોનની હત્યાનો મામલો

નશામાં માયાએ યુવતી-બનેવીને દસેક લાફા ઝીંકી દીધા હતા

પોલીસે કબજે કરેલા વીડિયોમાં તે દિવસે આરોપીઓ અને માયા વચ્ચે થયેલી બબાલનો તાગ મળ્યો

અમદાવાદ, તા.૧૩ અમદાવાદ શહેરના ચાણક્યપુરી સહિત વિવિધ વિસ્તારમાં આતંક મચાવનાર અને પોતાને ડોન માનનાર એવા પ્રદીપ ઉર્ફે માયાની શનિવારે સવારે તેના જ બનેવી અને બનેવીના મિત્રોએ મળી કાસળ કાઢી નાખ્યું હતું. જે ઘટનામાં પોલીસે હત્યાનું કારણ શોધી લીધું છે. સાથે જ ત્વરિત બે શખ્સોની પણ ધરપકડ કરી લીધી છે. જો કે, મુખ્ય આરોપી ગુજરાત છોડી નાસી જતા તેના સહિત અન્ય શખ્સોની પોલીસે શોધખોળ હાથ ધરી છે. પોલીસે કબજે કરેલા વીડિયોમાં તે દિવસે આરોપીઓ અને પ્રદીપ ઉર્ફે માયા વચ્ચે થયેલી બબાલનો તાગ મેળવવામાં આવ્યો છે. આ વીડિયોમાં પ્રદીપ અગાઉની બબાલની ચર્ચા દરમિયાન નશામાં તેના બનેવીને દસેક લાફા ઝીંકી દે છે અને હાજર યુવતીને પણ લાફા ઝીંકી દે છે. આટલું જ નહીં પ્રદીપ ઉર્ફે માયા દાગીના પહેરતો હોવાથી તેના દાગીના ગાયબ હોવાના આક્ષેપ તેની પત્નીએ કરતા પોલીસે તે બાબતે કલમો ઉમેરવાની તૈયારી દર્શાવી છે. પ્રદીપ વિવિધ ગુનામાં પણ પકડાઈ ચૂક્યો છે. જો કે, પ્રદીપની તિક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા કરી નાખતા કાયદા પ્રમાણે પોલીસે હત્યારાઓની ધરપકડ કરવી પડી છે જેમાં પોલીસે રાહુલ શર્મા અને અમાવશ નામના શખ્સની ધરપકડ કરી છે. જો કે, મુખ્ય આરોપી એવો પ્રદીપનો બનેવી અનિષ પાંડે ગુજરાત બહાર ફરાર થઈ જતાં તે પોલીસ પકડની દૂર થઈ ચૂક્યો છે. તેના સહિત ૬ શખ્સની પોલીસ શોધખોળ કરી રહી છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પો.ની મુદ્દત પૂર્ણ થતાં કાર્યોની સમીક્ષા કરતા મુખ્યમંત્રી

જ્યાં માનવી ત્યાં સુવિધા ઊભી કરી "અમે કીધું તે કર્યું છે" : રૂપાણી

ગાંધીનગર, તા.૧૩ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અમદાવાદ નગરપતિ નિવાસના નવા રિસ્ટોરેશનને નિહાળી નવાં બનેલા કોન્ફરન્સ હોલનું આજે સાંજે ઉદ્ઘાટન કર્યું હતું. મુખ્યમંત્રીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુદત પૂર્ણ થતા છેલ્લા પાંચ વર્ષમાં કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલ તથા પૂર્ણ થયેલ વિવિધ વિકાસ કાર્યોની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીએ લો ગાર્ડન ખાતે આવેલ નગરપતિ નિવાસ ખાતે યોજાયેલ સમીક્ષા બેઠકમાં જણાવ્યું કે, સમગ્ર રાજયમાં અમદાવાદ શહેરમાં કોરોના સંક્રમણ સૌથી વધુ અસર થઇ હતી પરંતુ એસ.વી.પી. હોસ્પિટલ સહિતની હોસ્પિટલો દ્વારા જે શ્રેષ્ઠતમ સારવાર શહેરીજનોને પૂરી પાડવામાં આવી તેનાથી શહેરમાં સંક્રમણને મોટા પાયા પર અટકાવી શકાયું છે. તેમણે કોર્પોરેશન દ્વારા ૧૫ લાખ વૃક્ષોનુ વાવેતર, કચરાના નિકાલની વ્યવસ્થા, જાહેર પરિવહન વ્યવસ્થા, રિવરફ્રન્ટ, ફલાવર શો વગેરે જેવી સુવિધાઓ ઊભી કરી 'જ્યાં માનવી ક્યાં સુવિધા' નો મંત્ર ચરિતાર્થ કર્યો છે. તેમણે શહેરીજનો માટે વિવિધ સુવિધાઓ ઊભી કરી શહેરને ઉત્તમ થી સર્વોત્તમ બનાવાની નેમ વ્યક્ત કરતાં કહ્યું કે, 'અમે જે કહ્યું છે, તે કર્યું છે.' અમેરિકા, ઈઝરાયેલ, ચાઇના વગેરે દેશોના વડાઓ છેલ્લાં થોડા સમયમાં અમદાવાદની મુલાકાતે પધાર્યા છે તે દ્રષ્ટિએ અમદાવાદ શહેર હવે 'ઈન્ટરનેશનલ ડેસ્ટિનેશન બન્યું છે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. મુખ્યમંત્રી અમદાવાદ મહાનગરપાલિકાની મુદત સફળતાપૂર્વક પૂર્ણ થતાં આજના છેલ્લા દિવસે નગરપતિ નિવાસ ખાતે યોજાયેલા ભોજન સમારંભમાં પણ ઉપસ્થિત રહ્યા હતા.

વેજલપુરમાં ઈલેક્શન કાર્ડમાં સુધારા-વધારા માટે કેમ્પ યોજાયો

વેજલપુર વિધાનસભા યુવક કોંગ્રેસના પ્રમુખ એજાજખાન પઠાણ દ્વારા સંચાલિત જન સેવા કેન્દ્ર પર ૧ ડિસેમ્બર ૨૦૨૦થી ૧૩ ડિસેમ્બર ૨૦૨૦ સુધી સતત ૧૩ દિવસ સુધી સવારના ૧૦ વાગ્યાથી સાંજના ૭ વાગ્યા સુધી ઈલેકશન કાર્ડ સુધારા વધારા અને નવા બનાવવા માટે ઓનલાઈન કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં રોજના આશરે ૪૦થી ૫૦ લોકો લેખે ૫૦૦થી વધુ લોકોને ઈલેકશન કાર્ડ સુધારા વધારા માટેની સેવા આપવામાં આવી. આ કેમ્પને સફળ બનાવવા આરીફ દીવાન, રાજાભાઈ પાણીવાળા, મોઈન મનસુરી, આયાઝ સૈયદ, નાસીર શેખ, મોહસીનખાન પઠાણ અને આમિરખાન પઠાણે અથાક મહેનત કરી હતી.

અમજા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

હાલના મહામારીના સમયમાં બ્લડની ખૂબ જ જરૂરિયાત રહેતી હોય દર્દીઓને લોહી મેળવવામાં ખૂબ જ તકલીફ થાય છે. અહેમદાબાદ મેમણ જમાત અસોસિએશન (અમજા) દ્વારા બલ્ડ ડોનેશન કેમ્પ સંપૂર્ણ સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે અને જરૂરી તકેદારી સાથે તારીખ ૧૩ ડિસેમ્બર રવિવારે લાકડિયા હોલ દાણીલીમડા તથા મેમણ હોલ જુહાપુરા ખાતે રાખવામાં આવેલ. ૧૦૦થી વધુ દાતાઓએ બ્લડ ડોનેટ કરી સરાહનીય કામ કર્યું હતું. તે બદલ આયોજકોએ અમજા યુથ ટીમનો અને બ્લડ ડોનરોનો આભાર વ્યક્ત કર્યો છે.

તુર્કી પર અમેરિકા અને યુરોપીય યુનિયનના પ્રતિબંધોથી બન્ને પક્ષોને નુકસાન થશે : અર્દોગન

(એજન્સી) તા.૧૩

તુર્ક રાષ્ટ્રપતિ રજબ તૈયબ અર્દોગને તુર્કીની વિરૂદ્ધ યુરોપીય યુનિયન અને અમેરિકાના પ્રતિબંધોની સખત ટીકા કરતાં જણાવ્યું છે કે તેનાથી બન્ને પક્ષોને નુકસાન પહોંચશે અને કોઈને લાભ નહીં થાય. શુક્રવારે પોતાની પાર્ટી એકેના સભ્યોને સંબોધિત કરતા અર્દોગને આ વાત કહી. તેમણે જણાવ્યું કે, યુરોપીય યુનિયન અને અમેરિકાથી તુર્કીના સંબંધોની બલી ચઢવી જોઈએ નહીં. તુર્ક રાષ્ટ્રપતિએ અમેરિકા

અને યુનિયનથી તુર્કી વિરોધી લોબીની અસરને સમાપ્ત કરવાની માંગ કરતા જણાવ્યું કે, એવી કોઈ સમસ્યા નથી. જેનો ઉકેલ વાતચીતથી કાઢી શકાતો નથી. ગુરૂવારે યુરોપીય યુનિયનના નેતાઓએ ભૂમધ્યસાગરમાં ઊર્જા સ્રોતોની શોધ અંગે ગ્રીસની સાથે જારી અથડામણના કારણે તુર્કીની વિરૂદ્ધ સમિતિ પ્રતિબંધ લાગુ કરવા પર સંમતિ વ્યક્ત કરી હતી. બીજી તરફ અમેરિકન સૂત્રોનું કહેવું છે કે રશિયા પાસેથી વાયુ સુરક્ષા સિસ્ટમ એસ-૪૦૦ ખરીદવા અંગે અંકારા વિરૂદ્ધ વોશિંગ્ટન પ્રતિબંધ લગાવવાની તૈયારી કરી ચૂક્યું છે અને તેની જાહેરાત કોઈ પણ દિવસ કરી શકાય છે.

અરબ લીગે મહામારી દરમ્યાન પેલેસ્ટીની કેદીઓને મુક્ત કરવા હાકલ કરી

(એજન્સી) તા.૧૩

અરબ દેશોની લીગ દ્વારા ફરીથી પેલેસ્ટીની કેદીઓને મુક્ત કરવા માટે ઈઝરાયેલ પર દબાણ લાવવાની હાકલ કરવામાં આવી હતી. આ કેદીઓમાં ખાસ કરીને વૃદ્ધો, બીમાર, માંદા અને નબળી રોગપ્રતિકારક શક્તિવાળા લોકો સામેલ છે. મહામારીના સમયમાં કેદીઓના અધિકારોના રક્ષણ માટેની ચોથી જિનીવા સભામાં નિર્ધારિત આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાના નિયમોને અનુરૂપ આ હાકલ કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય દિવસ નિમિત્તે ગઈકાલે જારી કરાયેલા એક નિવેદનમાં આ વાત સામે આવી હતી. અરબ લીગ ખાતે સામાજિક બાબતોના વિભાગના વડા અને મદદનીશ સામાન્ય-સચિવ રાજદૂત હાઈફા અબુ ગઝાલેહે કહ્યું હતું કે માનવાધિકાર માટેના અરબ ચાર્ટરની કલમ ૩૯માં માન્યતા આપવામાં આવી છે કે સમાજના દરેક સભ્યને શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનો ઉચ્ચતમ પ્રાપ્ય

સ્તર માણવાનો અધિકાર છે અને કોઈપણ જાતના ભેદભાવ વગર નિઃશુલ્ક મૂળભૂત આરોગ્ય સંભાળની સેવાઓનો વપરાશ કરવાનો પણ અધિકાર છે. અધિકાર જૂથોએ વારંવાર ઈઝરાયેલને પેલેસ્ટીની કેદીઓને મુક્ત કરવાની માંગ કરી છે. કારણ કે કોવિડ-૧૯ મહામારીની પકડ કબજે કરેલા રાજ્ય અને કબજે કરેલા પેલેસ્ટીની પ્રદેશો બંને પર છે. પેલેસ્ટીની કેદીઓમાં જીવણલેણ ચેપના પ્રસારના પરિણામે ગિલબો જેલ બંધ કરી દેવામાં આવી હતી.

કંધારમાં અફઘાન સેનાનો વળતો પ્રહાર, ૯૦ તાલિબાન માર્યા ગયા

(એજન્સી) કંધહાર, તા.૧૩

દક્ષિણી રાજ્ય કંધારમાં અફઘાન રાષ્ટ્રીય સુરક્ષા દળો અને તાલિબાનની વચ્ચે અથડામણોમાં ૯૦ આતંકવાદી મૃત્યુ પામ્યા છે. અફઘાન સુરક્ષા મંત્રાલયે શનિવારે એક પ્રેસ વિજ્ઞપ્તિમાં જણાવ્યું. મંત્રાલયે જણાવ્યું કે, ''અથડામણો દરમ્યાન ૯૦ તાલિબાની આતંકવાદી મૃત્યુ પામ્યા અને અન્ય નવ ઘાયલ થઈ ગયા'' પ્રેસ વિજ્ઞપ્તિ મુજબ સેનાએ કંધારની પંજવાઈ, ઝારી, અરગંદાબ અને મિવંદ જિલ્લાઓમાં તાલિબાનના હુમલાઓને રદ્દ કરી દીધા. મંત્રાલયે જણાવ્યું કે, અફઘાન સૈનિકોએ ૧૫ વાહનો આતંકવાદીઓને જોયા અને તેમને નષ્ટ કરી દીધા હતા અને તાલિબાન હથિયારોની એક બેચને નષ્ટ કરી દીધી હતી. જે કટ્ટરપંથી દ્વારા આતંકવાદી ગતિવિધિઓમાં ઉપયોગ કરવાની આશા હતી. પ્રેસ રિલીઝનો જવાબ આપતા તાલિબાને કંધારમાં કોઈપણ પ્રકારની અથડામણથી ઈન્કાર કર્યો. આ કહેતા કે આ કોઈ જાનહાનિ થઈ નથી અને મૃત્યુ પામેલા મિતિશિયાના કાબુલ જાહેર ટોલ વાસ્તવમાં સત્ય હોવા માટે વધુ હતું. કટ્ટરપંથી સમૂહ મુજબ અફઘાન સેનાએ પોતાના નિર્વાસિત સૈનિકોને ખોટા આશ્વાસન આપવા માટે પ્રચારના ભાગ તરીકે પ્રેસ વિજ્ઞપ્તિ જારી કરી.



૨૦૧૭માં વિરોધ પ્રદર્શનોને પ્રોત્સાહન આપવા બદલ બળવાખોર પત્રકારને ઈરાને ફાંસી આપી

રૂહુલ્લાહ ઝામને ''જમીન પર ભ્રષ્ટાચાર''ના આરોપો હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યો, ઈરાની સરકાર દ્વારા આરોપનો ઉપયોગ સરકારને ઉથલાવવાના પ્રયત્નોના કેસોમાં કરવામાં આવે છે

(એજન્સી) તા.૧૩

ઈરાની સરકારી ટીવી અને ઈરાન સરકાર દ્વારા સંચાલિત ઈરાન સમાચાર એજન્સીએ કહ્યું છે કે, ઈરાને ૪૯ વર્ષીય પત્રકાર રૂહલ્લાહ ઝામને ફાંસી આપી દીધી છે. આ પત્રકારે ૨૦૧૭માં દેશવ્યાપી આર્થિક વિરોધને પ્રોત્સાહન આપ્યું હતું. ડિસેમ્બરની ૧૨મી તારીખે વહેલી સવારે તેને ફાંસી આપવામાં આવી હતી. તેની વેબસાઈટ અમાદ ન્યૂઝના દસ લાખ અનુયાયીઓ છે, જેને હિંસા ભડકાવવાના આરોપમાં ટેલિગ્રામ દ્વારા ૨૦૧૮માં સ્થગિત કરી દેવાઈ હતી, પરંતુ પાછળથી તે બીજા નામથી ફરી સામે આવી હતી.

જૂન ૨૦૨૦માં એક ઈરાનની કોર્ટે તેને મૃત્યુદંડની સજા સંભળાવી હતી, એમ કહેતા કે તેના ઉપર 'જમીન પર ભ્રષ્ટાચાર''ના આરોપો છે. જેમાં તેને દોષિત ઠેરવવામાં આવ્યો છે, આ આરોપનો ઉપયોગ જાસૂસી સાથે સંડોવાયેલા અથવા ઈરાનની સરકારને ઊથલાવવાના પ્રયત્નોના કેસોમાં કરવામાં આવે છે. ઝામ સુધારા તરફી શિયા મૌલવીનો પુત્ર હતો અને તે ફ્રાન્સમાં આશ્રય લેવા માટે ઈરાનથી ભાગી ગયો હતો. ઓકટોબર ૨૦૧૯માં IRGCએ ઝામને ગુપ્તચર ચાલનો ઉપયોગ કરીને એક જટિલ કામગીરી કરીને ઝામને ફસાવ્યો હતો. ઈરાનમાં વર્ષ ૨૦૧૭ના અંતમાં ૮૦ શહેરોમાં મૂળભૂત ચીજવસ્તુઓના વધતા ભાવો સામે ભારે વિરોધ દર્શાવાયો હતો. દેખાવકારોએ રાષ્ટ્રપતિ હસન રૂહાનીની સરકારની નિષ્ફળતા વિશે વિરોધ પ્રદર્શનો કર્યા હતા.

ઈઝરાયેલે દક્ષિણ લેબેનોન હવાઈ ક્ષેત્રમાં બનાવટી દરોડા પાડવાનું શરૂ કર્યું

(એજન્સી) તા.૧૩

લેબેનોનની રાષ્ટ્રીય સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો છે કે ઈઝરાયેલના લડાકુ વિમાનોએ ગઈકાલે દક્ષિણ લેબેનોનના નબતીહ અને ઈકલીમ-અલ-તુફાહ વિસ્તારોમાં તીવ્ર બનાવટી દરોડા પાડ્યા હતા. ઈઝરાયેલ દ્વારા લેબેનોનના હવાઈ ક્ષેત્રનું વારંવાર ઉલ્લંઘનના ભાગરૂપે આમ થયું હતું. ઈઝરાયેલે મધ્યમ ઉંચાઈએ આ દરોડા પાડ્યા હતા. છેલ્લા કેટલાક અઠવાડિયાઓમાં શ્રેણીબદ્ધ ઘૂસણખોરીની કામગીરી બાદ, જે લેબેનીય પ્રદેશોમાંથી ઈઝરાયેલમાં થઈ હતી. લેબેનોનના લોકોએ સાવચેતીભર્યું શાંત વાતાવરણ અનુભવ્યું હતું. દરિયાઈ સરહદ સીમાંકન અંગે બંને પક્ષો વચ્ચે યુએન દ્વારા પ્રાયોજીત વાટાઘાટો હાલમાં સ્થગિત કરી દેવામાં આવી છે.

સઉદીએ નરેન્દ્ર મોદીના મુસ્લિમ વિરોધી રજિસ્ટર (NRC) સામે વિરોધ-પ્રદર્શન બદલ ભારતીયોને દેશનિકાલ કર્યા

(એજન્સી) તા.૧૩

સઉદી અરેબિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ખૂબ વધુ જમણી હિન્દુ રાષ્ટ્રવાદી સરકાર દ્વારા રજૂ કરાયેલા અત્યંત વિવાદાસ્પદ રજિસ્ટર સામે વિરોધ કરવા માટે અખાત રાજ્યમાં રહેતા ઘણા નિવાસી ભારતીયો (એનઆરઆર)ને દેશનિકાલ કર્યા હતા. ગયા વર્ષે ભારતમાં શાહિનબાગ વિરોધ પ્રદર્શનોથી પ્રેરિત થઈને જિદ્દાહમાં રહેતા સંખ્યાંબધ ભારતીયોએ પ્રસ્તાવિત બિલના વિરોધમાં પોસ્ટરો અને વિજ્ઞાપનો હાથમાં લઈને તેમની એકતા બતાવી હોવાનું કહેવાય છે. આ વિરોધ પ્રદર્શનો કરવાથી એનઆરઆઈ તકલીફમાં મૂકાઈ ગયા. એવા અહેવાલ છે કે તેમની ધરપકડ નિયમોના ઉલ્લંઘન બદલ થઈ હતી, જેમાં કોઈ પણ પ્રકારની સભા, મેળાવડો અને વિરોધ પ્રદર્શનો પ્રતિબંધિત છે. તેથી તેમને ભારત પાછા પરત કરવામાં આવ્યા હતા. અખાત દેશોમાં કોઈપણ પ્રકારના દેખાવો,

વિરોધો અથવા મેળાવડા પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા છે. પણ વિરોધ કરનારા આ મૂળભૂત નિયમથી અજાણ હતા. ઘણા તો સોશિયલ મીડિયા પર સમર્થન આપવા માટે પોસ્ટ કરવા બદલ પણ મુશ્કેલીમાં મૂકાયા હતા. જ્યારે મોદી સરકારે એનઆરસી રજૂ કરી ત્યારે આક્રોશ ફાટી નીકળ્યો હતો. આ વિવાદાસ્પદ પગલાંથી દેશના ૨૦૦ કરોડ મુસ્લિમ નાગરિકોની સ્થિતિને ધમકાવવાનો ખતરો છે.

UAEનું લુલુ સમૂહ જમ્મુ-કાશ્મીરમાં ખાદ્ય પ્રસંસ્કરણ કેન્દ્રની સ્થાપના કરશે

(એજન્સી) તા.૧૩

સંયુક્ત અરબ અમીરાત સ્થિત લુલુ ગ્રુપ ઈન્ટરનેશનલે જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં એક ખાદ્ય પ્રસંસ્કરણ કેન્દ્ર સ્થાપિત કરવાની જાહેરાત કરી છે જ્યાંથી વિવિધ પ્રકારના કૃષિ ઉત્પાદનોને મેળવવામાં આવશે. આ જાહેરાત લુલુ સમૂહના અધ્યક્ષ યુસુફઅલી એમ.એ.એ ગુરૂવારે યુએઈ-ભારત ખાદ્ય સુરક્ષા સંમેલન ૨૦૨૦ દરમ્યાન જમ્મુ-કાશ્મીરના પ્રધાન સચિવ નવીનકુમાર ચૌધરીની આગેવાનીવાળા એક પ્રતિનિધિ મંડળની સાથે બેઠક દરમ્યાન કરી. યુસુફઅલીએ જણાવ્યું કે વડાપ્રધાન નેરેન્દ્ર મોદીની ૨૦૧૯માં યુએઈ પ્રવાસ દરમ્યાન કરવામાં આવેલી પ્રતિબદ્ધતા મુજબ લુલુ સમૂહ જમ્મુ-કાશ્મીરમાંથી કૃષિ ઉત્પાદનોની એક વિસ્તૃત શ્રેણીની સોર્સિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવા જઈ રહી છે. આ સમયે લુલુ કાશ્મીરથી સફરજન અને કેસરની આયાત કરે છે અને આવનારા વર્ષોમાં આયાત ઘણી વધવાનો અંદાજ છે.

એક સત્તાવાર નિવેદન મુજબ કોરોના વાયરસ મહામારીના કારણે વર્તમાન દિવસોમાં અનેક પડકારો છતાં સમૂહે અત્યાર સુધી ૪૦૦ ટનથી વધુ કાશ્મીરી સફરજનની આયાત કરી છે. યુસુફઅલીએ જણાવ્યું કે લુલુ સમૂહ ભારતમાંથી ખાદ્ય અને બિન-ખાદ્ય ઉત્પાદનોમાં પ્રમુખ આયાત તકોમાં સામેલ છે અને નવા કેન્દ્રની સ્થાપનાથી સાડી સહયોગ પરિષદ અને અન્ય દેશોને કાશ્મીર ઉત્પાદકોની નિકાસ વધશે. ચૌધરીએ જણાવ્યું કે બેઠકના પરિણામ ખૂબ જ સારા રહ્યા અને લુલુ સમૂહના સ્ટોરોનો ઉપયોગ કરતા કેન્દ્ર શાસિત અને બાગવાની ઉત્પાદનોની નિકાસને પ્રોત્સાહન આપવા માટે કેટલાક નિર્ણય કરવામાં આવ્યા.

EUએ તુર્કી પર આર્થિક પ્રતિબંધો લાદવાનો ઈન્કાર કર્યો

(એજન્સી) એનાદોલુ, તા.૧૩

યુરોપિયન યુનિયનના નેતાઓએ આજે બ્રસેલ્સમાં યોજાયેલ મીટિંગમાં કહ્યું હતું કે યુરોપીય યુનિયનની તુર્કી માટે સકારાત્મક એજન્ડાની વાતચીત રહી હતી. એક સંયુક્ત નિવેદનમાં નેતાઓએ અંકારા દ્વારા ભૂમધ્ય સમુદ્રમાં ઉર્જાની શોધના પ્રયાસોની આલોચના કરવામાં આવી હતી પણ તુર્કી સામે આર્થિક પ્રતિબંધો મુકવાની વાત નકારી કાઢી હતી. યુરોપિયન કાઉન્સિલે ઈ.યુ.ના તુર્કી સાથેના વિકાસકારી અને સહયોગી સંબંધોની પુનઃ પુષ્ટિ કરી હતી. ઈયુ-તુર્કી વચ્ચેના સંબંધો માટેનો સકારાત્મક એજન્ડા ટેબલ પર મુકવામાં આવ્યો હતો. જેમાં જણાવાયું હતું કે સંબંધો ત્યારે જ સારા રહી શકશે જ્યારે તુર્કી ઈયુ અને એમના સભ્ય દેશો સાથે સહયોગ કરશે અને પ્રશ્નોનો ઉકેલ અંતરરાષ્ટ્રીય કાયદાઓ મુજબ વાતચીત દ્વારા લાવશે. એમણે કહ્યું કે ઈયુ અને તુર્કી વચ્ચે વધેલ સહયોગ આર્થિક અને વેપાર, બંને

દેશોના લોકો વચ્ચે સંપર્ક, ઉચ્ચ સ્તરે વાતચીતની મીટિંગો અને માઈગ્રેશન મુદ્દાઓ પર સતત સહયોગ ઉપર નિર્ભર રહેશે. એમણે સાયપ્રસની સમસ્યાના ઉકેલ માટે યુ.એન.ની આગેવાની હેઠળ પુનઃ વાતચીત માટે સમર્થન આપ્યું અને ગ્રીસ અને તુર્કી વચ્ચેના વિવાદને ઉકેલવા એમની વચ્ચે વાતચીત પણ પુનઃ શરુ કરાવવા જણાવ્યું. ગ્રીસ અને ગ્રીક સાયપ્રિયોટ વહીવટ દ્વારા તુર્કી ઉપર આર્થિક અને શસ્ત્ર પ્રતિબંધો મુકવાના પ્રસ્તાવ છતાં મોટા ભાગના યુરોપીય યુનિયનના નેતાઓએ વિરોધ કર્યો અને એના બદલે નરમ વલણ રાખવા પર ભાર મૂક્યો.

લેબેનોનના કાર્યકારી વડાપ્રધાન પર બૈરૂત વિસ્ફોટનો આરોપ

(એજન્સી) તા.૧૩

લેબેનોનના રખેવાળ, કાર્યકારી વડાપ્રધાન પર ગઈકાલે ૪થી ઓગસ્ટે થયેલા બૈરૂત વિસ્ફોટમાં સેંકડો મોત માટેની ગુનાહિત બેદરકારીનો આરોપ મૂકાયો હતો. વિસ્ફોટના પગલે રાજીનામું આપતા પહેલા માંઢ આઠ મહિના માટે લેબેનોનના વડાપ્રધાન તરીકે સેવા આપનાર હસન દિયાબ પર ત્રણ પૂર્વ મંત્રીઓ સાથે આરોપ મૂકાયો હતો. જેમાં જાહેર બાંધકામ અને પરિવહનના પૂર્વ મંત્રીઓ ગાઝી ઝાઈટર અને યુસુફ ફિનિયાનેસ અને પૂર્વ નાણામંત્રી અલી હસન ખલીલનો સમાવેશ થાય છે. આ તપાસમાં ચારેય સૌથી વરિષ્ઠ અધિકારીઓ પર આરોપ મૂકવામાં આવશે અને આગામી અઠવાડિયામાં તેઓ મુખ્ય ન્યાયાધીશ ફાદી સવ્વાન દ્વારા પૂછપરછનો સામનો કરશે. ઓગસ્ટમાં બૈરૂત બ્લાસ્ટમાં ૨૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા અને હજારો ઘાયલ અને બેઘર થયા હતા. તપાસની ધીમી ગતિ અને ગુનેગારોને વિસ્ફોટ પછીના ચાર મહિનાથી વધુ સમય સુધી પકડવામાં નિષ્ફળતા અંગે ન્યાયાધીશ સવ્વાનને ભારે આલોચનાનો સામનો કરવો પડ્યો હતો. આપત્તિના પગલે બૈરૂતમાં વિરોધ પ્રદર્શનો ફરીથી શરૂ થયા હતા. કારણ કે ઘણા લોકોએ રાજકીય બેદરકારી અને ગેરવહીવટીની પરાકાષ્ઠા અનુભવી હતી. જો કે દિયાબ સામેના આરોપોને વ્યાપકપણે ઘણાએ તેમને બલિનો બકરો બનાવવાના

પ્રયાસ તરીકે ફગાવી દીધો હતો. દિયાબ અને લેબેનીઝ રાષ્ટ્રપતિ મિશેલ આઉન બંનેએ બંદરમાં રસાયણના સંગ્રહ વિશેના અહેવાલો વિસ્ફોટના લગભગ બે અઠવાડિયા પહેલા પ્રાપ્ત કર્યા હોવાનું સ્વીકાર્યું હતું અને રસાયણ પદાર્થ (એમોનિયમ નાઈટ્રેટ)ને દૂર કરવાનો આદેશ આપ્યો હતો. વારંવાર ચેતવણી અપાઈ હોવા છતાં બંદરમાંથી રસાયણને દૂર કરવા અંગે અવગણના અને બેદરકારી દાખવવામાં આવી હતી.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે

સોમવાર ૧૪ ડિસેમ્બર ૨૦૨૦
૨૮ રબીઉલ આખર ૧૪૪૨
કારતક વદ અમાસ સંવત ૨૦૭૭

સરકાર ખેડૂતો પર આક્ષેપને બદલે જીદ છોડી રસ્તો કાઢે

સત્તા-સત્તાધીશો માટે મોટે ભાગે એમ કહેવાય છે કે, તેઓ મોટે ભાગે ઘણી ખરી બાબતોમાં પોતાનો કક્કો જ ખરોની જીદ પકડી લે છે, અને તેને છોડી સરળ માર્ગ અપનાવવાનું તેમને પસંદ નથી. બની શકે, તેમ કરવામાં તેમનો સત્તાનો અધિકાર, અહ્મ આડે આવતો હોય.

આપણે ત્યાં જ્યારથી કૃષિ વિષયક કાનૂન, જીએસટી, નોટબંધીની જેમ વિપક્ષ કે પક્ષમાંય કોઈ ચર્ચા કર્યા વગર ઉતાવળે, ફટાફટ પસાર કરાયા ત્યારથી ખેડૂતોના જીવ તાળવે ચોંટેલા છે. ને એ કાયદા રદ કરવાની ખેડૂતોની માંગને માનવા કેન્દ્ર સરકાર તસથી મસ થતી નથી. ખેડૂતોનો મોટો વર્ગ કડકડતી ટાઢ, તડકો વેઠીને ઊઘાડા આકાશ નીચે દિલ્હીની સરહદો પર શાંતિપૂર્ણ દેખાવો કરતા બેઠા છે. એમની સાથેની વાટાઘાટો કલાકોની ચર્ચા પછી નિષ્ફળ એટલે ગઈ કે સરકાર કાયદો રદ કરવા ના પાડે છે, સુધારાથી આગળ વધવા 'ના' પાડે છે, જ્યારે ખેડૂતો એ ત્રણે કાયદાને ખેડૂત વિરોધી ગણાવી સંપૂર્ણ રદ કરવા સંસદનું સત્ર બોલાવવા કહે છે. બંને પક્ષો વચ્ચેની આ અંતસને ખતમ કરવાની પહેલ ખાસ તો સત્તા પરની સરકારે જ કરવી રહી. કારણ કે આપણા ત્યાં એક કહેતી છે કે, ગામ બોલે તે રામ બોલે. એટલે ખેડૂતો કે જેમને આપણા અન્નદાતાનું બિરૂદ આપ્યું છે. તેમને આતંકવાદી અને હવે દેશદ્રોહીનો આક્ષેપ સરકારના કેટલાક નેતા મૂકે ત્યારે એ વાત ઉકેલાય નહીં પણ વધુ વણસે. મળતી ખબર મુજબ ખેડૂતો ટોલનાકા બંધ કરી રહ્યા છે ૧૪મીએ આજે ભૂખ હડતાળ કરશે. લાગે છે કે સરકાર, તેનું તંત્ર ખેડૂતોના શાંત આંદોલનના અધિકારને કચડી નાંખવા બળ પ્રયોગ કરવા સહિતની તૈયારીમાં લાગ્યું છે. આમ કરવાથી તો લોકશાહી ઢબે પોતાનો પક્ષ રજૂ કરવાનો બંધારણીય હકનું સરકાર ફીડલું વાળવા જઈ રહી છે. જે કોઈપણ રીતે બરાબર નથી. કોંગ્રેસ પ્રવક્તા સૂરજેવાલાએ એટલે તો કહ્યું કે, ''સરકાર અન્નદાતા સાથે નથી, દાનદાતા સાથે (ઉદ્યોગપતિઓ) છે.''

વડાપ્રધાનશ્રી-સરકારના નેતાઓ વારંવાર એક જ રટણ કરે છે કે, ત્રણે કૃષિ કાયદાઓથી ખેડૂતોને લાભ જ લાભ છે. અમે ખેડૂતોના હિતોની સુરક્ષા કરીશું. તો એ લાભ એ પ્રતિબદ્ધતા સરકાર તેમને ચર્ચા દરમ્યાન દેખાડી કે સમજાવી કેમ નથી શકી ? ફક્ત લાભ છે એમ કહી દેવાથી ખેડૂત સંગઠનો માની જાય એ શક્ય નથી. કારણ કે કેન્દ્રની એનડીએની સરકારે ચૂંટણી વેળા ખેતી-ખેડૂતો માટે જે કંઈ કહેલું તેને તેણે પાળી બતાવ્યું નથી. પ્રજાના ઢગલે ઢગલા મતો મેળવેલી સરકારને આ રીતે ખેડૂત વિરોધી, પ્રજાને પીડા આપનારા નિર્ણયો લેવાનું જ કેમ સૂઝે છે? બીજું રેલવેનું, એરપોર્ટનું ખાનગીકરણ અને હવે કૃષિ કોન્ટ્રાક્ટ પદ્ધતિ અમલમાં મૂકી ઉદ્યોગપતિઓ ખેડૂતોની મહેનતની કમાઈને ફક્ત ગોડાઉનમાં સંઘરી-સ્ટોક કરી તેના ચાર પાંચ ગણા દામ સહેલાઈથી મેળવી લેશે. અને ત્યારે દેશનો કોઈ ખેડૂત-નાગરિક પેલા ઉદ્યોગપતિ-માલેતુજારો સામે કે સરકાર સામે ઉફ્ફ સુદ્ધાં નહીં કરી શકે. ને એનો અનુભવ લોકોને ચાલુ થઈ પણ રહ્યો છે, જે એરપોર્ટો અદાણી કંપનીને અપાયા ત્યાં એરપોર્ટો પર બોર્ડિંગ પાસનાય રૂા.૧૦૦/- અને એરપોર્ટ પર દાખલ થવા પત્રકાર આલમનેય હવે ટિકિટના પૈસા ખર્ચવા પડી રહ્યા છે. આમ ખેડૂતો તેમની જ જમીનના પાકને માલેતુજાર ઉદ્યોગપતિઓથી જે રકમ લઈ હવાલે કરશે તેના તેઓ વિના રોકટોક ૪-૫ ગણા દામ પ્રજાથી વસૂલશે. એટલે ખરી રીતે જોવા જઈએ તો કૃષિ-કાયદા ફક્ત ખેડૂત વિરોધી જ નથી, અમલ થતાં પ્રજા વિરોધી પણ છે જ. આ વાત હજી મોટા ભાગની પ્રજાના ધ્યાનમાં જ આવી નથી. એટલે પ્રજાએ પણ ખેડૂતોની શાંત લડતને જે રીતે બને તે રીતે એમની લડતને ટેકો આપવો જ જોઈએ.

બાબરી મસ્જિદ : ભારતમાં નાગરિક રાજકારણનું વિભાજન

એજન્ડા

- ડો. મોહમદ અફરોઝ અને મો. તબરેઝ આલમ

૬ ડિસેમ્બર ૧૯૯૨નો એ દિવસ હતો જ્યારે બાબરી મસ્જિદને શહીદ કરવામાં આવી હતી અને તે એ દિવસ હતો જ્યારે મુસ્લિમોએ હિંદુ-રાષ્ટ્રના ભયાનક ટ્રેલરનો અહેસાસ કર્યો હતો. લઘુમતીઓ માટે સમાનતા અને સમાનતાવાદના અસ્પષ્ટતાના ભ્રમનો આ દિવસ હતો અને લઘુમતીઓની સલામતી અને સુરક્ષા આપવામાં નિષ્ફળ થવામાં રાજ્યની વિશ્વસનીયતાને ખરાબ રીતે નુકસાન થયું હતું. એવું માનવામાં આવે છે કે ભગવાન રામનો જન્મ ત્યાં થયો હતો અને સમ્રાટ બાબરે તેના ઉપર મસ્જિદ બનાવી હતી. તેમ છતાં, આ હકીકત માટે કોઈ નોંધપાત્ર ઐતિહાસિક પુરાવા આ દાવાને ટેકો આપતા નથી. તેમ છતાં, તે બહુમતીની આસ્થાનો પ્રશ્ન માનવામાં આવે છે અને પક્ષકારો વચ્ચે વાટાઘાટો કરી શકાય તેવી સ્થિતિની ખાતરી કરે છે. અદાલતના ચુકાદામાં થયેલા વિલંબથી બંને પક્ષો હતાશ થયા હતા અને પછી આ મુદ્દે રાજકારણની સંડોવણીથી તેમાં વધુ આગ લાગી હતી. જો સુપ્રીમ કોર્ટ દ્વારા સમયસર દખલ કરવામાં આવી હોત અને એ સમયે જલ્દી ચુકાદો આપ્યો હોત તો નાગરિક રાષ્ટ્રવાદને જે ઘણું નુકસાન થયું છે તે અટકાવી શકાયું હોત અને વંશીય રાજકારણનો માર્ગ મોકળો ન થયો હોત.

મુસ્લિમ સમુદાય આ શહીદીને કેમ ભૂલી શકે તેમ નથી ?

બાબરી મસ્જિદની શહીદી પછીના હુલ્લડમાં શહીદ થયેલા લોકોના મનમાં સ્મૃતિઓ સાથે તે ઘટનાઓ હજી પણ જીવંત છે. તેઓએ તેમના પ્રિયજનોને ગુમાવ્યા છે અને તે ભૂલી જવાનું તેમના માટે ખૂબ મુશ્કેલ છે. આજે મુસ્લિમ લોકોને આ બધું ભૂલી જઈને આગળ વધવા માટે સલાહ આપવામાં આવે છે, પરંતુ શું તે ખૂબ સરળ છે ? જવાબ છે ના, તેમાંથી પસાર થઈ ગયેલા સમુદાયના સામૂહિક માનસ પર આ ઘટનાઓ અંકિત થઈ ગઈ છે. શું શીખ ક્યારેય ૧૯૮૪ના હત્યાકાંડને ભૂલી શકે ? યહૂદીઓ હોલોકોસ્ટ ભૂલી શકે છે? શું રોહિંગ્યા ક્યારેય તેમની વંશીય સફાઈ ભૂલી શકે છે ? જવાબ 'ના'માં જ હશે. તેવી જ રીતે બાબરી મસ્જિદના ડિમોલિશનની સમુદાયની માનસિકતા પર સમાન ભાવનાત્મક અસર છે જે ક્યારેય ભૂલી શકાશે નહીં. બાબરી મસ્જિદના ડિમોલિશન દ્વારા એક એવી ખાઈ બની ગઈ છે જે ક્યારેય પુરાઈ શકે તેમ નથી. તેમ છતાં, ત્યાં એક આશાની કિરણ છે કે સમુદાયો વચ્ચેના આ ઘર્ષણ માટે સમાધાન કરવાનો અનેક લોકો પ્રયાસ કરી રહ્યા છે.

ભારતીય રાજકારણની નવી વ્યાખ્યા

ભારતને વિશ્વની સૌથી મોટી લોકશાહી ગણવામાં આવે છે અને આ વર્ષે ૭૩મી સ્વતંત્રતા ગર્વથી ઊજવે છે. લોકશાહી સ્વતંત્રતા, સમાનતા, ન્યાય, બિનસાંપ્રદાયિકતા જેવા સિદ્ધાંતોના આદર્શો પર ટકી રહે છે, જેને ભારતીય બંધારણમાં પણ સમર્થન આપવામાં આવ્યું છે, જેણે દેશને એકસાથે એકતા સાથે રાખવામાં મદદ કરે છે. છતાં, આપણી લોકશાહીમાં ઘણી ભૂલો છે. પાર્ટીશન પછીનું ભૂત ઈતિહાસનાં પુસ્તકોમાં લગભગ બંધ હતું અને આવનારી પેઢી તે સમયે પરિસ્થિતિઓ સાથે સમાધાન માટે આગળ આવી હતી પરંતુ પોતાના ભૌગોલિક-રાજકીય હિત માટે વસાહતી બ્રિટીશ લોકો દ્વારા બે સમુદાયો વચ્ચે સંઘર્ષનું બીજ રોપી દેવામાં આવ્યું હતું અને તે હિંદુ-મુસ્લિમ સાંપ્રદાયિક વિભાજન હતું જે સમયાંતરે રમખાણોમાં તબદીલ થાય છે અને તે ભારતીય સામાજિક જીવનનું એક વિશિષ્ટ લક્ષણ બની ગયું છે. તોફાનોની શ્રેણી જોઈએ તો; કોલકાતા, રાઉરકેલા, જમશેદપુર (૧૯૬૧-૧૯૬૪), અમદાવાદ (૧૯૬૯), ભિવંડી (૧૯૭૦), જમશેદપુર (૧૯૭૯), મોરાદાબાદ (૧૯૮૦), બિહાર શરીફ (૧૯૮૧), નેલી (૧૯૮૩), બોમ્બે-ભિવંડી (૧૯૮૪) અને પછીના પીરિયડ સ્ટેટ કથિત શીખ વિરોધી હત્યાકાંડ (૧૯૮૪), બાબરી ડિમોલિશન (૧૯૯૨), ગુજરાત (૨૦૦૨), કંધમાલ (૨૦૦૮), આસામ (૨૦૧૨), મુઝફ્ફરનગર (૨૦૧૩). આ બધા હુલ્લડો લઘુમતીઓ પર દમન કરવા અને તેમને પરાજિત કરવા માટેનું ઘર્ષણજનક કૃત્ય કરવામાં આવ્યું છે. તેમ છતાં, તેમાંથી કોઈ પણ દેશ ૧૯૮૪ની શીખ-વિરોધી હુલ્લડ અને બાબરી-ડિમોલિશન પછીના તોફાનો સિવાય આ દેશની સામાજિક-રાજકીય વ્યવસ્થા પર અસરકારક પરિણામો લાવી શક્યા નહીં. રાજ્ય અને સમાજ અને લઘુમતીઓ વચ્ચે કાયમી ધોરણે અવિશ્વાસ ઊભો થયો, ખાસ કરીને મુસ્લિમો ભારે હાંસિયામાં મુકાઈ ગયા છે. ભૌગોલિક દૃષ્ટિએ શીખ પંજાબમાં કેન્દ્રિત છે અને ત્યાં તેઓને આશ્રય મળ્યો અને તે સમયગાળા દરમિયાન તેમની પોતાની સામાજિક-રાજકીય પદ્ધતિ વિકસિત થઈ. મુસ્લિમો સલામતી અને સુરક્ષાની શોધમાં સમુદાયના કોઈ ખાસ વિસ્તારો સિવાય ઘણા રાજ્યોમાં પથરાયેલા છે. ચોક્કસ સ્થાને લઘુમતી એ રાજકીય પક્ષો માટે સત્તા માટે યોગ્ય બને છે. કહેવાતા સેક્યુલર પક્ષોએ હંમેશાં ઉચ્ચ વચનો આપીને અને સૂત્રોચ્ચાર કરીને સમર્થન લઈને સરકારો બનાવી છે. જોકે હાંસિયામાં રહેલા મુસ્લિમોમાં ચિંતા અને હતાશા પેદા થઈ છે. જ્યારે હિન્દુઓ હિન્દુ રાષ્ટ્ર માટે મંત્રમુગ્ધ છે કે લઘુમતી તુષ્ટિકરણ એ હિન્દુઓ માટે અભિશાપ લાગે છે. વક્રોક્તિ એ છે કે બહુમતી હિન્દુ અને લઘુમતી મુસ્લિમ બંને ભારતીય ધર્મનિરપેક્ષતાથી ભ્રમિત છે. સમકાલીન પરિસ્થિતિમાં, એક ઉત્તમ વંશીય કેન્દ્રિત રાજકીય આવેગ વર્તમાન ભારતના કેન્દ્રમાં છે. વંશીય રાજકારણનો ઉદ્ભવ ખૂબ જ ખતરનાક છે, જે લોકશાહીના મૂળોને મજબૂત બનાવવાની સંભાવનાઓને ઘટાડે છે. લોકશાહી સમાનતાનું વચન આપે છે અને વિકાસ પ્રક્રિયાઓમાં દરેકની ભાગીદારીને સરળ બનાવે છે. જ્યારે વંશીય રાજકીય વ્યવસ્થા નાગરિક વિકાસને પાટા પરથી ઉતારે છે અને ભારતીય રાષ્ટ્રવાદને પણ નબળો પાડે છે.

ટૂંકમાં, બાબરી રમખાણોને નાટકીય રીતે નાગરિક રાજકારણ અને વંશીય રાજકારણમાં ફેરવવામાં આવ્યા હતા. તેની તીવ્રતાનું પરિણામ સમકાલીન ભારતની રાજકીય પદ્ધતિમાં જોઈ શકાય છે. તેમાં રાજ્ય અને સમાજની વર્તણુકમાં અસાધારણ પરિવર્તન આવે છે. રાજ્ય એજન્સીઓ અને પ્રચારવાદી માધ્યમોના વધુ પડતા કોમવાદીકરણને કારણે ભારતીય લોકશાહીને વધુ નુકસાન થયું છે. આ માટેનો ઉપાય નાગરિક જોડાણ દ્વારા સમુદાય વચ્ચે વિશ્વાસ વધારવામાં અને આંતરસહાય સંમેલનને પ્રોત્સાહન આપવાનો છે. રાજ્યમાં સમાવિષ્ટ આવાસ નીતિઓ કાયદેસર બનાવવી આવશ્યક છે, જેથી સુસંગત સમાજ નિર્માણ થાય. તેનાથી બે હેતુ સિદ્ધ થશે; પ્રથમ, એક સમાજને બાકીના સમાજમાં ફરીથી એકીકૃત કરવું, અને બીજું, પૂર્વગ્રહોનો પ્રતિકાર થશે અને ભેદભાવથી લોકો દૂર થશે અને મજબૂત નાગરિક રાષ્ટ્રવાદનો માર્ગ મોકળો કરશે.

(સૌ. : મુસ્લિમ મિરર)

ભારતને વિશ્વની સૌથી મોટી લોકશાહી ગણવામાં આવે છે અને આ વર્ષે ૭૩મો સ્વતંત્રતા દિવસ ગર્વથી ઊજવે છે. લોકશાહી સ્વતંત્રતા, સમાનતા, ન્યાય, બિનસાંપ્રદાયિકતા જેવા સિદ્ધાંતોના આદર્શો પર ટકી રહે છે, જેને ભારતીય બંધારણમાં પણ સમર્થન આપવામાં આવ્યું છે, જેણે દેશને એકસાથે એકતા સાથે રાખવામાં મદદ કરે છે.

મહત્ત્વના નેતાઓના સરભરા ખર્ચમાં અકલ્પનીય વધારો

પ્રશ્નાર્થ

- અશ્વિનકુમાર ન.કારીઆ

રાષ્ટ્રની સર્વોચ્ચ અદાલતે આશરે ૨ વર્ષ અગાઉ દેશમાં વધતા જતા મહત્ત્વના નેતાઓ અને તેમની પાછળ થતાં ખર્ચ અંગે ચિંતા પ્રકટ કરી હતી અને તેમાં ઘટાડો થવા ટકોર પણ કરી હતી. તેના પગલે ગુજરાતમાં મુખ્યમંત્રી સહિત કેટલીક મોટર કારો પરથી લાલ લાઈટ દૂર કરવાનો દેખાડો પણ થયો હતો. પછી 'ઘીના ઠામમાં ઘી પડી ગયું.'

અન્ય દેશોમાં મહત્ત્વના નેતાઓ (વીઆઈપી)ની સંખ્યાની સરખામણી કરવા જેવી છે. જેમ કે ફ્રાન્સમાં ૧૦૯, જર્મનીમાં ૧૯૨, અમેરિકા જેવા વિશાળ દેશમા ૨૫૨, બ્રિટનમાં ૮૪, જાપાનમાં ૧૨૫, રશિયામાં ૩૧૨ અને ચીનમાં ૪૩૫. ભારતમાં વીઆઈપી સંખ્યાનો આંકડો જોશો તો તમે ચમકી જશો. આપણા દેશમાં આ સંખ્યા ૫,૭૯,૦૯૨ છે. ચોંકી ગયા ને ! તેમનો વિમાની પ્રવાસ, વીજળી, પાણી, ટેલિફોન, ભોજન, આરોગ્ય સારવાર, સુરક્ષા, વગેરે પાછળ થતો ખર્ચનો આંકડો કરોડોને પાર પહોંચે તે સ્વાભાવિક છે. આ ખર્ચમાં ઘટાડો કરવાની તો કોઈ વાત જ નથી. પ્રક્રિયા બિલકુલ તેનાથી ઉલ્ટી અપનાવાઈ રહી છે. ભારત સરકારે તાજેતરમાં જ રાષ્ટ્રપતિ, વડાપ્રધાનજ તેમજ ઉપરાષ્ટ્રપતિની ભરપૂર સુવિધા અર્થે અમેરિકન સરકારની બરોબરી કરે તેવું અભેદ્ય સુરક્ષા કવચ, અતિ આધુનિક ટેકનોલોજી અને કોન્ફરન્સ રૂમની સુવિધા ધરાવતું રૂા.૮૦૦ કરોડનો ખર્ચે વિમાન ખરીદ કર્યું છે. આપણા રાષ્ટ્રપતિ તેમાં મુસાફરી કરવા રોમાંચિત હતા અને તેમણે થોડો દિવસો અગાઉ જ ચેન્નાઈની તેમાં મુસાફરી કરી, ત્યાંથી હેલિકોપ્ટર મારફતે તિરૂપતિની મુલાકાતે જઈ આવ્યા. કોવિડના કારણે ભલે વિદેશની મુસાફરી સલામત ન હોવાથી વડાપ્રધાને તેની મુસાફરી માણવાની બાકી છે. આ વિમાન ઉપર્યુક્ત ત્રણ મહાનુભાવો સિવાય અન્ય કોઈ નેતાને મુસાફરી માટે ઉપલબ્ધ કરી શકાશે નહીં, તેની દેશની જનતાએ નોંધ લેવી જોઈએ.

કોઈપણ દેશપ્રેમીને માત્ર ૩ રાષ્ટ્ર નેતાઓ માટે રૂા.૮૦૦ કરોડના ખર્ચનો આંકડાથી અસુખ પહોંચતું હોય, તો પણ આનાથી પણ મોટા આંકડાઓ વાંચવા તેણે ધીરજ રાખવી જોઈએ. કારણ કે સંસદ ગૃહ નવું બનાવવા માટે તેનું ભૂમિપૂજન વડાપ્રધાનશ્રી મોદી તા.૧૦ ડિસે.ના રોજ કરી તેનો પાયો નાંખવાના છે. હાલનું સંસદગૃહ 'લોકશાહીના સંગ્રહસ્થાનમાં ફેરવાશે. દિલ્હીની મુલાકાતે જતા પ્રવાસીઓને ભવિષ્યમાં જૂના અને નવા સંસદગૃહ જોવાનો લ્હાવો મળશે.

સમાચાર છે કે વડાપ્રધાન માટે નવું નિવાસ્થાન ટૂંક સમયમાં આકાર લેવાનું છે. તેનો નકશો તૈયાર થઈ ગયો છે. હજી સુધારા-વધારાને તેમાં અવકાશ હોવાથી થોડા સમયમાં જ તેને આખરી ઓપ અપાશે. આ નવું રહેણાંક ઈન્ડિયા ગેટ આસપાસ બનવા નિશ્ચિત કરાયેલ છે.

રાષ્ટ્રના મહારથીઓ દેશને પ્રગતિ પંથે લઈ જવા માટે વિનાવિઘ્ન તમામ સવલતો સાથે કામ કરી શકે તે જરૂરી પણ છે. પરંતુ વૈભવી સવલતો ઊભી કરતા અગાઉ અત્યંત ગરીબી અને તેવી જ અમીરી ધરાવતા આ દેશના સમગ્ર આર્થિક ચિત્રનો ખ્યાલ રાખવો જોઈએ. ગાંધીજીનું સ્વપ્ન હતું કે છેવાડાના માણસના આંસુ લુછાવા જોઈએ. આ સ્વપ્નની વાત તો દૂર રહી, પરંતુ માત્ર રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, ઉપરાષ્ટ્રપતિ અને સાંસદો પાછળ અને તેમની સરભરા ખાતર જેટલું ધ્યાન અપાય, તેટલી દૂરી આમ જનતા સાથે વધતી જવાની છે. તેનાથી નેતાઓ અને આમ જનતા વચ્ચે સંવાદ અને એકતાના બદલ અળગાપણું (isolation) સ્થપાય છે. ખેડૂતોના આંદોલન પાછળ રહેલી તેમની અડગતા અને મક્કમતા આ અલગાવતાનું જવલંત ઉદાહરણ છે. એ યાદ રહે કે ભારતનું બંધારણ લોકોએ પોતાની જાતને લોકકલ્યાણ અર્થે આપ્યું છે. માત્ર નેતાઓની સવલત, સુખાકારી કે કલ્યાણ માટેની ખેવના આપણા બંધારણમાં નથી. પરોક્ષ રીતે આ બંધારણની પણ અવગણના છે.

જે અહેમદ પટેલને હું જાણતો હતો

નમ્ર અને આતિથ્યશીલ તેમણે પોતાની સત્તાને હળવાશથી લીધી, આ જ કારણ છે કે તેમના જેવા માણસને ભૂલી જવું મુશ્કેલ છે. (યોગીન્દર કે.અલગ, જાણીતા અર્થશાસ્ત્રી અને IRMA, આણંદના પૂર્વ અધ્યક્ષ)

સોનેરી યાદો

- યોગિંદર કે અલગ

હું ૧૯૭૯માં પ્લાનિંગ કમિશનના શક્તિશાળી પી.પી.ડી.ના વડામાંથી મારી શૈક્ષણિક નોકરી માટે ગુજરાતમાં પરત ફર્યા બાદ અહેમદ પટેલને જાણતો થયો.

પરત ફરતા સમયે, મારા ખચકાટ છતાં, મારે મારી ક્ષમતામાં સરદાર સરોવર પ્રોજેક્ટનું આયોજન કરવું પડ્યું. ભરૂચ નર્મદા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે અને એહમદ પટેલ ત્યાં હતા.

તે મને પટેલ આતિથ્ય સાથે ખવડાવતા. ગુજરાતમાં બે તૃતીયાંશ વસ્તી માંસાહારી છે, પરંતુ તેઓ મોટાભાગે શાકભાજી ખાતા. હું તેમની સાથે બેસતો, જાતે કાર્યોને જોવા માટે તેમને કેવડિયા ડેમની ટોચ પર લઈ જતો અને રાજ્યસભાના સભ્ય તરીકે દિલ્હીમાં અમારી વાત મૂકવા કહેતો, તેઓ આ માટે ખુશીથી રાજી થઈ જતાં.

હું દિલ્હીથી પાછો આવ્યો, પરંતુ મારા મિત્ર અર્જુન સેનગુપ્તા આગ્રહપૂર્વક મને પાછા ફરવાનું કહી રહ્યા હતા અને અંતે મેં ચોક્કસ મેન્ડેટ સાથે ફરીથી દિલ્હીમાં એસાઈનમેન્ટ લેવાની સંમતિ આપી. અહેમદ ભાઈ થોડા સમય પછી શક્તિશાળી થ્રી મસ્કિટિયર્સમાંના એક બનવાના હતા : બીજા બે ઓસ્કાર ફર્નાન્ડિઝ અને અરૂણ સિંઘ હતા. હવે તેઓ ઈચ્છતા હતા કે હું તેમના માટે વસ્તુઓ કરૂં.

તે એક ઉત્કૃષ્ટ પટેલ હતાઃ આત્મવિશ્વાસ ધરાવતા, ક્યારેય મોટો પ્રભાવ પાડતા ન હતાઃ હંમેશાં કામની વાત, ખૂબ નમ્રતા રાખતા. એકવાર તેઓ મને યોજના ભવનમાં મળવા માટે તેમના મિત્રને લઈને આવ્યા હતા. મેં તેમને કોફી પીવડાવી અને તેમની વાત સાંભળી. મેં તેમને કહ્યું કે તે જે ઈચ્છે છે તે શક્ય નથી કારણ કે સંરક્ષણ મથકો ખસેડી શકાય છે. મિત્રે કહ્યું, 'શ્રી અલગ, તમે મુંહ ફટ છો.' અહેમદભાઈએ તેને કહ્યું 'ડો.અલગ રાજકારણી નથી અને તેથી સ્પષ્ટ છે. તમારે ખુશ થવું જોઈએ.' અન્ય પ્રસંગો પણ હતા જ્યારે અમે સત્તાવાર અને સામાજિક બંને રીતે સંપર્કમાં રહ્યાં.

હું ફરીથી અમદાવાદ આવ્યો પણ અમે સંપર્કમાં રહ્યા. UGCએ મને સૌરાષ્ટ્રમાં યુનિવર્સિટીઓના કુલપતિઓની પસંદગી માટે સમિતિની અધ્યક્ષતા કરવાનું કહેવાનું નક્કી કર્યું. આ સભ્યોમાંથી એક એજ્યુકેશન ટ્રસ્ટના જાણીતા અધ્યક્ષ હતા, જેમનો RSS સાથે નજીકનો સંબંધ હતો. હકીકતમાં, મારો ડર હોવા છતાં તેઓ ખૂબ જ વ્યાવસાયિક રહ્યા. પરંતુ જો તેઓ પોતાનો વિચાર બદલી નાખે તો હું આ બાબતને જોડવા માંગતો હતો.

અમે દિલ્હીમાં મીટિંગો કરવાના હતા અને VC ઓને પસંદ કરવા માટેની કવાયત જણાવવા માટે વિશિષ્ટ વિદ્વાનોને આમંત્રણ આપવાના હતા. મેં એહમદભાઈને પણ ગુજરાતમાં તેમની પ્રતિષ્ઠા પ્રમાણે આમંત્રણ આપવાનું નક્કી કર્યું. તેમણે સ્વેચ્છાએ સંમતિ આપી અને અમે IIC ખાતે બપોરનું ભોજન ગોઠવ્યું. જ્યારે અમે ત્યાં ગયા, ત્યારે અહેમદભાઈએ મારૂં ટેબલ રદ કરી દીધું હતું, પોતે બુક કરાવ્યું, જેથી પટેલ આતિથ્યનું બેનર તરતું રહે.

૨૦૦૨ના રમખાણો પછી, તેમણે પુનર્વસનના પ્રયત્નોમાં સામેલ થઈ ધાર્મિક રંગ ટાળ્યો. આદર્શો સાથેનો નેતા. એક માણસ જે અંત સુધી દોરી ગયો. તેમના જેવા માણસો હવે બનતા નથી.

(સૌ.: નેશનલહેરાલ્ડ ઈન્ડિયા.કોમ)

ભારતીય ફિલ્મ અભિનેતા, નિર્માતા, દિગ્દર્શક અને ફિલ્મ ઉદ્યોગના ચાર્લી ચેપ્લિન રાજ કપૂર

પ્રાસંગિક

રાજ કપૂરનો જન્મ ૧૪ ડિસેમ્બર, ૧૯૨૪ પેશાવર, બ્રિટિશ ભારત (આજનું પાકિસ્તાન)માં થયો હતો, તેઓ અભિનેતા પૃથ્વીરાજ કપૂર અને રામશરણી (રમા) દેવી કપૂર (ઉર્ફ મેહરા)ના સંતાન હતા. તેઓ એક પંજાબી પરિવારમાં છ બાળકોમાં સૌથી મોટા હતા. રાજ કપૂરે ૧૯૩૦ના સમયમાં કર્નલ બ્રાઉન કેમ્બ્રીજ સ્કૂલ, દેહરાદૂનમાં અભ્યાસ કર્યો હતો.

અગિયાર વર્ષની વયે તેઓ ફિલ્મોમાં પ્રથમ વાર ૧૯૩૫ની ફિલ્મ ઈંકલાબમાં દેખાયા. બીજા ૧૨ વર્ષ ઘણી ફિલ્મોમાં અભિનય કર્યા બાદ, નીલ કમલમાં રાજ કપૂરે નાયકની ભૂમિકા ભજવવાની તક મળી, આ ફિલ્મની મુખ્ય અભિનેત્રી મધુબાલા હતી, મધુબાલાની પણ નાયિકા તરીકેની આ પહેલી ભૂમિકા હતી. ૧૯૪૮માં, ચોવીસ વર્ષની વયે, તેઓએ પોતાના સ્ટુડિઓ આર. કે. ફિલ્મ્સની સ્થાપના કરી, અને તેમના સમયના સૌથી યુવાન ફિલ્મ નિર્દેશક બન્યા. ૧૯૪૮ની ફિલ્મ આગ, નિર્માતા, નિર્દેશક અને નાયક તરીકે તેમની પ્રથમ ફિલ્મ હતી, અભિનેત્રી નરગીસ સાથે તેમની આ પહેલી ફિલ્મ હતી. ત્યારબાદ તેમણે નરગીસ જોડે અનેક ફિલ્મો કરી. જોકે ફિલ્મ બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરવામાં નિષ્ફળ ગઈ. ૧૯૪૯માં તેઓ ફરી એક વાર નરગીસ અને દિલીપકુમાર સાથે મહેબૂબ ખાનની ક્લાસિક બ્લોકબસ્ટર ફિલ્મ અંદાઝમાં ચમક્યા, જે તેઓની એક અભિનેતા તરીકેની પ્રથમ મોટી સફળતા હતી. આ ફિલ્મોએ તેમની પડદા પર રખડેલની છબી સ્થાપી જે ચાર્લી ચેપ્લિનના પડદા પરના સૌથી પ્રખ્યાત વ્યક્તિત્વોમાંના એકની નકલ હતી. ૧૯૬૪ની સંગમમાં તેમણે નિર્માણ, દિગ્દર્શન અને અભિનય કર્યો, જે તેઓની પ્રથમ રંગીન ફિલ્મ હતી. તેઓએ તેમની ૧૯૬૦ના સમયની મહત્વાકાંક્ષી ફિલ્મ, મેરા નામ જોકરમાં નિર્દેશન અને અભિનય શરૂ કર્યો, જેને પૂર્ણ થતા છ વર્ષ લાગ્યા. ૧૯૭૦માં જ્યારે તે રજૂ થઈ, ત્યારે તે બોક્સ ઓફિસ પર કંગાળ નીવડી અને તેઓ આર્થિક મુશ્કેલીમાં મૂકાયા. આ વિપત્તિ છતાં, રાજે આ ફિલ્મને પોતાની પ્રિય ગણાવી. રાજ કપૂર તેમના અંતિમ વર્ષોમાં અસ્થમાથી પીડાતા હતા; ૧૯૮૮માં ૬૩ વર્ષની વયે અસ્થમાને લગતી તકલીફોને લીધે તેમનું મૃત્યુ થયું. તેમના મૃત્યુ સમયે તેઓ ફિલ્મ હીના (એક ભારત-પાકિસ્તાન આધારિત પ્રેમ કથા) પર કામ કરી રહ્યા હતા. તે ફિલ્મ બાદમાં તેમના પુત્ર રણધીર કપૂરે પૂરી કરી અને ૧૯૯૧માં રજૂ કરી જે બોક્સ ઓફિસ પર ખૂબ સફળ રહી. જનમેદની તાળીઓ પડતી હતી ત્યારે પ્રમુખ વેંકટરમણ તેમની અસહજતા જોઈને મંચ પર તાળીઓના ગડગડાટ વચ્ચે તે આ વિભૂતિને એવોર્ડ આપવા આવ્યા જ્યાં તેઓ તેમનો અંતિમ શ્વાસ લઈ રહ્યા હતા. અને એકાએક કપૂર ફસડાઈ પડ્યા, તેમને તાત્કાલિક ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં સારવાર માટે લઈ જવાયા. દેશના ટોચના હૃદયરોગ નિષ્ણાંતોએ પોતાના શ્રેષ્ઠ પ્રયત્ન કર્યા, પરંતુ તેમને બચાવી ન શક્યાં.

પુરૂં નામ : રાજ કપૂર
જન્મ : ૧૪ ડિસેમ્બર, ૧૯૨૪ પેશાવર, પાકિસ્તાન
મૃત્યુ : ૨ જૂન, ૧૯૮૮ નવી દિલ્હી, ભારત
હુલામણું નામ : ધી શો મેન
વ્યવસાય : અભિનેતા, નિર્માતા, નિર્દેશક
પુરસ્કાર : નવ ફિલ્મફેર પુરસ્કાર, ૧૯૭૧માં પદ્મ ભૂષણ, ૧૯૮૭માં દાદાસાહેબ ફાળકે એવોર્ડ

સંસ્કાર સૌરભ

તમારામાંથી બહેતર તે છે જે પોતાના કુટુંબીઓથી સારી રીતે વર્તે છે.

(હદીસ બોધ)

બોધ વચન

'મને સત્ય મળી ગયું છે' એમ ના કહો. એમ કહો કે મેં મારા માર્ગે ચાલતા આત્માનો અનુભવ કર્યો છે.

- ખલીલ જિબ્રાન

આજની આરસી

૧૪ ડિસેમ્બર સોમવાર ૨૦૨૦
૨૮ રબીઉલ આખર ૧૪૪૨
કારતક વદ અમાસ સંવત ૨૦૭૭
સુબ્હ સાદિક ૫-૫૨
ખત્મે ઝવાલ ૧૨-૩૪
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૧૨
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૬

ચુસ્કી

ટીચર : જો તારા લગ્ન થાય અને તારી પત્ની અને સાળી બન્ને જોડિયા હોય તો તું તારી પત્નીને કેવી રીતે ઓળખીશ ?
વિદ્યાર્થી : એકદમ સરળ છે.
ટીચર : એ કેવી રીતે ?
વિદ્યાર્થી : હું બન્નેને ચૂંટલીઓ ભરીશ ચીડાઇ જશે તે પત્ની અને શરમાઇ જશે તે સાળી.

ન્યૂઝીલેન્ડની ટી-૨૦ ટીમની જાહેરાત વિલિયમ્સન અને ટ્રેન્ટ બોલ્ટનું પુનરાગમન

વેલિંગટન,તા.૧૩

પ્રવાસી પાકિસ્તાન સામે રમાનારી ટી૨૦ સિરીઝ માટેની ન્યૂઝીલેન્ડની ટી૨૦ ક્રિકેટ ટીમની જાહેરાત કરવામાં આવી છે. શનિવારે જાહેર થયેલી ટીમમાં કેન વિલિયમ્સન અને ટ્રેન્ટ બોલ્ટને સામેલ કરાયા છે. આ બંને ખેલાડી ત્રણ મેચની સિરીઝની અંતિમ બે મેચ માટે ઉપલબ્ધ રહેશે. પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ટી૨૦ સિરીઝની પહેલી મેચ ૧૮મી ડિસેમ્બરે રમાશે તો બીજી મેચ ૨૦મીએ અને ત્રીજી મેચ ૨૨મી ડિસેમ્બરે રમાશે. જોકે આ ટીમમાં રોઝ ટેલરની પસંદગી કરાઈ નથી. પહેલી ટી૨૦ મેચ માટે મિચેલ સેન્ટનરને કેપ્ટન તરીકે નીમવામાં આવ્યો છે. આ ટીમમાં ગ્લેન ફિલિપ્સ અને ડેવોન કોનવેને ટીમમાં સામેલ કરાયા છે.

ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે જાહેર કર્યું હતું કે વેસ્ટ ઇન્ડિઝ સામે હાલમાં ટીમ વેલિંગ્ટનમાં બીજી ટેસ્ટમાં રમી રહી છે અને તેના ત્રણ જ દિવસ બાદ ટી૨૦ મેચ રમાનારી છે. વિલિયમ્સન, બોલ્ટ, કાયલ જેમિસન. ટિમ સાઉથી અને ડેરેલ મિચેલ બીજી અને ત્રીજી ટી૨૦ મેચમાં ઉપલબ્ધ રહેશે. પસદગીકાર ગેવિન લાર્સને જણાવ્યું હતું કે તેમના માટે આ પસંદગી કરવી ખૂબ અઘરી રહી હતી કેમ કે ઇજા, ફોર્મ અને ઉપરાઉપરી સિરીઝને ધ્યાનમાં રાખીને ટીમની પસંદગી કરવાની હતી. વિલિયમ્સન અને બોલ્ટ ટીમમાં પરત ફરી રહ્યા છે તે સારી બાબત છે. જોકે કેન વિલિયમ્સનની પત્ની બાળકને જન્મ આપવાની છે અને એ સમયે તે ટીમથી અલગ થઈ શકે છે. આ સંજોગોમાં વિલિયમ્સનના સ્ટેન્ડ બાય તરીકે માર્ક ચેપમેનને તૈયાર રાખવામાં આવ્યો છે.

ન્યૂઝીલેન્ડની ટી૨૦ ટીમઃ પ્રથમ મેચ માટેની ટીમ : મિચેલ સેન્ટનર (સુકાની), ટોડ એસ્ટલ, ડગ બ્રેસવેલ, માર્ક ચેપમેન, ડેવોન કોનવે, જેકોબ ડફી, માર્ટિન ગુપટિલ, સ્કોટ કુગ્લેજિન, જીમી નિશમ, ગ્લેન ફિલિપ્સ, ટીમ સેફર્ટ, ઇશ સોઢી, બ્લેર ટિકનેર.

બીજી અને ત્રીજી ટી૨૦ માટેની ટીમ : કેન વિલિયમ્સન (સુકાની), ટોડ એસ્ટલ, ટ્રેન્ટ બોલ્ટ, ડેવોન કોનવે, માર્ટિન ગુપટિલ, કાયલ જેમિસન, સ્કોટ કુગ્લેજિન, જીમી નિશમ, જેરેલ મિચેલ, ગ્લેન ફિલિપ્સ, ટીમ સેફર્ટ, ઇશ સોઢી, ટિમ સાઉથી.

પોતાની દીકરીને લઈ અફવા ફેલાવનારાઓ સામે ભડક્યો અફ્રિદી

ઈસ્લામાબાદ,તા.૧૩

પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદી આ દિવસોમાં ખૂબ જ ગુસ્સે છે.આફ્રિદીની ફરિયાદ છે કે તેમની પુત્રી અંગે સોશિયલ મીડિયા પર ખોટા સમાચારો ફેલાવવામાં આવી રહ્યા છે.આફ્રિદી અનુસાર લોકો જાત જાતની અફવાઓ ફેલાવી રહ્યા છે. તેમની પુત્રી બીમાર છે અને હોસ્પિટલમાં દાખલ છે, પાકિસ્તાની ટીવી ચેનલ જિઓ ટીવી અનુસાર, આફ્રિદીએ આ મુદ્દે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું છે કે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરનારાઓને વધુ જવાબદાર બનવાની જરૂર છે અને તેઓએ આવી ખોટા સમાચાર ફેલાવવા ન જોઈએ. ખાસ કરીને કોઇના પરિવારને લઈને આવી વાતો ન કરવી જોઈએ. શાહિદ આફ્રિદી ૨ ડિસેમ્બરે એક અઠવાડિયા પછી લંકા પ્રીમિયર લીગ છોડીને પાકિસ્તાન પરત આવ્યો હતો. તેણે ટુર્નામેન્ટને અધવચ્ચે છોડી દેવાનું કોઈ કારણ આપ્યું ન હતું. તેમણે એટલું જ કહ્યું કે, વ્યક્તિગત ઇમરજન્સીના કારણે તે પાછો પાકિસ્તાન જઈ રહ્યો છે. તે જ સમયે, તેણે એમ પણ કહ્યું હતું કે જો પરિસ્થિતિ બરાબર હશે તો તે ટૂર્નામેન્ટમાં વાપસી કરશે. પરંતુ તે પાકિસ્તાન પરત આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર સમાચાર આવ્યા હતા કે આફ્રિદીની પુત્રી હોસ્પિટલમાં દાખલ છે. ગયા અઠવાડિયે સોશિયલ મીડિયા પર એક ફોટો પણ શેર કરવામાં આવ્યો હતો જેમાં બતાવવામાં આવ્યું હતું કે તેમની પુત્રી હોસ્પિટલના પલંગ પર પડેલી છે અને આફ્રિદી સામે ઉભો છે. અફવા ફેલાયા પછી પણ આફ્રિદી મૌન રહ્યો. તેણે ગત સપ્તાહે ઈન્સ્ટાગ્રામ પર તેની એક પુત્રી સાથેનો ફોટો શેર કર્યો હતો અને જન્મદિવસની શુભેચ્છા પણ આપી હતી. આફ્રિદીએ લખ્યું, 'જન્મદિવસની શુભેચ્છા મારી પ્રિય પુત્રી. અલ્લાહનો આભાર.

ઈંગ્લેન્ડ સામેની સીરિઝના આયોજન સ્થળોની પસંદગીને લઈ BCCI પર ઊઠ્યા સવાલ

મુંબઈ,તા.૧૩

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ઈંગ્લેન્ડ વિરુદ્ધ આવતા વર્ષે ફેબ્રુઆરીમાં રમાનારી ટેસ્ટ, વનડે અને ટી૨૦ સીરિઝ માટે કાર્યક્રમ જાહેર કરી દીધો છે. જો કે, સ્ટેડિયમ પસંદગીને લઈને વિવાદ શરુ થઈ ગયો છે. ભારતી ક્રિકેટ કંટ્રોલ બોર્ડે જે સ્ટેડિયમની પસંદગી કરી છે. તેનાથી રાજ્ય સંઘ ખુશ નથી અને તેના કારણે બીસીસીઆઈ નવા વિવાદમાં ફસાતું નજર આવી રહ્યું છે. આયોજનો સ્થળોને બીસીસીઆઈની આગામી મહિનામાં યોજાનારી ચૂંટણી સાથે જોડવામાં આવી રહ્યું છે. બીસીસીઆઈના પ્રમુખ સૌરવ ગાંગુલીના ઘરેલુ રાજયના સંઘે આયોજન સ્થળોની પસંદગી પર વાંધો ઉઠાવ્યો છે.

સીરિઝની ૧૨ મેચોમાં એક પણ મેચ તેને એલોટ કરવામાં આવી નથી. મુંબઈ ક્રિકેટ સંઘે તો આ નિર્ણય પર આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. તેને એક પણ મેચની યજમાની મળી નથી જયારે ગુજરાત ક્રિકેટ સંઘને ૧૨ માંથી ૭ મેચની યજમાની મળી છે. પુણે અને ચેન્નઈને પણ યજમાની મળી છે. ચેન્નઈમાં બે ટેસ્ટ જયારે પુણેમાં ત્રણ વનડે મેચ રમાશે. મુંબઈ ક્રિકેટ સંઘનું કહેવું છે કે, ચાર વર્ષમાં તેને એક પણ ટેસ્ટની યજમાની મળી નથી અને નિર્ણય હેરાન કરનારો છે.

વિવાદ એટલા માટે પણ વધ્યો છે કે, આઈપીએલ દરમિયાન બીસીસીઆઈ ચીફ સૌરવ ગાંગુલીએ કહ્યું હતું કે, મુંબઈ અને કોલકાતાને ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટેસ્ટ સીરિઝની યજમાની મળશે. સીએબીના અધ્યક્ષ અભિષેક ડાલમિયાએ કહ્યું કે, તેમણે જણાવવું જોઈએ કે, શા માટે તેમના સંઘોને આ સીરિઝની મેચોની યજમાની નથી મળી. ક્રિકેટ સંઘોની ચિંતા એ પણ છે કે, જો લાંબા સમય સુધી મેચોની યજમાની નહીં મળે તો તેની નાણાકીય સ્થિતિ ખરાબ થઈ જશે કારણ કે બોર્ડ એક ટેસ્ટ માટે સંઘને ૨.૫ કરોડ રૂપિયા અને એક વનડે- ટી૨૦ માટે ૧.૫ કરોડ રૂપિયા આપે છે.

પ્રેક્ટિસ મેચમાં રહાણેની કપ્તાની પર લોકો થયા ફિદા

સિડની,તા.૧૩

સિડનીમાં રમાઈ રહેલી બીજી પ્રેક્ટિસ મેચમાં ભારતે પોતાની બીજી ઈનિંગમાં ૪ વિકેટે ૩૮૬ રન બનાવ્યા હતાં. ભારત તરફથી હનુમા વિહારીએ અણનમ ૧૦૪ અને ઋષભ પંથે પણ અણનમ ૧૦૩ રન બનાવી ભારતે યજમાન ઓસ્ટ્રેલિયા-એ પર ૪૭૨ રનની બઢત હાંસલ કરી લીધી હતી. ઓસ્ટ્રેલિયાની બીજી ઈનિંગમાં ભારતીય ઝડપી બોલર મોહમ્મદ શામી કહેર બનીને ત્રાટક્યો હતો. શામીએ પહેલા માર્કસ હેરિસને આઉટ કર્યો હતો. જયારે બર્ન્સના રૂપમાં કાંગારૂ ટીમને બીજો ઝાટકો લાગ્યો હતો. પરંતુ ખાસ કરીને હેરિસને જે પ્રકારે આઉટ કર્યો તેનાથી સૌકોઈ આશ્ચર્યચકિત રહી ગયા હતાં. જાણી જોઈને રચવામાં આવેલા પ્લાનિંગથી હેરિસને બરાબરનો જાળમાં ફસાવવામાં આવ્યો હતો. જેમાં અજીંક્ય રહાણેની શાનદાર કપ્તાનીની ઝલક જોવા મળી હતી. મોહમ્મદ શામી અને કપ્તાન રહાણેએ ગેમ પ્લાન બનાવીને માર્કસ હેરિસને આઉટ કરી ઓસ્ટ્રેલિયાને પહેલો ઝાટકો આપ્યો હતો. શામી અને કપ્તાન રહાણેએ હેરિસ માટે લેગ સ્લિપમાં પૃથ્વી શોને ગોઠવ્યો હતો. પાંચમી ઓવર ફેંકવા આવેલા શામીએ પહેલો જ બોલ હેરિસ માટે લેગ અને મિડલ સ્ટંપ પર રાખ્યો. જેને હેરિસે ગ્લાંસ કરવાનો પ્રયાસ કર્યો અને બોલ હવામાં ઉછળ્યો અને પૃથ્વી શોએ આશાન કેચ ઝડપી લીધો. આ સાથે જ હેરિસ ૫ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. પરંતુ સોશિયલ મીડિયા પર રહાણે અને શામીના ગેમપ્લાનના ભારોભાર વખાણ થઈ રહ્યાં છે.

લવ મેરેજ બાદ વિશ્વાસઘાત થતાં હિલ્ટને અંધાધૂંધ ફાયરિંગ કરી પત્નીનું ટીમ ટાળી દીધેલું

એકમાત્ર ક્રિકેટર જેને ફાંસીના માંચડે લટકાવી દેવાયો

પોતાની પત્નીની હત્યા કરનાર વેસ્ટઈન્ડિઝના ઝડપી બોલર લેસ્લી હિલ્ટનને ૧૭ મે, ૧૯૫૫ના રોજ ફાંસી આપવામાં આવી હતી



જે દિવસે ફાંસી અપાઈ તે દિવસે વેસ્ટઈન્ડિઝ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ટેસ્ટ મેચ રમાઈ રહી હતી અને દર્શકોના હાથમાં બેનર હતાં જેમાં લખ્યું હતું 'હૈંગ હોલ્ટ, સેવ હિલ્ટન.''

ક્રિકેટને જેન્ટલમેન ગેમ માનવામાં આવે છે પણ ક્યારેક ક્રિકેટર મેદાનની અંદર અથવા બહાર એવી હરકતો કરી દે છે. જેનાથી સમગ્ર ક્રિકેટ જગત શરમજનક સ્થિતિમાં મૂકાઈ જાય છે. આવા ક્રિકેટરોને જેલની હવા પણ ખાવી પડે છે. દ.આફ્રિકાનો ઝડપી બોલર મખાયા એન્ટીની, ઈંગ્લેન્ડનો ટફનેલ, ઓસ્ટ્રેલિયાનો લ્યુક પોમર્શબેક, શેનવોર્ન, પાકિસ્તાનનો એઝાઝ અહેમદ, ઉમર અકમલ, ભારતના નવજોત સિદ્ધુ, શ્રીસંત અને વિનોદ કામ્બલીને જેલમાં જવું પડ્યું હતું પણ એક ક્રિકેટર એવો હતો જેને હત્યાના ગુનામાં ફાંસીના માચડે લટકાવી દેવાયો.

વેસ્ટઈન્ડિઝનો લેસ્લી હિલ્ટન એકમાત્ર ક્રિકેટર હતો જેને ફાંસીની સજા થઈ. આ ઝડપી બોલરે પોતાની પત્નીનું ખૂન કર્યું હતું. તેને ૧૭ મે, ૧૯૫૫ના રોજ જમૈકામાં ફાંસીની સજા આપવામાં આવી હતી.

લેસ્લી વર્ષ ૧૯૩૫થી ૧૯૩૯ દરમ્યાન વેસ્ટઈન્ડિઝ માટે ૬ ટેસ્ટ મેચ રમ્યો છે. લેસ્લી પોતાની પત્નીને ખૂબ જ પ્રેમ કરતો હતો. બંનેના ૧૯૪૨માં લવ મેરેજ થયા હતા. લગ્નના પાંચ વર્ષ બાદ તેમને એક પુત્ર પણ થયો. બધું બરાબર ચાલી રહ્યું હતું પણ સમય વિતવાની સાથે કોઈ ત્રીજા વ્યક્તિના કારણે આ બંનેના સંબંધો બગડવા લાગ્યા. લાર્લીનને કપડાના બિઝનેસના કારણે અવારનવાર ન્યુયોર્ક જવું પડતું હતું. એકવાર આ જ કામના કારણે લાર્લીન ન્યુયોર્ક ગઈ હતી. આ દરમ્યાન લેસ્લીને એક અજ્ઞાત પત્ર મળ્યો. જેમાં ન્યુયોર્કના એક બિઝનેસમેન સાથે લાર્લીનના અનૈતિક સંબંધોને ઉલ્લેખ હતો. આ વાત સાંભળીને લેસ્લી ભડકી ગયો અને તેણે પોતાની પત્નીને તાત્કાલિક પરત બોલાવી. લાર્લીને પહેલાં આ વાતનો ઈન્કાર કર્યો. પણ લેસ્લીના માથે ખૂન સવાર હતું તે હકીકત જાણવા અધીરો બની ગયો હતો. આ કારણે તેણે પોસ્ટ ઓફિસમાંથી વધુ પત્રો કઢાવ્યા જે લાર્લીનના નામે લખાયેલા હતા. લાર્લીનને જયારે આ બધા પત્રો બતાવવામાં આવ્યા તો તેની પાસે આ વાતનો સ્વીકાર કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. લાર્લીને સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, લેસ્લી તેના લેવલનો નથી, બંને વચ્ચે કોઈ મેળ નથી. લાર્લીનની આ વાતોથી લેસ્લી એટલો અકળાયો કે તેણે બંદૂકમાંથી અંધાધૂંધ ફાયરિંગ કરતા લાર્લીનનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું.

પોલીસે લેસ્લીની ધરપકડ કરી. ૨૦ ઓક્ટોબર, ૧૯૫૪ના રોજ કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેને પત્નીની હત્યા કેસમાં દોષિત ઠરાવી ફાંસીની સજા કરી હતી. તેના એક વર્ષ બાદ ૧૭ મે, ૧૯૫૫ના રોજ આ ક્રિકેટરને ફાંસીના માંચડે લટકાવી દેવાયો. તેની ફાંસીની જે તારીખ નક્કી થઈ હતી. ૧૭ મે, ૧૯૫૫. આ જ દિવસ ઓસ્ટ્રેલિયા અને વેસ્ટઈન્ડિઝ વચ્ચે કેસિંગ્ટન ઓવલ મેદાન ખાતે ટેસ્ટ મેચ રમાઈ રહી હતી. આ દરમ્યાન દર્શકોના હાથમાં એક બેનર દેખાયું જેમાં લખ્યું હતું, 'હૈંગ હોલ્ટ, સેવ હિલ્ટન.'

જેલની હવા ખાઈ ચૂકેલા ક્રિકેટરો

એન્ટીની : દ.આફ્રિકાના ઝડપી બોલર એન્ટીનીની ૧૯૯૮માં સગીરાના બળાત્કારના આરોપમાં ધરપકડ થઈ હતી. જો કે, બાદમાં આરોપો સાબિત ન થતા તેને મુક્ત કરી દેવાયો હતો.

એઝાઝ : પાકિસ્તાનના આ દિગ્ગજ બેટ્સમેનને ચેક રિટર્ન કેસમાં જેલમાં હવા ખાવી પડી હતી.

શ્રીસંત : આઈપીએલમાં સ્પોટ ફિક્સિંગના આરોપમાં ભારતના આ પૂર્વ ઝડપી બોલરને જેલમાં જવું પડ્યું હતું. અજીત ચંદેલા અને અંકિતને પણ જેલ ભેગા થવું પડ્યું હતું.

શેનવોર્ન : ઓસ્ટ્રેલિયાના મહાન લેગસ્પિનર શેનવોર્નને ૨૦૦૩માં એક આફ્રિકન મહિલાને અશ્લીલ મેસેજ મોકલવાના આરોપમાં જેલ જવું પડ્યું હતું.

કામ્બલી : ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર વિનોદ કામ્બલી અને તેની પત્ની ઉપર નોકરાણી સાથે ખરાબ વર્તનનો આરોપ લાગ્યો હતો જેના કારણે થોડો સમય જેલમાં રહેવું પડ્યું હતું.

પોમર્શબેક : આઈપીએલમાં રમનાર ઓસ્ટ્રેલિયાના આ ક્રિકેટર ઉપર ફાઈવસ્ટાર હોટલમાં અમેરિકન મહિલાએ છેડછાડનો આરોપ લગાવ્યો હતો. મહિલાએ કહ્યું હતું કે,જ્યારે તેના ફિયાન્સ સાહિલ પીરઝાદાએ તેને રોકવાનો પ્રયાસ કર્યો તો લ્યુકે મારામારી કરી હતી. જો કે, બાદમાં દિલ્હીની એક કોર્ટે તેને જામીન પર મુક્ત કરી દીધો હતો.

NDDB દ્વારા બનાસ ડેરીનું સન્માન કરાયું

પાલનપુર, તા.૧૩

વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન દૂધ ઉત્પાદકોને ડિજિટલ માધ્યમથી તેમના દૂધની રકમ ચૂકવનાર ડેરી તરીકે બનાસડેરીને NDDB દ્વારા "ડિજિટલ અર્થ વ્યવસ્થાને પ્રોત્સાહન આપનાર દૂધ સંઘ" તરીકે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવી છે. બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે જિલ્લાના દૂધ ઉત્પાદકોને દૂધ બિલનું પેમેન્ટ સીધું તેમના બેંક એકાઉન્ટમાં થઈ રહ્યું છે જેને લઈને NDDBનું પ્રશંસાપત્ર બનાસડેરીને મળ્યું તે જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે ગૌરવનો વિષય છે.

નડિયાદ : મહિલા કોલેજમાં સેનેટરી નેપકીન ATM મશીનનું લોકાર્પણ

નડિયાદ, તા.૧૩

નડિયાદની યુનિ ટ્રસ્ટ સુરજબા મહિલા આર્ટ્સ કોલેજમાં સેનેટરી નેપકીનના એટીએમનું લોકાર્પણ કોલેજના પૂર્વ વિદ્યાર્થીઓના હસ્તે કરવામાં આવ્યું હતું. અગાઉ અભ્યાસ કરી ગયેલી વિદ્યાર્થીઓએ આ મશીન કોલેજને અર્પણ કર્યું હતું.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં

કોંગ્રેસ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈ કવાયત્ હાથ ધરાઈ

હિંમતનગર, તા.૧૩

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કોંગ્રેસ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને તજવીજ હાથ ધરી છે. પ્રદેશ કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવ અને પ્રમુખ અમિત ચાવડાએ રૂબરૂ મુલાકાત લઈ કાર્યકરો અને આગેવાનોને સાંભળ્યા હતા. આગામી તાલુકા અને જિલ્લા પંચાયત સહિતની ચૂંટણીઓમાં હવે સ્થાનિક સમસ્યાઓને પ્રજા પાસેથી જાણીને તે મુદ્દાઓ પર ચૂંટણી લડશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને કવાયત હાથ ધરી છે. ચૂંટણીઓના જંગને પાર પાડવા માટે થઈને હવે કોંગ્રેસે જિલ્લાઓ અને શહેરોને ખુંદવાની શરૂઆત કરી છે. જેમાં હવે પ્રદેશ સંગઠન માળખાના પ્રભારી અને પ્રદેશ અધ્યક્ષ પણ હવે આગેવાનોને મળવા માટે સામે ચાલીને પહોંચી રહ્યા છે. જેની શરૂઆત સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાથી શરૂ કરી છે. સાબરાકાંઠા જિલ્લના હિંમતનગર ખાતે કાર્યકરો અને આગેવાનો સાથે જેના ભાગરૂપે મુલાકાત કરી હતી. આગેવાનોને સાંભળવામાં આવ્યા હતા અને તેમની પાસેથી કોંગ્રેસની સ્થિતિને જાણવાનો પ્રયાસ કર્યો હતો. કોંગ્રેસે એક પ્રકારે સેન્સ લેવાનીઆ પ્રક્રિયા યોજી છે અને જેને આધારે ઉમેદવારો નક્કી કરવા માટેની કવાયત કરશે. તો સાથે જ બુથ લેવલ સુધી પણ કોંગ્રેસ મજબૂત કરવાનો પ્રયાસ કરવામાં આવશે સાથે આ બેઠકમાં જિલ્લાના સ્થાનિક નેતાઓએ પણ હાજરી આપી હતી. જેમાં જિલ્લા પ્રમુખ મણીભાઈ પટેલ, ખેડબ્રહ્મા ધારાસભ્ય અને દંડક અશ્વિનભાઈ કોટવાળ અને પ્રાંતિજના પૂર્વધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા અને હિંમતનગરના કોંગ્રેસ આગેવાન કમલેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : એફ. કે.મનસુરી, હિંમતનગર)

CCTV કેમેરામાં બે તસ્કરો કેદ

વાલિયા તાલુકાના કોંઢ ગામે ATM મશીન તોડવાનો નિષ્ફળ પ્રયાસ

અંકલેશ્વર, તા.૧૩

વાલિયા તાલુકાના કોંઢ ગામે તસ્કરોએ બેંક ઓફ બરોડા શાખાના એટીએમ મશીનને તોડવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.જો કે બે જેટલા તસ્કરો એટીએમમાં લગાવેલ સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા.

પોલીસ સૂત્રીય માહિતી મુજબ વાલિયાના કોંઢ ગામ ખાતે આવેલ બેંક ઓફ બરોડા શાખાના એટીએમને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ કેબીનનો મુખ્ય દરવાજો ખોલી અંદર પ્રવેશી ઇલેક્ટ્રિક કટર વડે એટીએમ મશીનના કેશ બોક્સની બોડીને તોડવાનો નિષ્ફળ પ્રયાસ કરી નુકશાન પહોચાડ્યું હતું.આ અંગેની જાણ કોંઢની બેંક ઓફ બરોડા શાખાના બ્રાન્ચ મેનેજર રાજારામ સ્વાઈન દોડી આવી અને વાલિયા પોલીસ મથકમાં જાણ કરતા પોલીસ કાફલો દોડી આવ્યો હતો.પોલીસે એટીએમ કેબીનમાં લગાવેલ સીસીટીવી કેમેરા ચેક કરતા બે જેટલા તસ્કરો કેદ થયા હતા.પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

BOMBAY MERCANTILE CO-OPERATIVE BANK LIMITED
(Estd:1939) (Multi State Scheduled Bank)
Regd Head Office : Zain G. Rangoonwala Building, 78, Mohammed Ali Road, Mumbai - 400 003.
Tel : 022-23425961/62/63/64, 23449586,62552800 For Account Balance Enquiry Missed Call : 9512004406
Toll Free No : 1800 220 854 / IVR No : 9512004407 / IFSC CODE : UTIB0SBMCB1

NOTICE

Notice is hereby given that the 83rd Annual General Meeting of the Members [Shareholders] of BOMBAY MERCANTILE CO-OPERATIVE BANK LIMITED will be held on Wednesday, 30th December, 2020 at 10.30 a.m. at HAJ COMMITTEE OF INDIA, Baitul Hujjaj Haj House], 2nd Floor, 7-A, M.R.A. Marg (Palton Road), Mumbai - 400 001 to transact the following business;

1. To confirm the Minutes of the last Annual General Meeting held on 30th September, 2019.
2. To consider and adopt the Report of the Board of Directors and the Audited Balance Sheet, Profit & Loss Account and Statutory Auditor's Report for the year ended as on 31st March, 2020.
3. To appropriate Net Profit as recommended by the Board of Directors for the year ended 31st March, 2020.
4. To appoint Auditors for the Bank for the year 2020-2021 and fix their remuneration.
5. To consider the Annual Budget of the Bank for the year 2020- 2021.
6. To approve the amendments in Bye-Law Nos. 3(5), 44(3), 57(10), 77(A)(7) and to approve Bye Law No.77(A)(9) as per the Annexure attached.
7. To grant Leave of Absence to the Members of the Bank who have not attended this 83rd Annual General Meeting.

By Order of the Board of Directors
Sd/-
DR. M. SHAH ALAM KHAN
MANAGING DIRECTOR

Date : 09 December, 2020.
Place: Mumbai.

Note:
- If there is no quorum within half an hour after the appointed time, the Meeting shall stand adjourned to 11.00 a.m. on the same day and the Agenda of the Original Meeting shall be transacted at the said venue, irrespective of the rule of quorum, in terms of Bye-Law No.39.
- Any Member desiring information pertaining to Accounts, is requested to write to the Bank, at-least six days in advance of the date of the Annual General Meeting.

Copies of the Annual Report are available at the Head Office and the Branches of the Bank.

સંસ્કાર સૌરભ

તમારામાંથી બહેતર તે છે જે પોતાના કુટુંબીઓથી સારી રીતે વર્તે છે.

(હદીસ બોધ)

બોધ વચન

'મને સત્ય મળી ગયું છે' એમ ના કહો. એમ કહો કે મેં મારા માર્ગે ચાલતા આત્માનો અનુભવ કર્યો છે.

- ખલીલ જિબ્રાન

આજની આરસી

૧૪ ડિસેમ્બર સોમવાર ૨૦૨૦
૨૮ રબીઉલ આખર ૧૪૪૨
કારતક વદ અમાસ સંવત ૨૦૭૭
સુબ્હ સાદિક ૫-૫૨
ખત્મે ઝવાલ ૧૨-૩૪
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૧૨
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૬

ગુસ્સુરિયું

ટીચર : જો તારા લગ્ન થાય અને તારી પત્ની અને સાળી બન્ને જોડિયા હોય તો તું તારી પત્નીને કેવી રીતે ઓળખીશ ?

વિદ્યાર્થી : એકદમ સરળ છે.

ટીચર : એ કેવી રીતે ?

વિદ્યાર્થી : હું બન્નેને ચૂંટલીઓ ભરીશ ચીડાઇ જશે તે પત્ની અને શરમાઇ જશે તે સાળી.

ન્યૂઝીલેન્ડની ટી-૨૦ ટીમની જાહેરાત વિલિયમ્સન અને ટ્રેન્ટ બોલ્ટનું પુનરાગમન

વેલિંગટન,તા.૧૩

પ્રવાસી પાકિસ્તાન સામે રમાનારી ટી૨૦ સિરીઝ માટેની ન્યૂઝીલેન્ડની ટી૨૦ ક્રિકેટ ટીમની જાહેરાત કરવામાં આવી છે. શનિવારે જાહેર થયેલી ટીમમાં કેન વિલિયમ્સન અને ટ્રેન્ટ બોલ્ટને સામેલ કરાયા છે. આ બંને ખેલાડી ત્રણ મેચની સિરીઝની અંતિમ બે મેચ માટે ઉપલબ્ધ રહેશે. પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ટી૨૦ સિરીઝની પહેલી મેચ ૧૮મી ડિસેમ્બરે રમાશે તો બીજી મેચ ૨૦મીએ અને ત્રીજી મેચ ૨૨મી ડિસેમ્બરે રમાશે. જોકે આ ટીમમાં રોઝ ટેલરની પસંદગી કરાઈ નથી. પહેલી ટી૨૦ મેચ માટે મિચેલ સેન્ટનરને કેપ્ટન તરીકે નીમવામાં આવ્યો છે. આ ટીમમાં ગ્લેન ફિલિપ્સ અને ડેવોન કોનવેને ટીમમાં સામેલ કરાયા છે.

ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે જાહેર કર્યું હતું કે વેસ્ટ ઇન્ડિઝ સામે હાલમાં ટીમ વેલિંગ્ટનમાં બીજી ટેસ્ટમાં રમી રહી છે અને તેના ત્રણ જ દિવસ બાદ ટી૨૦ મેચ રમાનારી છે. વિલિયમ્સન, બોલ્ટ, કાયલ જેમિસન. ટિમ સાઉથી અને ડેરેલ મિચેલ બીજી અને ત્રીજી ટી૨૦ મેચમાં ઉપલબ્ધ રહેશે. પસદગીકાર ગેવિન લાર્સને જણાવ્યું હતું કે તેમના માટે આ પસંદગી કરવી ખૂબ અઘરી રહી હતી કેમ કે ઇજા, ફોર્મ અને ઉપરાઉપરી સિરીઝને ધ્યાનમાં રાખીને ટીમની પસંદગી કરવાની હતી. વિલિયમ્સન અને બોલ્ટ ટીમમાં પરત ફરી રહ્યા છે તે સારી બાબત છે. જોકે કેન વિલિયમ્સનની પત્ની બાળકને જન્મ આપવાની છે અને એ સમયે તે ટીમથી અલગ થઈ શકે છે. આ સંજોગોમાં વિલિયમ્સનના સ્ટેન્ડ બાય તરીકે માર્ક ચેપમેનને તૈયાર રાખવામાં આવ્યો છે.

ન્યૂઝીલેન્ડની ટી૨૦ ટીમ: પ્રથમ મેચ માટેની ટીમ : મિચેલ સેન્ટનર (સુકાની), ટોડ એસ્ટલ, ડગ બ્રેસવેલ, માર્ક ચેપમેન, ડેવોન કોનવે, જેકોબ ડફી, માર્ટિન ગુપટિલ, સ્કોટ કુગ્લેજિન, જીમી નિશમ, ગ્લેન ફિલિપ્સ, ટીમ સેફર્ટ, ઇશ સોઢી, બ્લેર ટિકનેર.

બીજી અને ત્રીજી ટી૨૦ માટેની ટીમ : કેન વિલિયમ્સન (સુકાની), ટોડ એસ્ટલ, ટ્રેન્ટ બોલ્ટ, ડેવોન કોનવે, માર્ટિન ગુપટિલ, કાયલ જેમિસન, સ્કોટ કુગ્લેજિન, જીમી નિશમ, જેરેલ મિચેલ, ગ્લેન ફિલિપ્સ, ટીમ સેફર્ટ, ઇશ સોઢી, ટિમ સાઉથી.

પોતાની દીકરીને લઈ અફવા ફેલાવનારાઓ સામે ભડક્યો અફ્રિદી

ઈસ્લામાબાદ,તા.૧૩

પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદી આ દિવસોમાં ખૂબ જ ગુસ્સે છે.આફ્રિદીની ફરિયાદ છે કે તેમની પુત્રી અંગે સોશિયલ મીડિયા પર ખોટા સમાચારો ફેલાવવામાં આવી રહ્યા છે.આફ્રિદી અનુસાર લોકો જાત જાતની અફવાઓ ફેલાવી રહ્યા છે. તેમની પુત્રી બીમાર છે અને હોસ્પિટલમાં દાખલ છે, પાકિસ્તાની ટીવી ચેનલ જિઓ ટીવી અનુસાર, આફ્રિદીએ આ મુદ્દે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું છે કે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરનારાઓને વધુ જવાબદાર બનવાની જરૂર છે અને તેઓએ આવી ખોટા સમાચાર ફેલાવવા ન જોઈએ. ખાસ કરીને કોઇના પરિવારને લઈને આવી વાતો ન કરવી જોઈએ. શાહિદ આફ્રિદી ૨ ડિસેમ્બરે એક અઠવાડિયા પછી લંકા પ્રીમિયર લીગ છોડીને પાકિસ્તાન પરત આવ્યો હતો. તેણે ટુર્નામેન્ટને અધવચ્ચે છોડી દેવાનું કોઈ કારણ આપ્યું ન હતું. તેમણે એટલું જ કહ્યું કે, વ્યક્તિગત ઇમરજન્સીના કારણે તે પાછો પાકિસ્તાન જઈ રહ્યો છે. તે જ સમયે, તેણે એમ પણ કહ્યું હતું કે જો પરિસ્થિતિ બરાબર હશે તો તે ટૂર્નામેન્ટમાં વાપસી કરશે. પરંતુ તે પાકિસ્તાન પરત આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર સમાચાર આવ્યા હતા કે આફ્રિદીની પુત્રી હોસ્પિટલમાં દાખલ છે. ગયા અઠવાડિયે સોશિયલ મીડિયા પર એક ફોટો પણ શેર કરવામાં આવ્યો હતો જેમાં બતાવવામાં આવ્યું હતું કે તેમની પુત્રી હોસ્પિટલના પલંગ પર પડેલી છે અને આફ્રિદી સામે ઉભો છે. અફવા ફેલાયા પછી પણ આફ્રિદી મૌન રહ્યો. તેણે ગત સપ્તાહે ઈન્સ્ટાગ્રામ પર તેની એક પુત્રી સાથેનો ફોટો શેર કર્યો હતો અને જન્મદિવસની શુભેચ્છા પણ આપી હતી. આફ્રિદીએ લખ્યું, 'જન્મદિવસની શુભેચ્છા મારી પ્રિય પુત્રી. અલ્લાહનો આભાર.

ઈંગ્લેન્ડ સામેની સીરિઝના આયોજન સ્થળોની પસંદગીને લઈ BCCI પર ઊઠ્યા સવાલ

મુંબઈ,તા.૧૩

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ઈંગ્લેન્ડ વિરુદ્ધ આવતા વર્ષે ફેબ્રુઆરીમાં રમાનારી ટેસ્ટ, વનડે અને ટી૨૦ સીરિઝ માટે કાર્યક્રમ જાહેર કરી દીધો છે. જો કે, સ્ટેડિયમ પસંદગીને લઈને વિવાદ શરુ થઈ ગયો છે. ભારતી ક્રિકેટ કંટ્રોલ બોર્ડે જે સ્ટેડિયમની પસંદગી કરી છે. તેનાથી રાજય સંઘ ખુશ નથી અને તેના કારણે બીસીસીઆઈ નવા વિવાદમાં ફસાતું નજર આવી રહ્યું છે. આયોજનો સ્થળોને બીસીસીઆઈની આગામી મહિનામાં યોજાનારી ચૂંટણી સાથે જોડવામાં આવી રહ્યું છે. બીસીસીઆઈના પ્રમુખ સૌરવ ગાંગુલીના ઘરેલુ રાજયના સંઘે આયોજન સ્થળોની પસંદગી પર વાંધો ઉઠાવ્યો છે.

સીરિઝની ૧૨ મેચોમાં એક પણ મેચ તેને એલોટ કરવામાં આવી નથી. મુંબઈ ક્રિકેટ સંઘે તો આ નિર્ણય પર આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. તેને એક પણ મેચની યજમાની મળી નથી જયારે ગુજરાત ક્રિકેટ સંઘને ૧૨ માંથી ૭ મેચની યજમાની મળી છે. પુણે અને ચેન્નઈને પણ યજમાની મળી છે. ચેન્નઈમાં બે ટેસ્ટ જયારે પુણેમાં ત્રણ વનડે મેચ રમાશે. મુંબઈ ક્રિકેટ સંઘનું કહેવું છે કે, ચાર વર્ષમાં તેને એક પણ ટેસ્ટની યજમાની મળી નથી અને નિર્ણય હેરાન કરનારો છે.

વિવાદ એટલા માટે પણ વધ્યો છે કે, આઈપીએલ દરમિયાન બીસીસીઆઈ ચીફ સૌરવ ગાંગુલીએ કહ્યું હતું કે, મુંબઈ અને કોલકાતાને ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટેસ્ટ સીરિઝની યજમાની મળશે. સીએબીના અધ્યક્ષ અભિષેક ડાલમિયાએ કહ્યું કે, તેમણે જણાવવું જોઈએ કે, શા માટે તેમના સંઘોને આ સીરિઝની મેચોની યજમાની નથી મળી. ક્રિકેટ સંઘોની ચિંતા એ પણ છે કે, જો લાંબા સમય સુધી મેચોની યજમાની નહીં મળે તો તેની નાણાકીય સ્થિતિ ખરાબ થઈ જશે કારણ કે બોર્ડ એક ટેસ્ટ માટે સંઘને ૨.૫ કરોડ રૂપિયા અને એક વનડે- ટી૨૦ માટે ૧.૫ કરોડ રૂપિયા આપે છે.

પ્રેક્ટિસ મેચમાં રહાણેની કપ્તાની પર લોકો થયા ફિદા

સિડની,તા.૧૩

સિડનીમાં રમાઈ રહેલી બીજી પ્રેક્ટિસ મેચમાં ભારતે પોતાની બીજી ઈનિંગમાં ૪ વિકેટે ૩૮૬ રન બનાવ્યા હતાં. ભારત તરફથી હનુમા વિહારીએ અણનમ ૧૦૪ અને ઋષભ પંથે પણ અણનમ ૧૦૩ રન બનાવી ભારતે યજમાન ઓસ્ટ્રેલિયા-એ પર ૪૭૨ રનની બઢત હાંસલ કરી લીધી હતી. ઓસ્ટ્રેલિયાની બીજી ઈનિંગમાં ભારતીય ઝડપી બોલર મોહમ્મદ શામી કહેર બનીને ત્રાટક્યો હતો. શામીએ પહેલા માર્કસ હેરિસને આઉટ કર્યો હતો. જયારે બર્ન્સના રૂપમાં કાંગારૂ ટીમને બીજો ઝાટકો લાગ્યો હતો. પરંતુ ખાસ કરીને હેરિસને જે પ્રકારે આઉટ કર્યો તેનાથી સૌકોઈ આશ્ચર્યચકિત રહી ગયા હતાં. જાણી જોઈને રચવામાં આવેલા પ્લાનિંગથી હેરિસને બરાબરનો જાળમાં ફસાવવામાં આવ્યો હતો. જેમાં અજીંક્ય રહાણેની શાનદાર કપ્તાનીની ઝલક જોવા મળી હતી. મોહમ્મદ શામી અને કપ્તાન રહાણેએ ગેમ પ્લાન બનાવીને માર્કસ હેરિસને આઉટ કરી ઓસ્ટ્રેલિયાને પહેલો ઝાટકો આપ્યો હતો. શામી અને કપ્તાન રહાણેએ હેરિસ માટે લેગ સ્લિપમાં પૃથ્વી શોને ગોઠવ્યો હતો. પાંચમી ઓવર ફેંકવા આવેલા શામીએ પહેલો જ બોલ હેરિસ માટે લેગ અને મિડલ સ્ટંપ પર રાખ્યો. જેને હેરિસે ગ્લાંસ કરવાનો પ્રયાસ કર્યો અને બોલ હવામાં ઉછળ્યો અને પૃથ્વી શોએ આશાન કેચ ઝડપી લીધો. આ સાથે જ હેરિસ ૫ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. પરંતુ સોશિયલ મીડિયા પર રહાણે અને શામીના ગેમપ્લાનના ભારોભાર વખાણ થઈ રહ્યાં છે.

લવ મેરેજ બાદ વિશ્વાસઘાત થતાં હિલ્ટને અંધાધૂંધ ફાયરિંગ કરી પત્નીનું ટીમ ટાળી દીધેલું

એકમાત્ર ક્રિકેટર જેને ફાંસીના માંચડે લટકાવી દેવાયો

પોતાની પત્નીની હત્યા કરનાર વેસ્ટઈન્ડિઝના ઝડપી બોલર લેસ્લી હિલ્ટનને ૧૭ મે, ૧૯૫૫ના રોજ ફાંસી આપવામાં આવી હતી



જે દિવસે ફાંસી અપાઈ તે દિવસે વેસ્ટઈન્ડિઝ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ટેસ્ટ મેચ રમાઈ રહી હતી અને દર્શકોના હાથમાં બેનર હતાં જેમાં લખ્યું હતું 'હૈંગ હોલ્ટ, સેવ હિલ્ટન.''

ક્રિકેટને જેન્ટલમેન ગેમ માનવામાં આવે છે પણ ક્યારેક ક્રિકેટર મેદાનની અંદર અથવા બહાર એવી હરકતો કરી દે છે. જેનાથી સમગ્ર ક્રિકેટ જગત શરમજનક સ્થિતિમાં મૂકાઈ જાય છે. આવા ક્રિકેટરોને જેલની હવા પણ ખાવી પડે છે. દ.આફ્રિકાનો ઝડપી બોલર મખાયા એન્ટીની, ઈંગ્લેન્ડનો ટફનેલ, ઓસ્ટ્રેલિયાનો લ્યુક પોમર્શબેક, શેનવોર્ન, પાકિસ્તાનનો એઝાઝ અહેમદ, ઉમર અકમલ, ભારતના નવજોત સિદ્ધુ, શ્રીસંત અને વિનોદ કામ્બલીને જેલમાં જવું પડ્યું હતું પણ એક ક્રિકેટર એવો હતો જેને હત્યાના ગુનામાં ફાંસીના માચડે લટકાવી દેવાયો.

વેસ્ટઈન્ડિઝનો લેસ્લી હિલ્ટન એકમાત્ર ક્રિકેટર હતો જેને ફાંસીની સજા થઈ. આ ઝડપી બોલરે પોતાની પત્નીનું ખૂન કર્યું હતું. તેને ૧૭ મે, ૧૯૫૫ના રોજ જમૈકામાં ફાંસીની સજા આપવામાં આવી હતી.

લેસ્લી વર્ષ ૧૯૩૫થી ૧૯૩૯ દરમ્યાન વેસ્ટઈન્ડિઝ માટે ૬ ટેસ્ટ મેચ રમ્યો છે. લેસ્લી પોતાની પત્નીને ખૂબ જ પ્રેમ કરતો હતો. બંનેના ૧૯૪૨માં લવ મેરેજ થયા હતા. લગ્નના પાંચ વર્ષ બાદ તેમને એક પુત્ર પણ થયો. બધું બરાબર ચાલી રહ્યું હતું પણ સમય વિતવાની સાથે કોઈ ત્રીજા વ્યક્તિના કારણે આ બંનેના સંબંધો બગડવા લાગ્યા. લાર્લીનને કપડાના બિઝનેસના કારણે અવારનવાર ન્યુયોર્ક જવું પડતું હતું. એકવાર આ જ કામના કારણે લાર્લીન ન્યુયોર્ક ગઈ હતી. આ દરમ્યાન લેસ્લીને એક અજ્ઞાત પત્ર મળ્યો. જેમાં ન્યુયોર્કના એક બિઝનેસમેન સાથે લાર્લીનના અનૈતિક સંબંધોને ઉલ્લેખ હતો. આ વાત સાંભળીને લેસ્લી ભડકી ગયો અને તેણે પોતાની પત્નીને તાત્કાલિક પરત બોલાવી. લાર્લીને પહેલાં આ વાતનો ઈન્કાર કર્યો. પણ લેસ્લીના માથે ખૂન સવાર હતું તે હકીકત જાણવા અધીરો બની ગયો હતો. આ કારણે તેણે પોસ્ટ ઓફિસમાંથી વધુ પત્રો કઢાવ્યા જે લાર્લીનના નામે લખાયેલા હતા. લાર્લીનને જયારે આ બધા પત્રો બતાવવામાં આવ્યા તો તેની પાસે આ વાતનો સ્વીકાર કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. લાર્લીને સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, લેસ્લી તેના લેવલનો નથી, બંને વચ્ચે કોઈ મેળ નથી. લાર્લીનની આ વાતોથી લેસ્લી એટલો અકળાયો કે તેણે બંદૂકમાંથી અંધાધૂંધ ફાયરિંગ કરતા લાર્લીનનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું.

પોલીસે લેસ્લીની ધરપકડ કરી. ૨૦ ઓક્ટોબર, ૧૯૫૪ના રોજ કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેને પત્નીની હત્યા કેસમાં દોષિત ઠરાવી ફાંસીની સજા કરી હતી. તેના એક વર્ષ બાદ ૧૭ મે, ૧૯૫૫ના રોજ આ ક્રિકેટરને ફાંસીના માંચડે લટકાવી દેવાયો. તેની ફાંસીની જે તારીખ નક્કી થઈ હતી. ૧૭ મે, ૧૯૫૫. આ જ દિવસ ઓસ્ટ્રેલિયા અને વેસ્ટઈન્ડિઝ વચ્ચે કેસિંગ્ટન ઓવલ મેદાન ખાતે ટેસ્ટ મેચ રમાઈ રહી હતી. આ દરમ્યાન દર્શકોના હાથમાં એક બેનર દેખાયું જેમાં લખ્યું હતું, 'હૈંગ હોલ્ટ, સેવ હિલ્ટન.'

જેલની હવા ખાઈ ચૂકેલા ક્રિકેટરો

એન્ટીની : દ.આફ્રિકાના ઝડપી બોલર એન્ટીનીની ૧૯૯૮માં સગીરાના બળાત્કારના આરોપમાં ધરપકડ થઈ હતી. જો કે, બાદમાં આરોપો સાબિત ન થતા તેને મુક્ત કરી દેવાયો હતો.

એઝાઝ : પાકિસ્તાનના આ દિગ્ગજ બેટ્સમેનને ચેક રિટર્ન કેસમાં જેલમાં હવા ખાવી પડી હતી.

શ્રીસંત : આઈપીએલમાં સ્પોટ ફિક્સિંગના આરોપમાં ભારતના આ પૂર્વ ઝડપી બોલરને જેલમાં જવું પડ્યું હતું. અજીત ચંદેલા અને અંકિતને પણ જેલ ભેગા થવું પડ્યું હતું.

શેનવોર્ન : ઓસ્ટ્રેલિયાના મહાન લેગસ્પિનર શેનવોર્નને ૨૦૦૩માં એક આફ્રિકન મહિલાને અશ્લીલ મેસેજ મોકલવાના આરોપમાં જેલ જવું પડ્યું હતું.

કામ્બલી : ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર વિનોદ કામ્બલી અને તેની પત્ની ઉપર નોકરાણી સાથે ખરાબ વર્તનનો આરોપ લાગ્યો હતો જેના કારણે થોડો સમય જેલમાં રહેવું પડ્યું હતું.

પોમર્શબેક : આઈપીએલમાં રમનાર ઓસ્ટ્રેલિયાના આ ક્રિકેટર ઉપર ફાઈવસ્ટાર હોટલમાં અમેરિકન મહિલાએ છેડછાડનો આરોપ લગાવ્યો હતો. મહિલાએ કહ્યું હતું કે,જયારે તેના ફિયાન્સ સાહિલ પીરઝાદાએ તેને રોકવાનો પ્રયાસ કર્યો તો લ્યુકે મારામારી કરી હતી. જો કે, બાદમાં દિલ્હીની એક કોર્ટે તેને જામીન પર મુક્ત કરી દીધો હતો.

ગુજરાતી સાહિત્યના વયોવૃદ્ધ લેખિકા વસુબેન ભટ્ટનું નિધન

અમદાવાદ, તા.૧૩

જાણીતા સાહિત્યકાર ભટ્ટ વસુબહેન રામપ્રસાદનું આજરોજ ૯૪ વર્ષની વયે અવસાન થતાં સાહિત્ય જગતમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી છે. ૨૩ માર્ચ, ૧૯૨૪ના રોજ વસુબહેનનો વડોદરા ખાતે જન્મ થયો હતો. તેમણે બીએ, બીએડ સુધીનો અભ્યાસ કર્યો હતો. તેમણે ''પાંદડે પાંદડે મોતી'', વાર્તાસંગ્રહ, યોગાનું યોગ, ચરિત્ર બદલ ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા પારિતોષિક અપાયા હતા. આ ઉપરાંત તેમણે વાર્તાસંગ્રહ સરસીજ, દિવસે તારા રાત્રે વાદળ, માણારાજ, ઘડીક અષાઢ અને ઘડીક ફાગણ, બે આંખની શરમ તથા લઘુનવલ ઝાકળ પિછોડી લખ્યા હતા. આકાશવાણી અમદાવાદ, રાજકોટ ખાતે નિવૃત્ત કેન્દ્ર નિયામક તરીકે સેવા આપી હતી તથા ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ, ચિલ્ડ્રન એકેડેમી તથા આનંદમના મંત્રી તરીકે રહ્યા હતા.

ઈમરાન ખાને રેલ્વે પ્રધાન શેખ રશીદને ગૃહપ્રધાન બનાવ્યા

(એજન્સી)

ઈસ્લામાબાદ, તા.૧૩

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને પોતાના પ્રધાનમંડળમાં ફેરબદલ કર્યો છે. તેમણે હવે રેલવેપ્રધાન શેખ રશીદને ગૃહપ્રધાન બનાવ્યા છે. આ તે જ શેખ રશીદ છે જે પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. જયારે રેલવે પ્રધાન હતા ત્યારે તેમણે એક વખત એમ પણ કહ્યું હતું કે અમે ભારત પર અણુ બોમ્બ ફેંકીશું. ડોનના એક અહેવાલ મુજબ, એઝાઝ શાહ પાસેથી ગૃહ મંત્રાલય લીધા બાદ તેમને નાર્કોટિક્સ વિભાગ સોંપવામાં આવ્યો છે. આઝમ ખાન સ્વાતિ હવે નવા રેલ્વે મંત્રી બનશે. અબ્દુલ હાફીઝ શેખ પહેલા નાણાં સલાહકાર હતા, હવે તેમને આ મંત્રાલય આપવામાં આવ્યું છે.

શેખ રશીદ તેમના વિવાદિત નિવેદનો માટે જાણીતા છે. જયારે રેલવે પ્રધાન હતા ત્યારે શેખ રશીદે ભારતને ચેતવણી આપી હતી કે પાકિસ્તાનમાં ૧૨પથી ૨૫૦ ગ્રામ સુધીના નાના પરમાણુ બોમ્બ છે. પાકિસ્તાન આ બોમ્બથી ભારતને સરળતાથી નિશાન બનાવી શકે છે. ભારતને ધમકી આપતી વખતે તેમણે કહ્યું કે ભારત એ સાંભળી લે કે પાકિસ્તાન પાસે પાવ અને અડધા પાવના પરમાણુ બોમ્બ પણ છે, જે કોઈ ચોક્કસ વિસ્તારને નિશાન બનાવી શકે છે.

હૈદરાબાદ પાસે કેમિકલ ફેકટરીમાં બ્લાસ્ટમાં ૮ મજૂર ઘાયલ

(એજન્સી) હૈદરાબાદ,તા.૧૩

શનિવારે સંગારેડી જિલ્લાના આઈડીએ બોલારામમાં એક રાસાયણિક કારખાનામાં વિસ્ફોટ થતા ૮ શ્રમિકો ઘાયલ થયા છે. ઘટના બપોરે ૧:૨૦ વાગે થઈ. વિંધ્ય ઓર્ગેનિક ઈન્ડસ્ટ્રીઝમાં સંગારેડી જિલ્લા ફાયરબ્રિગેડ અધિકારી શ્રીનિવાસે જણાવ્યું કે રિએકટરમાં વિસ્ફોટ થયો જેના કારણે આગ લાગી ગઈ. રિએકટરમાં કેટલાક વધુ પડતા જવલનશીલ રસાયણોના કારણે તાપમાનની સાથે આગની લપટો ફેલાઈ ગઈ. આગ પર નિયંત્રણ મેળવવા માટે છ ફાયર ટેન્કરનો ઉપયોગ કરવામાં આવ્યો જે લગભગ નવ કલાક ચાલી. લોકો ગભરાઈ ગયા અને વિસ્ફોટ પછી કારખાનાની બહાર ભાગી ગયા. કેટલાક શ્રમિકો અંદર ફસાઈ ગયા જયારે ૮ લોકો ગંભીર રીતે ઘાયલ થયા. અમને આ પણ શંકા છે કે જયારે અમે આગને રોકવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ત્યારે વધુ વિસ્ફોટ થયા. રાજયપાલ ડો. તમિલિસાઈ સૌન્દરાજન, જે ચેન્નાઈમાં છે તેમણે આગ પર દુઃખ વ્યકત કર્યું. તેમણે તમામ પ્રભાવિત વ્યકિતઓ પ્રતિ પોતાની સહાનુભુતિ વ્યકત કરી અને જણાવ્યું કે સરકાર ઘાયલ અને જરૂરતમંદ લોકોને તમામ આરોગ્ય સેવા પ્રદાન કરશે.

દિલ્હીને જોડતાં હાઈ-વે ખોલવા અંગે ખેડૂત સંગઠનમાં બેમત પ્રવર્તતા હોવાનો દાવો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

એક અહેવાલમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે, દિલ્હીને જોડતા હાઈ-વેને ખોલવાના નિર્ણય અંગે ખેડૂત સંગઠનો વચ્ચે બેમત પ્રવર્તે છે. એક અહેવાલમાં એવું જણાવાયું હતું કે, ખેડૂત આંદોલનનું નેતૃત્વ કરનારા સંગઠનો પૈકી મુખ્ય ભારતીય કિસાન યુનિયને ચિલ્લા બોર્ડર ખાતે હાઈ-વે ખોલવા અંગે અલગ મત દર્શાવ્યો હતો. હાલ ખેડૂતોના આંદોલનમાં ગતિ આવી છે ત્યારે દિલ્હીમાં પ્રવેશ માટે નોએડાથી જ એક હાઈ-વે ખુલ્લો છે. જ્યારે રાજસ્થાનથી દિલ્હી આવી રહેલા ખેડૂતોને અટકાવવા માટે દિલ્હી-જયપુર હાઈ-વે બ્લોક કરવામાં આવ્યો છે. ભારતીય કિસાન યુનિયનના પ્રમુખ ઠાકુર ભાનુ પ્રતાપ સિંહે છેલ્લા ૧૪ દિવસથી બ્લોક હાઈ-વે ખોલવાનો નિર્ણય કર્યો હતો. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત બાદ આ નિર્ણય લેવાયો હોવાનું જણાવાયું હતું. જો કે ભારતીય કિસાન યુનિયન ઉત્તરપ્રદેશના પ્રમુખ યોગેશ પ્રતાપે સિંહના આ નિર્ણય સામે અસંમતિ દર્શાવી હતી. યોગેશ પ્રતાપ સિંહ છેલ્લા ૧૨ દિવસથી ધરણાં પર બેઠા છે. તેમણે માત્ર આ નિર્ણય સાથે અસંમતિ જ ન હતી દર્શાવી પણ સાથે જણાવ્યું હતું કે, તેઓ મૃત્યુ સુધી ધરણાં પર બેસી ઉપવાસ કરશે. સંગઠનના રાષ્ટ્રીય મહાસચિવ ચિમહેન્દ્ર સિંહ ચોરોલી અને રાષ્ટ્રીય પ્રવક્તા સતીષ ચૌધરીએ હાઈ-વે ખોલવાના ભાનુ પ્રતાપના નિર્ણય વિરૂદ્ધ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેઓએ સંગઠનના પ્રમુખ પર ખેડૂતોને દગો આપવાનો આરોપ લગાવ્યો હતો.

BOMBAY MERCANTILE CO-OPERATIVE BANK LIMITED
(Estd:1939) (Multi State Scheduled Bank)
Regd Head Office : Zain G. Rangoonwala Building, 78, Mohammed Ali Road, Mumbai - 400 003.
Tel : 022-23425961/62/63/64, 23449586,62552800 For Account Balance Enquiry Missed Call : 9512004406
Toll Free No : 1800 220 854 / IVR No : 9512004407 / IFSC CODE : UTIB0SBMCB1

NOTICE

Notice is hereby given that the 83rd Annual General Meeting of the Members [Shareholders] of BOMBAY MERCANTILE CO-OPERATIVE BANK LIMITED will be held on Wednesday, 30th December, 2020 at 10.30 a.m. at HAJ COMMITTEE OF INDIA, Baitul Hujjaj Haj House], 2nd Floor, 7-A, M.R.A. Marg (Palton Road), Mumbai - 400 001 to transact the following business;

1. To confirm the Minutes of the last Annual General Meeting held on 30th September, 2019.
2. To consider and adopt the Report of the Board of Directors and the Audited Balance Sheet, Profit & Loss Account and Statutory Auditor's Report for the year ended as on 31st March, 2020.
3. To appropriate Net Profit as recommended by the Board of Directors for the year ended 31st March, 2020.
4. To appoint Auditors for the Bank for the year 2020-2021 and fix their remuneration.
5. To consider the Annual Budget of the Bank for the year 2020- 2021.
6. To approve the amendments in Bye-Law Nos. 3(5), 44(3), 57(10), 77(A)(7) and to approve Bye Law No.77(A)(9) as per the Annexure attached.
7. To grant Leave of Absence to the Members of the Bank who have not attended this 83rd Annual General Meeting.

By Order of the Board of Directors
Sd/-
DR. M. SHAH ALAM KHAN
MANAGING DIRECTOR

Date : 09 December, 2020.
Place: Mumbai.

Note:
- If there is no quorum within half an hour after the appointed time, the Meeting shall stand adjourned to 11.00 a.m. on the same day and the Agenda of the Original Meeting shall be transacted at the said venue, irrespective of the rule of quorum, in terms of Bye-Law No.39.
- Any Member desiring information pertaining to Accounts, is requested to write to the Bank, at-least six days in advance of the date of the Annual General Meeting.

Copies of the Annual Report are available at the Head Office and the Branches of the Bank.

પોલીસકર્મી જેણે કાશ્મીરી પત્રકારોને 'માર્યા' છે તેનો મીડિયા સાથે 'ગેરવર્તન' કરવાનો ઈતિહાસ છે

જિલ્લા વિકાસ પરિષદની ચૂંટણીને આવરી લેતી વખતે ત્રણ ટીવી પત્રકારોની ધરપકડ કરવામાં આવી હતી અને તેમની અટકાયત કરવામાં આવી હતી

(એજન્સી) શ્રીનગર, તા.૧૩

કાશ્મીરના પત્રકારોએ ભારતીય પોલીસ સેવા અધિકારી સંદીપ ચૌધરી પર મીડિયા સાથે વારંવાર શારીરિક અને સોશ્યલ મીડિયા પર ગેરવર્તનનો આરોપ લગાવ્યો છે. ચૌધરી હાલમાં અનંતનાગ જિલ્લાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક છે.

ગુરૂવારે ત્રણ પત્રકારોએ ચૌધરી પર મારપીટ અને અટકાયત કરવાનો આરોપ લગાવ્યો હતો જ્યારે તેઓ જિલ્લા વિકાસ પરિષદની ચાલી રહેલી ચૂંટણી અંગે અહેવાલ આપતા હતા. ગુરૂવારે સવારે સાડા આઠ વાગ્યે, ન્યૂઝ ૧૮ સાથે કામ કરતા પત્રકાર મુદસિર કાદરી, ઈટીવી ભારતના ફૈઝ અહમદ અને ટીવી-૯માં કામ કરતા જુનૈદ અહમદ જ્યારે એક ઉમેદવારનો ઈન્ટરવ્યુ લઈ રહ્યા હતા, ત્યારે કેટલાક સ્થાનિક મતદારો તેમની પાસે પહોંચ્યા, તેઓ કહી રહ્યા હતા કે તેમને અનંતનાગ જિલ્લાના શ્રીગુફવારા વિસ્તારમાં મતદાન મથક પર જતા રોકવામાં આવ્યા હતા. પત્રકારોના જણાવ્યા મુજબ મતદાન મથક નજીકના લોકોએ સવારે ૮ વાગ્યા સુધી કોઈ મતદાન ન થયું ત્યારે વિરોધ શરૂ કરી દીધો હતો, તેમ છતાં સત્તાવાર રીતે, સવારે ૭ વાગ્યે શરૂ થયું હોવાનું કહેવામા આવ્યું. ત્રણે પત્રકારોમાંથી એક એ ધ વાયરને કહ્યું, "અમે ઈન્ટરવ્યુ રેકોર્ડ કરી લીધું પછી, જીજી સંદીપ ચૌધરી સ્થળ પર પહોંચ્યા અને અમને મારવાનું શરૂ કર્યું. અમે પૂછતા રહ્યા કે તે શા માટે અમને થપ્પડ મારી રહ્યો છે, પરંતુ તે વારંવાર અને ફરીથી થપ્પડ મારતો

SSP સંદીપ ચૌધરી.

રહ્યો." તેઓએ આક્ષેપ કર્યો છે કે તેમના સાધનો પણ પોલીસે કોઈ ઉશ્કેરણી વગર જપ્ત કર્યા હતા. જ્યારે આ કથિત હુમલાના સમાચાર બહાર આવ્યા ત્યારે કાશ્મીરના પત્રકારો અને સોશિયલ મીડિયાએ યુઝર્સે તેની નિંદા કરી. આ સમાચાર વાયરલ થયા પછી તરત જ ચૌધરીએ પત્રકારોની માફી માંગી અને તેમને કહ્યું કે એક પ્રકારની ગેરસમજ હતી જેના કારણે તેણે તેમની સાથે ખરાબ વર્તન કર્યું. જોકે, આ પહેલીવાર નથી જ્યારે ચૌધરીએ પત્રકારો સાથે ખરાબ વર્તન આચર્યું હોય. એપ્રિલમાં, ચૌધરીની અધ્યક્ષતાવાળી અનંતનાગ પોલીસે આશીકને ઈન્ડિયન એક્સપ્રેસમાં લખેલી વાર્તા માટે બોલાવીને તેની વિરૂદ્ધ એફઆઈઆર દાખલ કરી હતી. પોલીસે દાવો કર્યો હતો કે સમાચારોમાં જણાવેલ વિગતો "હકીકતમાં ખોટી હતી અને તે લોકોના મનમાં ભય પેદા કરી શકે છે." કાશ્મીર ખીણમાં આ પ્રકારના બનાવો સામાન્ય બની ગયા છે, જ્યાં પત્રકારોને નિયમિતપણે અધિકારીઓના રોષનો સામનો કરવો પડે છે. વાયર એ હાલના સંજોગોને સમજવા માટે થોડા પત્રકારો સાથે વાત કરી હતી જ્યાં પત્રકારોને ડરાવવામાં આવી રહ્યા હતા. કાશ્મીર ટાઈમ્સના એક્ઝિક્યુટિવ એડિટર અનુરાધા ભસીને, જેમની શ્રીનગર ઓફિસને તાજેતરમાં અધિકારીઓ દ્વારા સીલ કરવામાં આવી હતી, વાયરને જણાવ્યું કે આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે જે પત્રકારો જમીન પર કામ કરે છે, તેમને અટકાવવામાં આવે છે અને ધમકાવવામાં આવે છે. કાશ્મીર પ્રેસ કલબે પણ આ ઘટનાની નિંદા કરતું નિવેદન જારી કરીને "સંપૂર્ણ તપાસ માટે" માંગ કરી છે. સંખ્યાબંધ પત્રકારોએ જલ્દી જ સોશિયલ મીડિયા પર આવ્યા અને કહ્યું કે આ અધિકારી ઘણીવાર પત્રકારો સાથે બેફામ વર્તન કરે છે, અને પત્રકારત્વ કેવી રીતે કરવું તે અંગે ભાષણ આપે છે. કાશ્મીરના પત્રકારો પરિસ્થિતિમાં જલ્દી બદલાવ આવશે તે અંગે આશાવાદી દેખાતા નથી. અન્ય કાશ્મીરી પત્રકાર આકાશ હસને ટ્વિટર પર લખ્યું, "આજે દક્ષિણ કાશ્મીરમાં ત્રણ પત્રકારો સાથે જે બન્યું તેને એકલી ઘટના તરીકે જોઈ શકાય નહીં. આ એક સ્પષ્ટ ચાલ છે: પત્રકારોને મૌન કરી દો અને # કાશ્મીરમાં પત્રકારત્વને ગુનાહિત બનાવો. "

- કુરતુલએન રેહબર

કુરતુલએન રેહબર કાશ્મીર સ્થિત ફ્રીલાન્સ પત્રકાર છે.

(સૌ. : ધ વાયર.ઈન)

કાશ્મીર જંગલ જમીન અભિયાન હજારો સફરજનના વૃક્ષો પડ્યા, આદિવાસીઓને ખાલી કરાવાયાં

અધિકારીઓ કહે છે કે તેઓ ફક્ત અતિક્રમણ કરનારાઓને જ દૂર કરી રહ્યા છે, આદિવાસીઓ કહે છે કે તેઓ વનવાસી છે

(એજન્સી) તા.૧૩

કાની-દાજન, બડગામ :

કાની દાજન ગામની જમીનના વિશાળ પટ્ટા કાપેલા સફરજનના ઝાડથી પથરાયેલા છે. રોપાને પણ બક્ષવામાં આવ્યા નથી. જમ્મુ-કાશ્મીરના વન વિભાગ દ્વારા કથિત અતિક્રમણ કરનારાઓ પાસેથી જંગલની જમીન પાછી મેળવવા માટેની ઝુંબેશમાં, ગ્રામજનો દ્વારા પેઢીઓથી ખેતી કરેલી જમીનમાંથી તેમને હાંકી જ નથી કાઢ્યા, પરંતુ હજારો સફરજનનાં ઝાડ પણ આ પ્રક્રિયામાં નાશ પામ્યા છે. પીડિત ખેડૂત અબ્દુલગની વાગે કહ્યું, "તે એક નાના બાળકને ગુમાવવા જેવું છે ... હું આ વૃક્ષો સાથે જે થયું તે જોઈ શકતો નથી ... મેં કેવી રીતે બાગને પોષ્યું - રોપા મેળવવામાં, ખાતરો નાખવા, વર્ષોથી મહેનત કરીને તેને સંભાળ્યા. હવે તેઓએ "આ બધુ બરબાદ કરી દીધું છે." વન વિસ્તારમાં રહેતા, શ્રી વાગેની પાસે ૦.૬૨ એકર જમીન હતી. તે કબૂલ કરે છે કે તે તેની મિલકત નથી, પરંતુ વનવાસી હોવાને કારણે, તેના પરિવારે ઓછામાં ઓછી ચાર પેઢી સુધી તેનું જતન કર્યું છે.

એક હતાશ સફરજનના ખેડૂત અબ્દુલ ગની વાગેએ કહ્યું કે, ''આ એક નાના બાળકને ગુમાવવા જેવું છે.''

ગામ લોકોનું કહેવું છે કે સરકારી પગલાનો ઉદ્દેશ તેમને કાઢી મૂકવાનો અને તેમની આજીવિકા ઉપર હુમલો કરવાનો હતો. સામાન્ય બાબત એ છે કે, જો જંગલની જમીન પાછી જ લેવી હોય તો ઝાડ કેમ કાપવામાં આવ્યા. જ્યારથી અધિકારીઓ દ્વારા આ અભિયાન શરૂ કરવામાં આવ્યું, ત્યારથી ઓછામાં ઓછી ૧૫ વિચરતી જાતિના પરિવારોને જંગલની જમીનમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે.

- નઝીર મસૂદી

(સૌ. : એનડીટીવી.કોમ)

ચીન સાથે ચાલતા સરહદ તણાવ વચ્ચે ભારતે મોટું પગલું ભર્યું

હવે સુરક્ષાબળો ૧૫ દિવસની લડાઈ માટે હથિયારો-દારૂગોળાનો સ્ટોક રાખી શકશે

નવી દિલ્હી, તા.૧૩

ચીનની સાથે સરહદ પર ચાલી રહેલા તણાવની વચ્ચે ભારતે મોટું પગલું ભર્યું છે. સુરક્ષાબળોને હવે ૧૫ દવિસની તગડી લડાઈ માટે હથિયારો અને દારૂગોળાનો સ્ટોક તૈયાર કરવાનો અધિકાર આપી દીધો છે. અત્યાર સુધી સેનાને ૧૦ દિવસના યુદ્ધા માટે જરૂરી સ્ટોક એકત્ર કરવાની છૂટ હતી. આ નવા અધિકાર અને ઈમરજન્સી ખરીદીની શક્તિનો ઉપયોગ કરીને સેના આવનારા થોડાંક મહિનાઓમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ રકમ ખર્ચ કરવાની છે. દેશી અને વિદેશી સ્ત્રોતોથી વિભિન્ન પ્રકારના રક્ષા સાધનો અને દારૂગોળો ખરીદવામાં આવશે. સરકારનું આ પગલું ચીન અને પાકિસ્તાનની સાથે ટુ-ફ્રન્ટ વૉરની સંભાવનાઓને જોતા

તૈયાર પુખ્તા કરવાની દિશામાં જોઈ રહ્યા છે. રક્ષાબળો માટે સ્ટોકની મર્યાદા વધારવાનો નિર્ણય થોડાંક સમય પહેલાં લેવાયો હતો. એક સરકારી સૂત્ર એ કહ્યું કે દુશ્મનની સાથે ૧૫ દિવસની ઈંટેસ લડાઈ માટે રિઝર્વ તૈયાર કરવા માટે કેટલાંય પ્રકારની વેપન સિસ્ટમ અને દારૂગોળા ખરીદવામાં આવી રહ્યા છે. સેનાઓને પહેલાં ૪૦ દિવસની લડાઈ માટે સ્ટોક રાખવાની મંજૂરી હતી. પરંતુ યુદ્ધની બદલાતી રીત અને હથિયાર અને દારૂગોળાના સ્ટોરેજમાં પડતી મુશ્કેલીઓના લીઝે તેને ઘટાડીને ૧૦ દિવસ કરી દેવાયા હતા. ઉરી હુમલા બાદ એ અહેસાસ થયો કે યુદ્ધ માટે સ્ટોક ઓછો છે. તત્કાલીન રક્ષા મંત્રી મનોહર પાર્રિકરના નેતૃત્વમાં મંત્રાલયે સેના, નૌસેના, અને વાયુસેનાના ઉપ-પ્રમુખોની નાણાંકીય શક્તિઓને ૧૦૦ કરોડ રૂપિયાથી વધારીને ૫૦૦ કરોડ રૂપિયા કરી દીધી હતી. ત્રણેય સેનાઓને ૩૦૦ કરોડ રૂપિયાના ઈમરજન્સી ફાઈનાન્સિયલનો પાવર પણ આપવામાં આવ્યો હતો જેથી કરીને તેઓ યુદ્ધ લડવામાં કામ આવનાર કોઈપણ સાધન ખરીદી શકે છે. ભારત અત્યારે ચીનની સાથે જોડાયેલી સરહદ પર તણાવનો સામનો કરી રહ્યું છે. સાથોસાથ પાકિસ્તાનને અડીને આવેલી સરહદો દ્વારા પણ ઘૂસણખોરીની કોશિષ તેજ થઈ ગઈ છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના જનરલ બિપિન રાવતે કેટલીય વખત ટુ-ફ્રન્ટ વોરની વાત કરી છે. ત્રણેય સેનાઓના પ્રમુખોએ પણ ચીન અને પાકિસ્તાનથી ખતરાને લઈ કેટલીય વખત વાત કરી છે. ચીનની સાથે તણાવની વચ્ચે ભારતે કેટલાંય પ્રકારના રક્ષા સોદા કર્યા છે. આ સિવાય કેટલીય સ્વદેશી ડિફેન્સ અને મિસાઈલ સિસ્ટમના પણ ટ્રાયલ કર્યા છે.

યુપીમાં લવ જેહાદના પાંચમાંથી ત્રણ કેસ જૂના, નવા કાયદા હેઠળ તેની પર કેસ ચલાવવા બિન બંધારણીય

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

ઉત્તર પ્રદેશ સરકાર તરફથી તથાકથિત 'લવ જેહાદ'ને ગેરકાયદેસર બનાવવા માટે કાયદો પસાર કર્યા પછીથી આગામી ૧૦ દિવસમાં રાજ્ય પોલીસે લગ્ન માટે બળજબરીપૂર્વક ધર્માંતરણથી સંબંધિત પાંચ કેસ દાખલ કર્યા છે. પરંતુ પાંચમાંથી ત્રણ કેસમાં કથિત અપરાધ કાયદો લાગુ થયા પહેલા થયા હતા. જેનો અર્થ છે કે વિવાદાસ્પદ કાયદા હેઠળ તેમની પર કેસ ચલાવવો બિનબંધારણીય છે. ઉત્તરપ્રદેશ વિધિ વિરૂદ્ધ ધર્મ પરિવર્તન પ્રતિષેધ કાયદો ૨૦૨૦ પર રાજ્યપાલ આંનદીબેન પટેલે ૨૮ નવેમ્બરે હસ્તાક્ષર કર્યા હતા. કાયદાકીય નિષ્ણાંતોએ જણાવ્યું કે જ્યાં સુધી કોર્ટે ફરિયાદ સ્પષ્ટ રીતે આ ઉલ્લેખ નથી કરતી કે ઘટના નવો કાયદો લાગુ થયા પછી જ થઈ છે. પોલીસ તેની હેઠળ કાર્યવાહી કરી શકતી નથી. સુપ્રીમ કોર્ટે તમામ નિર્ણયો દ્વારા આ વ્યવવસ્થા સ્પષ્ટ કરી છે કે નાગરિક કાયદાની વિરૂદ્ધ ખાસ કરીને ટેક્સ વગેરેથી સંબંધિત કાયદાની વિરૂદ્ધ દંડ સંહિતાના કેસમાં પાછલી તારીખોથી અમલ થઈ શકતો નથી. રાજ્યના એડીશનલ પોલીસ મહાનિર્દેશક પ્રશાંત કુમારે જણાવ્યું કે નિર્દેશ સ્પષ્ટ છે. કાયદાનો દુરૂપયોગ કરવો જોઈએ નહીં. તેમણે તેની પર સંમતિ વ્યક્ત કરી કે પહેલાના મામલાઓમાં તેને લાગુ કરી શકાય નહીં. જો કોઈને લાગે છે કે કંઈ ખોટું થયું છે અને તેને ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે તો અમે કાર્યવાહી કરીશું. ભુલને સુધારવા માટે ઉપાય કરવામાં આવશે.

મામલા : યુપી પોલીસે બરેલીમાં બળજબરીપૂર્વક ધર્માંતરણના બે કેસ દાખલ કર્યા છે અને સીતાપુર, મુરાદાબાદ અને મઉમાં એક-એક કેસ દાખલ થયા છે. પ્રથમ કેસ ૨ ડિસેમ્બરે બરેલીમાં સામે આવ્યો જ્યાં એક પિતા દ્વારા દાખલ ફરિયાદમાં ઉવેસ અહેમદ નામના એક વ્યક્તિ પર તેની દીકરીને ઈસ્લામ ધર્મ અપનાવવા માટે વિવશ કરી ફોસલાવવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. એફઆઈઆરમાં અપરાધની તારીખનો ઉલ્લેખ નથી અને માત્ર અહેમદ પર યુવતીના પરિવારને ધમકી આપવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. જો કે અહેમદનો દાવો છે કે તે જૂનમાં યુવતીના લગ્ન થયા પછીથી તેના સંપર્કમાં નહતો માટે એફઆઈઆરની કાયદેસરતા પર પ્રશ્ન ઉભા થાય છે.

બરેલીમાં જ બીજો કેસ એક વૈવાહિક વિવાદનો છે. જ્યાં એક હિન્દુ મહિલાએ પોતાના મુસ્લિમ પતિ પર તેને લગ્નની લાલચ આપીને લવ-જેહાદનો આરોપ લગાવ્યો છે. તેણે ૨૭ નવેમ્બરે બળાત્કાર સહિત આઈપીસીની વિવિધ કલમોમાં કેસ દાખલ કરાવ્યો. પોતાની સાથે એક વર્ષ રહ્યા પછી મહિલા પોલીસ પાસે ગઈ, જ્યારે તેણે કથિત રીતે લગ્નની નોંધણી કરાવવાથી ઈન્કાર કરી દીધો હતો. આ કેસમાં પોલીસે નવા એનટી લવ જેહાદ કાયદાની કલમો જોડવાથી ઈન્કાર કરી દીધો. કારણ કે કથિત અપરાધ તેના લાગુ થયા પહેલા થયો. પરંતુ સીતાપુર અને મુરાદાબાદમાં તેની હેઠળના કેસોમાં આ કાયદો અમલમાં લાવવામાં આવ્યો. મઉની ઘટના સંભવિત એક માત્ર એવો કેસ છે જે નવા કાયદાના દાયરામાં આવે છે. અહીં ૧૪ વ્યક્તિઓની ૩૦ નવેમ્બરે

લગ્નની પૂર્વ સાંજે ૨૭ વર્ષીય યુવતીના અપહરણના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે.

સ્થાનિક પોલીસનું શું કહેવું છે :

બરેલીના બીજા કેસ અંગે ભ્રમની સ્થિતિ છે. મીડિયા રિપોર્ટમાં તેને લવ જેહાદથી સંબંધિત કેસ તરીકે રજૂ કરવામાં આવી રહ્યો છે. પરંતુ પોલીસે આ વાત પર ભાર આપી રહી છે કે તે નવા કાયદાની જોગવાઈઓને લાગુ કરશે નહીં કારણ કે તે નવા કાયદાની જોગવાઈઓને લાગુ કરી શકતા નથી. આ ઘટના તેને અમલમાં આવવા પહેલા થઈ હતી. એસએસપી મુરાદાબાદના જનસંપર્ક અધિકારીએ આ વાતથી ઈન્કાર કર્યો કે પોલીસે જૂના કેસમાં નવા કાયદાની કલમો જોડી છે. બરેલી ગામના ઉપ મહાનિરીક્ષક રાજેશ પાંડેએ પણ કાયદાની કલમો પહેલાના કેસમાં જોડવાની વાતથી ઈન્કાર કર્યો. તેમણે જણાવ્યું કે કાયદો અમલમાં આવ્યા પછી જે બળજબરીપૂર્વક ધર્મ પરિવર્તન કરાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ત્યારે જ કોઈ મહિલા અથવા પુરૂષની ફરિયાદ પર વિચાર કરવામાં આવશે.

કાયદાકીય સ્થિતિ :

ઉત્તરપ્રદેશ વિધિ વિરૂદ્ધ ધર્મ પરિવર્તન પ્રતિષેધ કાયદાની કલમ ૩માં લગ્ન માટે બળજબરી અથવા લગ્ન દ્વારા ધર્માંતરણને ગેરકાયદેસર માનવામાં આવ્યું છે. કલમ ૧૧માં આ અપરાધ હેઠળ આવવા માટે અપરાધિક કાર્યવાહીની પરવાનગી આપે છે. પરંતુ અત્યારે દાખલ ત્રણેય કેસમાં કાયદો લાગુ થયા પહેલાની ઘટનાઓમાં તેને લાગુ કરવો બંધારણની કલમ ૨૦ની વિરૂદ્ધ છે. કોઈ કાયદો પૂર્વવ્યાપી રીતે માત્ર ત્યારે લાગુ કરી શકાય છે. જો તેને એવી રીતે સંશોધિત કરવામાં આવ્યો હોય કે ફરિયાદીને કોઈ પ્રકારનો લાભ મળી શકે અથવા તો પછી સ્પષ્ટ રીતે તેને લાગુ કરવાનો ઉલ્લેખ હોય. સુપ્રીમ કોર્ટના વકીલ સૌરાભ કૃપાલે ધરપકડોને નિંદનીય ગણાવી છે. તેમણે જણાવ્યું કે ત્યારે તો કોઈ પણ નાગરિક ભયમુક્ત જીવન જીવવા માટે સ્વતંત્ર નહીં હોય જ્યારે તેનું કોઈ પણ કૃત્ય ક્યારે પણ ભવિષ્યમાં અપરાધ જાહેર થવાની આશંકા બની હોય. વકીલ જ્ઞાનંત સિંહે પણ તેનાથી સંમતિ વ્યક્ત કરતા જણાવ્યું કે યુપી પોલીસ જે કર્યું છે તે નિશ્ચિત રીતે સ્થાપિત ન્યાય વ્યવસ્થાની તદ્દન વિરૂદ્ધ છે.

(સૌ. : ધ પ્રિન્ટ.ઈન)

પૂર્વ સનદી અધિકારીઓ કહે છે, 'આપણાં ખેડૂત ખાલિસ્તાનીઓ નથી'

(એજન્સી) તા.૧૩

પોતાના જ અન્નદાતાઓને વિભાજનકારી કહેવા

અમે ઓલ ઈન્ડિયા અને સેન્ટ્રલ સર્વિસીસ સાથે જોડાયેલા પૂર્વ સનદી અધિકારીઓનું એક જૂથ છીએ જેમણે કેન્દ્ર સરકાર તેમજ ભારતની વિવિધ રાજ્ય સરકારોમાં કામ કર્યું છે. એક જૂથ તરીકે, અમારે રાજકીય પક્ષ સાથે કોઈ જોડાણ નથી, પરંતુ અમે પોતાને ભારતના બંધારણ માટે તટસ્થ, નિષ્પક્ષ અને પ્રતિબદ્ધ હોવાનું માનીએ છીએ. ખેડૂત સંગઠનો અને ભારત સરકાર વચ્ચે અનેક રાઉન્ડની વાટાઘાટો પરિણામ લાવવામાં નિષ્ફળ ગઈ, તે પછી ૮મી ડિસેમ્બરના રોજ ભારતબંધનું એલાન આપવામાં આવ્યું હતું અમે અહીં આ કાયદાઓની લાયકાત અને ગુણો અંગે ચર્ચા કરવા માંગતા નથી, પરંતુ બંધારણીય જોગવાઈઓનું ઉલ્લંઘન અને આ ગાથામાં લોકશાહી પ્રક્રિયાઓના ભંગાણ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. બંધારણના સંઘીય બંધારણ અને રાજ્ય-વિશિષ્ટ જરૂરિયાતોની વિવિધતાને ધ્યાનમાં રાખીને, બંધારણની સાતમી સૂચિમાં સૂચિ-૨ની એન્ટ્રી ૧૪માં "કૃષિ" છે. આ સૂચિમાંના વિષયો રાજ્યોના વિશિષ્ટ કાયદાકીય અધિકારક્ષેત્રમાં છે અને તેથી ખાતરીપૂર્વક દલીલ કરવામાં આવી છે કે પસાર કરેલા કાયદો ગેરબંધારણીય છે. ગેરબંધારણીયતા સિવાય, તે બંધારણના સંઘીય પાત્ર પર હુમલો કરે છે.

કાયદાકીય પ્રક્રિયા પહેલા ખેડૂતોના પ્રતિનિધિઓ સાથે કોઈ સલાહ-સૂચન કરવામાં આવ્યું ન હતું. પ્રચંડ રોગચાળા દરમિયાન વટહુકમો જારી કરવામાં આવ્યા હતા. સપ્ટેમ્બર, ૨૦૨૦માં સંસદમાં બિલ રજૂ કરવામાં આવ્યું ત્યારે તેને સંસદીય સમિતિઓમાં મોકલવાની માંગને નકારી કાઢવામાં આવી હતી. સવાલ મુખ્યત્વે એ ઉઠાવવામાં આવ્યો છે કેઃ શું આ માનીને કાયદો પસાર કરવામાં આવ્યો હતો કે રોગચાળા દરમિયાન જાહેરસભાઓ પરના પ્રતિબંધોને કારણે, સંગઠિત વિરોધ શક્ય નહીં હોય ? આ બધી ક્રિયાઓમાં જે નોંધનીય અને સામાન્ય એ છે કે અસરગ્રસ્ત લોકોની સલાહ લેવામાં આવી ન હતી અને ત્યારબાદ વાતચીત નહીં કરવાનો નિર્ણય લીધો હતો. અસંમત એવા બધાને લેબલ લગાડવાનો સરળ વિકલ્પ તેમને "રાષ્ટ્રવિરોધી", "પાકિસ્તાન તરફી", "એવોર્ડ-વાપ્સી ગેંગ", "શહેરી નક્સલીઓ" અને "ખાન માર્કેટ ગેંગ" કહેવાનો છે. ખેડૂતોનું આંદોલન શાંતિપૂર્ણ રહ્યું છે અને તે વિરોધના તેમના બંધારણીય અને લોકશાહી અધિકારમાં છે. તેમ છતાં, તેઓ પર ટીયરગેસ અને પાણીનો મારો ચલાવવામાં આવ્યો જ્યારે ખેડૂતો સ્પષ્ટ રીતે રાજકીય પક્ષોને અળગા રાખે છે ત્યારે તેમને ખાલીસ્તાનીઓ કહેવા દુર્ભાગ્યપૂર્ણ છે. વિરોધ ઘણા રાજ્યોમાં ફેલાઈ ગયો છે અને ઘણા અન્ય જૂથો દ્વારા તેનું સમર્થન કરવામાં આવી રહ્યું છે, તેમ છતાં મોટા ભાગે સરકાર સાથે સંકળાયેલ મીડિયા તેની સાચી તીવ્રતા અને પહોંચની જાણ કરવાનો ઈન્કાર કરે છે. બંધારણીય સ્વતંત્રતાઓ માટે ઊભા રહેનારા ભૂતપૂર્વ નાગરિક સેવકો તરીકેની અમારી ક્ષમતામાં, અમે ખેડૂતો અને અન્ય લોકો દ્વારા શાંતિપૂર્ણ વિરોધના લોકશાહી અને બંધારણીય હક માટેના સમર્થન પર ભાર મૂકવા માંગીએ છીએ.

આ સમય છે કે શાસકો, કરવામાં આવેલી માંગણીઓને સાંભળે અને લોકશાહી પરંપરાઓ, સંસદની અંદર અને બહાર સંવાદ કરીને, કાર્યવાહી અને વ્યવહાર પ્રત્યેના આદરને દર્શાવે.

(સૌ. : ધ સિટીઝન.ઈન)

'જે લોકો ગુણવત્તાવાળી સંસ્થાઓ વિકસાવવાની વાત કરે છે તેઓ જ JNUનો વિનાશ કરવા પાછળ છે'

રોમિલા થાપરે કહ્યું, ''આ એક અપવાદરૂપ યુનિવર્સિટી હતી, તે અપવાદવાદ હવે અસ્તિત્વમાં નથી તે જોઈને ખૂબ જ દુઃખ થાય છે. કદાચ તે પાછો આવશે''

(એજન્સી) તા.૧૩

શુક્રવારે એક પુસ્તકના લોકાર્પણ સમયે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)ના પૂર્વ અધ્યક્ષ સુખદેવ થોરાતે કહ્યું કે જે લોકો "ગુણવત્તાવાળી સંસ્થાઓ" બનાવવાની વાત કરે છે તેઓ જ જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (JNU)ના "વિનાશ" માટે જવાબદાર છે. ઈતિહાસકાર રોમિલા થાપરે એમ પણ કહ્યું હતું કે જે વસ્તુએ યુનિવર્સિટીને ''અપવાદરૂપ'' બનાવી હતી તે હવે નથી. થાપરે કહ્યું, ''આ એક અપવાદરૂપ યુનિવર્સિટી હતી, તે અપવાદવાદ હવે અસ્તિત્વમાં નથી તે જોઈને ખૂબ જ દુઃખ થાય છે. કદાચ તે પાછો આવશે.'' થાપરે યાદ કર્યું, ''આપણે બધાં અલબત્ત જાણીએ છીએ, અફસોસ કે, અહીં એવા કુલપતિઓ અને ફેકલ્ટીઓ છે કે જેમની પાસે દૃષ્ટિ અને પ્રતિબદ્ધતાનો અભાવ છે અને જેઓ સ્વતંત્ર રીતે વિચારવાનો અને બોલવાનો અધિકાર આપતા નથી. આવા લોકો એક સારૂ

રોમિલા થાપર આ કાર્યક્રમના વક્તાઓમાં સામેલ હતા.

શિક્ષણ સ્થાન આપી શકે છે પરંતુ આ અનન્ય યુનિવર્સિટીને શ્રેષ્ઠ ક્યારેય બનાવતું નથી. જો આપણે શ્રેષ્ઠતાની યુનિવર્સિટીની વાત કરીએ, તો આપણે તેનો અર્થ શું છે તે જાણવું જોઈએ." થોરાટે JNUને મુખ્યત્વે બે કારણોસર "અનન્ય પ્રયોગ" અને "ચમત્કાર" તરીકે ઓળખાવી હતી - તેના ઉચ્ચ શૈક્ષણિક ધોરણો અને તેની પ્રવેશ નીતિએ તેને સર્વસામાન્ય પાત્ર આપ્યું છે. સ્વરાજ ઈન્ડિયાના નેતા અને JNUના ભૂતપૂર્વ વિદ્યાર્થી યોગેન્દ્ર યાદવે યુનિવર્સિટીમાં ૫ જાન્યુઆરીની હિંસા વિશે જણાવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો પર નિર્દયતાથી હુમલો કરવામાં આવ્યો હતો, જેએનયુ સાથેના તેના "અસ્વસ્થ સંબંધો" બદલાયા હતા. યાદવે કહ્યું કે, ''JNU વિરૂદ્ધ જાહેર અભિયાન એ યુનિવર્સિટીના વિચાર, બૌદ્ધિકવાદ અને વધુ માનવતાવાદી દેશ નિર્માણની વિરૂદ્ધ એક અભિયાન છે." પુસ્તક વિશે બોલતા સંપાદક નીલાદ્રી ભટ્ટાચાર્યએ કહ્યું હતું કે, ''નિબંધો ફક્ત ભૂતકાળમાં લઈ જવા માટે જ નથી, પરંતુ સંસ્થામાં શું થાય છે તે અનુભવોનું પ્રતિબિંબ છે અને લોકો કેવી રીતે આવે છે અને આજે શું છે. આ રોજિંદા એન્કાઉન્ટર અને સામાજિક ક્રિયાપ્રતિક્રિયાઓ દ્વારા સમય જતાં પોતાને કેવી રીતે તૈયાર કરે છે." જાનકી નાયરે કહ્યું, "અમે તેને ફક્ત એક નજીવા પ્રોજેક્ટના પ્રથમ પગલા તરીકે જોઈએ છીએ જે વધુ લાંબો અને વિગતવાર હોવો જોઈએ."

- અરણ્યા શંકર

(સૌ. : ઈન્ડિયન એક્સપ્રેસ.કોમ)

વડોદરા શહેરમાં ચકચાર જગાવનાર

સગીરા પર દુષ્કર્મ આચરનાર બે નરાધમોએ કોર્ટમાં મૂકેલી જામીન અરજી

વડોદરા, તા.૧૩

શહેરમાં ચકચાર મચવનાર નવલખી રેપ કાંડના આરોપીઓ પોલીસ પકડમાં આવ્યા બાદ છેલ્લા એક વર્ષ જેટલા સમયથી જેલ વાસ ભોગવી રહેલાં છે. ત્યારે કોરોના સહોત અનેક કારણો દર્શાવી તેમણે જામીન મેળવવા કોર્ટમાં અરજી કરી છે. જેથી આ મામલે હવે વધુ સુનાવણી હાથ ધરાશે.

ઉલ્લેખનિય છે કે, ૧૪ વર્ષીય સગીરા રાત્રીના સમયે તેના મિત્ર સાથે નવલખી કમ્પાઉન્માં બેઠી હતી. ત્યારે અચાનક પાછળથી આવેલા બે શખ્સો કિશન અને જશાએ યુવકને માર મારી ભગાવી મુક્યો હતો. જયારે સગીરાને ઝાડીઓમાં લઇ જઇ તેની સાથે બન્ને દુષ્કર્મ આચરી કરાર થઇ ગયા હતા. લાંબા સમય સુધી ઝાડીઓમાં અર્ધબેભાન પળી રહેલી સગીર પીડીતા હેમખેમ અંધારામાં રસ્તા શોધી બહાર નિકળી ક્રિકેટ ગ્રાઉન્ડના સિક્યુરીટી ગાડ પાસે પહોંચી હતી. ત્યારબાદ સમગ્ર ઘટના પ્રકાશમાં આવતા રાવપુરા પોલીસ સ્ટેશન ખાતે દુષ્કર્મની કરીયાદ નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રોગતિમાન કરાયા હતા.

નવલખીમાં સગીરા પર થયેલા બળાત્કારના બનાવના પડઘા સમગ્ર રાજયામાં પડ્યાં હતા. વડોદરા શહેર પોલીસ સહોત તમામ એજન્સીઓ આરોપીઓને ઝવપી પાડવા કામે લાગે હતી. પોલીસે આ તપાસ દરમિયાન અસંખ્ય લોકોની કડકાઇથી પુછતાછ કરી હતી. તદઉપરાંત પોલીસે એક્સપર્ટ પાસેથી અનેકો વખત આરોપીઓના સ્કેચ પણ તૈયારી કરી જાહેર કર્યા હતા. છતાય પોલીસને કોઇ સફળતા મળી ન હતી. તેવામાં અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ પણ આ તપાસમાં જોડાઇ અને મહત્વની કડી તેમના હાથે લાગે હતી. જેમાં મોબાઇલ લોકેશનના આધારે કિશન અને જશાને ટ્રેસ કરી વડોદરા તરસાલી વિસ્તારમાંથી ઝડપી અમદાવાદ ખાતે લઇ જવામાં આવ્યાં હતા. ત્યારબાદ કાનુની પ્રક્રિયા પૂર્ણ કરી નવલખી કાંડના બન્ને આરોપી કિશન અને જશાને વડોદરા ક્રાઇમ બ્રાન્ચને સોંપાયા હતા.

૨૮ નવેમ્બર ૨૦૧૯ના રોજ બનેલી ઘટનાના ૧૨માં દિવસે કિશન અને જશો પોલીસના હાથે ઝડપાયા હતા. પોલીસે આ બન્નેની ધરપકપ કરી ઓળખ પરેડ હાથ ધરી હતી. જયાં મેજીસ્ટ્રેટ સમક્ષ પીડીતાએ બન્નેને ઓળખી પાવ્યાં હતા. પોલીસે બન્નેના રિમાન્ડ મેળવી આંકરી પુછપરછ હાથ ધરી હતી. કિશન અને જશોને સાથે રાખી પોલીસે સમગ્ર ઘટનાનુ રિકન્સટ્રકશન કર્યું હતુ. પોલીસ બનાવ સંબંધીત તમામ જઢરી પુરાવા એકત્ર કર્યા હતા. રિમાન્ડ પૂર્ણ થતાં કિશન અને જશીને કોર્ટમાં રજુ કરવામાં આવ્યાં હતા. જયાં કોર્ટે બન્નેને ૨૧ ડીસેમ્બરના રોજ જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યાં હતા.

જામીન મેળવવા માટે કિશન અને જશોએ કરેલી અરજીમાં જણાવ્યું છે કે, તેઓને છેલ્લા એક વર્ષથી હાઇસિક્યુરીટીમાં રાખવામા આવ્યાં છે. જયાં બેરેકમાં જેલ સત્તાધીશો દ્વારા યોગ્ય સકાઇ કે સેનેટાઇઝ પણ કરવામાં આવતુ નથી. જમવા માટે પણ તેઓને બહાર કાઢવામાં આવતા નથી, તેમજ કિશનની તબીયત અવાર નવાર બગડે છે. તેનો કોવિપ ટેસ્ટ પણ કરાવવામાં આવતો નથી. તથા પારિવારીક રજૂઆતો દર્શાવતી જામીન અરજી કરવામાં આવી છે. જોકે વકીલ મારફતે કરવામાં આવેલી જામીન અરજી અંગે આગામી દિવસોમાં આ મામલે વધુ સુનાવણી હાથ ધરાશે.

ઈનોવા કાર ખરીદી પ્રકરણમાં સુરત પ્રાદેશિક કમિશનર કચેરી દ્વારા

અંકલેશ્વર નગરપાલિકાના તમામ સભ્યોને દસ્તાવેજી પુરાવા સાથે ૨૧મીએ હાજર થવા ફરમાન

અંકલેશ્વર, તા.૧૩

અંકલેશ્વર નગરપાલિકા દ્વારા કારોબારી સમિતિના સભ્યો તરીકેની ફરજ દરમ્યાન સામાન્ય સભામાં પાલિકાના ખર્ચ ભંડોળમાંથી ઈનોવા કાર ખરીદવા માટે રૂપિયા ૧૭ લાખ ઉપરાંત મંજૂર કર્યા હતા અને ઠરાવ પસાર કર્યા બાદ ઈનોવા કાર ખરીદવામાં આવી હતી દરમ્યાન વિરોધ પક્ષના નેતાએ આ બાબતે ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરતા સુરત કમિશનર કચેરી દ્વારા કાર ખરીદવા અંગેનો હુકમ રદ કરી પાલિકા સભ્યો પાસેથી નાણા વસુલ કરવા અંગે હુકમ કર્યો હતો. જે અંગે તા.૨૧મી ડિસેમ્બરના રોજ પ્રાદેશિક કમિશનર કચેરી સુરત ખાતે દસ્તાવેજી પુરાવા સાથે સુનાવણીમાં હાજર રહેવા ફરમાન કર્યું છે. અંકલેશ્વર નગરપાલિકામાં કારોબારી સમિતિના સભ્યો તરીકેની ફરજ દરમ્યાન સરકારી તિજોરીના નાણાનો દુરઉપયોગ કરવા બાબતે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૭૦ મુજબ પગલાં લીધા છે. અંકલેશ્વર નગરપાલિકામાં તા.૬/૩/૨૦૧૬ની સામાન્ય સભાના ઠરાવ નંબર ૪૮ તેમજ તા.૧૭/૩/૨૦૧૬ના ઠરાવ નંબર ૫૧ અને તા.૩૧/૧/૨૦૧૭ની સામાન્ય સભાના ઠરાવ નંબર ૧૩૫થી નવી ઈનોવા કાર ખરીદવા તેમજ ઈનોવા ખરીદવાનો ખર્ચ ભંડોળમાંથી અંદાજિત રૂપિયા ૧૫ લાખ મંજૂર કરવા ઈનોવાના ડીલરના ક્વોટેશન મુજબનો કુલ ખર્ચ ૧૭ લાખ ૭ હજાર મંજૂર કરવા અંગેનો ઠરાવ પસાર કરી ઈનોવાની ખરીદી કરી હતી. જે અંગે પાલિકાના વિરોધ પક્ષના નેતા દ્વારા સંબંધિત ઉચ્ચ અધિકારીઓને ફરિયાદ કરી હતી. જે ફરિયાદના આધારે સુરત પ્રાદેશિક કમિશનરે રૂપિયા ૧૭ લાખ ૭ હજાર મંજૂર કરવા અંગેનો ઠરાવ રદ કરવા અંગેનો હુકમ કરવામાં આવ્યો હતો અને પ્રમુખ સહિતના સભ્યો તરફથી થયેલ કાયદાઓનું ઉલ્લંઘન તથા ગેરવર્તણૂકના કારણે તેઓના વિરૂદ્ધ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૭૦ હેઠળ નાણાં વસુલ કરવાના થતા હોય તેમજ નગરપાલિકાના વહીવટમાં અનિયમિતતાનો તથા સત્તાનો દુરઉપયોગ કરેલ હોવાથી ભાગે પડતી રકમની વસુલાત કેમ ન કરવી જે અંગે આગામી તા.૨૧ ડિસેમ્બરના રોજ બપોરના અરસામાં સુરત પ્રાદેશિક કમિશનર કચેરીની કોર્ટ સમક્ષ તમામ ૩૫ સભ્યોને દસ્તાવેજી પુરાવા સાથે હાજર રહેવાનું જણાવ્યું છે.

ખેડૂત વિભાગમાં ૧૦ સીટ માટે ઉમેદવારો મેદાનમાં

ધોળકા APMCની ચૂંટણીમાં સહકાર વિભાગની બે અને વેપારી વિભાગની ચાર બેઠકો બિનહરીફ

વેપારી વિભાગમાં બિનહરીફ વિજેતા ઉમેદવારો | **સરકારી વિભાગમાં બિનહરીફ વિજેતા ઉમેદવારો**

બાબુભાઈ કેસરીસિંહ ચાવડા

વિપુલભાઈ ચંદ્રકાંતભાઈ પટેલ

મહેન્દ્રસિંહ રણજીતસિંહ ચાવડા

ધવલભાઈ નલીનભાઈ પટેલ

નટવરસિંહ ભગવાનભાઈ દાયમા

પ્રધ્યુમનસિંહ પ્રતાપસિંહ ચાવડા (લાલ)

(સંવાદદાતા દ્વારા)

ધોળકા, તા.૧૩

ધોળકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણીમાં સહકાર વિભાગની ૨ સીટ અને વેપારી વિભાગની ૪ સીટ બિનહરીફ થઈ હતી. જ્યારે ખેડૂતો વિભાગની ૧૦ સીટ માટે ૧૭ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જેની આગામી ૧૮ ડિસેમ્બરના રોજ ચૂંટણી યોજાશે અને ૧૯ ડિસેમ્બરના રોજ મતગણતરી થશે. સ્થાનિક સહકારી સંસ્થાની ચૂંટણીની પ્રક્રિયાથી ધોળકા વિસ્તારના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

ધોળકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC)ની ચૂંટણી સહકાર વિભાગની બે સીટ માટે કુલ ૭ ફોર્મ ભરાયા હતા. જેમાંથી પાંચ ફોર્મ પરત ખેંચી લેવાતા બંને સીટ બિનહરીફ જાહેર થઈ હતી. જેમાં (૧) પ્રધ્યુમનસિંહ પ્રતાપસિંહ ચાવડા (લાલ) સાથળ ગામ અને (૨) નટવરસિંહ ભગવાનભાઈ દાયમા (સિમેજ) બંને .મેદવાર બિનહરીફ વિજેતા જાહેર થયા હતા.

વેપારી વિભાગની ૪ સીટ માટે કુલ ૧૫ ફોર્મ ભરાયા હતા જેમાંથી ૧૧ ફોર્મ પરત ખેંચાતા ૪ સીટ માટે વેપારી વિભાગના (૧) વિપુલભાઈ ચંદ્રકાંતભાઈ પટેલ (૨) ધવલભાઈ નલિનભાઈ પટેલ (૩) બાબુભાઈ કેસરીસિંહ ચાવડા અને (૪) મહેન્દ્રસિંહ ચાવડા આ ચારેય ઉમેદવાર બિનહરીફ વિજેતા જાહેર થયા હતા.

તો ખેડૂત વિભાગની ૧૦ સીટ માટે કુલ ૬૧ ફોર્મ ભરાયા હતા. જેમાંથી ૪૪ ફોર્મ પરત ખેંચાતા કુલ ૧૭ ઉમેદવાર મેદાનમાં રહ્યા હતા. જેથી ૧૦ સીટ માટે ૧૭ ઉમેદવાર વચ્ચે ચૂંટણી તા.૧૮ ડિસેમ્બરના રોજ યોજાનાર છે અને ૧૯ ડિસેમ્બરના રોજ મત ગણતરી યોજાહે. ખેડૂત વિભાગમાં એક પેનલમાં ૧૦ સીટ માટે ૧૦ ઉમેદવારના નામ નક્કી કરી ચૂંટણીમાં ઝપલાવ્યું છે તો સામેની સાઈડ ૭ ઉમેદવારો દ્વારા પેનલમા રહી કે અલગ અલગથી ચૂંટણી લડવા મન બનાવ્યું હોવાનું જણાઈ રહ્યું છે.

માત્ર પ્રમુખ અને એક જ સભ્ય હાજર રહ્યા !

વિરમગામ : મ્યુ. સભ્યોના વિદાય સમારંભમાં જબરજસ્ત ફિયાસ્કો

(સંવાદદાતા દ્વારા)

વિરમગામ, તા.૧૩

વિરમગામ નગરપાલિકા ની ચૂંટાયેલી પાંખની ટર્મ પુરી થતી ટાઉનહોલમાં ૩૬ સદસ્યનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. પણ કલાક સુધી કોઈ ન આવતા નાછુંટકે કર્મચારીગણ અને થોડીક વ્યક્તિઓની હાજરીમાં કાર્યક્રમ કરવો પડ્યો. જેમાં પ્રમુખ અને માત્ર એક જ સદસ્ય હાજર રહ્યા. બાકીના ૩૪ સદસ્ય ગેરહાજર રહ્યા. ના કોઈ ગ્રામજનો ના કોઈ વેપારી કે ના કોઈ પક્ષના હોદેદારે હાજરી આપી. ખુરશીઓ ખાલીખમ જોવા મળી. કોઈપણ નેતાને વાહ-વાહી માટે પ્રજાહિતમાં સારા કામ અથવા સારા વ્યવહાર હોવા જોઈએ. આજના સમારંભ પરથી અનુમાન લગાવી શકો છો કે સદસ્યો અને નગરજનોમાં કેટલો છૂપો રોષ છે.

આમ તો વિરમગામ વર્ષોથી વિકાસ ઝંખી રહ્યો છે પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં જે પ્રમાણે સરકારે ગ્રાન્ટ ફાળવી છે એ પ્રમાણે ગામનો બોહળો વિકાસ થવો જોઈએ એની જગ્યાએ ગામનો નિકાસ થવા પામ્યો છે. આજે વિરમગામ પછીના શહેરોની પરિસ્થિતિ જોઈએ તો વિરમગામ માટે દુઃખ થાય છે.

કોડીનારમાં નિરાધારોને ધાબળાનું વિતરણ

કોડીનાર, તા.૧૩

મામાલતદાર કોડીનાર સંજયસિંહ અશ્વાર તરફથી અને જીવનદીપ હેલ્થ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ, ગોહિલની ખાણ, ચોરવાડી મંદિરની બાજુમાં કોડીનાર અને માં ભગવતી સેવા મંડળ - કોડીનારના સંયુક્ત ઉપક્રમે રખડતા ભટકતા મનોઅસ્થિર દિવ્યાંગજનો તથા જરૂરિયાતમંદ લોકોને ઠંડીથી બચવા માટે મામાલતદાર સંજયસિંહ અશ્વાર હસ્તે ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે માં ભગવતી સેવા મંડળ તથા જીવનદીપ હેલ્થ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકર્તા મિત્રો હાજર રહ્યા હતા.

રાંદેરમાં મહિલાના ગળામાંથી સોનાની ચેઈન આંચકી સ્નેચરો ફરાર

સુરત, તા.૧૩

રાંદેરના તાડવાડી વિસ્તારના બેજનવાલા કોમ્પ્લેક્ષની બાજુમાંથી પસાર થતા કોઝવે રોડ સ્થિત આસોપાલવ એપાટમેન્ટની નજીક ધનલક્ષ્મી રો-હાઉસમાં રહેતા ૪૧ વષિય અંજના અમિત ટર્ંેલ નાનપુરાના પદમ આર્કેડમાં ભવ્ય કન્સલટન્સી ખાતેની ઓફિસેથી પરત ઘરે જવા નીકળ્યા હતા. અને પાલનપુર પાટિયા સ્થિત શાકમાર્કેટમાંથી શાકભાજી લઈ પરત ઘરે જઈ રહ્યા હતા. દરમ્યાન મોટરસાઈકલ પર માસ્ક પહેરેલા બે સ્નેચરો ધસી આવ્યા હતા. જે પૈકી પાછળ બેસેલા સ્નેચરે અંજનાબેનના ગળામાંથી ૪૫ હજારની કિંમતની સોનાની ચેઈન આંચકીને ભાગી ગયા હતા. ઘટના અંગે અંજનાબેને રાંદેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોશીનાના લાબડિયા ગામે વેક્સિનેશન માટે ડોર-ટુ-ડોર સર્વે હાથ ધરાયો

પોશીના, તા.૧૩

પોશીના તાલુકાના લાબડિયા ગામે જિલ્લા અધિકારીની સૂચના તેમજ પ્રાંત અધિકારીના માર્ગદર્શન હેઠળ લાબડિયા આદર્શ પ્રાથમિક શાળાના શિક્ષક મિત્રો દ્વારા ૫૦ વર્ષથી ઉપરની તમામ નાગરિકોના આઈડી મોબાઈલ નંબર જેવી વિગતો લઈ, હૃદય, ડાયાબિટીસ, એચઆઈવી, કેન્સર, કિડની જેવા રોગો ધરાવતા નાગરિકોની નોંધ કરવામાં આવી હતી.

ડૉ.ડબાવાલા દર રવિવારે વ્યસન મુક્તિ અંગે ઓનલાઈન માર્ગદર્શન આપશે

અમદાવાદ, તા.૧૩

સૌરાષ્ટ્રના સિનિયર ડૉ.એ.જે.ડબાવાલા દ્વારા દર રવિવારે સવારે ૧૦થી ૧ ઓનલાઈન ૮૧૪૦૫ ૨૬૩૪૯ કોઈપણ વ્યસન અંગે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવશે. જાહેર જનતાએ એમનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

મેઘરજ પંથકમાં કોરોનાને ખૂલ્લું આમંત્રણ

હાલમાં કોરોના સંક્રમણ ખૂબ જ વધી રહ્યું છે પણ ઘણા લોકો માસ્ક પહેરતાં નથી અને ડીસ્ટન્સ પણ જાળવતા નથી. અરવલ્લી જિલ્લાના મુખ્ય માર્ગો અને અંતરિયાળ વિસ્તારોમાં રીક્ષા તેમજ ખાનગી વાહનમાં પેસેન્જરોને ઘેટાં-બકરાની માફક બેસાડીને મુસાફરી સાથે કોરોના ફ્રી આપી રહ્યા હોય તેવો ઘાટ સર્જાયો છે. ખાનગી જીપ ચાલકો મુસાફરોને અંદર અને જીપની બહાર અને ઉપર નીચે ખીચોખીચ મુસાફરો ભરી મોતની સવારી કરાવી રહ્યા હોવા છતાં પોલીસતંત્ર કે આરટીઓ તંત્ર આંખ આડે કાંન કરી રહ્યું છે માટે પોલીસ ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરતા અને કોરોના સંક્રમણની સરકારી ગાઈડલાઈનનું ઉલ્લઘન કરનાર ખાનગી વાહન ચાલકો સામે દંડાત્મક અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરે તે ખૂબ જ જરૂરી બન્યું છે. કોરોનાને ખુલ્લુ આમંત્રણ આપતુ મેઘરજ પંથકનું દૃશ્ય તસવીરમાં દૃશ્યમાન થાય છે. **(તસવીર : યુસુફ જમાદાર, મોડાસા)**

આણંદમાં સતત ત્રીજા દિવસે ગાઢ ધુમ્મસ : વાહનચાલકોને હાલાકી

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૩

આણંદ શહેર સહિત જિલ્લાભરમાં આજે સતત બીજા દિવસે વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાઇ ગયુ હતુ. જેને લઇને માર્ગો ઉપર દસ મીટર દુરનું દૃશ્ય પણ સ્પષ્ટ જોઇ શકાતુ ન હતું. જેને લઇને વાહનચાલકોને પોતાના વાહનોની હેડલાઇટ ચાલુ રાખીને માર્ગ પરથી પસાર થવાની ફરજ પડી હતી. વહેલી સવારથી છવાયેલુ ગાઢ ધુમ્મસ સવારે ૯ વાગ્યા સુધી ગાઢ રહ્યું હતું અને ધીમે-ધીમે ૧૦ વાગ્યા બાદ વિખરાયુ હતું. ગાઢ ધુમ્મસને લઇને ખેડુતોની ચિંતામાં વધારો થયો છે,ચોમાસામાં પાક તૈયાર થયા બાદ અંતિમ ભારે વરસાદમાં પાકને નુકશાન થયા બાદ રવિ સીજનમાં સારો પાક થવાની આશા પર કમોસમી માવઠાએ પાણી ફેરવી દીધું અને હવે છેલ્લા બે દિવસથી ગાઢ ધુમ્મસ પ્રસરતા તમાકુનાં પાક કોકડાઈ જતા નુકશાન થવાની તેમજ શાકભાજી સહીતનાં અન્ય પાકમાં ઈયળો અને ચુસીયા જેવા જીવજંતુઓ પડવાની ભીતી ખેડુતો વ્યકત કરી રહ્યા છે. ગાઢ ધુમ્મસના કારણે આજે દસ મીટર દુર જતા વાહનને પણ સ્પષ્ટ જોઈ શકાય તેમ હતું નહી જેનાં કારણે ઝીરો વીઝીલીબીટી સર્જાતા એકસપ્રેસ-વે તેમજ નેશનલ હાઇવે નં. ૮ ઉપર પણ વાહનચાલકોને પોતાનું વાહન પ્રતિકલાક ૧૦ થી ૨૦ કિમીની ઝડપે હંકારવાની ફરજ પડી હતી.અને વાહનોની હેડલાઈટ સવારે સાડા આઠ વાગ્યા સુધી પણ ચાલુ રાખવી પડી હતી.જયારે ધુમ્મસનાં કારણે હીલ સ્ટેશન જેવું આહલાદક વાતાવરણ સર્જાતા મોસમને માણવાનાં શોખીનો વહેલી સવારે હાઈવે પર વોકીંગ કરવા તેમજ ફરવા માટે અને મોસમનો આનંદ માણવા માટે નિકળી પડયા હતા.

સુરતમાં ૨૭.૯૬ લાખનું યાર્ન ખરીદી ઠગાઈ કરનાર દંપતી સહિત ૪ સામે ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૩

શહેરના રીંગરોડ વિસ્નીતારની રોહન ટેક્સટાઈલમાંથી ૨૭.૯૬ લાખની મત્તાનું યાર્ન ખરીદી પેમેન્ટ માટે વાયદા પર વાયદા કરનાર દંપતી સહિત ચાર વિરૂદ્ધ અઠવાલાઈન્સ પોલીસમાં વિશ્વાસઘાતની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર પાર્લેપોઈન્ટ વિસ્તારની શક્તિ નગર સોસાયટીમાં રહેતા વિનય બ્રિજલાલ ભાટીયા રીંગરોડ સ્થિત આઈ.સી.સી. ટાવરમાં રોહન ટેક્સટાઈલ નામે યાનર્ની પેઢી ધરાવે છે. વિનય બ્રિજલાલ ભાટીયાનો ચારેક વર્ષ અગાઉ ડેલીના સિલ્ક મીલ્સ અને ટીનુ ટેક્ષ નામની પેઢીના વહીવટકર્તા નિરવ અશોક પાનવાલા સાથે પરિચય થયો હતો. નીરવે શરૂઆતમાં યાર્ન ખરીદીનું પેમેન્ટ સમયસર ચૂકવી આપી વિનયનો વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ રોહન ટેક્સટાઈલમાંથી નીરવે ડેલીના સિલ્ક મીલ્સ, ટીનુ ટેક્ષ અને સાગર એન્ટરપ્રાઈઝના નામે કુલ ૨૭.૯૬ લાખનું યાર્ન મંગાવ્યું હતું. આ માલના પૈસા ૩૦ દિવસમાં ચૂકવવાનો વાયદો કર્યો હતો. પરંતુ આજ દિન સુધી પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત કરતા છેવટે અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં પાનવાલા પરિવાર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જેતપુરના કારખાનાઓ દ્વારા ઉબેણ અને ભાદર નદીમાં

ઝેરી કેમિકલવાળું પાણી છોડાતાં ભૂતળમાં પ્રદૂષણની વધતી માત્રા રોકવા માંગ

આવા કારખાનેદારો પર કાયદેસરની કાર્યવાહી કરવા ધારા સભ્ય જોષીની માગણી

જૂનાગઢ, તા.૧૩

જેતપુરના કારખાનાઓ દ્વારા ઉબેણ અને ભાદર નદીમાં ફેલાવવામાં આવતા કેમિકલયુક્ત પાણીને લીધે ઝાલણસર, મજેવડી, માખિયાળા, આંબલિયા, રૂપાવટી, ધંધુસર જેવા ગામોના ભૂતળમાં પ્રદૂષણની વધતી માત્રા રોકવા અને કારખાનેદાર પર કાયદેસરની કાર્યવાહી થવા અર્થે આ પ્રશ્નને ફરિયાદ સમિતિમાં મુકવામાં આવેલ. જે સંદર્ભે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પાણીના સેમ્પલ લેતા આ વિસ્તારમાં ૮%થી વધારે કેમિકલની માત્રા જોવા મળી. પ્રદૂષણ રોકવા આ કારખાનેદાર પર પગલાં લેવા જૂનાગઢ પ્રદૂષણ નિયંત્રણ કચેરી દ્વારા ગાંધીનગર વડી કચેરી ખાતે પૂર્વ મંજૂરી માંગી. જયાં સુધી કારખાનેદાર પર પગલાં ન લેવાય અને પ્રદૂષણ નિયંત્રણ બાબત કોઈ ઠોસ પગલાં ન લેવાય ત્યાં સુધી આ પ્રશ્ન પેન્ડિંગ રાખવા જૂનાગઢના ધારાસભ્ય ભીખાભાઈ જોષીએ જણાવેલ. હવે ૨૦ ડિસેમ્બરના રોજ મળનાર ફરિયાદ સમિતિમાં બોર્ડ દ્વારા આગળની શું કાર્યવાહી થઈ એનો રિવ્યુ લેવાશે.

શિક્ષણ સહાયક ભરતીમાં ૨૦ ટકા વેઈટિંગનો જી.આર. બનાવાતાં ઉમેદવારોની સરકારમાં રજૂઆત

ડિજિટલ યુગમાં ટપાલ લખી પોતાની વેદના સરકાર સુધી પહોંચાડતા ઉમેદવારો

માંગરોળ, તા.૧૩

હાલમાં ચાલી રહેલી શિક્ષણ સહાયક ભરતીમાં સરકાર દ્વારા ૨૦ ટકા વેઈટીંગનો જી.આર. બનાવ્યો છે તે શિક્ષણ સહાયકની ભરતી સાથે બંધ બેસ્તો જ નથી. આથી સરકારી શિક્ષણ સહાયકની ભરતીમાં મોટા પ્રમાણમાં જગ્યાઓ ખાલી રહેશે. આથી શિક્ષણ સહાયકના ઉમેદવારો દરરોજ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી, શિક્ષણ સચિવને ટપાલ લખે છે અને ન્યાયની માગણી કરે છે.

સરકારી ઉચ્ચતર માધ્યમિક કુલ ૬૧૭ જગ્યાઓ પર ભરતી કરવામાં આવી પરંતુ ૬૫ જેટલી જગ્યાઓ જી.આર.ના કારણે ભરાઈ નથી અને સરકારી માધ્યમિકમાં કુલ ૧૩૭૬ જગ્યાઓમાંથી આશરે ૨૦૦ જેટલી જગ્યાઓ ખાલી રહેશે. આથી ભવિ શિક્ષકોમાં ખાસ્સો રોષ જોવા મળ્યો છે. શિક્ષણ સહાયકોની સંપૂર્ણ જગ્યાઓ ન ભરાતા સરકારી શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના અભ્યાસમાં નકારાત્મક અસર પડશે અને શાળાઓમાં શિક્ષકોની ઘટ પણ રહેશે.

આથી ભાવિ શિક્ષકોએ ડિજિટલ યુગમાં પણ ટપાલને મહત્ત્વ આપીને દરરોજ ટપાલ લખીને શિક્ષણ સહાયક ઉમેદવારો પોતાની વેદના સરકાર સુધી પહોંચાડે છે.

મોરબી જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખની રજૂઆત

રાષ્ટ્રનું ચલણ સ્વીકારવાની ના પાડનાર ગુનેગાર : લાલજી મહેતા

મોરબી, તા.૧૩

મોરબીમાં પરચૂરણ માટે વેપારી અને આમ જનતાને હાલાકી ભોગવવી પડે છે. તેવામાં દશના સીક્કા પાંચની નોટ કે અન્ય સિક્કા બેંક જીઈબી બોર્ડ કે પછી વેપારીઓ ગ્રાહક પાસેથી લેવાની ના પાડે છે. જેથી આ રાષ્ટ્રનું ચલણ હોય સ્વીકારવાની ના પાડનાર ગુનેગાર છે. આ અંગે મોરબી શહેર જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતાએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરતા લેખિતમાં જણાવ્યું છે કે, મોરબીમાં ગ્રાહકો પાસેથી દશના સીક્કા અને પાંચની નોટ કે અન્ય સીક્કા વેપારી બેંકો જીઈબી બોર્ડ લેવાની ના પાડે છે. આ રાષ્ટ્રીય ચલણને લેવાની ના પાડે તો તે રાષ્ટ્રનો ગુનેગાર છે. બેંક ગ્રાહકોને સીક્કા આપે છે પણ લેવાની ના પાડે છે. જેથી ગ્રાહકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

રાજ્યમાં ઉર્દૂની ઉચ્ચ પ્રા. શાળાઓમાં ખાલી જગ્યાઓ પર શિક્ષકોની ભરતી કરવા માંગ

ઉર્દૂની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ૮૦થી ૮૫ ટકા જેટલી જગ્યાઓ ખાલી

અમદાવાદ, તા.૧૩

રાજ્યના ઉર્દૂ માધ્યમમાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ખાલી પડેલી ૮૦ ટકા જેટલી જગ્યાઓ પર ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના શિક્ષકોની ભરતી કરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ રાજ્યના શિક્ષણમંત્રી અને પ્રાથમિક શિક્ષણ વિભાગના શિક્ષણ નિયામકને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ આવેદનપત્રમાં જણાવ્યું છે કે, હાલમાં ગુજરાત રાજ્યની ઉર્દૂ શાળાઓ (નગર શિક્ષણ સમિતિ અમદાવાદ, શિક્ષણ સમિતિ સુરત, ગોધરા શિક્ષણ સમિતિ વગેરે)માં અપર પ્રાથમિક શાળામાં બીએસસી, બીએડ ગણિત, વિજ્ઞાન અને અન્ય વિષય સામાજશાસ્ત્ર, ભાષા વગેરેની ૮૦થી ૮૫ ટકા જેટલી જગ્યા ખાલી છે. હાલમાં નગર શિક્ષણ સમિતિ અમદાવાદની ઉપ ઉર્દૂ માધ્યમની અપર પ્રાથમિક શાળાઓમાં માત્ર ૧૨ જેટલા જ બીએસસી, બીએડ, ગણિત, વિજ્ઞાનના શિક્ષકો છે તે જ રીતે ગોધરા, સુરતની ઉર્દૂ માધ્યમની અપર પ્રાથમિક શાળાઓમાં પણ બીએસસી, બીએડ, ગણિત, વિજ્ઞાન શિક્ષકોની ઘટ છે. પાછલા ઘણા સમયથી ઉર્દૂ માધ્યમમાં ભરતી કરવામાં આવી નથી. સદર ખૂટતી જગ્યાઓ ભરવા લાયકાત ધરાવતા બેરોજગાર ઉમેદવારોની નમ્ર વિનંતી છે. હાલમાં એનસીઈઆરટી કોર્સનું માળખું લાગુ થવાથી બીએસસી, એમએસસી, બીએડ અને સીટાટ/ટાટ ટુ પાસ વિશિષ્ટ લાયકાત ધરાવતા શિક્ષકોની ખૂબ જ જરૂરિયાત ઊભી થઈ છે. તેમજ ગુજરાતના વિદ્યાર્થીઓના ભવિષ્ય સંબંધિત ગણિત વિજ્ઞાનમાં રાષ્ટ્રીય સ્તરે વિદ્યાર્થીઓને તૈયાર કરવા તેમજ સક્ષમ બનાવવા નવા કોર્ષ મુજબના શિક્ષકોની તાતી જરૂર છે. જેથી આપને અમારી નમ્ર વિનંતી છે કે ઉર્દૂ માધ્યમમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષકોની ત્વરિત અને ખૂબ જ અગત્યની જરૂરિયાતોને ધ્યાનમાં લેતા તાત્કાલિક અસરથી વર્ષ ૨૦૨૦માં જ ગણિત વિજ્ઞાનના શિક્ષકોની ભરતી કરવામાં આવે. ખૂટતા સામાજિક વિજ્ઞાનના શિક્ષકોની ભરતી કરવામાં આવે, ભાષા અને અન્ય વિષયના શિક્ષકની ભરતી કરવામાં આવે. ઉર્દૂ માધ્યમના વિદ્યાર્થીઓના હિત માટે અમારી માગણી છે. એમ આવેદનપત્રમાં જણાવાયું છે. જો કે, ઉર્દૂ માધ્યમમાં અભ્યાસ કરેલા બીએસસી, એમએસસી, બીએડ, સીટાટ/ટાટ ટુ પાસ તેમજ બીએ, બીએડ, સીટાટ/ટાટ ટુ પાસ બંને પ્રવાહોના ઉમેદવારોની યાદી પણ આવેદનપત્રની સાથે મોકલવામાં આવી હતી.

સ્ટુડન્સ વેલ્ફેર એન્ડ એજ્યુ. ટ્રસ્ટના પ્રમુખ અહેસાન શેખની માંગ

અમદાવાદ મ્યુનિ.ની ઉર્દૂ શાળાઓમાં શિક્ષકોની ભરતી ઓપન કેટેગરીમાં કરો

અમદાવાદ,તા.૧૩

કોરોના મહામારીને લીધે લોકડાઉનને પગલે અનેક મધ્યમવર્ગ અને ગરીબ વર્ગના વિદ્યાર્થીઓને ખાનગી સ્કૂલની ફી પોસાય તેમ નથી. ત્યારે મોટા ભાગના વાલીઓ હવે તેમના બાળકોને ખાનગી શાળામાંથી મ્યુનિસિપલ સંચાલિત શાળાઓમાં શીફટ કરી રહ્યા છે. પરંતુ મ્યુનિસિપલ પ્રાથમિક શાળાઓ લાયકાત ધરાવતા શિક્ષકો વિના જ ચાલી રહી છે. જયારે અમદાવાદના એક શૈક્ષણિક સંસ્થાના પ્રમુખે શિક્ષણમંત્રીને પત્ર લખી અમદાવાદ મ્યુનિસિપલ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં લાયકાત ધરાવતા શિક્ષકોની ભરતી કરવા માંગ કરી છે. તેમજ ઉર્દૂના શિક્ષકોની ભરતી ઓપન કેટેગરીમાં કરવા માંગ કરી છે. સ્ટુડન્ટસ વેલ્ફેર એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ અહેસાન શેખે શિક્ષણમંત્રીને રજૂઆત કરતા જણાવ્યું છે કે અમારા ધ્યાને આવ્યું છે કે અમદાવાદ મ્યુનિ. સંચાલિત ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ છે. તેમાં પણ અમદાવાદની ઉર્દૂ માધ્યમની પ્રાથમિક શાળાઓમાં ૬૦થી વધુ ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. છેલ્લી જુન ૨૦૧૮ની ભરતીમાં અમદાવાદની ઉર્દૂ માધ્યમની શાળાઓમાં ધો.૬થી ૮ માટે ૫૬ શિક્ષકોની જગ્યાઓ અમદાવાદના કવોટામાં બહાર પાડવામાં આવી હતી. પરંતુ અનામત કવોટામાં કોઈ ઉમેદવાર મળ્યા નહીં. એટલે અમારી વિનંતી છે કે અમદાવાદ મ્યુનિ. શાળામાં ઉર્દૂ માધ્યમના શિક્ષકની ભરતી ઓપન કેટેગરીમાં રાખવામાં આવે એમ અહેસાન શેખે જણાવ્યું છે.

શહેરના વેજલપુર વિસ્તારની ઘટના

વહુને લઈને જતાં જાનૈયા અને પોલીસ વચ્ચે ઘર્ષણ : ૧૧ સામે ફરિયાદ

પોલીસ સાથે મારામારીનો વીડિયો વાયરલ

વેજલપુર પોલીસે ત્રણ આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી કરી

અમદાવાદ, તા.૧૩

રાત્રી કર્ફ્યુમાં નીકળેલા પરિવારને પોલીસે હોર્ન અને ચિચ્યારી બોલાવાની ના પાડી તો પોલીસ સાથે મારામારી કરી હતી. આ વીડિયો કોઈ વ્યક્તિએ મોબાઈલમાં લઈને વાયરલ કર્યો છે. તો બીજીતરફ ૧૧ લોકો સામે ગુનો નોંધી ત્રણ લોકોની અટકાયત કરાઈ છે. જે લોકોની પૂછપરછ માં સામે આવ્યું કે, તેઓ વહુને તેડીને ખુશીમાં ને ખુશીમાં આ રીતે નિકળયા હતાં. જોકે, પોલીસે હવે કડક હાથે કાર્યવાહી કરતા આ તમામની મજા સજા બની ગઈ છે. અમદાવાદના વેજલપુર વિસ્તારના સોનલ સિનેમા રોડ પર કર્ફ્યુ બાદ પોલીસ અને કેટલાક વચ્ચે મારામારીની ઘટના પ્રકાશમાં આવી છે. સરકારીની ગાઈડ લાઈન મુજબ રાજયના ચાર મહાનગરમાં ૯ વાગ્યા બાદ કર્ફ્યુ છે. ત્યારે આ કોવિડ ૧૯ ગાઈડ લાઈન મુજબ વેજલપુર પોલીસ શનિવારની રાત્રે અમલવારી કરાવી રહી હતી. ત્યારે જ સોનલ સિનેમા રોડ પર બે એક્ટિવા ચાલક અને બે રિક્ષામાં લોકો સવાર જોરજોરથી હોર્ન અને ચિચ્યારી બોલાવી રહ્યા હતા. જેથી તેઓને પોલીસે રોક્યા હતા. ક્યાં જાવ છો પૂછતાં અમે લગ્ન પ્રસંગ હોય અમે વહુને તેડીને જઈએ છીએ કહ્યું હતું. પોલીસે કરફ્યુ અમલમાં છે માટે શાંતિથી હોર્ન વગાડ્યા વગર જાવ કહેતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતાં. પોલીસ સાથે બોલાચાલી અને ઝપાઝપી કરી હતી. દરમ્યાનમાં અન્ય પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી ત્યારે તમામ ૧૧ જેટલા લોકોએ ભેગા મળી પોલીસકર્મીઓ પર હુમલો કર્યો હતો અને મારામારી શરૂ કરી દીધી હતી. બે પોલીસકર્મીઓને લાકડી મારતા તેઓને ઈજા થઈ હતી. પોલીસે ત્રણ લોકોને ઝડપી લીધા હતા જ્યારે અન્ય લોકો ફરાર થઈ ગયા હતા. વેજલપુર પોલીસે મહિલાઓ સહિત ૧૧ લોકો સામે પોલીસ પર હુમલો અને રાયોટિંગનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

અમદાવાદના કાલુપુર વિસ્તારની ઘટના

રિક્ષામાં બેસી ચાલકને માર મારી લૂંટારૂ રિક્ષા લૂંટી ગયો

પેસેન્જરના સ્વાંગમાં બેઠેલા લૂંટારૂએ અન્ય એક આરોપી સાથે મળીને રિક્ષા ચાલકને માર મારી ગુનાને અંજામ આપ્યો

અમદાવાદ, તા.૧૩

અત્યાર સુધી રિક્ષામાં પેસેન્જરને બેસાડીને નજર ચૂકવી ચોરી થઈ હોવાના અનેક બનાવો સામે આવ્યા છે. પરંતુ શહેરના કાલુપુર વિસ્તારમાં એક રિક્ષા ચાલક પેસેન્જર બેસાડવો ભારે પડ્યો છે. પેસેન્જરના સ્વાંગમાં બેઠેલા લૂંટારુએ અન્ય એક આરોપી સાથે મળીને રિક્ષા ચાલકને માર મારી રિક્ષાની લૂંટ ચલાવી છે. નિકોલ વિસ્તારમાં રહેતા પીન્ટુભાઈ રાજપૂતે પોલીસ ફરિયાદ આપી છે કે, તે અને તેનો મિત્ર મહેન્દ્ર કાલુપુર શટલ મારવા માટે રિક્ષા લઈને નીકળ્યા હતા. જોકે, ફરિયાદીને સરસપુર ખાતે પેશાબ કરવા માટે રિક્ષામાંથી નીચે ઉતરતા મહેન્દ્ર રિક્ષા લઈને જતો રહ્યો હતો. અને બાદમાં થોડીવાર રહીને મહેન્દ્રએ ફરિયાદીને ફોન કરીને જણાવેલ કે તે રિક્ષા લઈને કાલુપુર શટલ મારી રહ્યો હતો ત્યારે એક યુવાને તેને કાલુપુર બ્રિજ પર લઈ જવા માટે કહ્યું હતું. જેથી તેણે આ પેસેન્જરને બેસાડી કાલુપુર બ્રિજ પર ઉતર્યો હતો. જ્યાં અગાઉથી જ અન્ય એક યુવાન ઊભો હતો અને આ બંનેએ ભેગા થઈ તેને માર મારી રિક્ષા લઈને પલાયન થઈ ગયા છે. જેથી ફરિયાદી પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા અને તેના મિત્ર મહેન્દ્રએ કહેલ વાત ગળેના ઉતરતા આસપાસના વિસ્તારમાં રિક્ષાની શોધખોળ કરી હતી. પરંતુ રિક્ષા મળી આવી ના હતી. અંતે તેમણે પોલીસને આ બાબતની જાણ કરતા પોલીસે ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

બજેટ મસલત : સીતારમણની આજે ઉદ્યોગપતિઓ સાથે બેઠક

(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્રીય નાણાંપ્રધાન નિર્મલા સીતારામન ૨૦૨૧ની ૧ ફેબ્રુઆરીએ 'મોદી ૨.૦' સરકારમાં પોતાનું બીજું કેન્દ્રીય બજેટ રજૂ કરે એવી ધારણા છે. બજેટ અંગે મસલત કરવા સીતારામન આવતીકાલે દેશના ટોચના ઉદ્યોગપતિઓ સાથે બેઠક યોજશે, જે બજેટ-પૂર્વે આ પ્રકારની પહેલી બેઠક હશે. આ બેઠક વર્ચ્યુઅલ માધ્યમથી યોજાશે. એક સામાન્ય પ્રથા છે જેમાં કેન્દ્રીય નાણાંપ્રધાન બજેટ રજૂ કરતા પૂર્વે મસલતની પ્રક્રિયા અંતર્ગત ખેડૂતોના સંગઠનો, અર્થશાસ્ત્રીઓ, સિવિલ સમાજ અને ઉદ્યોગક્ષેત્રની સંસ્થાઓ સહિત અનેક લાગતાવળગતા આગેવાનોને મળતાં હોય છે.

'ગુજરાત મોડલનો ભાંડો ફોડશે'નો હૂંકાર

અરવલ્લી : ગુજરાત કિસાન સભાના ૫૦ ખેડૂતોની દિલ્હી તરફ કૂચ

ખેડૂત આંદોલનને સમર્થન આપવા ત્રણ દિવસ રોકાણ કરશે

મોડાસા, તા.૧૩

ભારત બંધમાં ગુજરાતના ગામડાઓમાં વ્યાપક પ્રતિસાદ સાંપડતા ભાજપ સરકારની ચિંતા વધી છે. ત્યારે સેન્ટર ઓફ ટ્રેડ યુનિયન્સની ગુજરાત કિસાન સભાના અરવલ્લી, સાબરકાંઠા અને દાહોદ જિલ્લાના ૫૦ ખેડૂતોએ દિલ્હી બોર્ડર પર કૃષિ બિલ રદ કરવાની માંગ સાથે આંદોલન કરી રહેલા ખેડૂતોના સમર્થનમાં ત્રણ દિવસ રોકાણ કરી ગુજરાત મોડલનો ભાંડો ફોડશે.

ગુજરાત કિસાન સભાના પ્રમુખ ભલાભાઈ ખાંટ અને કામદાર યુનિયન માટે લડત લડતા ડાહ્યાભાઈ જાદવની આગેવાની હેઠળ અરવલ્લી, સાબરકાંઠા અને દાહોદના ૫૦ ખેડૂતો રવિવારે દિલ્હી તરફ કૂચ કરી હતી અને કૃષિ બિલમાં રહેલા ખેડૂત વિરોધી ત્રણ કાયદા રદ કરવાની માંગ પર અડગ રહેશે અને ગુજરાત મોડલનો ભાંડો ફોડવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી હતી. ડાહ્યાભાઈ જાદવના જણાવ્યા અનુસાર ભાજપ સરકાર બિનલોકશાહી પદ્ધતિ અપનાવી ખેડૂતોને અવાજ દબાવવા માંગે છે પણ ખેડૂતો કોઈપણ ભોગે જિલ્લા મથકોએ તબક્કાવાર દિલ્હી બોર્ડર પહોંચશે અને આંદોલનમાં હિસ્સો લેશે.

૪૫ કરોડના ખર્ચે બનેલી

દેશની પ્રથમ ડિજિટલ શામળાજી-રતનપુર ચેકપોસ્ટ ખંડેર હાલતમાં

ચેકપોસ્ટ અસામાજિક તત્ત્વોનો અડ્ડો બની ગઈ : બારી-બારણા - ફર્નિચર ચોરાઈ ગયા

મોડાસા, તા.૧૩

રાજ્યમાં સૌથી વધુ આવક ધરાવતી શામળાજી ચેકપોસ્ટને અંદાજે ૫ કરોડથી વધુના ખર્ચે આધુનિકરણ કરાઈ અને દેશની પ્રથમ ડિજિટલ ચેકપોસ્ટ બનાવવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી.એક વર્ષ અગાઉ રાજ્ય સરકારે રાજ્યની ૧૬ ચેકપોસ્ટ નાબૂદ કરવાનો નિર્ણય લીધા બાદ રાજ્યની સૌથી વધુ આવક ધરાવતી શામળાજી ચેકપોસ્ટનો સૂર્યાસ્ત થયો હતો ચેકપોસ્ટ બંધ થયા બાદ જાણે ચેકપોસ્ટને નધણિયાત છોડી દેવામાં આવી હોય તેમ આરટીઓ ચેકપોસ્ટના બારી બારણા અને ફર્નિચર પણ ચોરાઈ જતા ખંડેર હાલતમાં જોવા મળી રહી છે આ ચેકપોસ્ટ પર અસામાજીક તત્ત્વો પણ અડ્ડો જમાવતા હોવાની બૂમો ઉઠી રહી છે ત્યારે લોકોના ટેક્સના રૂપિયાનો દૂર ઉપયોગ થઈ રહ્યો હોય અને જવાબદાર તંત્રનો અણધડ વહીવટથી લોકોમાં

રોષ જોવા મળી રહ્યો છે. અસમાજિક તત્ત્વો પણ અડ્ડો જમાવતા આ આરટીઓ કચેરીમાં કોઈ ગુન્હાહીત પ્રવૃત્તિને અંજામ આપે તે પહેલા આરટીઓ કચેરીને ઉતારી લેવામાં આવે કે, પછી યોગ્ય જાળવણી કરવા માટે પગલા ભરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

સંસ્થા સમાચાર

હાલ કોરોનાને કારણે શહેરની હોસ્પિટલોમાં બ્લડની અછત હોવાની ફરિયાદો ઊઠવા પામી છે, તેમજ આ મહામારીને કારણે બ્લડ ડોનેટ કરનારા લોકોની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો છે ત્યારે અમદાવાદ સ્થિત સેવાભાવી સંસ્થા ઉમ્મત માનવતા વેલ્ફેર એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અવાર-નવાર બ્લડ ડોનેશન કેમ્પ યોજી બ્લડની અછત નિવારવા પ્રયાસો કરવામાં આવે છે, જેથી સંકટ કે જરૂરતના સમયમાં દર્દીને પૂરતાં પ્રમાણમાં બ્લડ મળી રહે અને તેમની સારવાર અટકે નહીં. ઉમ્મત માનવતાં દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજી કોઈ પણ નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના આયોજનબદ્ધ રીતે હોસ્પિટલોમાં બ્લડની આપૂરતી કરવામાં આવે છે. આ જ કડીમાં ફરી એક વખત સંસ્થા દ્વારા તાજેતરમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડોનરો દ્વારા ઉત્સાહભેર બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૪૦ યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું જેનો ઉપયોગ જનરલ હોસ્પિટલના દર્દીઓ માટે કરવામાં આવશે. આ પ્રસંગની તસવીરમાં રક્તદાન કરી રહેલ યુવક નજરે પડે છે.

ફર્સ્ટ હેલ્પ ખિદમત ગ્રુપ દ્વારા દાણીલીમડા છીપા સોસાયટી ખાતે યોજાયેલા રક્તદાન કેમ્પમાં યુવાનો ઉત્સાહભેર જોડાયા

રાજ્યમાં ફેલાયેલી કોરોના મહામારીને લીધે લોહીની જરૂરિયાત વાળા દર્દીઓને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. કોરોનાના કારણે રેગ્યુલર રક્તદાન કરતા રક્તદાતાઓ પણ રક્તદાન કરતાં ન હોવાથી બ્લડ બેંકમાં લોહીની અછત ઊભી થઈ છે. આ પરિસ્થિતિને ધ્યાને લઈ ફર્સ્ટ હેલ્પ ખિદમત ગ્રુપ દ્વારા શહેરનાના દાણીલીમડા છીપા સોસાયટી ખાતે આવેલા બોલવાલા કમ્પાઉન્ડ પાસે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું.

સરકાર દ્વારા દિન-પ્રતિદિન બનાવવામાં આવતા કાયદાઓ ખેડૂતો માટે નુકસાનકારક : અમિત ચાવડા

ખેડૂતોના આંદોલનને કોંગ્રેસનું સમર્થન : રાજીવ સાતવ

મોડાસા, તા.૧૩

અરવલ્લી જિલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને મોડાસા નગર પાલિકાની મુદ્દત પૂર્ણ થઈ રહી છે. ત્યારે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં વિજય પ્રાપ્ત કરવા અને ઉમેદવારોની પસંદગી અંગેના માપદંડ સહીત સમીક્ષા બેઠક પ્રદેશ પ્રભારી રાજીવ સાતવ અને પ્રદેશ પ્રમુખ અમીત ચાવડાની ઉપસ્થિતિમાં મોડાસા સર્કિટ હાઉસમાં યોજાઈ હતી જેમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા માસ્ક પહેરવાનું ચુક્યા હતા. તેમની પાસે માસ્ક તો હતું પણ હાથમાં લટકતું જોવા મળ્યું હતું. આ બેઠકમાં અરવલ્લી જિલ્લાના ત્રણે ધારાસભ્યો સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જિલ્લાના કોંગ્રેસના ત્રણે ધારાસભ્યો, કોંગ્રેસ અગ્રણીઓ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત અને નગરપાલિકામાં ચૂંટાયેલ સદસ્યો અને વિવિધ મોરચાના પ્રતિનિધિઓ માસ્ક પહેરી ઉપસ્થિત રહ્યા હતા. પરંતુ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા માસ્ક વગર જોવા મળતા ચર્ચાનું કેન્દ્ર બન્યા હતા. બેઠકમાં મોડાસા શહેર સહિત અરવલ્લી જિલ્લામાં સંગઠનને મજબૂત કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કોંગ્રેસનો ભવ્ય વિજય થાય તે માટે કામગીરીમાં લાગી જવા હાકલ કરી હતી. મોડાસાની મુલાકાતે આવેલા ગુજરાત કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ આક્ષેપ કર્યો છે કે, સરકાર દ્વારા દિનપ્રતિદિન બનાવવામાં આવતા કાયદાઓ ખેડૂતો માટે નુકસાનકારક છે. આ સાથે જ રોજગારી સહિતના અનેક મુદ્દાઓ બાજુ પર રહી ગયા છે અને બીજા મુદ્દા ઉપર વાતો કરવામાં આવી રહી છે.

દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનને પણ રાષ્ટ્રીય કોંગ્રેસના નેતાઓનું સમર્થન કર્યું છે. ગુજરાત પ્રભારી રાજીવ સાતવ જણાવ્યું છે કે, દિલ્હીમાં ચાલતાં ખેડૂતોના આંદોલનને તેઓ સમર્થન કરી રહ્યા છે અને જ્યાં સુધી ખેડૂતોની માંગ અને ત્રણ કાયદાઓ પરત નહીં ખેંચાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહ્યું છે.

મોડાસા નગરપાલિકામાં ભાજપ ૨૫ વર્ષથી એક હથ્થુ શાસન કરી રહી છે. મોડાસા નગરપાલિકામાં સત્તાથી ઘણા વર્ષોથી દૂર રહેલી કોંગ્રેસ પાર્ટી દ્વારા સત્તા પર આવવા માટે હવે એડીચોટીનું જોર લગાવી રહી છે.

અરવિંદ કેજરીવાલના ઘરે તોડફોડ કરવાનો આપનો BJP પર આરોપ, CCTV તોડવામાં આવ્યા

(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૩

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઘરની બહાર તોડફોડની ઘટના સામે આવી છે. મુખ્યમંત્રી કાર્યાલયનું કહેવું છે કે, ધરણા પર બેઠેલા બીજેપી નેતાઓએ મુખ્યમંત્રીના ઘર પર લાગેલા સીસીટીવી કેમેરા તોડ્યા છે, તો દિલ્હી બીજેપીએ કહ્યું છે કે, AAP ગંદી રાજનીતિ પર ઉતરી આવી છે. ધરણા પર બેઠેલી મહિલા કાઉન્સિલરો પર નજર રાખવા માટે CCTV લગાવી દીધા, જ્યારે CM હાઉસની બહાર પહેલાથી જ અનેક કેમેરા લાગેલા છે. આ કોઈ પણ મહિલાની પ્રાઈવેસી પર હુમલો છે. AAPનો મહિલા વિરોધી ચહેરો ફરી એકવાર સામે આવી ચૂક્યો છે. મેયર જય પ્રકાશે કહ્યું કે, અમે ૭ દિવસથી મુખ્યમંત્રીના ઘરની બહાર છીએ, પરંતુ મુખ્યમંત્રી મળવાનું તો દૂર વાત પણ નથી કરવા ઈચ્છતા.

આજે મહિલા કાઉન્સિલર્સ ઊંઘી રહ્યા હતા, ત્યાં સીએમ ઓફિસના લોકોએ મહિલા પ્રાઈવેસીનું ધ્યાન રાખ્યા વગર સીસીટીવી કેમેરા લગાવવા માંડ્યા, જેનો મહિલા કાઉન્સિલરોએ વિરોધ કર્યો. મેયરે કહ્યું કે, તમે આ રીતે અરાજકતા ના ફેલાવો, અમે કોઈ કેમેરા નથી તોડ્યા, બસ મહિલા કાઉન્સિલરો પર જે સીસીટીવી કેમેરા લાગી રહ્યા હતા તે લાગવા ના દીધા, તો બીજેપીના આ જવાબ પર આમ આદમી પાર્ટીએ પૂછ્યું કે, સીસીટીવી કેમરાથી ડર કેવો ?

ભાજપના નેતા સીસીટીવી કેમેરા તોડીને શું કરવા ઈચ્છતા હતા ? ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં મુખ્યમંત્રી નિવાસસ્થાનની બહાર ત્રણ એમસીડી મેયર અને અનેક કાઉન્સિલરો ધરણા પર બેઠા છે. કેજરીવાલ સરકાર પર દબાવ બનાવવા માટે ત્રણેય મેયર સોમવારથી સીએમ હાઉસની બહાર બનેલી ફૂટપાથ પરથી જ મેયર ઓફિસર ચલાવશે એટલે કે આ જ ફૂટપાથથી દિલ્હીના મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટની ફાઈલ પાસ થશે અને અહીં જ અધિકારીઓ સાથે બેઠક પણ થશે.

ચૂંટણીમાં ગેરરીતિના આરોપો સાથે ટ્રમ્પ સમર્થકો ફરી માર્ગો પર ઊતર્યા, હિંસક અથડામણમાં ૪ને ચાકુ વડે ઈજા

(એજન્સી) તા.૧૩

અમેરિકામાં યોજાયેલી રાષ્ટ્રપતિ ચૂંટણીના પરિણામને બદલવાના હાલના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રયાસોના સમર્થનમાં હજારો લોકો અમેરિકામાં રસ્તા પર ઉતર્યા હતા. સૌથી મોટું પ્રદર્શન રાજધાની વોશિંગ્ટન ડીસીમાં જોવા મળ્યું, જ્યારે ઘણા અન્ય શહેરોમાં પણ મોટી સંખ્યામાં લોકોએ પ્રદર્શનોમાં ભાગ લીધો હતો. મહત્વનું છે કે, એક દિવસ પહેલાં અમેરિકી સુપ્રીમ કોર્ટે રિપબ્લિકનની તે અરજીઓને નકારી દીધી હતી, જેમાં બાઇડેનને જીતને પલટવાની માંગ કરવામાં આવી હતી. ટ્રમ્પ સમર્થક અને વિરોધી પ્રદર્શનકારીઓ વચ્ચે શનિવારે સાંજે ઘણી જગ્યાએ ઘર્ષણ થયું હતું. રિપોર્ટ અનુસાર, આ ઘર્ષણમાં ચાકુ લાગવાથી ઈજાગ્રસ્ત ચાર લોકોને હોસ્પિટલમાં દાખલ કરાવવામાં આવ્યા છે. મેટ્રોપોલિટન પોલીસ વિભાગે જણાવ્યું કે, ૨૩ લોકોની હિંસાના મામલામાં ધરપકડ કરવામાં આવી છે. આ રેલીમાં ટ્રમ્પના મોટાભાગના સમર્થકો માસ્ક વગર જોવા મળ્યા હતા. એવું માનવામાં આવી રહ્યું છે કે, બાઇડેનને ૪૬માં રાષ્ટ્રપતિ તરીકે ઔપચારિક રૂપથી પદનામિત કરવા માટે ઇલેક્ટ્રોરલ કોલેજની બેઠકના માત્ર બે દિવસ પહેલાં પોતાની તાકાત દેખાડવા માટે આ રેલીઓ કરવામાં આવી રહી છે. ટ્રમ્પનો કાર્યકાળ ૨૦ જાન્યુઆરીએ સમાપ્ત થશે, પરંતુ તેમણે હાલમાં યોજાયેલી ચૂંટણીમાં બાઇડેન સામે હાર

સ્વીકારી નથી અને ચૂંટણીમાં ગોટાળાના નિરાધાર આરોપ લગાવ્યા છે, જેને વિવિધ કોર્ટે નકારી દીધા છે. ન્યૂયોર્ક વેસ્ટ પોઈન્ટમાં થલસેના-નૌસેના વચ્ચે ફુટબોલ મેચ જોવા માટે જઈ રહેલા ટ્રમ્પનું મરીન વન હેલીકોપ્ટર એક રેલીની ઉપરથી પસાર થયું, જેને જોઈને તેમના સમર્થકો ઉત્સાહમાં આવી ગયા હતા. ટ્રમ્પ સમર્થકોએ છેલ્લા કેટલાક સપ્તાહોથી રેલીઓ કરી છે, પરંતુ ટ્રમ્પે રેલીઓને લઈને ચોંકાવતા શનિવારે કહ્યુ હતુ કે, વાહ, છેતરપિંડીને રોકવા માટે વોશિંગટન (ડીસી)માં હજારો લોકો એકત્ર થઈ રહ્યા છે. મને તેની જાણકારી નહતી, પરંતુ હું તેની સાથે મુલાકાત કરીશ.

અમેરિકા : ટેક્સાસમાં બાઈડેનની જીત પ્રમાણિત થાય તો ટ્રમ્પ સમર્થકો અને સાંસદોની અલગતાવાદની ધમકી

અમેરિકાની સુપ્રીમ કોર્ટે ચાર મુખ્ય રાજ્યોમાં ચૂંટણી પરિણામો રદ્દ કરવાનો રાષ્ટ્રપતિ ટ્રમ્પ સમર્થિત કેસ રદ્દ કરી દીધો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થન સાથે કોર્ટમાં અરજીઓ કરવામાં આવી હતી જેમાં ચૂંટણી પરિણામોને પડકારવામાં આવ્યા હતા. ટેક્સાસમાં રાજ્ય દ્વારા આ સપ્તાહે જ જ્યૉર્જિયા, મિશિગન, પેન્સિલ્વેનિયા અને વિસ્કોન્સિનના પરિણામો રદ કરવા માટે કેસ દાખલ કરાયો હતો. તેને ૧૮ રાજ્યના સ્ટેટ ઍટર્ની જનરલ અને કૉંગ્રેસના ૧૦૮ રિપબ્લિકન સભ્યોએ ટેકો આપ્યો હતો.પરંતુ શુક્રવારે સુપ્રીમ કોર્ટે એક ટૂંકા આદેશ સાથે કેસ રદ કરી દીધો. તેમાં કહ્યું કે ટેક્સાસ પાસે આવો કેસ કરવાની કાનૂની સત્તા નથી. જો કે હવે ટેક્સાસની રિપબ્લિક પાર્ટીએ એક નિવેદન જાહેર કરીને અલગતાવાદની ધમકી આપી દીધી છે. રિપબ્લિકન પાર્ટીના ચેરમેન એલન વેસ્ટે કહ્યું કે તમામ કાયદાઓનું પાલન કરનારા રાજ્યોએ એકજૂટ થવું જોઈએ અને તેમણે એક નવુ સંઘ બનાવીને પોતાનું એક નવું બંધારણ સ્થાપિત કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે હાલમાં જે ચૂંટણી થઈ તેમાં ડેમોક્રેટ્સ તરફથી અનેક ગેરરીતિઓ કરવામાં આવી અને તેનો કોઈ હિસાબ જ નથી. ટ્રમ્પ અને તેમના સમર્થકો નવેમ્બરમાં યોજાયેલી રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ગેરરીતિનો સતત આરોપ મૂકતા આવ્યા છે. જો કે ટેક્સાસના સાંસદોએ જાહેરાત કરી દીધી છે કે અમે અમેરિકાથી છૂટા પડવા માટે રેફરેન્ડમ લાવવાની યોજના ઘડી રહ્યા છીએ. રિપબ્લિકન સાંસદ કાયલી બિડરમેને આ નિવેદન જાહેર કર્યું હતું. એક જાણીતા મીડિયાના અહેવાલ અનુસાર સંઘીય સરકાર નિયંત્રણ બહાર છે અને તે ટેક્સાસના લોકોના મૂલ્યોને સમજી શકે તેમ નથી. એટલા માટે અમે ટેક્સાસમાં રેફરેન્ડમ (જનમતસંગ્રહ) યોજવાની યોજના ઘડી રહ્યા છે. જેથી અમે એક સ્વતંત્ર રાષ્ટ્ર બની શકીએ.

આંદોલનકારી ખેડૂતો અંગે અફવાઓ ફેલાવનારા ભારતીય મીડિયાને બ્રિટિશ શીખ સાંસદે વખોડ્યું, હેટર ટ્રોલ ફેક્ટરી ગણાવી

(એજન્સી) તા.૧૩

ભારતમાં દેખાવકાર ખેડૂતોના મુખ્ય સમર્થક રહેલા બ્રિટિશ લેબર પાર્ટી સાંસદ તનમનજીત સિંહ ઢેસીએ ખેડૂતોને અલગતાવાદી કે આતંકી તરીકે રજૂ કરીને અફવાઓ ફેલાવનારા ભારતીય મીડિયાની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. ઢેસી જેમણે અગાઉ બ્રિટનના વિદેશમંત્રી ડોમિનિક રેબને ૩૫ અન્ય સાંસદો સાથે મળીને નવી દિલ્હીમાં ખેડૂતોના આંદોલનનો મુદ્દો ઊઠાવવા માટે પત્ર લખ્યો હતો. તેમણે શનિવારે ટ્વિટ કરી કે તમારા અપશબ્દ અને ધમકીઓ મને સત્ય બોલતા નહીં રોકે શકે. ઢેસીએ કહ્યું કે અમુક મીડિયાએ શાંતિપૂર્ણ રીતે દેખાવો કરી રહેલા ખેડૂતોને અલગતાવાદી કે આતંકી તરીકે રજૂ કરી ખોટી માહિતી આપવાની શરૂઆત કરી છે. તેમણે કહ્યું કે તમે તમારા રાષ્ટ્ર અને વ્યવસાયને નુકસાન પહોંચાડી રહ્યાં છો. તેમણે કહ્યું કે હેટર ટ્રોલ ફેક્ટરી : તમારી ગાળો અને ધમકીઓ મને સત્ય બોલતા રોકી નહીં શકે. તેમણે મીડિયા આઉટલેટ્સના સ્ક્રિનશોટ પણ શેર કર્યા જેમાં દેખાવકારોને બદનામ કરવાના

પ્રયાસો કરાયા હતા. ઢેસીએ અગાઉ સંસદમાં વડાપ્રધાન બોરિસ જોસનનને ખેડૂતોના દેખાવો અંગે ટિપ્પણી કરવા અને તેમની વિરુદ્ધ વાપરવામાં આવી રહેલા શબ્દો તથા બળપ્રયોગ અંગે ભારતના વડાપ્રધાન સમક્ષ વર્તમાન ગતિરોધના ત્વરિત નિકાલ વિશે ચિંતા વ્યક્ત કરવા કહ્યું હતું.

યોગી સરકારે ડો.કફીલ ખાનની મુક્તિને સુપ્રીમ કોર્ટમાં પડકારી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

હિંદુત્વવાદી પાર્ટી ભારતીય જનતા પાર્ટીની યોગી આદિત્યનાથની આગેવાની હેઠળની ઉત્તર પ્રદેશની સરકારે ડો. કફીલ ખાનને અલ્હાબાદ હાઇકોર્ટ દ્વારા મુક્ત કરવાના અને એન.એસ.એ. હેઠળના આક્ષેપો રદ્દ કરવાના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં સી.એ.એ.ના વિરોધમાં એમના દ્વારા અપાયેલ ભાષણના લીધે ડો. કફીલ સામે એન.એસ.એ. લાગુ કરવામાં આવ્યું હતું. ઉત્તરપ્રદેશ રાજ્ય સરકારે ૨૬મી ઓક્ટોબરે અપીલ અરજી દાખલ કરી હતી જેની સુનાવણી ૧૭મી ડિસેમ્બરે થવાની શક્યતા છે. ખાનની ધરપકડ ઉપરોક્ત ભાષણ માટે જાન્યુઆરી

૨૦૨૦માં મુંબઈ એરપોર્ટથી કરવામાં આવી હતી અને એમને મથુરાની જેલમાં મોકલવામાં આવ્યા હતા. અલહાબાદ હાઇકોર્ટે પોતાના ૧લી સપ્ટેમ્બરના ચુકાદામાં જણાવ્યું હતું કે ખાનની ધરપકડ કરવાના અથવા અટકાયત કરવાના કોઈ આધારો નથી, જોકે એમની ધરપકડ બે વખત લંબાવવામાં આવી હતી. એમના ભાષણનો સમગ્ર રીતે અભ્યાસ કર્યા પછી જણાશે કે એમાં હિંસા ફેલાવવા માટે ઉશ્કેરણી થઈ નથી. કોર્ટે કહ્યું હતું કે ખરી રીતે આ ભાષણ રાષ્ટ્રીય એકતા અને અખંડીતતા જણાવી રાખવા જણાવે છે. ચુકાદામાં ખાનના સમગ્ર ભાષણને પુનઃ રજૂ કરવામાં આવ્યું છે. આ ભાષણને મેજિસ્ટ્રેટની કોર્ટે ઉશ્કેરણીજનક ગણાવ્યું હતું. ખાન સરકારની નીતિઓનું સ્પષ્ટ પણે વિરોધ કરી રહ્યા હતા અને એના માટે એમણે દાખલાઓ પણ આપ્યા હતા પણ એના લીધે એમની ધરપકડ થવી નહિ જોઈએ. ભાષણ પ્રથમ દર્શનીય રીતે હિંસાને પ્રેરણા આપનાર નથી. એમાં અલીગઢમાં હિંસા ફેલાવવાની કોઈ પણ વાત કરાઈ નથી. મેજિસ્ટ્રેટ કોર્ટે માત્ર પસંદગીના ફકરાઓના આધારે એમની ધરપકડને વ્યાજબી ઠરાવી હતી.

મોદી માટે ૧૦ લાખ રૂપિયાનો સૂટ, મેયબેકના ચશ્મા અને ઈમ્પોર્ટેડ મશરૂમ ચાલે અને ખેડૂતો પિત્ઝા પણ ના ખાઈ શકે ?

(એજન્સી) તા.૧૩

હાલમાં દેશભરમાંથી એકજૂટ થયેલા ખેડૂતો પંજાબ, હરિયાણાના ખેડૂતોના નેતૃત્વમાં દિલ્હી સરહદે સરકાર દ્વારા પસાર કરવામાં આવેલા ત્રણેય કાળા કૃષિ કાયદા વિરુદ્ધ ધારદાર પ્રદર્શનો કરી રહ્યા છે. તેઓ ખાસ કરીને એ વાતથી ભયભીત છે કે કેન્દ્ર સરકાર દ્વારા પસાર કરવામાં આવેલા આ કાયદાઓના માધ્યમથી મિનિમમ સપોર્ટ પ્રાઇઝ(એમએસપી)નો અંત આવી જશે. આવી હાડ થીજવતી ઠંડીમાં પણ ખેડૂતો અડીખમ રીતે ખૂલ્લા આકાશ નીચે સતત દેખાવો કરી રહ્યા છે અને આવી મુશ્કેલીની ઘડીમાં અનેક સંગઠનો તેમની વહારે આવ્યા છે જેઓ તેમને બેડ, અને જરૂરીયાતની વસ્તુઓ પૂરી પાડી રહ્યા છે. દેખાવસ્થળે એક મોટું રોટલી બનાવતું મશીન પણ સ્થાપિત કરવામાં આવ્યું છે જેમાંથી દર કલાકે ૧૫૦૦થી ૨૦૦૦ રોટલીઓ તૈયાર થઈ જાય છે. આંતરરાષ્ટ્રીય એનજીઓ ખાલસા એઈડ ફૂટ મસાજ કેન્દ્રની પણ સ્થાપના કરી આપી છે. કેમ કે મોટાભાગના ખેડૂતો વૃદ્ધ છે અને તેઓ સતત હેલ્દી રહે તે પણ જરૂરી છે. જોકે આ બધા ઉપરાંત ચા અને નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. હાલમાં જ બર્મી અને બોપારાની કલન ગામના ભારતીય કિસાન યુનિયન તરફથી પિત્ઝા લંગરની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેના ફોટા અને વીડિયો વાઈરલ થતાં અનેક લોકો જેઓ સરકાર સમર્થક છે તેઓ ખેડૂતોની ટીકા કરવા લાગ્યા હતા. જોકે વડાપ્રધાન મોદી જેવા નેતા જ્યારે ૧૦ લાખ રૂપિયાનો સૂટ, મેયબેકના ચશ્મા, ઈમ્પોર્ટેડ મશરૂમનો ઉપયોગ કરે છે તો ત્યારે આવા લોકો ડાહ્યા થવા આવતા નથી કે કોઈ પણ પ્રકારની ટિપ્પણી કરતા. **(સૌ. : નેશનલ હેરાલ્ડ)**

અમિત શાહ અને LGના નિવાસે ધરણા કરવા જઈ રહેલા આતિશી, રાઘવ ચઢ્ઢા સહિતના આપ નેતાઓની અટકાયત

નવી દિલ્હી,તા.૧૩

NMDCમાં કથિત કૌભાંડ મામલે આમ આદમી પાર્ટીએ ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ મોરચો ખોલ્યો છે. ધારાસભ્ય રાઘવ ચડ્ઢાએ આ મુદ્દે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ના ઘરની બહાર વિરોધ પ્રદર્શન કરવાની મંજૂરી માંગી હતી. દિલ્હી પોલીસે મંજૂરી આપી નહોતી. ત્યારબાદ ધારાસભ્ય સૌરભ ભારદ્વાજે દાવો કર્યો હતો કે 'આપ'ના ધારાસભ્ય ઋતુરાજની દિલ્હી પોલીસે ધરપકડ કરી લીધી છે. ભારદ્વાજના જણાવ્યા અનુસાર, ઋતુરાજ આજે સવારે લેફ્ટનન્ટ ગવર્નર અનિલ બૈજલના ઘરે જવા માટે નીકળ્યા હતા ત્યારે પોલીસે તેની ધરપકડ કરી હતી. ભારદ્વાજે આક્ષેપ કર્યો હતો કે 'અમિત શાહ હવે કોઈને અવાજ પણ ઉઠાવવા દેતા નથી'. આપના ધારાસભ્ય સૌરભ ભારદ્વાજે કેટલીક તસવીરો શેર કરતાં કિરાડી ધારાસભ્ય ઋતુરાજની ધરપકડનો દાવો કર્યો. તસવીરોમાં ધારાસભ્ય તેમની ઓફિસ છોડીને

પોલીસની ગાડીમાં બેસતા દેખાઇ રહ્યા છે. આની પહેલા દિલ્હી પોલીસે રાઘવ ચડ્ઢાના પત્રના જવાબ કહ્યું હતું કે "ગૃહમંત્રીના ઘરની બહાર કોઈ ટોળાને એકત્ર થવાની મંજૂરી નથી". આપ પાર્ટીએ ભાજપના કબ્જાવાળી નવી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન પર અઢી હજાર કરોડના કૌભાંડનો આરોપ લગાવ્યો છે. પક્ષ ઈચ્છે છે કે કથિત કૌભાંડની તપાસ સીબીઆઈ કરે. આ માંગને લઈને આજે પાર્ટીના ધારાસભ્ય અને કાઉન્સિલર શાહ અને ઉપરાજ્યપાલ અનિલ બૈજલના નિવાસ સ્થાને વિરોધ પ્રદર્શન કરવા જઈ રહ્યા હતા. દિલ્હીના આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને આ મામલે સચિવ-સ્તરની તપાસના આદેશ આપ્યા છે.

PFIની ઓફિસો અને નેતાઓ ઉપર ED દ્વારા પડાયેલ દરોડાઓના વિરોધમાં સમગ્ર દેશમાં વ્યાપક વિરોધ પ્રદર્શનો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

પોપ્યુલર ફ્રન્ટની ઓફિસો અને એમના નેતાઓને ત્યાં એન્ફોર્સમેન્ટ ડાયરેકટોરેટ દ્વારા પડાયેલ દરોડાઓના વિરોધમાં પોતાનો રોષ અને નારાજગી દર્શાવવા દેશના જુદા-જુદા ભાગોમાં રેલીઓનું આયોજન કરાયું હતું. પ્રદર્શન કરનારાઓએ માંગણી કરી હતી કે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારે એજન્સીઓનું પોપ્યુલર ફ્રન્ટ સામે દુરૂપયોગ અટકાવવો જોઈએ. વિરોધ રેલીઓમાં સેંકડો મહિલાઓ અને બાળકો પણ જોડાયા હતા. કોચી અને કેરલમાં ઈ.ડી.ના વડામથકોએ રેલી ગઈ હતી પણ પોલીસે એમને અટકાવ્યા હતા. રાજસ્થાનના ભીલવાડામાં પ્રદર્શનકારીઓને પોલીસે અટકાવ્યા હતા. લોકો સરકારની નીતિઓનું વિરોધ અને એજન્સીઓનો રાજકીય હરીફો, વિરોધીઓ, લોકશાહી અને કાયદાકીય રીતે કાર્ય કરતી સંસ્થાઓ સામે દુરપયોગ અટકાવવા સૂત્રો પોકારી રહ્યા હતા. મળતા અહેવાલો મુજબ વિવિધ રાજ્યો જેમાં દિલ્હી, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, બિહાર, મણિપુર, કેરળ, મધ્યપ્રદેશ, કર્ણાટકા,

આંધ્રપ્રદેશ અને તામિલનાડુમાં સેંકડો સ્થળે વ્યાપક વિરોધ પ્રદર્શનો યોજાયા હતા. રેલીઓને સંબોધન કરનાર નેતાઓએ ઈ.ડી.ના કૃત્યને વખોડી કાઢ્યું હતું. આ એજન્સીઓના ઉપયોગ દ્વારા કેન્દ્ર સરકાર સામાજિક કાર્યકરો અને સંસ્થાઓ જેઓ સરકારની લોકવિરોધી નીતિઓ સામે પ્રશ્નો કરી રહ્યા છે એમને ત્રાસ આપી રહી છે. એમણે કહ્યું કે પી.એફ.આઈ. બધી તપાસોમાં સહયોગ આપી રહી હતી અને દરોડાઓના નામે આ પ્રકારની ગુંડાગીરી આર.એસ.એસ.ની યોજના મુજબ ભાજપ સરકાર કરી રહી છે. આ સંસ્થા સી.એ.એ. અને એન.આર.સી.ના વિરોધમાં વ્યાપક પ્રદર્શનો યોજે છે. એ માટે એમને લક્ષ્ય બનાવવામાં આવી રહી છે. એમણે જણાવ્યું કે સરકારના આ પગલાઓથી સંસ્થા ઝૂકશે નહિ અને અટકશે પણ નહિ.

જમ્મુ કાશ્મીર ખીણમાં ઈન્ટરનેટની સારી સ્પીડની આશાઓ ઉપર સરકારી આદેશે પાણી ફેરવ્યું

(એજન્સી) શ્રીનગર, તા.૧૩

જમ્મુ કાશ્મીર સરકારે એક નવા આદેશમાં જાહેરાત કરી છે કે ખીણમાં ઈન્ટરનેટની સુવિધા માટે ટુજીની સેવાઓ ચાલુ રહેશે. સરકારે નિર્ધારિત કર્યું છે કે ખીણમાં ઓછા સ્પીડની ઈન્ટરનેટ સેવા ચાલુ રહેશે આના માટે અનેક કારણો રજૂ કર્યા છે જેમાંથી એક કારણ ડી.ડી.સી.ની ચૂંટણીઓ પણ છે. સરકારે આ આદેશ ૧૧મી ડિસેમ્બરે બહાર પાડ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે ખીણમાં દેશ વિરોધી તત્ત્વો દ્વારા મતદારોમાં ભય ફેલાવીને લોકશાહી પ્રણાલીને અટકાવવા ડેટા સેવાઓનો દુરૂપયોગ કરી સુરક્ષા બળો ઉપર હુમલાઓની શક્યતા અને ચૂંટણી લડી રહેલ ઉમેદવારો અને કાર્યકરોની સુરક્ષા માટે ઓછા સ્પીડની સેવાઓ ચાલુ રહેશે. સરકારે એ પણ કહ્યું છે કે વિશ્વસનીય સુત્રોથી મળેલ માહિતી મુજબ ચેતવણીના ભાગ રૂપે ઈન્ટરનેટ મેળવવાની સગવડ ચૂંટણીના દિવસે જ્યાં ચૂંટણીઓ થવાની છે એ વિસ્તારોમાં બંધ રહેશે. સરકારે એ પણ જણાવ્યું છે કે ખીણના યુવાઓને વિવિધ સાધનો દ્વારા ધ્રુવીકરણ કરવામાં આવી રહ્યું છે જેમાંથી સોશિયલ મીડિયા મુખ્ય છે, જે

મીડિયા ફક્ત હાઈસ્પીડ ઈન્ટરનેટ દ્વારા જ ચાલી શકે છે. એને અટકાવવા માટે પણ આ પગલું અનિવાર્ય છે. આ પહેલાં પણ સરકારે હાઈસ્પીડ ઈન્ટરનેટ બંધ રાખવા અનેક કારણો આપ્યા હતા અને આ વખતે ચૂંટણીઓનું કારણ આપ્યું છે. આ ચૂંટણીઓ ૨૨મી ડિસેમ્બર સુધી ચાલવાની છે એ માટે સરકાર ઈન્ટરનેટ બંધ કરી રહી છે. આ ચૂંટણીઓ આઠ તબક્કાઓમાં થવાની છે. પાંચમા તબક્કાની ચૂંટણીઓ દક્ષિણ કાશ્મીરના અનંતનાગ, શોપિયાન, કુલગામ અને પુલવામા જિલ્લાઓમાં થવાની છે. ભાજપ સરકારે ૫મી ઓગસ્ટે બંધારણના અનુચ્છેદ ૩૭૦ને રદ્દ કરી જમ્મુ કાશ્મીરનો વિશેષ દરજ્જો રદ્દ કર્યો હતો એનાથી એક દિવસ પહેલાં અર્થાત ૪થી ઓગસ્ટ ૨૦૧૯ના રોજ સરકારે સંપર્કના બધાજ સાધનો પર રોક મૂકી હતી અને થોડા સમય પછી શરૂ કરી હતી પણ તે સમયે ઈન્ટરનેટની ૨-જી સેવાઓ જ શરૂ કરી હતી.

જગન સરકારે જસ્ટિસ ચેલમેશ્વરના પુત્રની આંધ્રના એડિશનલ એટોર્ની જનરલ તરીકે નિમણૂક કરી

(એજન્સી) તા.૧૩

આંધ્રપ્રદેશ સરકારે જસ્ટિસ ચેલમેશ્વરના દીકરા જસ્સી નાગા ભૂષણને એડિશનલ એટોર્ની જનરલ તરીકે નિમણૂક આપી છે. નાગા ભૂષણની નિમણૂક એવા સમયે કરાઈ છે જ્યારે મુખ્યમંત્રી વાય.એસ.જગન મોહન રેડ્ડી વિવાદિત કેસ લડી રહ્યાં છે. ખાસ કરીને તે અમરાવતી જમીન કૌભાંડથી સંબંધિત છે. આ મામલે એક નોટિફિકેશન ૯ ડિસેમ્બરે રાજ્યના કાયદા વિભાગ દ્વારા જારી કરવામાં આવી હતી. મુખ્યમંત્રી રેડ્ડીએ તાજેતરમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ એસ.એ.બોબડેને પત્ર લખી

આરોપ મૂક્યો હતો કે સર્વોચ્ચ ન્યાયાલયના જજ જસ્ટિસ એન.વી.રમણ આંધ્રપ્રદેશ હાઈકોર્ટમાં ન્યાયિક બાબતોને પ્રભાવિત કરી રહ્યા હતા. તેમણે વધુમાં આરોપ મૂક્યો કે તેઓ હાઈકોર્ટના અમુક જજોને રોસ્ટર પર શોટ્સ બોલાવી રહ્યા હતા. આંધ્રપ્રદેશમાં હાઈકોર્ટ અને રાજ્ય ન્યાયપાલિકા તેમની સરકાર વિરુદ્ધ પક્ષપાત કરી રહી હતી. એટોર્ની જનરલ કે.કે.વેણુગોપાલે પહેલા રેડ્ડી અને તેમના મુખ્ય સલાહકાર અજય કલ્લમ વિરૂદ્ધ અવમાનની કાર્યવાહી માટે સંમતિથી ઇનકાર કરવાના પોતાના નિર્ણય પર પુનઃવિચારણા કરવાનો ઈન્કાર કરી દીધો હતો. જેમણે સીજેઆઈ બોબડેને લખવામાં આવેલો વિવાદિત પત્ર પણ જાહેર કરી દીધો હતો. એજીની સંમતિનો આગ્રહ ભાજપના પાર્ટી નેતા અને વકીલ અશ્વિની ઉપાધ્યાયે ૫ નવેમ્બરે કર્યો હતો.

ટંકારીઆ ગામે રમાતી

બારીવાલા ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલમાં ફહદ મતાદાર સીસીનો પ્રવેશ

ટંકારીઆ,તા.૧૩

ભરૂચ જિલ્લાના ટંકારીઆ ગામે રમાતી બારીવાલા ટી-૨૦ કપ ક્રિકેટ ટુર્નામેન્ટની સેમીફાઈનલ મેચમાં અંકલેશ્વરની ફહદ મતાદાર સીસીએ ઓમ ઈલેવન બરોડાને છ વિકેટથી હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ઓમ ઈલેવન ટીમ પ્રથમ બેટિંગ કરી માત્ર ૧૧૪ રનમાં જ ઓલ આઉટ થઈ ગઈ હતી. જેમાં આસીફ પટેલે ૨૦ રન કર્યા હતા. ત્યાર બાદ ફહદ મતાદાર સીસીએ ૧૮ ઓવરમાં ચાર વિકેટનાં ભોગે ૧૧૮ રન કરી જીત હાંસલ કરી હતી, જેમાં ફારૂક ફુલેએ ૨૬, મકબુલ પટેલે ૩૨ અને સન્ની પટેલે ૨૬ રન (અણનમ) બનાવ્યા હતા. જયારે દિપેશ ભંડારીએ સૌથી વધુ ચાર વિકેટ ઝડપી હતી. તેમજ જયમીન ટેલર અને સન્ની પટેલે અનુક્રમે ત્રણ અને બે વિકેટ લીધી હતી. ટીમના સુંદર પ્રદર્શન બદલ ફહદ મતાદાર સીસીના ડાયરેકટર ઈસ્માઈલ મતાદારે બધા જ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી હતી. આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ તા.૨૦-૧૨-૨૦૨૦ના રોજ રમાશે એમ ટુર્નામેન્ટના કન્વીનર આરીફભાઈ બાપુજી અને રજાકભાઈ બારીવાલાએ એક યાદીમાં જણાવ્યું છે.

અંકલેશ્વર-રાજપીપળા રોડ પર

નહેરમાં ભંગાણ પડતા ત્રણ સોસાયટીઓ જળબંબાકાર

અંકલેશ્વર, તા.૧૩

અંકલેશ્વરના રાજપીપળા રોડ પર નહેરનો ભંગાણ થતાં આજુબાજુની ત્રણ સોસાયટીમાં નહેરના પાણી ફરી વળ્યા હતા જેના કારણે રહીશો ભારે તકલીફમાં આવી ગયા હતા.

રાજપીપળા રોડ પરથી પસાર થતી ઉકાઈ જમણા કાંઠેની નહેરમાં આજે સવારે ભંગાણ પડ્યું હતું. જેના કારણે નહેર નજીક આવેલી નિલકંઠ રેસીડેન્સી, શીવાજંલી સોસાયટી તથા શુભે લક્ષમી સોસાયટીમાં નહેરના પાણી ફરી વળ્યા હતા. જેના કારણે ત્રણ સોસાયટીના ૧૦૦ મકાનના રહીશો ભારે તકલીફમાં આવી ગયા હતા. સોસાયટીમાં આવવા જવા માટે ઘૂંટણ ભેર પાણીમાંથી પસાર થવું પડે છે.

શુક્રવાર અને શનીવારના કમોસમી વરસાદમાંથી લોકોને આજે રાહત મળી છે. ત્યારે આ ત્રણે સોસાયટીના રહીશોને નહેરના પાણીનો સામનો કરવાનો સમય આવ્યો છે. રહીશો દ્વારા નહેર વિભાગની કચેરીનો સંપર્ક સાધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ આજે રવિવાર હોવાથી નહેર વિભાગની કચેરી બંધ હોવાથી સંપર્ક થઈ શક્યો ન હતો.

(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

ભાજપ દ્વારા રાજ્યમાં પેઈજ કમિટી અભિયાન શરૂ

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા સમગ્ર રાજયમાં પેઈજ કમિટી અભિયાન શરૂં કરવામાં આવેલ છે, ત્યારે હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ પણ પેઈજ પ્રમુખ તરીકે ફોર્મ ભર્યું અને પેઈજ કમિટી બનાવીને શહેર પ્રમુખ-મહામંત્રી તેમજ વોર્ડ અને બુથના ઈન્ચાર્જને સુપરત કરેલ.

(તસવીર :- એફ.કે. મન્સુરી, હિંમતનગર)

હિંમતનગરમાં પોલીસના સ્વાંગમાં આવેલ ત્રણ ગઠિયાઓ મહિલાની બંગડી લઈ ફરાર

હિંમતનગર, તા.૧૩

હિંમતનગરની સહકારીજીન રોડ પર જઈ રહેલી એક મહિલા સાથે ત્રણ અજાણ્યા શખ્સોએ પોલીસ તરીકેની ઓળખ આપી હાથમાં પહેરેલ સોનાની બંગડીઓ કઢાવી ડુપ્લીકેટ પાટલાવાળું કાગળનું પડીકું આપીને ત્રણેય શખ્સો નાસી ગયા હતા. જેથી મહિલાએ અજાણ્યા ત્રણ ઈસમો વિરૂદ્ધ હિંમતનગર એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર હિંમતનગરના કાંકણોલ કંપામાં રહેતા નર્મદાબેન જીવરાજભાઈ પટેલ ઘરેથી ચાલતા સહકારીજીન રોડ પરથી પસાર થતા હતા ત્યારે બે અજાણ્યા ઈસમો માસ્ક બાંધી ઊભા રહ્યા હતા અને કહ્યું કે, અમે પોલીસમાંથી આવીએ છીએ તમારા હાથમાં સોનાની બંગડીઓ પહેરેલી છે. આ જાહેર રોડ પર સોનાની બંગડીઓ પહેરીને નીકળાય નહીં, તમો આ બંગડીઓ કાઢીને મારા થેલામાં મૂકી દો તેમ વાત કરતા નર્મદાબેને બંગડીઓ આપી દીધી હતી અને તેઓએ કોરા કાગળમાં આ બંને બંગડીઓ મૂકી પડીકું વીંટાળી થેલામાં મૂકી દીધી જતા રહ્યા હતા. ત્યારબાદ કહી સોનાની બંગડીઓ કાગળમાં વીંટાળેલી મૂકેલ હતી તેની તપાસ કરતા છેતરપીંડી થઈ હોવાનું માલૂમ પડ્યું હતું. જે અંગે નર્મદાબેને હિંમતનગર એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ત્રણ અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

શિક્ષણ સમાચાર

રાજકોટ તાલુકાના બેડલા કલસ્ટરના ૭ શિક્ષકો- સી.આર.સી. કો-ઓર્ડિનેટર દ્વારા ઈનોવેશન ફેર ૨૦૨૦-૨૦૨૧માં પોતાના ઈનોવેશન રજૂ કર્યા

રાજકોટ તાલુકા કક્ષાનો ઓનલાઈન એજ્યુકેશન ઈનોવેશન ફેર તારીખ ૧ ડિસેમ્બર-૨૦૨૦ના રોજ ઓનલાઈન યોજવામાં આવેલો. જેમાં બેડલા ક્લસ્ટરની પેટા શાળા મેસવડા પ્રા.શાળામાંથી પારૂલબેન પટેલ દ્વારા 'સપનાના વાવેતર', ભાવનાબેન ઉંધાડ દ્વારા 'સમાજ શિક્ષણ અનોખી રીતે', રાજેશ્રીબેન ડાંગર દ્વારા 'ગણિત - વિજ્ઞાન વર્ગમાં જીવંત વાતાવરણ' વિષય પર ઈનોવેશન રજૂ કરવામાં આવેલા. ક્લસ્ટરની બારવણ પ્રા.શાળામાંથી રીનાબેન મારૂ દ્વારા 'MORE STAPS IN DIGITAL EDUCATION' વિષય પર પોતાનું ઈનોવેશન રજૂ કરવામાં આવેલું. ચાંચડિયા પ્રા.શાળામાંથી શ્રેયાબેન જીવાણી દ્વારા 'PPT THROUGH ENGLISH LEARNING' વિષય પર પોતાનું ઈનોવેશન રજૂ કરવામાં આવેલું. બેડલા તાલુકા શાળાના શિક્ષિકાબહેન શીતલબેન પ્રાંગધરીયાએ ''PRAGNA CLASS ON DIGITIAL DESK'' વિષય પર ઈનોવેશન રજૂ કરેલું. તેમજ ક્લસ્ટર કો-ઓર્ડિનેટર વાઢેર જયશ્રીબા દ્વારા પ્રતિભાને 'પ્રેરણા અને પ્રોત્સાહન' વિષય પર પોતાનું ઈનોવેશન રજૂ કરવામાં આવેલું.

'ગુજરાત મોડલનો ભાંડો ફોડશે'નો હૂંકાર

અરવલ્લી : ગુજરાત કિસાન સભાના ૫૦ ખેડૂતોની દિલ્હી તરફ કૂચ

ખેડૂત આંદોલનને સમર્થન આપવા ત્રણ દિવસ રોકાણ કરશે

મોડાસા, તા.૧૩

ભારત બંધમાં ગુજરાતના ગામડાઓમાં વ્યાપક પ્રતિસાદ સાંપડતા ભાજપ સરકારની ચિંતા વધી છે. ત્યારે સેન્ટર ઓફ ટ્રેડ યુનિયન્સની ગુજરાત કિસાન સભાના અરવલ્લી, સાબરકાંઠા અને દાહોદ જિલ્લાના ૫૦ ખેડૂતોએ દિલ્હી બોર્ડર પર કૃષિ બિલ રદ્દ કરવાની માંગ સાથે આંદોલન કરી રહેલા ખેડૂતોના સમર્થનમાં ત્રણ દિવસ રોકાણ કરી ગુજરાત મોડલનો ભાંડો ફોડશે.

ગુજરાત કિસાન સભાના પ્રમુખ ભલાભાઈ ખાંટ અને કામદાર યુનિયન માટે લડત લડતા ડાહ્યાભાઈ જાદવની આગેવાની હેઠળ અરવલ્લી, સાબરકાંઠા અને દાહોદના ૫૦ ખેડૂતો રવિવારે દિલ્હી તરફ કૂચ કરી હતી અને કૃષિ બિલમાં રહેલા ખેડૂત વિરોધી ત્રણ કાયદા રદ્દ કરવાની માંગ પર અડગ રહેશે અને ગુજરાત મોડલનો ભાંડો ફોડવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

ડાહ્યાભાઈ જાદવના જણાવ્યા અનુસાર ભાજપ સરકાર બિનલોકશાહી પદ્ધતિ અપનાવી ખેડૂતોને અવાજ દબાવવા માંગે છે પણ ખેડૂતો કોઈપણ ભોગે જિલ્લા મથકોએ તબક્કાવાર દિલ્હી બોર્ડર પહોંચશે અને આંદોલનમાં હિસ્સો લેશે.

ગુજરાતી સાહિત્યના વયોવૃદ્ધ લેખિકા વસુબેન ભટ્ટનું નિધન

અમદાવાદ, તા.૧૩

જાણીતા સાહિત્યકાર ભટ્ટ વસુબહેન રામપ્રસાદનું આજરોજ ૯૪ વર્ષની વયે અવસાન થતાં સાહિત્ય જગતમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી છે. ૨૩ માર્ચ, ૧૯૨૪ના રોજ વસુબહેનનો વડોદરા ખાતે જન્મ થયો હતો. તેમણે બીએ, બીએડ સુધીનો અભ્યાસ કર્યો હતો. તેમણે ''પાંદડે પાંદડે મોતી'', વાર્તાસંગ્રહ, યોગાનું યોગ, ચરિત્ર બદલ ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા પારિતોષિક અપાયા હતા. આ ઉપરાંત તેમણે વાર્તાસંગ્રહ સરસીજ, દિવસે તારા રાત્રે વાદળ, માણારાજ, ઘડીક અષાઢ અને ઘડીક ફાગણ, બે આંખની શરમ તથા લઘુનવલ ઝાકળ પિછોડી લખ્યા હતા. આકાશવાણી અમદાવાદ, રાજકોટ ખાતે નિવૃત્ત કેન્દ્ર નિયામક તરીકે સેવા આપી હતી તથા ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ, ચિલ્ડ્રન એકેડેમી તથા આનંદમના મંત્રી તરીકે રહ્યા હતા.

ભાવનગરમાં સતત ૨૨ વર્ષથી અનોખી સેવા આપતા આરીફભાઈ

ભાવનગર, તા.૧૩

ભાવનગરના સેવાભાવી માણસ જે છેલ્લા બાવીસ વર્ષથી મુસ્લિમ સમાજને જાગૃતિ તરફ લઈ જવાના પ્રયાસ માટે સતત અનોખી સેવા આપી રહ્યા છે. અલંગના વ્યવસાય સાથે સંકળાયેલા હાજી મોહમ્મદ આરીફ ભાઈ દાઉદભાઈ માલકાની (એવન) મુસ્લિમ સમાજને જાગૃત કરવા માટે સતત બાવીસ વર્ષથી મુસ્લિમ સમાજની મસ્જિદ, ચોક, ગલીઓ, મોહલ્લા પર અલગ-અલગ ૨૦થી વધારે જગ્યાએ બોર્ડ લગાવી હદીસ, ઈસ્લામિક મહિનાની ફઝીલત, સુન્નત, મસલા મસાઈલ, ઈસ્લામની અલગ-અલગ તારીખથી સમાજના યુવાઓને માહિતગાર કરવા પોતાના હાથે સવાર સવારના ત્રણ કલાક અને સાંજના બે કલાક બોર્ડ ઉપર લખી તેમજ પોતાના ખર્ચે મસ્જિદ અને અલગ અલગ જગ્યાએ બોર્ડ મૂકીને આ અનોખી સેવા આરીફભાઈ આપી રહ્યા છે. આરીફભાઈને પૂછતા આ કરવાનું કારણ શું ? આરીફભાઈ જણાવેલ તેમની જિંદગીનો મકસદ બીજા લોકો સુધી જરૂરી જાણકારી લખીને પહોંચાડવાનો જેથી બીજા લોકો પોતાની જિંદગીમાં અમલ કરે અને ફાયદો થાય આ કામ હું સ્વાર્થ પિતા અને કોઈ લોભલાલચ વગર કરૂં છું.

વડોદરાના બાબુ શેખ કસ્ટોડિયલ ડેથ પ્રકરણમાં પીએસઆઈ અને હે.કોન્સ.ના કોઈ સગડ ન મળ્યા

વડોદરા, તા.૧૩

વડોદરા શહેર સહિત રાજ્યભરમાં ચકચાર જગાવનાર બાબુ શેખ કસ્ટોડિયા ડેથ પ્રકરણમાં સીઆઈડી ક્રાઈમે ફતેગંજ પો.સ્ટે.ના પીએસઆઈ ડી.બી.રાઠોડ અન હેડ કોન્સ્ટેબલ મહેશ રમેશભાઈની સંડોવણી જણાતા બંનેને આરોપી જાહેર કર્યા હતા. જો કે, છેલ્લા એક માસથી બંને ફરાર થઈ ગયા હોવાનું સીઆઈડી તપાસમાં બહાર આવતાં બંનેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પરંતુ હજી સુધી બંનેનાં કોઈ સગડ કે પત્તો મળ્યો નથી.

પીએસઆઈ રાઠોડની ફતેગંજથી સમા પોલીસમાં બદલી કરાઈ હતી. પરંતુ તે એક માસની રજા પર જતા રહ્યા છે. જયારે હેડ કોન્સ્ટેબલ મહેશની હેડ કવાર્ટરમાં બદલી કરાઈ હતી જેમાં તે માંદગીના બહાને રજા પર જતો રહ્યો હોવાનું જાણવા મળેલ છે.

વિરમગામ રૂરલ પોલીસે રૂા.૧૫ લાખના કિંમતનો દારૂનો જથ્થો ભરેલી ટ્રક પકડી

(સંવાદદાતા દ્વારા) વિરમગામ, તા.૧૩

વિરમગામ રૂરલ પોલીસે વિરમગામ-ધ્રાંગધ્રાં હાઈવે રોડ પર હાંસલપુર સર્કલ પાસે ટ્રક નંબર એમ.એચ. ૪૩ બીજી ૩૪૨૭ તપાસ કરતાં રૂરલ પોલીસે ટ્રકમાંથી વિદેશી દારૂ કુલ બોટલ નંગ ૧૩.૬૮૦કિં. ૧૫,૪૩,૨૦૦ મળેલ. ટ્રક કિંમત ૧૦ લાખ સહિત કુલ રૂા.૨૫,૬૦,૯૦૦ના મુદ્દામાલ સાથે ડ્રાઈવર સમીરખાન મહંમદખાન રમઝાનખાન (રહે. ફોર્ચ્યુનર પ્લાઝા સેક્ટર ૧૯ વાસી, નવી મુંબઈ) સહિત ભારતીય બનાવટની વિદેશી દારૂનો જથ્થો વહન કરી આપનાર રાજય શ્રીરામ ભાનુશાળીએ દીપકના માણસનો સંપર્ક કરાવી દીપેશ નામના માણસે ભરાવી આપી સહિત ગુજરાતના ભારતીય બનાવટની વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર સામે વિરમગામ રૂરલ પોલીસ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના વધુ ૧૧ કેસ નોંધાયા

હિંમતનગર, તા.૧૩

સાબરકાંઠા જિલ્લામાં ૨૪ કલાક દરમિયાન ૧૧ કેસ વધુ પોઝિટિવ નોંધાયા છે. જેમાં હિંમતનગર માં પોલીસ હેડ ક્વાર્ટર્સમાં ૫૬ વર્ષિય પુરૂષ, શક્તિનગરમાં ૪૭ વર્ષિય પુરૂષ, ગોકુલનાથ મંદિર પાસે ૭૯ વર્ષિય મહિલા, નિકુંજ બંગ્લોજ ૫૮ વર્ષિય મહિલા, જેમાં ઈડરમાં ઉમેદગઢ ગામમાં ૪૯ વર્ષિય મહિલા, જૈન મંદિર પાસે ૩૫ વર્ષિય પુરૂષ, વાલ્મિકીવાસ ટાવર રોડ પાસે ૨૦ વર્ષિય પુરૂષ, જેમાં પ્રાંતિજમાં પટેલ ફળિયામાં ૬૨ વર્ષિય પુરૂષ, જેમાં વડાલીમાં પ્રજાપતિ ફળીયામાં ૩૫ વર્ષિય મહિલા, લાખેડા કંપામાં ૫૫ વર્ષિય પુરૂષ, જેમાં પોશીનામાં સોની શેરીમાં ૬૨ વર્ષિય પુરૂષનો કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

મોડાસા ખાતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે બેઠક યોજાઈ

સરકાર દ્વારા દિન-પ્રતિદિન બનાવવામાં આવતા કાયદાઓ ખેડૂતો માટે નુકસાનકારક : અમિત ચાવડા

ખેડૂતોના આંદોલનને કોંગ્રેસનું સમર્થન : રાજીવ સાતવ

મોડાસા, તા.૧૩

અરવલ્લી જિલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને મોડાસા નગર પાલિકાની મુદ્દત પૂર્ણ થઈ રહી છે. ત્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિજય પ્રાપ્ત કરવા અને ઉમેદવારોની પસંદગી અંગેના માપદંડ સહીત સમીક્ષા બેઠક પ્રદેશ પ્રભારી રાજીવ સાતવ અને પ્રદેશ પ્રમુખ અમીત ચાવડાની ઉપસ્થિતિમાં મોડાસા સર્કિટ હાઉસમાં યોજાઈ હતી જેમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા માસ્ક પહેરવાનું ચુક્યા હતા. તેમની પાસે માસ્ક તો હતું પણ હાથમાં લટકતું જોવા મળ્યું હતું. આ બેઠકમાં અરવલ્લી જિલ્લાના ત્રણે ધારાસભ્યો સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લાના કોંગ્રેસના ત્રણે ધારાસભ્યો, કોંગ્રેસ અગ્રણીઓ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયયત અને નગરપાલિકામાં ચૂંટાયેલ સદસ્યો અને વિવિધ મોરચાના પ્રતિનિધિઓ માસ્ક પહેરી ઉપસ્થિત રહ્યા હતા. પરંતુ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા માસ્ક વગર જોવા મળતા ચર્ચાનું કેન્દ્ર બન્યા હતા. બેઠકમાં મોડાસા શહેર સહિત અરવલ્લી જિલ્લામાં સંગઠનને મજબૂત કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસનો ભવ્ય વિજય થાય તે માટે કામગીરીમાં લાગી જવા હાકલ કરી હતી. મોડાસાની મુલાકાતે આવેલા ગુજરાત કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ આક્ષેપ કર્યો છે કે, સરકાર દ્વારા દિનપ્રતિદિન બનાવવામાં આવતા કાયદાઓ ખેડૂતો માટે નુકસાનકારક છે. આ સાથે જ રોજગારી સહિતના અનેક મુદ્દાઓ બાજુ પર રહી ગયા છે અને બીજા મુદ્દા ઉપર વાતો કરવામાં આવી રહી છે.

દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનને પણ રાષ્ટ્રીય કોંગ્રેસના નેતાઓનું સમર્થન કર્યું છે. ગુજરાત પ્રભારી રાજીવ સાતવ જણાવ્યું છે કે, દિલ્હીમાં ચાલતાં ખેડૂતોના આંદોલનને તેઓ સમર્થન કરી રહ્યા છે અને જયાં સુધી ખેડૂતોની માંગ અને ત્રણ કાયદાઓ પરત નહીં ખેંચાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહ્યું છે.

મોડાસા નગરપાલિકામાં ભાજપ ૨૫ વર્ષથી એક હથ્થુ શાસન કરી રહી છે. મોડાસા નગરપાલિકામાં સત્તાથી ઘણા વર્ષોથી દૂર રહેલી કોંગ્રેસ પાર્ટી દ્વારા સત્તા પર આવવા માટે હવે એડીચોટીનું જોર લગાવી રહી છે.

રાજુલાના બંને કૌભાંડી વેપારીઓ પી.બી.એમ. હેઠળ જેલ હવાલે

અમરેલી,તા.૧૩

રાજુલાના બે વેપારી પાસેથી સસ્તા અનાજના ઘઉં તેમજ ચોખાનો રૂા.૭.૯૩ લાખના જથ્થો ઝડપાયાની ફરિયાદ બે દિવસ પહેલા રાજુલા પોલીસમાં નોંધાવેલ હતી. આજે કલેકટર દ્વારા બંને વેપારીને પી.બી.એમ. હેઠળ જેલ હવાલે કરવામાં આવતા કાળાબજારીઓમાં ફફડાટ ફેલાયેલ હતો. સસ્તા અનાજનો જથ્થો કાળાબજારમાં પધરાવી વેચાણ બદલ અમરેલી કલેકટર આયુષ ઓક દ્વારા આજે બંને વેપારી સામે પી.બી.એમ. (પ્રિવેન્શન ઓફ બ્લેક માર્કેટીંગ) હેઠળ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ હતા. અમરેલી એલસીબી ટીમે બંને વેપારીને વોરંટની બજવણી કરી સુરેશ તારાપરાને લાજપોર મધ્યસ્થ જેલ સુરત અને હુશેન કપાસીને નડિયાદ જિલ્લા જેલ હવાલે કરવામાં આવેલ હતા.

જૂનાગઢ પોલીસની સરાહનીય કામગીરી

માસ્ક વગર ફરતા લોકોને દંડ તો જરૂરિયાતમંદોને માસ્ક વિતરણ

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ શહેર પોલીસ દ્વારા બનાવી જુદી-જુદી ટીમો શહેરના જુદા-જુદા પોઈન્ટ ઉપર ચેકિંગ હાથ ધરી, માસ્ક વગર ફરતા લોકોને માસ્ક નહીં પહેરવા બદલ રૂા.૧,૦૦૦ દંડ કરવાની સાથે સાથે જૂનાગઢ પોલીસ દ્વારા જરૂરિયાતમંદ ગરીબ લોકોને મફતમાં માસ્ક પહેરાવવામાં આવેલ હતા. જૂનાગઢ પોલીસ દ્વારા માસ્ક નહીં પહેરનાર લોકોને દંડ કરી, જરૂરિયાત મંદ લોકોને તથા ગરીબ બાળકોને મફતમાં માસ્ક પહેરાવવાનો નવતર પ્રયોગ કરી, લોકોમાં બહાર નીકળે ત્યારે માસ્ક અવશ્ય પહેરવા જાગૃતિ લાવવા પ્રયાસ કરી, કાર્યવાહી કરવામાં આવેલ હતી. આ નવતર પ્રયોગની કાર્યવાહી દરમિયાન જૂનાગઢ શહેર વિસ્તારમાં એ, બી, સી, તાલુકા, ભવનાથ, મેંદરડા, વિસાવદર જેવા પોલીસ સ્ટેશન દ્વારા જૂનાગઢ ડિવિઝન વિસ્તારમાં આજદિન સુધી કુલ ૨૧,૭૨૦ લોકોને રૂા.૮૦,૦૫,૩૦૦/- સહિત જૂનાગઢ જિલ્લામાં કુલ ૫૪,૨૧૨ લોકોને કુલ રૂા.૧,૮૯,૧૮,૮૦૦/- દંડ કરી, અસંખ્ય વ્યક્તિઓને માસ્ક પહેર્યા વગર નીકળતા પકડી પાડી, દંડનીય કાર્યવાહી કરી, જરૂરિયાતમંદ લોકોને મફતમાં માસ્ક પહેરાવી કાયમી માસ્ક પહેરવા જાણ કરી જાણ જાગૃતિ લાવવામાં આવેલ હતી.

મ્યુ.કોર્પોરેટર સાયકલવાલા દ્વારા મ્યુ.કમિશનરને રજૂઆત

ભાઠેના રહેણાંક વિસ્તારમાં પાણી અને ડ્રેનેજ જોડાણને કાયદેસર કરવા માગણી

સુરત, તા.૧૩

સુરતના મ્યુ.કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ બંછાનિધિ પાની (IAS), મ્યુનિસિપલ કમિશનર, સુરત મહાનગરપાલિકાને લેખિત રજૂઆત કરી છે કે લિંબાયત ઝોનના ભાઠેના વિસ્તારમાં પુષ્પાનગર, રામદેવનગર, નસરવાનજી, એમ.બી.નગર, ખોડિયારનગર, રણછોડનગર, શિવ શક્તિનગર, શિવ શંભુ નગર, શિવ શંકર નગર, શિવદર્શન નગર, લક્ષ્મી નગર, રામેશ્વર નગર, ઉષા નગર, એલ.એન.પાર્ક, સાંઈનાથ નગર વગેરે રહેણાંક વિસ્તાર મૂળ સુરતી રાણા સમાજની બહુલ વસ્તી ધરાવે છે. આ સમગ્ર રહેણાંક સોસાયટીઓમાં ગ્રાઉન્ડ+૧ કે ૨ માળની વધુ પ્રમાણમાં મિલકત આવેલ છે. આ મિલકતના દરેક માળની આકરણીના વેરાબીલ જુદા-જુદા આવે છે. પરંતુ આ રહેણાંક સોસાયટીઓની ઘણી મિલકતના ગ્રાઉન્ડ ફલોર પર આકારણીના વેરાબિલમાં રહેણાંક + જરી ઉદ્યોગ અથવા માત્ર જરી ઉદ્યોગ લખેલ હોવાના કારણે આ સોસાયટીના સ્થાનિકોને સુરત મહાનગરપાલિકાની હાલમાં રહેણાંક વિસ્તારમાં રૂા.૫૦૦ પાણી અને રૂા.૫૦૦ ડ્રેનેજ કનેકશન કાયદેસર કરવાની નીતિનો લાભ મળતો નથી. આથી રૂા.૫૦૦/-નો ચાર્જ લઈ કાયદેસર કરવાની નીતિ હેઠળ લાભ આપવામાં આવે એવી મારી માગણી છે.

ડભોઈ વેગા ત્રિભેટ નજીક સ્ટ્રીટ લાઈટો છ માસથી બંધ

ડભોઈ, તા.૧૩

ડભોઈ વડોદરા રોડ ઉપર બોડેલી અને ડભોઈ તેમજ વડોદરા તરફ જવા માટે વેગા ત્રિભેટ આવેલ છે આ વેગા નજીક બોડેલી તરફ જવાના માર્ગ ઉપર બ્રિજ ઉપરથી ઉતરતા વાહનો વચ્ચે આકસ્માત ન સર્જાય તે હેતુ સાથે અને આ વિસ્તારમાં આવેલ દુકાનો, હોટલો, અને સોપિંગોના માલિકોને અકસ્માતનો સામનો ન કરવો પડે તે માટે વેગા ત્રિભેટ અને બ્રિજ ઉપર સોલારથી ચાલતી સ્ટ્રીટ લાઈટો નાખવામાં આવી હતી જે સ્ટ્રીટ લાઈટો છેલ્લા ૬ માસના સમયથી મેંટેનન્સના અભાવે બંધ પડી હોય. આ વિસ્તારમાં રાત્રી સમયે અંધારપટ છવાયેલો રહે છે અને આ વેગા ત્રિભેટ નજીક આવેલા સોપિંગ, હોટલો અને દુકાનદારોમાં અકસ્માતનો ભય સેવાઈ રહ્યો જેથી પી.ડબલ્યુ.ડી. વિભાગ આ વિસ્તારની સ્ટ્રીટ લાઈટોનું મેંટેનન્સ કામ કરાવી યુદ્ધના ધોરણે સ્ટ્રીટ લાઈટો શરૂ કરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

શૂદ્રને શૂદ્ર કહી દો તો ખોટું લાગી જાય છે, બંગાળમાં ટૂંક સમયમાં હિન્દુ રાજ આવી જશે : ભાજપના સાંસદ પ્રજ્ઞા ઠાકુરનું વિવાદાસ્પદ નિવેદન

સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલા કૃષિ કાયદામાં ફેરબદલની કોઈ જરૂર નથી અને જે લોકો આ કાયદા પરત ખેંચવાની માંગ કરી રહ્યા છે તેમને જેલમાં નાખી દો : ખેડૂત આંદોલન અંગે પ્રજ્ઞા ઠાકુરે ફેંસલો સંભળાવ્યો !!

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

ક્ષત્રિય સંમેલનમાં ભાજપના સાંસદ પ્રજ્ઞા ઠાકુર દ્વારા વિવાદાસ્પદ નિવેદન કરવામાં આવ્યું હતું. પ્રજ્ઞાએ જણાવ્યું હતું કે, શૂદ્રને શૂદ્ર કહ્યા તો શું થઈ ગયું. તેઓ આટલેથી જ અટક્યા ન હતા અને તેમણે ખુલ્લેઆમ બફાટ કરતાં કહ્યું હતું કે, બંગાળમાં ટૂંક સમયમાં હિન્દુ રાજ હશે. અત્રે ઉલ્લેખનીય છે કે, મધ્યપ્રદેશના ભોપાલથી ભાજપના સાંસદ સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુર પોતાના વિવાદાસ્પદ નિવેદનો અંગે હંમેશા વિવાદોમાં રહે છે. તેમણે સિહોરમાં એક ક્ષત્રિય સંમેલનમાં હાજરી આપી હતી અને સમાજના લોકોને સંબોધિત કર્યા હતા. પ્રજ્ઞાએ જણાવ્યું હતું કે, આપણા ધર્મમાં સમાજ વ્યવસ્થા માટે ચાર વર્ગ નક્કી કરવામાં આવ્યા છે. ક્ષત્રિયને ક્ષત્રિય કહી દો, તો ખરાબ નથી લાગતું. બ્રાહ્મણને બ્રાહ્મણ કહી દો તો પણ ખોટું નથી લાગતું, વૈશ્યને વૈશ્ય કહી દો અપમાન નથી થતું, પણ શૂદ્રને શૂદ્રને કહી દો તો ખરાબ લાગી જાય છે. ખરાબ લગાવવાનું પાછળ સમજદારીનો અભાવ છે. સાધ્વી પ્રજ્ઞા ઠાકુરે જણાવ્યું હતું કે, જે લોકો રાષ્ટ્ર વિરોધી કામ કરે છે તેમની પર વસ્તી નિયંત્રણ નિયમ લાગુ થવો જોઈએ. દેશની રક્ષા કરનારા લોકો સામે કોઈ કાનૂન લાગુ થવો જોઈએ નહીં. દિલ્હીમાં જારી ખેડૂત આંદોલન અંગે પ્રજ્ઞાએ જણાવ્યું હતું કે, આ આંદોલનનું દોરી સંચાર ડાબેરી પક્ષો અને કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહ્યું છે. સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલા કૃષિ કાયદામાં કોઈ ફેરબદલની જરૂર નથી અને જે લોકો આ કાયદા પરત ખેંચવાની માંગ કરી રહ્યા છે તેમને જેલ હવાલે કરવા જોઈએ. તેમણે કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજયસિંહનું નામ લીધા વિના જણાવ્યું હતું કે, ભગવા સંગઠનોને ત્રાસવાદી કહેનારા લોકો ક્ષત્રિય નથી હોઈ શકતા. આવા લોકોને રાજા કહી ન સંબોધવા જોઈએ. પ્રજ્ઞાએ વધુમાં જણાવ્યું હતું કે, બંગાળમાં ટૂંક સમયમાં હિન્દુ રાજ આવી જશે.

રાજ્યો સાથ આપે કે ના આપે, કેન્દ્ર CAA એક્ટ લાગુ કરશે : કૈલાશ વિજયવર્ગીય

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટીના પ્રભારી અને મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયએ સીએએ કાનૂનને લઈને કહ્યું કે, કેન્દ્ર સરકાર રાજ્યોની મદદ વિના પણ આ કાનૂન લાગુ કરશે. તેમણે કહ્યું કે, સીએએ લાગુ કરવા માટે અમારે રાજ્યોની મદદની જરૂરત નથી. મીડિયા સાથે વાત કરતા પશ્ચિમ બંગાળમાં સીએએ લાગુ કરતા પહેલાં કૈલાશ વિજયવર્ગીયએ કહ્યું કે, સીએએ લાગુ કરવા માટે સ્ટેટની કોઈ જરૂરત નથી, કેન્દ્ર સરકાર આ માટે સક્ષમ છે. જો રાજ્ય સહયોગ આપે તો પણ લાગુ કરશે અને નહીં આપે તો પણ લાગુ કરશે. અગાઉ ડિસેમ્બરના પહેલાં અઠવાડિયામાં પણ કૈલાશ વિજયવર્ગીયએ નાગરિકતા સંશોધન કાનૂનને લઈ મોટું નિવેદન આપ્યું હતું. કૈલાશ વિજયવર્ગીયએ કહ્યું હતું કે, સીએએ આગલા વર્ષના પહેલાં મહિના જાન્યુઆરીમાં લાગુ થઈ શકે છે.

ખેડૂતો મુદ્દે ચર્ચા કરવા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની નરેન્દ્રસિંહ તોમર, સોમ પ્રકાશ સાથે બેઠક

બેઠકમાં પંજાબ ભાજપના અન્ય નેતા સામેલ રહ્યા

નવી દિલ્હી, તા.૧૩

કૃષિ કાયદાને રદ્દ કરવાની માંગને લઈને પ્રદર્શન કરી રહેલા કિસાનોનું આંદોલન ૧૮મા દિવસમાં પ્રવેશ કરી ચુક્યુ છે. કેન્દ્ર સરકાર અને કિસાનો વચ્ચે ગતિરોધ જારી છે. કેન્દ્ર સરકાર અને કિસાનો વચ્ચે ઘણા રાઉન્ડની વાતચીત થઈ ચુકી છે, પરંતુ કિસાન કાયદાને રદ્દ કરવાથી ઓછી કોઈ શરત માનવા તૈયાર નથી. આ વચ્ચે ગૃહ મંત્રી અમિત શાહ આ મુદ્દા પર રવિવારે ફરી સક્રિય થયા છે. અમિત શાહે પહેલા પંજાબ ભાજપના નેતાઓ સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં અશ્વિની શર્મા, કેન્દ્રીય વાણિજ્ય મંત્રી સોમ પ્રકાશ સહિત પંજાબ ભાજપના અન્ય નેતા સામેલ રહ્યા હતા. આ નેતાઓએ કિસાન આંદોલનને લઈને ગૃહ મંત્રીને પંજાબની જમીની સ્થિતિની જાણકારી આપી હતી. ત્યારબાદ કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર પણ ગૃહ મંત્રી અમિત શાહને મળ્યા હતા. આ દરમિયાન કિસાન આંદોલન પર ચર્ચા થઈ હતી. આ બેઠકની વધુ વિગત હજુ સામે આવી નથી. રવિવારે કેન્દ્રીય વાણિજ્ય મંત્રી સોમ પ્રકાશે કહ્યુ કે, પ્રદર્શનને લઈને જીદ પર અડીગ કિસાન યૂનિયનના નેતા અપ્રાસંગિક થઈ જશે. કેન્દ્રીય વાણિજ્ય રાજ્યમંત્રી સોમ પ્રકાશે કહ્યુ કે, સંભવ છે કે આ નેતા યૂનિયન પર પોતાનું નિયંત્રણ ગુમાવી દે અને બીજા કિસાન નેતા ઉભરે. કેન્દ્રીય મંત્રીએ કહ્યુ કે, જે નેતા સમય રહેતા નિર્ણય લેતા નથી તે નેતા રહેવા યોગ્ય રહેતા નથી. કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યુ કે, જે કેટલાક મહત્વના લોકો આજે નવા કૃષિ કાયદાનો વિરોધ કરી રહ્યાં છે તે માત્ર વિરોધ માટે વિરોધ કરી રહ્યાં છે. તેમણે કહ્યુ કે, આ તે લોકો હતા જે થોડા દિવસ પહેલા કાયદાની જરૂરીયાત ગણાવી રહ્યાં હતા. રવિશંકર પ્રસાદે કહ્યુ કે, ભાજપ જનતાને જણાવશે કે આ કાયદો કઈ રીતે તેને ફાયદાકારક થવાનો છે.

આજે ખેડૂતોના સમર્થનમાં ઉપવાસ કરીશ : કેજરીવાલ, આપના કાર્યકરોને પણ અપીલ કરી

નવી દિલ્હી, તા.૧૩

નવી દિલ્હી : દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ કિસાનોના સમર્થનમાં કાલે (સોમવાર) એક દિવસનો ઉપવાસ રાખશે. તેમણે લોકોને ઉપવાસ રાખવાની અપીલ કરી છે. તેમણે કહ્યુ કે, બધા લોકો પોતાના ઘરમાં એક દિવસનો ઉપવાસ રાખે અને કિસાનોની માંગનું સમર્થન કરે.

અરવિંદ કેજરીવાલે કહ્યુ કે, દેશના ઘણા ખેલાડીઓએ કિસાનોનું સમર્થન કર્યું છે, શું તે એન્ટી નેશનલ છે? શું દેશના વકીલ, વ્યાપારી એન્ટી નેશનલ છે? અન્ના હજારેના આંદોલન દરમિયાન કોંગ્રેસની સરકાર બદનામ કરતી હતી, તેજ રીતે કિસાન આંદોલનને બીજેપી બદનામ કરી રહી છે. ડિજિટલ કોન્ફરન્સમાં સીએમે કહ્યુ કે, હું પૂછવા ઈચ્છુ છું કે અહી ઘણા પૂર્વ સૈનિક બેઠા છે, જેણે દેશની રક્ષા કરવા માટે પોતાના જીવની બાજી લગાવી હતી. શું આ બધા લોકો anti-national છે. હું ભાજપના નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓને પૂછવા ઈચ્છુ છું કે એવા કેટલા ખેલાડી છે, જેણે આંતરરાષ્ટ્રીય સ્તર પર દેશ માટે નામ કમાયુ અને મેડલ જીતી લાવ્યા. આવા કેટલા ખેલાડી કિસાનોની સાથે બેઠા છે, પોત-પોતાના ઘરોમાં બેસીને દુવાઓ મોકલી રહ્યાં છે, શું તે anti-national છે? કેટલા સિંગર અને સેલિબ્રિટી છે જે કિસાનોના બાળકો અને કિસાન પરિવારથી આવે છે. આ બધા લોકો તેનું સમર્થન કરી રહ્યાં છે શું તે બધા anti-national છે? વેપારીઓ અને વકીલોએ પણ કિસાનોનું સમર્થન કર્યું તો તે પણ anti-national છે? કેજરીવાલે કહ્યુ કે, જ્યારે અમે અન્ના આંદોલન કરી રહ્યા હતા ત્યારે રામલીલા મેદાનમાં આંદોલન થઈ રહ્યુ હતું અને અમારા વિરુદ્ધ પણ બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસની જેમ આજે ભાજપ કિસાનોનું આંદોલન બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. કેજરીવાલે કહ્યુ કે, દેશના કિસાનોને એન્ટી નેશનલ કહેવાની હિંમત ન કરવી. પહેલા અનાજના સ્ટોરેજની લિમિટ હતી, સ્ટોક કરવા પર કાર્યવાહી થતી હતી. સંગ્રહખોરી કરવો ગુનો હતો કારણ કે તેના કારણે તંગી થતી હતી.

રવિવાર બન્યો ગોઝારો : હૈદરાબાદમાં માર્ગ અકસ્માતમાં આઠ લોકોનાં મોત

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૩

રવિવારે હૈદરાબાદમાં અલગ-માર્ગ અકસ્માતની ઘટનામાં ૮ લોકોનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. ગચીબોવલીમાં એક માર્ગ અકસ્માતમાં ૫, પટાનચેરૂમાં ૨ અને કુકાટપલ્લીમાં એકનાં મોત નીપજ્યાં હતાં. પોલીસના જણાવ્યા અનુસાર, શહેરના ગાચીબાવલીમાં રવિવારે એક ભયાનક માર્ગ અકસ્માત અલસુબા ગચીબોવલી વિપ્રો સર્કલ પાસે કારે ટક્કર મારતાં એક હાઈ સ્પીડ મોટી ટ્રકે કારને ટક્કર મારતા કારમાં સવાર ૫ યુવાનોનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતુ. રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લામાં મોડી રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માતમાં ૭ લોકોનાં મોત નીપજ્યાં. જ્યારે આશરે ૧૦ લોકો ઘાયલ છે. ઈજાગ્રસ્તોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, મૃતકોના પોસ્ટ મોર્ટમની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ અકસ્માત ઉદયપુર નિમ્બેહેરા રોડ પર સાદુલખેડા નજીક બન્યો હતો. અહીં ક્રૂઝર અને ટ્રક સામસામે ટકરાયા હતા. આ ટક્કર એટલી જોખમી હતી કે ચાર લોકોના ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં. હોસ્પિટલમાં લઈ જતાં અન્ય ત્રણ લોકોનાં મોત નીપજ્યાં હતાં. આ રીતે, અત્યાર સુધીમાં ૭ લોકોનાં મોત નીપજ્યાં છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. મળતી માહિતી મુજબ મધ્યપ્રદેશથી રતલામના અખ્યકલા ગામના લોકો ક્રુઝર ટ્રેનમાં સામેલ થયા હતા. તેમાં ત્રણ નવા પરણિત યુગલો પણ હતા, જેમના લગ્ન એક અઠવાડિયા અગાઉ થયાં હતાં. આ ૧૮ લોકો ચિત્તોડગઢ, સાવલિયાજીના પ્રખ્યાત તીર્થસ્થળની મુલાકાત લેવા આવી રહ્યા હતા.

શ્રીનગર શહેરમાં તાજી બરફવર્ષા થયા બાદ લોકો બરફથી ઢંકાયેલ પુલ પર ચાલે છે.

પાંચ પુત્રીઓના જન્મ પર લોકોએ મહેણાં માર્યા હતા

ઉત્તરપ્રદેશના શખ્સની પાંચ પુત્રીની ઝળહળતી કારકિર્દી

બે પુત્રી IAS, બે એન્જિનિયર અને એક IRS બની ગઈ : પુત્રીઓની પ્રગતિમાં માતાનું મોટું યોગદાન

બરેલી, તા.૧૩

આજે પણ સમાજના કેટલાક લોકો દીકરા-દીકરી વચ્ચે અંતર રાખે છે. તેમને લાગે છે કે, દીકરી એટલે પથ્થર અને દીકરો એટલે કુળદીપક. સમાજના આવા જ લોકો જ્યારે અન્યના ઘરે દીકરી જન્મે ત્યારે તેમને મહેણાં-ટોણાં મારતા હોય છે. પરંતુ તેઓ તે વાત નથી સમજતા કે, દીકરાઓ કરતાં દીકરીઓ આગળ વધી ગઈ છે. એક પણ એવું ક્ષેત્ર નથી જ્યાં તેણે પોતાનું સ્થાન ન જમાવી રાખ્યું હોય. ઉત્તરપ્રદેશના બરેલી જિલ્લાના ફરીદપુર તહસીલમાં રહેતા ચંદ્રસેન સાગર અને મીના દેવી સાથે થયું. જ્યારે તેમને ત્યાં એક બાદ એક એમ પાંચ દીકરીઓ અવતરી. દીકરીઓના જન્મ પર આસપાસના લોકો કહેવા લાગ્યા કે, 'શું તમે હવે આને આઈપીએસ બનાવશો?'. અને આ વાત સાચી પડી ગઈ. ચંદ્રસેન સાગરની પાંચમાંથી ત્રણ દીકરીઓએ યુપીએસસીની પરીક્ષા પાસ કરી. બે દીકરીઓ આઈએએસ અને ત્રીજી દીકરી આઈઆરએસ અધિકારી છે. જ્યારે અન્ય બે દીકરીઓ એન્જિનિયર છે. ચંદ્રસેન સાગરે જણાવ્યું કે, અધિકારી બનવા માટે દીકરીઓની મહેનતની સાથે-સાથે તેમની માતા મીના દેવીનું પણ ઘણું યોગદાન છે. તેમની દીકરીઓએ શરૂઆતનું શિક્ષણ બરેલીની સેંટ મારિયા કોલેજમાં લીધું હતું. બાદમાં તેમણે ઉત્તરાખંડ, અલાહાબાદ અને દિલ્હીમાં બાકીનો અભ્યાસ પૂરો કર્યો. ત્રણ બહેનોમાંથી એકે દિલ્હીમાં રહીને યુપીએસસીની તૈયારી કરી. ચંદ્રસેનની પહેલી દીકરી અર્જિત સાગરે ૨૦૦૯માં બીજા પ્રયાસમાં યુપીએસસીની પરીક્ષા પાસ કરી. બાદમાં તેનું જોઈન્ટ કમિશનર કસ્ટમ મુંબઈમાં પોસ્ટિંગ થયું. અર્જિતના લગ્ન આંધ્રપ્રદેશના વિજયવાડામાં થયા છે. તેના પતિ પણ આઈએએસ અધિકારી છે. ૬ વર્ષ બાદ ૨૦૧૫માં બીજી દીકરી અર્પિતને સફળતા મળી. હાલ તે વલસાડમાં ડીડીઓ પર તૈનાત છે. તો ત્રીજી અને ચોથા નંબરની દીકરી અશ્વિની તેમજ અંકિતા એન્જિનિયર છે. અશ્વિની હાલ મુંબઈ તો અંકિતા નોઈડાની ખાનગી કંપનીમાં નોકરી કરી રહી છે. ચંદ્રસેન અને મીના દેવીની સૌથી નાની દીકરી આકૃતિ સાગરને ૨૦૧૬માં બીજા પ્રયાસમાં સફળતા મળી. હાલ તે જળ બોર્ડની ડિરેક્ટર તરીકે સેવા આપી રહી છે. ચંદ્રસેનની દીકરીઓએ જણાવ્યું કે, તેમને યુપીએસસીની તૈયારી કરવાની પ્રેરણા પોતાના મામા પાસેથી મળી. મામા અનિલ કુમાર વર્ષ ૧૯૯૫ બેચના પશ્ચિમ બંગાળ કેડરના આઈપીએસ અધિકારી હતા. પાંચેય દીકરીઓનું સપનું હતું કે, તેઓ પણ પોતાના મામાની જેમ અધિકારીઓ બને. યુપીએસસીની પરીક્ષાની તૈયારી દરમિયાન તેમને મામા અનિલ કુમાર તરફથી ઘણો સહયોગ મળ્યો.

NCP નેતા પ્રફુલ્લ પટેલનો ખુલાસો

શરદ પવારની પાસે બે વખત પ્રધાનમંત્રી બનવાની તક હતી

મુંબઈ,તા.૧૩

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ પવાર પાસે એક નહીં પરંતુ બે વાર પ્રધાનમંત્રી બનવાની તક હતી, પરંતુ કોંગ્રેસ પાર્ટીમાં તેમના વિરોધીઓ દ્વારા ઈનકાર કરાયા બાદ એમ બની શક્યું નહીં. આ વાતનો ખુલાસો એનસીપી નેતા પ્રફુલ્લ પટેલે કર્યો છે. તેમણે કહ્યું કે કોંગ્રેસની દરબાર પોલિટિક્સના કારણે શરદ પવાર પ્રધાનમંત્રી બની શક્યા નહીં. પ્રફુલ્લ પટેલે દાવો કર્યો છે કે ૧૯૯૦ના દાયકામાં જ્યારે શરદ પવાર કોંગ્રેસમાં હતા ત્યારે તેમના વિરુદ્ધ દરબાર પોલિટિક્સના કારણે તેઓ બે વાર પ્રધાનમંત્રી બની શક્યા નહી. તેમણે કહ્યું કે, શરદ પવાર ૧૯૯૧ અને ૧૯૯૬માં પ્રધાનમંત્રીની ભૂમિકા માટે નિશ્ચિતપણે સ્વાભાવિક ઉમેદવાર હતા. પરંતુ દિલ્હીની દરબારી રાજનીતિ (ભાઈ-ભત્રીજાવાદ)એ તેમા અવરોધ પેદા કરવાની કોશિશ કરી. એનસીપી નેતાએ શિવસેનાના મુખપત્ર સામનામાં પ્રકાશિત લેખમાં લખ્યું કે, ૧૯૯૧માં રાજીવ ગાંધીના મૃત્યુ બાદ કોંગ્રેસ કાર્યકરો અને નેતાઓ વચ્ચે મજબૂત ધારણા હતી કે પવારને કોંગ્રેસના અધ્યક્ષ બનાવવામાં આવે. પરંતુ દરબારી રાજનીતિના કારણે એક મજબૂત નેતાના વિચારનો વિરોધ કરાયો અને પીવી નરસિમ્હારાવને પાર્ટી પ્રમુખ બનાવવાની યોજના ઘડાઈ. તેમણે આગળ લખ્યું કે પીવી નરસિમ્હા રાવ બીમાર હતા અને લોકસભા ચૂંટણી પણ લડી નહતી. તેઓ રિટાયર થઈને હૈદરાબાદમાં રહેવાની યોજના ઘડી રહ્યા હતાં પરંતુ તેમને રાજી કરી લેવાયા અને ફક્ત પવારની ઉમેદવારીનો વિરોધ કરવા માટે તેમને કોંગ્રેસના અધ્યક્ષ બનાવવામાં આવ્યા. પ્રફુલ્લ પટેલે કહ્યું કે ૧૯૯૬માં પણ શરદ પાસે એકવાર ફરીથી પ્રધાનમંત્રી બનવાની તક હતી. ૧૯૯૬માં કોંગ્રેસને ૧૪૫ બેઠકો મળી હતી અને એચડી દેવગૌડા, લાલુ પ્રસાદ યાદવ તથા મુલાયમ સિંહ યાદવ સાથે ડાબેરી નેતાઓએ કહ્યું કે જો પવારને પીએમ બનાવવામાં આવશે તો તેઓ કોંગ્રેસનું સમર્થન કરશે. પરંતુ પીવી નરસિમ્હા રાવ અડગ રહ્યા અને દેવગૌડાને બહારથી સમર્થન આપવા માટે મજબૂર થવું પડ્યું. તેમણે વધુમાં લખ્યું કે, જ્યારે રાવે કોંગ્રેસ અધ્યક્ષ પદ છોડ્યું તો તેમણે સીતારામ કેસરીના નામને પોતાના ઉત્તરાધિકારી તરીકે આગળ વધાર્યું. પ્રફુલ્લ પટેલની ટિપ્પણી પર કોંગ્રેસે કોઈ પણ પ્રતિક્રિયા આપવાનો ઈક્રાર કરી દીધો છે. પરંતુ કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ કહ્યું કે પવાર વર્ષ ૧૯૯૬માં કોંગ્રેસમાં ફરીથી સામેલ થયા હતા અને દિલ્હીમાં તેમની એવી છબી હતી કે તેઓ એક નિષ્ઠાવાન કોંગ્રેસી નથી. તેમણે કહ્યું કે પવારે ૧૯૭૮માં પણ પાર્ટી વિરુદ્ધ વિદ્રોહ કર્યો હતો.

પોલીસે યુવકની લાશ મળતા તપાસ તેજ કરી

પટનામાં ગર્લફ્રેન્ડને મળવા ગયેલા યુવકની લાશ મળી

મોડી રાત્રે યુવતીએ યુવકને મળવા માટે તેના ઘરની પાસે બોલાવ્યો, જેથી પ્રેમિકાને મળવા અંશુ તેના ઘરેથી ગયો

પટના,તા.૧૩

પાટનગર પટનામાં ગુનાખોરી ઓછુ થવાનુંનામ નથી લઈ રહી, ગુનેગારો દ્વારા એક પછી એક ગુનાહિત પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે, તેમ છતાં પોલીસ આ ઘટનાઓને રોકવામાં સંપૂર્ણ નિષ્ફળ સાબિત થઈ રહી છે. તાજેતરનો આ હત્યાનો કિસ્સો પટના શહેરના બહાદુરપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી ન્યુ અઝીમાબાદ કોલોનીનો છે, જ્યાં એક યુવતીના પરિવારે પ્રેમ પ્રકરણ હેઠળ યુવકની છરીથી હત્યા કરી દીધી હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. ન્યુ અઝીમાબાદ કોલોનીમાં ગળું કપાયેલી હાલતમાં યુવકની લાશ મળી આવતા સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી. તુરંત જ આ સમગ્ર મામલો પોલીસને પહોંચાડવામાં આવ્યો હતો. બાતમી મળતાની સાથે જ પટણા સીટી ડીએસપી સહિત વિવિધ પોલીસ મથકોની પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને સમગ્ર મામલાની તપાસ શરૂ કરી હતી. આ ઘટનાથી ગુસ્સે થતાં મૃતકના પરિવારજનોએ અને સ્થાનિકોએ યુવતીના ઘરે પથ્થરમારો કરતાં હોબાળો મચી ગયો હતો, જેનાથી સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો, પાછળથી પોલીસે કડક વલણ અપનાવતાં તમામ બદમાશોને હાંકી કાઢ્યા હતા. પોલીસે લાશનો કબજે કરી પોસ્ટમોર્ટમ માટે નાલંદા મેડિકલ કોલેજમાં મોકલી આપી હતી. મૃતકની ઓળખ બહાદુરપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સંદલપુરના રહેવાસી સ્વ. સંજય સાહનીનો ૧૮ વર્ષીય પુત્ર અંશુ કુમાર તરીકે થઈ છે. એવું કહેવામાં આવે છે કે, અંશુ કુમાર પડોશમાં રહેતી સબ્યા મલિક નામની યુવતી સાથે પ્રેમ સંબંધ ધરાવતો હતો. મોડી રાત્રે યુવતીએ તેને મળવા માટે તેના ઘરની પાસે બોલાવ્યો, જેથી પ્રેમિકાને મળવા અંશુ તેના ઘરેથી નીકળી ગયો હતો અને તે પછી તે ઘરે પાછો આવ્યો ન હતો. આજે સવારે તેનો મૃતદેહ ન્યૂ અઝીમાબાદ કોલોનીથી મળી આવ્યો હતો. મૃતકના પરિવારજનોએ પોલીસ તંત્રને યુવતીના પરિવારે હત્યા કર્યાનો આક્ષેપ કરતાં કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે, જ્યારે મૃતકના મિત્ર રોશન કુમારે જણાવ્યું છે કે, યુવતીનો ભાઈ અબ્રાહમ મલિક અંશુની વારંવાર હત્યા કરવાની ધમકી આપતો હતો.

ભારતના દુષ્પ્રચાર નેટવર્ક અંગે EUનો રિપોર્ટ પાકિસ્તાનની સ્થિતિ પૂરવાર કરે છે : ઈમરાન

(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૩

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાને યુરોપિયન સંસ્થા દ્વારા જાહેર કરાયેલ એક રિપોર્ટ અંગે કહ્યું કે, ભારતની બે કંપનીઓ દ્વારા ચલાવાતા દુષ્પ્રચાર અભિયાને પાકિસ્તાનની સ્થિતિ પૂરવાર કરી છે.

૯મી ડિસેમ્બરે યુરોપીય યુનિયન સામે ફેલાવાતા સાયબર દુષ્પ્રચાર સામે લડાઈ લડનાર ઈયુની સંસ્થા ડિસઈન્ફોલેબએ ભારતીય વૃતાંતના શિર્ષક હેઠળ એક રિપોર્ટ જાહેર કર્યો છે, જેમાં એમણે લખ્યું છે કે, કથિત બે ભારતીય ખાનગી એજન્સીઓ ૧૫ વર્ષથી ભારતના રાષ્ટ્રીય હિતોને સાચવવાના ઉદ્દેશ્યથી અને પોતાના દુશ્મનો જેમ કે ચીન અને પાકિસ્તાનને અવગણવા માટે વિષય વસ્તુ મૂકવાના એક લાંબા ઓપરેશન સાથે સંકળાયેલ છે. ઈયુની ડિસઈન્ફોલેબએ દાવો કર્યો છે કે, એમણે ૯૫ દેશોમાં પથરાયેલ ૫૦૦થી વધુ બનાવટી સ્થાનિક મીડિયાના સમગ્ર નેટવર્કનું પર્દાફાશ કર્યું છે જેઓ પાકિસ્તાન અને ચીન સામે નકારાત્મક પ્રચાર કરે છે.

આ રિપોર્ટમાં એક ગ્રુપમાં એક શ્રીવાસ્તવ ગ્રુપનો ઉલ્લેખ કરાયો છે, જેને ગયા વર્ષે ઈયુની ડિસઈન્ફોલેબએ બનાવટી ન્યૂઝ વેબસાઈટ ચલાવવા માટે પકડી પાડ્યો હતો.

ઈમરાનખાને ઈયુની ડિસઈન્ફોલેબની રિપોર્ટ અંગે ટ્વિટ કર્યું હતું, 'પાકિસ્તાન સતત આંતરરાષ્ટ્રીય સમુદાયનું ધ્યાન ભારતની આ પ્રકારની પ્રવૃતિઓ તરફ ખેંચે છે. હાલમાં જ પાકિસ્તાન સરકારે યુએનને એક ડોઝિયર આપ્યો હતો જેમાં પાકિસ્તાનમાં ભારત દ્વારા ફેલાવાતા ત્રાસવાદ અંગે જણાવ્યું હતું. ઈયુની સંસ્થા ડિસઈન્ફોલેબ દ્વારા જારી કરાયેલ રિપોર્ટથી પાકિસ્તાનની સ્થિતિ પૂરવાર થાય છે. આંતરરાષ્ટ્રીય સમુદાયે આના માટે નોંધ લેવી જોઈએ કે ભારત વૈશ્વિક સિસ્ટમની સ્થિરતા સામે ભય ઊભું કરી રહ્યું છે. પાકિસ્તાનના વિદેશમંત્રી શાહ મહમૂદ કુરેશીએ ભારતીય વૃતાંતને વિશ્વના સૌથી મોટા દુષ્પ્રચાર નેટવર્ક તરીકે ગણાવ્યું છે. એમણે કહ્યું છે કે, ભારતનો નેટવર્ક હિટલરના ગોબ્બલસને પણ શરમાવે એ પ્રકારનું છે.

જમ્મુ-કાશ્મીર : એન્કાઉન્ટરમાં બે આતંકવાદી ઠાર : સર્ચ ઓપરેશન

બે આતંકવાદીઓ પાકિસ્તાનના હતા : એક સ્થાનિક હતો, આ જાણકારી જમ્મુ-કાશ્મીર પોલીસે આપી : જવાનોનો જડબાતોડ જવાબ

જમ્મૂ, તા. ૧૩

જમ્મૂ-કાશ્મીરના પુંછ વિસ્તારમાં ચાલુ અથડામણમાં ભારતીય સુરક્ષાબળોને મોટી સફળતા મળી છે. ભારતીય જવાનોએ પાકિસ્તાનના ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે. આ અથડામણમાં સુરક્ષાબળોએ ૨ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલું છે. રવિવારે પુંછ સ્થિત દુગરાન પોશાના વિસ્તારમાં સુરક્ષાદળો અને ત્રણ આતંકવાદીઓ વચ્ચે ફાયરિંગ થયું હતું.

ખાસ વાત તો એ છે કે આતંકવાદીઓમાં બે આતંકવાદીઓ પાકિસ્તાનના હતા. એક સ્થાનિય હતો. આ જાણકારી જમ્મુ-કાશ્મીર પોલીસે આપી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે સુરક્ષાદળોએ આતંકવાદીઓને સરેન્ડર કરવા માટે કહ્યું હતું. પરંતુ તેમણે ફાયરિંગ શરૂ કર્યું હતું.

ત્યારબાદ ભારતીય સુરક્ષાદળોએ જડબાતોડ જવાબ આપ્યો હતો. ગત બુધવારે જ રાજ્યના પુલવામા જિલ્લામાં સુરક્ષાદળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યાહતા. આ ગોળીબારીમાં એક સ્થાનિક નાગરીક ઘાયલ થયો હતો. પોલીસ અધિકારીઓ પાસેથી મળતી માહિતી પ્રમાણે સુરક્ષાદળોએ પુલવામાના તિક્કન વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આતંકવાદીઓ તરફથી પહેલા ગોળીબારી શરુ થઈ હતી.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાને પોતાની ગતિવિધિઓ તેજ કરી દીધી છે. થોડા સપ્તાહ પહેલા સુરક્ષાદળોને નરરોટા શહેરમાં મોટી સફળતા મળી હતી. અહી જવાનોએ જૈશ-એ-મોહમ્મદના ચાર આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

અધિકારીઓએ જાણકારી આપી હતી કે આતકંવાદી એક ટ્રકમાં સંતાઈને આવ્યા હતા. મીડિયા રિપોર્ટ પ્રમાણે આંતકવાદી ૨૬/૧૧ની વર્ષગાંઠ ઉપર મોટો હુમલો કરવાનું ષડયંત્ર કરી રહ્યા હતા. રાજ્યમાં ચાલું છે ઙ્ઘઙ્ઘઝ ચૂંટણીજમ્મુ-કાશ્મીરમાં ડિસ્ટ્રિક્ટ ડેવલોપમેન્ટ બોર્ડની ચૂંટણી ચાલુ છે. જેના પગલે રાજ્યમાં સુરક્ષા વ્યવસ્થા ખૂબ જ કડક બનાવી છે. રવિવારે કહ્યું કે ૩૧ નિર્વાચન ક્ષેત્રો ઉપર ૬ તબક્કામાં મતદાન થશે. આ સાથે જ ૩૩૪ પંચ અને ૭૭ સરપંચ સીટો માટે પણ મતદાન કરવામાં આવશે. આ ચૂંટણીના પગલે આખી કશ્મીર ઘાટીમાં મલ્ટી ટિયર સુરક્ષા તૈનાત કરવામાં આવી છે.

દિલ્હીની વધુ એક ધ્રૂજાવી દેનારી ઘટના

રેલવે પ્લેટફોર્મ ઉપર બેઠેલી ૨૨ વર્ષની યુવતી પર ગેંગરેપ

પરિવાર સાથે થયેલી તકરાર બાદ યુવતી ઘરેથી નીકળી ગઈ અને પછી તે રેલવે સ્ટેશન પર જઈને બેસી ગઈ હતી

નવી દિલ્હી, તા.૧૩

ફરી એકવાર દેશની રાજધાની દિલ્હીમાં ધ્રૂજાવી દેનારી ઘટના બની છે. જેમાં ૨૨ વર્ષની યુવતીને શિકાર બનાવવામાં આવી છે. શહેરના શકુર બસ્તી રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર માનસિક શાંતિ મળે તે માટે બેઠી હતી, અને ત્રણ લોકો તેને બળજબરીથી ખેંચીને સ્ટેશન પર જ કોઈ આવી જાય તેવી જગ્યા પર લઈ ગયા અને ત્યાં તેની પર બળાત્કાર ગુજાર્યો હતો, આ ગુરુવાર રાતની ઘટના છે. પોલીસે આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી છે. આ યુવતી રેલવે સ્ટેશનની નજીકમાં જ પોતાના પરિવાર સાથે રહે છે, પોતાના પરિવાર સાથે થયેલી તકરાર બાદ આ યુવતી ગુરુવારે ઘરેથી નીકળી ગઈ હતી અને આ પછી તે રેલવે સ્ટેશન પર જઈને બેસી ગઈ હતી. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે સિનિયર પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આ ઘટના ત્યારે બની જ્યારે સ્ટેશન પર એક યુવતીને એકલી બેઠેલી જોઈ હતી. આ પછી તેમણે યુવતીને ખોટી રીતે સ્પર્શવા લાગ્યા હતા, આ પછી જેવો યુવતીએ વિરોધ કર્યો તો તે ત્રણે નરાધમો તેને ખેંચીને રેલવે સ્ટેશન પર કોઈ ના આવતું હોય તેવી ખૂણાવાળી જગ્યા પર લઈ ગયા હતા. રેલવે સ્ટેશન પર ખૂણામાં યુવતીને ખેંચી ગયા પછી ત્રણે નરાધમોએ તેના પર બળાત્કાર ગુજાર્યો હતો, આ પછી આરોપીઓએ મહિલાને એવી પણ ધમકી આપી હતી કે આ ઘટના વિશે જાણ કરવાની હિંમત ના કરતી. આ ત્રણે આરોપીઓ ઘટના સ્થળ પરથી રવાના થઈ ગયા પછી યુવતીએ પોતાના ઘરે જઈને ઘટના વિશે જણાવ્યું. આ વિશે પોલીસને જાણ કરવામાં આવી અને પોલીસે યુવતીને મેડિકલ તપાસ માટે મોકલી દીધી હતી. મહિલા પર બળાત્કાર થયો હોવાનું સાબિત થતા ગેંગરેપની ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે વધુમાં જણાવ્યું કે, ઘટનાની વધુ તપાસ માટે સીસીટીવી ચકાસવામાં આવી રહ્યા છે અને આરોપીઓને ઝડપી પાડવા માટે પણ કાર્યવાહી કરાઈ રહી છે. દિલ્હીમાં બનતા ક્રાઈમ કેસ અંગે પોલીસના જણાવ્યા પ્રમાણે આ વર્ષમાં ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ૧,૨૪૧ મહિલાઓ સામેના આચરવામાં આવેલા ગુના નોંધાયા છે, જ્યારે ૨૦૧૯માં આ કેસની સંખ્યા ૧,૭૨૩ હતી. ચાલુ વર્ષમાં દિલ્હીમાં મહિલાઓ પર અત્યાચારના ૧,૫૨૭ કેસ નોંધાયા છે જેનો આંકડો ૨૦૧૯માં ૨,૨૭૬ હતો. બળાત્કારના કિસ્સાઓના એનાલિસિસમાં બહાર આવ્યું કે બળાત્કારની ઘટનામાં ૯૭.૭% જાણીતા લોકો હોય છે જ્યારે ૨.૩% કેસમાં આરોપીઓ અજાણ્યા હોય છે.

નાઈજીરિયામાં સ્કૂલ પર હુમલો, સુરક્ષા કર્મચારીઓની હત્યા કરી ૪૦૦ બાળકોનું અપહરણ

(એજન્સી) અબુજા, તા.૧૩

નાઈજીરિયાના ઉત્તરી કાતસીના રાજ્યમાં કેટલાક અજાણ્યા હથિયારબંધ લોકોએ એક સ્કૂલ પર હુમલો કરીને લગભગ ૪૦૦ બાળકોનું અપહરણ કરી લીધું છે. નાઈજીરિયાના વેનગાર્ડ નામના વર્તમાન પત્રએ અધિકારીઓના હવાલાથી આ માહિતી આપી. ઘટના શુક્રવારની છે. જ્યારે કંકારા સરકારી માધ્યમિક સ્કૂલ પર કેટલાક હથિયારબંધ લોકોએ હુમલો કરી દીધો. સ્કૂલના સુરક્ષા કર્મચારીઓની હત્યા કર્યા પછી બંદૂકધારી સ્કૂલ પરિસરમાં ઘૂસી ગયા. હુમલાના સમયને ૮૦૦થી વધુ બાળકો સ્કૂલમાં હાજર હતા. બંદૂકધારીઓએ કેટલા બાળકોનું અપહરણ કર્યું છે. આ વિશે અત્યાર સુધી કોઈ સ્પષ્ટ માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી. હુમલા દરમિયાન મોટી સંખ્યામાં સ્કૂલના બાળકો આજુબાજુના વિસ્તારોમાં સંતાઈ ગયા. શિક્ષણ કમિશનર બાદમાસી ચારાંચીએ જણાવ્યું કે, ૪૦૬ બાળકો સુરક્ષિત ફરી ચૂકયા છે. જ્યારે અન્ય ગુમ બાળકોને અત્યાર સુધી શોધી શકાયા નથી. અધિકારી મુજબ આ બાળકો આખી રાત આજુબાજુના ઝાડ પાછળ સંતાયેલા રહ્યા અને સવારે પોતપોતાના ઘર પરત ફર્યા. નાઈજીરિયા પોલીસ, સેના અને વાયુ સેના પણ લાપતા બાળકોને શોધવા માટે સ્કૂલ તંત્રની સાથે મળીને કામ કરી રહ્યા છે. નાઈજીરિયાના રાષ્ટ્રપતિ મોહમ્મદ બુહારીએ આ હુમલાની ટીકા કરતા જવાબદાર લોકોની વિરૂદ્ધ સખ્ત કાર્યવાહી કરવાની માંગ કરી છે.

કોરોનાની મહામારી વચ્ચે નાતાલનો પર્વ ઉજવવા ખ્રિસ્તી સમાજ દ્વારા તૈયારી શરૂ

કોરોનાની મહામારીએ દરેક ધર્મના તહેવારોની મજા ફિક્કી બનાવી નાખી છે. મુસ્લિમોનો રમઝાન ઈદ, ઈદ ઉલ અઝહા, મોહર્રમ કે ઈદ-એ-મિલાદનો પર્વ હોય કે, હિન્દુ સમાજના હોળી, ધુળેટી, જન્માષ્ટમી કે દિવાળીના પર્વ હોય, સરકારી ગાઈડલાઈનના પાલન સાથે ઉજવણી કરવામાં આવી હતી. હવે ખ્રિસ્તી સમાજનો નાતાલનો તહેવાર આવી રહ્યો છે, ત્યારે બજારમાં ક્રિસમસના સ્ટાર કે ઘર સજાવટની ચીજવસ્તુઓની ખરીદી કરવા ભીડ ઉમટી રહી છે. જો કે હાલ ગાઈડલાઈનમાં થોડી ઘણી છૂટછાટ આપવામાં આવી હોવાથી નાતાલની ઉજવણીમાં ખાસ કોઈ વાંધો આવશે નહીં. મોટાભાગે ખ્રિસ્તી સમાજના લોકો ચર્ચમાં જ એકઠા થતા હોવાથી તેઓ પરંપરાગત રીતે ઉજવણી કરી શકશે. હા ૩૧મી ડિસેમ્બરની ઉજવણીમાં મોટા પાયે ભીડ એકઠી થતી હોવાથી પ્રતિબંધો જરૂર લાગુ પડશે.

ફાયર સેફ્ટી NOC-રિન્યુઅલ સહિતની વ્યવસ્થા માટે ઓનલાઈન સિસ્ટમનું પોર્ટલ વિકસાવાશે

રાજ્યમાં ફાયર સેફ્ટીનો થશે કડક અમલ નવા ફાયર NOC હવે મળશે ઓનલાઈન

● બિલ્ડિંગની ડિઝાઈન-વિકાસ પરવાનગી વખતે જ ફાયર સેફ્ટી પ્લાન મંજૂર કરાવવો પડશે

● યુવા ખાનગી ઈજનેરોને ફાયર સેફ્ટી ઓફિસર તરીકે લાયક ગણી પ્રેક્ટિસની મંજૂરી અપાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૩

રાજ્યમાં હાઈરાઈઝ બિલ્ડિંગો, શાળા-કોલેજો, હોસ્પિટલો વગેરેમાં ફાયર સેફ્ટીના કડક અમલ માટે ગુજરાત સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. જેમાં હવેથી રાજ્યમાં નવા ફાયર એનઓસી પણ ઓનલાઈન મળશે અને લોકોને તે માટે કચેરીના ધક્કા ખાવા નહીં પડે. આ ઉપરાંત બિલ્ડિંગની ડિઝાઈન-વિકાસ પરવાનગી વખતે જ ફાયર સેફ્ટી પ્લાન મંજૂર કરાવવો પડશે અને બી.યુ. પરમિશન વખતે ફાયર સેફ્ટી પ્રમાણપત્ર લેવું પડશે. ૨૬મી જાન્યુઆરીથી રાજ્યભરમાં અમલમાં આવનાર આ નવી વ્યવસ્થામાં યુવા ખાનગી ઈજનેરોને ફાયર સેફ્ટી ઓફિસર તરીકે લાયક ઠરાવી પ્રેક્ટિસની મંજૂરી અપાશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં ફાયર સેફ્ટીના કડક અમલથી લોકોના જાન-માલ-મિલ્કતને રક્ષણ આપવા ફાયર સેફ્ટી અંગે કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. તેમણે રાજ્યમાં દરેક હાઈરાઈઝડ બિલ્ડિંગ, વાણિજ્યિક સંકુલો, સ્કૂલ, કોલેજ, હોસ્પિટલ્સ અને ઔદ્યોગિક એકમો માટે ફાયર સેફ્ટી NOC ઓનલાઈન મેળવવા માટેની પ્રક્રિયાઓ અંગે રાજ્ય સરકાર પારદર્શી રીતે ફાયર સેફ્ટી કોપ પોર્ટલ વિકસાવશે તેવી મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ આ કામગીરીમાં ગતિ લાવવા સાથે રાજ્યમાં યુવા ઈજનેરોને સ્વતંત્ર રીતે ફાયર સેફ્ટી ઓફિસર તરીકે સ્વરોજગાર આપવાની એક પહેલ કરી છે. મુખ્યમંત્રીએ એવો ક્રાંતિકારી નિર્ણય કર્યો છે કે, રાજ્યમાં ફાયર સર્વિસ ક્ષેત્રે કારકીર્દી ઘડીને ખાનગી ફાયર સેફ્ટી ઓફિસર તરીકે યુવા ઈજનેરોને નિર્દિષ્ટ જરૂરી તાલીમ લીધા બાદ ફાયર સેફ્ટી ઓફિસર તરીકે ખાનગી પ્રેક્ટિસ માટે રાજ્ય સરકાર મંજૂરી આપશે. આવા સ્વતંત્ર પ્રેક્ટિસ કરતા ખાનગી ફાયર સેફ્ટી ઓફિસરોની નગર-મહાનગરોમાં પેનલ તૈયાર કરાશે. મુખ્યમંત્રીના આ નિર્ણયથી નગરો-મહાનગરોના સ્થાનિક તંત્રમાં ફાયર સેફ્ટી, NOC, રિન્યુઅલ વગેરેની કામગીરીનું હાલનું વધુ પડતું કાર્યભારણ ઓછુ થશે. એટલું જ નહીં બિલ્ડિંગ ધારકો અને લોકોને NOC મેળવવા તથા રિન્યુઅલ કરાવવામાં સરળતા મળશે. આવા ખાનગી ફાયર સેફ્ટી ઓફિસરની નિયુક્તિ ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ-૨૦૧૩ની કલમ-૧૨ની જોગવાઈ મુજબ કરવામાં આવશે. આ નિર્ણયને પગલે રાજ્યમાં મોટા પ્રમાણમાં ઊંચા મકાનો, કોમર્શિયલ કોમ્પ્લેક્ષ, શાળા-કોલેજ, હોસ્પિટલ્સ, ઔદ્યોગિક એકમોને મેળવવાનું થતું ફાયર NOC તથા દર છ મહિને રિન્યુઅલ કરાવવાની સેવાઓ ઝડપી અને વિના વિલંબે મળતી થશે. રાજ્યમાં નગરો-મહાનગરોના સ્થાનિક તંત્રના ફાયર ઓફિસર ઉપરાંત હવે આવા ખાનગી અને તાલીમબદ્ધ યુવા ફાયર સેફ્ટી ઓફિસરની વ્યવસાયિક તજજ્ઞતા ધરાવતી વિશાળ કેડર પણ ઊભી થશે. લોકોને પોતાના કામો માટે કોઈ પરવાનગી-મંજૂરી માટે કચેરીઓમાં જવું જ ન પડે અને ઘરે બેઠા ઓનલાઈન કામ થાય તેવી લેસ હ્યુમન ઈન્ટરફેસ-ફેઈસ લેશ સેવાઓ વિકસાવતા જઈએ છીએ, એમ જણાવતા તેમણે ઉમેર્યું કે, ગુજરાતમાં ODPSના સફળ અમલ પછી હવે દેશમાં વધુ એક નવતર ડગલું આપણે ભર્યું છે. ફાયર NOC લેવા માટે લોકોને કચેરીઓમાં જવું જ ન પડે તે માટે પારદર્શિતા લાવવા ફાયર સેફ્ટી કોપ-ફાયર સેફ્ટી કોમ્પ્લાયન્સ પોર્ટલ વિકસાવવાનું રાજ્ય સરકારે નિર્ધારિત કર્યું છે. આ પોર્ટલ પર નવા ફાયર સેફ્ટી NOC, રિન્યુઅલ, ઓનલાઈન પેમેન્ટ અને ફાયર સેફ્ટી ઓફિસરની માહિતી સહિતની વિગતો સરળતાથી ઓન ફિંગર ટિપ મળતી થશે. આવા જે પ્રમાણપત્રો-સર્ટિફિકેટ મેળવવાના છે તેમાં નવા બિલ્ડિંગ માટે ફાયર સેફ્ટી સર્ટિફિકેટ-૩ વર્ષ માટે માન્ય રહેશે. રિન્યુઅલ સર્ટિફિકેટ બે વર્ષ માટે માન્ય રાખવામાં આવશે. ફાયર સેફ્ટી ઓફિસરે દર ૬ મહિને આગ અને સલામતિના ઉપાયોની આવા બિલ્ડિંગમાં જાતે તપાસ કરીને ફિલ્ડ વિઝીટ કર્યા પછી યોગ્યતા પ્રમાણપત્ર સિસ્ટમમાં અપલોડ કરવું પડશે. રાજ્ય સરકારે આ હેતુસર ફાયર સેફ્ટી નિષ્ણાતો, ટાઉન પ્લાનર્સ એન્જિનિયર્સની સલાહ લઈને વિવિધ પ્રકારના બિલ્ડિંગ્સ માટે ફાયર સેફ્ટી ઓફિસર માટેના વ્યાપક ચેકલીસ્ટ વિકસાવી ૨૨૦ સ્ટાન્ડર્ડ ચેકલીસ્ટ બનાવવાની પ્રક્રિયા પણ હાથ ધરી છે. કોઈ પણ બિલ્ડિંગ, ઈમારત, કોમ્પ્લેક્ષમાં ફાયર સેફ્ટી સુવિધાની ઢિલાશ કે કચાશ સરકાર ચલાવશે નહીં. આવા મકાનો-કોમ્પ્લેક્ષ વગેરેમાં ફાયર NOC ફરજિયાત છે તેમજ સમયે-સમયે તેનું રિન્યુઅલ થાય તે પણ આવશ્યક છે. સાથોસાથ માત્ર NOC આપીને બેસી રહેવાને બદલે ફાયર ઓફિસરો સમયાંતરે આવા મકાનોની સ્થળ તપાસ કરે, યોગ્યતા ચકાસે તેવો અભિગમ છે, એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે, ફાયર સેફ્ટીની શરૂઆત કોઈ પણ બિલ્ડિંગની ડિઝાઈનના તબક્કાથી જ થઈ જાય છે. ડેવલપરે બાંધકામની પરવાનગી વખતે જ ફાયર સેફ્ટી પ્લાનની મંજૂરી લેવી પડશે. બાંધકામ પૂરૂં થઈ જાય પછી ફાયર સેફ્ટી પ્રમાણપત્ર ત્યાર બાદ અગ્નિશમન વ્યવસ્થા બધું ચકાસ્યા પછી જ ફાયર સેફ્ટી સર્ટીફિકેટ રિન્યુઅલ થશે. વિજય રૂપાણીએ જણાવ્યું કે, GIDMના તનેજા અને તેમની ટીમે ફાયર સેફ્ટી પ્રમાણપત્ર મંજૂરી, રિન્યુઅલ અને ટ્રેઈન્ડ હ્યુમન રિસોર્સીસ માટે એન્ડ ટુ એન્ડ સોલ્યુશન પારદર્શી, સરળ અને કાર્યક્ષમ રીતે આપવાનો એક અહેવાલ રાજ્ય સરકારને આપેલો છે. રાજ્ય સરકારે પણ આ માટે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને વરિષ્ઠ મંત્રીઓ, સંબંધિત અધિકારીઓ, ફાયર ઓફિસરોની શ્રેણીબદ્ધ મીટિંગો યોજીને અને GIDMએ પણ દિલ્હી, ગોવા, કેરળ જેવા રાજ્યો, સિંગાપોર, યુકેના દેશોની પ્રક્રિયા અને પદ્ધતિઓનો બારીકાઈથી અભ્યાસ કરીને રાજ્યમાં આપણે આ નવી પદ્ધતિ રાજ્યમાં આગામી ૨૬ જાન્યુઆરીથી શરૂ કરવા જઈ રહ્યા છીએ.

દૂધસાગર ડેરીની ચૂંટણી જાહેર થતાની સાથે ચૌધરીની ધરપકડથી રાજકારણ ગરમાયું

કરોડોની ઉચાપત કેસમાં દૂધસાગર ડેરીના વિપુલ ચૌધરીની ધરપકડ : ચાર દિ'ના રિમાન્ડ

ભાજપ સામે ઝૂક્યા નહીં એટલે વિપુલ ચૌધરીની ધરપકડ કરવામાં આવી હોવાની ચર્ચા તેજ

અમદાવાદ/મહેસાણા, તા.૧૩

દૂધસાગર ડેરીના કર્મચારીઓના પગાર અને બોનસ બાબતે થયેલી રૂા.૨૨ કરોડની ઉચાપત કેસમાં સીઆઈડી ક્રાઈમે પૂર્વ ગૃહમંત્રી અને ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીની સીઆઈડી ક્રાઈમ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. જો કે, દૂધસાગર ડેરીની ચૂંટણી જાહેર થતાની સાથે ડેરી સાથે સંકળાયેલા વિપુલ ચૌધરીની ધરપકડ કરાતા રાજકારણ ગરમાયું છે. અત્રે નોંધનીય છે કે, વિપુલ ચૌધરી ભાજપ સામે ઝૂક્યા નહીં એટલે તેમની ધરપકડ કરવામાં આવી હોવાની પણ રાજકીય ગરમાવો આવ્યો છે

મહેસાણા દૂધસાગર ડેરીની ચૂંટણી જાહેર થતાં જ સીઆઈડી ક્રાઈમ દ્વારા ૨૨ કરોડના સાગર દાણ કૌભાંડ મામલે ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીની ધરપકડ કરવામાં આવતા મહેસાણા જિલ્લાના સહકારી રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. પાંચ જાન્યુઆરીના રોજ ડેરીના નિયામક મંડળની ૧૫ બેઠકો માટે મતદાન થનાર છે. મહારાષ્ટ્રને દુષ્કાળ વખતે મોકલવામાં આવ્યું હતું સાગર દાણ કોઈ પણ જાતની પરવાનગી વિના મોકલવામાં આવ્યું પણ આ મામલે આ કાર્યવાહી કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૩માં મહારાષ્ટ્રમાં પડેલા દુષ્કાળ વખતે ત્યાંની સરકારની માંગણી અન્વય મહેસાણા દૂધ સાગર ડેરીના તત્કાલીન ચેરમેન વિપુલ ચૌધરી દ્વારા પશુપાલકો માટે ડેરીમાંથી રૂપિયા ૨૨.૫૦ કરોડનો સાગર દાણનો જથ્થો મોકલાવ્યો હતો. જોકે તે વખતે આ કાર્યવાહી માટે કોઈ મંજૂરી લેવામાં આવી ન હોવાના મુદ્દે રાજ્યના સહકારી રજીસ્ટ્રારે કારણ દર્શક નોટિસ ફટકારી હતી. જ્યારે આ મામલે ફરિયાદ નોંધાતા જે તે વખતે ટ્રીબ્યુનલ કોર્ટે વિપુલ ચૌધરીને ૪૦ ટકા રકમ જમા કરાવવા આદેશ કર્યો હતો. ત્યારબાદ આ રકમ ભરવા માટે પ્રતિવર્ષ ડેરીના કર્મચારીઓને આપવામાં આવતા એક વર્ષના બોનસ ને બદલે વધુ બોનસની ચૂકવણી કરી તે રકમ જમા કરાવવાનું કાવતરું કર્યું હતું. જેથી સમગ્ર કેસની તપાસ સીઆઈડી ક્રાઈમે હાથ ધરી હતી. તે અંતર્ગત ગઈકાલે મોડીરાતે મહેસાણા દૂધ સાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીની અટકાયત કરવામાં આવી હતી એ તેમના કોરોના ટેસ્ટ કરાવવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. શનિવારે ચૂંટણી અધિકારી દ્વારા મહેસાણા દૂધ સાગર ડેરી ની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તેના બીજા જ દિવસે વિપુલ ચૌધરીની ધરપકડ કરવામાં આવતા અનેક તર્ક વિતર્ક સર્જાયા છે. નિયામક મંડળની ૧૫ બેઠકોની ચૂંટણી થવાની છે ત્યારે વિપુલ ચૌધરી જૂથ તેમજ ભાજપ સમર્થિત અશોક ચૌધરી જૂથ વચ્ચે ખરાખરીનો ચૂંટણી જંગ મંડાયો છે. બંને પક્ષો દ્વારા હાલ મતદારોને આકર્ષવા અવનવા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. હાલ દૂધસાગર ડેરીમાં વહીવટદારની નિમણૂક કરવામાં આવી છે. ત્યારે વિપુલ ચૌધરીની ધરપકડ બાદ ડેરીના નિયામક મંડળની ચૂંટણીમાં કેવા સમીકરણો રચાયા છે તે જોવું રહ્યું.

સરકાર દૂધસાગર ડેરીનું માળખું તોડી નાંખવા માંગે છે

ભાજપ સામે ઝૂક્યા નહીં એટલે વિપુલ ચૌધરીની ધરપકડ કરી : ડૉ.મનીષ દોશી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

દૂધસાગર ડેરીના ચેરમેન વિપુલ ચૌધરીની ધરપકડ અંગે વિપક્ષ કોંગ્રેસે આક્રમક બની સત્તાધારી પક્ષ પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસના પ્રવકતાએ આક્ષેપ કર્યા છે કે, સરકાર દૂધસાગર ડેરીનું માળખું તોડી નાખવા માંગે છે. નોંધનીય છે કે, વિપુલ ચૌધરી સરકાર સામે સેરેન્ડર ના થતા, તેમની ધરપકડ કરવામાં આવી છે. જો તપાસ લાંબા સમયથી ચાલી રહી છે. તો ચૂંટણી અગાઉ જ કેમ ધરપકડ કરવામાં આવી? તેવો વેધક પ્રશ્ન કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ કર્યો હતો. આનાથી વિપુલ પટેલને નહીં પણ ઉત્તર ગુજરાતના સહકારી માળખાને નુકસાન થશે. દુષ્કાળના સમયમાં વપરાયેલા દાણને કૌભાંડનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના ઈશારે દૂધસાગર ડેરીનું માળખું તોડવાનો પ્રયાસ થઈ રહ્યા હોવાનો આક્ષેપ કરાયો છે. વિપુલ ચૌધરી ભાજપ સરકાર સામે ઝૂક્યા નહીં એટલે ચૂંટણી પહેલા એમને જેલમાં પુરી દેવાનું સરકારનું કાવતરૂં હોય તેમ જણાય છે. બનાસ ડેરી, રાજકોટ ડેરી, અમૂલ ડેરીમાં અનેક કૌભાંડો થયા છે, કેમ ત્યાં સરકાર કેમ પગલાં લેતી નથી? શું ભાજપનો જે ખેસ પહેરે તે પવિત્ર થઈ જાય છે?

રાજ્યના તમામ ઈન્ટર્ન ડૉક્ટરો સ્ટાઈપેન્ડ વધારાની માંગ સાથે આજથી અનિશ્ચિત મુદતની હડતાળ પર

● ગુજરાત સરકાર અન્ય રાજ્ય કરતા ઓછું વેતન આપતી હોવાનો આક્ષેપ

● સ્ટાઈપેન્ડ ઉપરાંત માનદ વેતનમાં વધારો કરવાની પણ ડૉક્ટરોની માંગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૩

કોરોના મહામારી દરમિયાન દર્દીઓની ખૂબ જ નજીકમાં જઈ સેવા કરી હોય તેવા ડૉક્ટરોએ હવે પોતાના જ પ્રશ્નો માટે હડતાળનો આશરો લેવો પડે છે. આયુર્વેદિક ડૉક્ટરોને વિવિધ ૫૮ પ્રકારની સર્જરીની મંજૂરી આપવાના નિર્ણયનો વિવાદ ચાલી રહ્યો છે, ત્યારે હવે ઈન્ટર્ન ડૉક્ટરોએ સ્ટાઈપેન્ડ અને માનદ વેતન વધારવા માટે માગણી કરી છે અને આ માગણી નહીં સ્વીકારવામાં આવે તો રાજ્યના તમામ ઈન્ટર્ન ડૉક્ટરો આવતીકાલ ૧૪ ડિસેમ્બરને સોમવારથી તમામ સેવાઓથી અળગા રહી હડતાળ પર ઉતરી જશે.

કોરોના સમયગાળામાં અન્ય રાજ્ય કરતા ઓછું વેતન ગુજરાત સરકાર ડૉક્ટરોને આપી રહ્યું છે તેવો આક્ષેપ ઈન્ટર્ન ડૉક્ટરોએ મૂક્યો છે. સોશિયલ મીડિયામાં ઈન્ટર્નસ ઓફ ગવર્મેન્ટ ઓફ ગુજરાતના નામે બનાવેલા એકાઉન્ટમાં ઈન્ટર્ન ડૉક્ટરોએ એક લેટર પોસ્ટ કર્યો છે જેમાં જણાવ્યું છે કે, ઈન્ટર્ન ડૉક્ટરો એપ્રિલ મહિનાથી કોવિડ સેન્ટરમાં સતત ફરજ બજાવી રહ્યા છે અને તેમાં ૩૦૦ જેટલા ડૉક્ટરો કોરોના સંક્રમિત થયા છે. સિનિયર ડૉક્ટરો સાથે તેઓ સતત ખડેપગે ફરજ બજાવી રહ્યા છે. ત્યારે તેમને રૂા.૧૨,૮૦૦ જેટલું વેતન આપવામાં આવી રહ્યું છે, જે અન્ય રાજ્યના ડૉક્ટરોને મળતા વેતન મુજબ ઓછું છે. વેતન વધારવા માટે નાયબ મુખ્યમંત્રી, આરોગ્ય સચિવ સહિતના અધિકારીને વારંવાર રજૂઆત કરી છતાં કોઈ નિર્ણય લેવાયો નથી જેથી તેઓની ત્રણ માગણીઓ નહીં સ્વીકારાય તો આવતીકાલ સોમવારથી તમામ સરકારી, GMERS અને કોર્પોરેશનમાં ફરજ બજાવતા તમામ ઈન્ટર્ન ડૉક્ટરો હડતાળ પર ઉતરી જશે.

ઈન્ટર્ન ડૉક્ટરોની માગણી છે કે, (૧) તેમનું રૂા.૧૨,૮૦૦ સ્ટાઈપેન્ડ વધારી ઓછામાં ઓછું રૂા.૨૦,૦૦૦ કરી આપવામાં આવે જે એપ્રિલ માસથી ગણી અને તેનું એરિયર્સ પણ ચૂકવવામાં આવે, (૨) એપ્રિલ મહિનાથી આજદિન સુધી તમામ ઈન્ટર્ન ડૉક્ટરોને બોન્ડ સમયગાળામાં ૧:૧ ગણી ઈન્ટર્નશીપ પૂરી થયે તમામને બોન્ડમુક્ત ગણવા, (૩) આજદિન સુધી કોરોનામાં જે ફરજ બજાવી છે તેમાં ઈન્ટર્ન ડૉક્ટરોને પ્રોત્સાહિત માનદ વેતનરૂપે પ્રતિદિન રૂા.૧૦૦૦નું મહેનતાણું આપવામાં આવે. દિલ્લી સરકાર મેડિકલ, ડેન્ટલ પાસ અને ઈન્ટર્ન ડૉક્ટરોને ૮ કલાકના ૧૦૦૦ અને ૧૨ કલાકના ૨૦૦૦ રૂપિયા માનદ વેતન આપે છે. મ્યુનિસિપલ સ્ટાઈપેન્ડ ઉપરાંત માનદ વેતન રૂા.૫૦૦ આપે છે ત્યારે ઉપરોક્ત માગણીઓને સરકાર હકારાત્મક નિર્ણય લે તેવી આશા વ્યક્ત કરી છે.

કોરોનાની મહામારીના લીધે બાળકોના મોંમાંથી કોળિયો ઝૂંટવાયો

રાજ્યના ૫૨ લાખ વિદ્યાર્થીઓ છેલ્લા ૬ મહિનાથી મધ્યાહ્‌ન ભોજનથી વંચિત

● વિદ્યાર્થીઓને વહેલી તકે અનાજ અને મળવાપાત્ર આર્થિક સહાય આપવા કોંગ્રેસની માંગ

● આદિવાસી વિસ્તારની શાળાઓમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત અપાતું દૂધ પણ બંધ કરાયું

અમદાવાદ, તા.૧૩

કોરોનાની મહામારીને કારણે સૌથી પહેલાં શાળા-શિક્ષણ સંસ્થાનો બંધ થઈ અને હજુ સુધી ક્યારે ખુલશે એ અનિર્ણત છે ત્યારે ગુજરાતના ૫૨ લાખ વિદ્યાર્થીને મધ્યાહ્‌ન ભોજનની યોજનાનો લાભ છેલ્લા છ મહિના કરતા વધુ સમયથી મળ્યો નથી. ત્યારે કોરોનાકાળમાં ગરીબ-સામાન્ય વર્ગના બાળકોને મધ્યાહ્‌ન ભોજન અન્વયે અનાજ અને આર્થિક સહાય આપવા કોંગ્રેસે માંગ કરી છે. ગુજરાતના મોટા શહેર અમદાવાદ, સુરત, રાજકોટ વગેરેમાં ફૂડ સિક્યુરિટી એલાઉન્સ છેલ્લા ૧૨૦ દિવસથી ચૂકવાયું નથી.

રાજ્યમાં તત્કાલીન કોંગ્રેસ સરકારે મધ્યાહ્‌ન ભોજન યોજના લાગુ કરી હતી. બાળકોને યોગ્ય પોષણયુક્ત ખોરાક મળે, ડ્રોપ આઉટ રેટ ઘટે અને બાળ મજૂરી પર રોક લાગે એવા શુભ હેતુથી મધ્યાહ્‌ન ભોજન યોજના શરૂ થઈ હતી જેનો લાભ ગુજરાતના ૫૨ લાખ વિદ્યાર્થીઓને મળી રહ્યો છે પરંતુ ગરીબ બાળકોના મોંમાંથી અનાજ છીનવાનું કામ ભાજપ સરકાર અને તેના મળતિયાઓ કરી રહ્યા છે. સાથોસાથ ભાજપ સરકાર દ્વારા આદિવાસી વિસ્તારની શાળાઓમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત મળતું દૂધ વિતરણ પણ છ મહિના જેટલા સમયથી બંધ કરવામાં આવેલ છે. મધ્યાહ્‌ન ભોજનની જાહેરાત અને અમલીકરણમાં ભારોભાર અનિયમિતા સામે આવી છે.

ભાજપ સરકારની ભ્રષ્ટાચારી નીતિ-રીતિ અને અયોગ્ય અમલવારીને કારણે ગુજરાતના મધ્યાહ્‌ન ભોજનથી વંચિત વિદ્યાર્થીઓને તાત્કાલિક અનાજ અને મળવાપાત્ર આર્થિક સહાય આપવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું છે કે, રાજ્યમાં સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ધો.૧થી ૮ના વિદ્યાર્થીઓને ૧૦૦થી ૧૫૦ ગ્રામ અનાજ અને વિદ્યાર્થી દીઠ સાડા ચાર રૂપિયા કુકિંગ કોસ્ટ જે નિયમ મુજબ આપવાની થાય છે તે, છેલ્લા છ મહિનાથી વંચિત રાખવામાં આવ્યા છે, ત્યારે કોરોના જેવી મહામારીમાં ગરીબ-સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓને તાત્કાલીક અનાજ અને કુકિંગ કોસ્ટ સીધું જ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે. સાથોસાથ તેમને મળવાપાત્ર ફૂડ સિક્યોરિટી એલાઉન્સ જાહેરાત ૧૫/૨૦ દિવસે થતી હોવાથી મળવાપાત્ર જથ્થો ઓછો હોવાને કારણે એક સાથે વધુ જથ્થો આપવામાં આવે. આદિવાસી વિસ્તારોમાં દૂધ સંજીવની યોજના તાત્કાલિક અસરથી યોગ્ય અમલીકરણ કરવામાં આવે.

ધો.૧થી ૫ના વિદ્યાર્થી માટે ૧૦૦ ગ્રામ અનાજ અને ધો.૬થી ૧૦ માટે ૧૫૦ ગ્રામ અનાજ ફાળવવામાં આવે છે. પરંતુ ભાજપ સરકાર દ્વારા છેલ્લા છ મહિનાથી સ્કૂલના બાળકોને અનાજ અપાયું નથી તેવી ગંભીર ગુનાહિત બેદરકારી આરટીઆઈમાં ખુલ્લી પડી ગઈ છે. આફતને ભ્રષ્ટાચારનો અવસર બનાવી ભાજપ સરકારે ગરીબ-સામાન્ય વર્ગના બાળકોના મોંમાંથી અનાજનો કોળિયો છીનવી લીધો છે. શું ૫૨ લાખ ગરીબ અને સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓનું હક્કનું અનાજ સગેવગે કરી દેવામાં આવ્યું છે? તેનો ભાજપ સરકાર જવાબ આપે.

રાજ્યમાં ૨૪ કલાકના કોરોનાના નવા કેસ

જિલ્લો/કોર્પોરેશન	કેસ
અમદાવાદ કોર્પોરેશન	૨૩૯
સુરત કોર્પોરેશન	૧૪૮
વડોદરા કોર્પોરેશન	૧૧૨
રાજકોટ કોર્પોરેશન	૯૯
મહેસાણા	૫૧
વડોદરા	૪૦
ગાંધીનગર	૩૫
રાજકોટ	૩૦
અમરેલી	૨૯
જામનગર કોર્પોરેશન	૨૮
કચ્છ	૨૮
પાટણ	૨૫
સુરત	૨૪
સાબરકાંઠા	૨૨
આણંદ	૨૧
બનાસકાંઠા	૨૦
દાહોદ	૨૦
પંચમહાલ	૧૯
સુરેન્દ્રનગર	૧૯
ભાવનગર કોર્પોરેશન	૧૭
ગાંધીનગર કોર્પોરેશન	૧૭
જામનગર	૧૭
ખેડા	૧૫
ભરૂચ	૧૪
જૂનાગઢ કોર્પોરેશન	૧૪
મોરબી	૧૨
જૂનાગઢ	૦૯
મહીસાગર	૦૯
અમદાવાદ	૦૮
ગીર-સોમનાથ	૦૬
નર્મદા	૦૬
અરવલ્લી	૦૫
બોટાદ	૦૪
દેવભૂમિ દ્વારકા	૦૩
ભાવનગર	૦૨
છોટાઉદેપુર	૦૨
નવસારી	૦૨

અગાઉ ધોરડો ખાતે ટેન્ટ સિટીમાં રાત્રિ-રોકાણનો કાર્યક્રમ રદ કરાયો

વડાપ્રધાન મોદી આવતીકાલે ધોરડોથી ડિસેલિનેશન પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર તા.૧૫મી ડિસેમ્બરે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાન કચ્છના ધોરડો ખાતેથી વિશાળ ડિસેલિનેશન પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરશે. અગાઉ તેઓ ધોરડો ખાતે રાત્રિ રોકાણ કરવાના હતા પરંતુ તે કાર્યક્રમ રદ કરાયો છે. જેની પાછળ ધોરડો ટેન્ટ સિટીનું કામ લલ્લુજી એન્ડ સન્સનું હોઈ અને તેની સામે હાલ કાર્યવાહી ચાલી રહી હોવાનું કારણ ચર્ચામાં છે.

૧૫ ડિસેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના કચ્છની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાનના હસ્તે કચ્છના ધોરડો ખાતેથી માંડવી તાલુકાના ગુંદીયાળી ગામે ખારા પાણીને મીઠુ પાણી બનાવવાના ૧૦૦ એમ.એલ.ડી. ડિસેલિનેશન પ્લાન્ટનું ડીજીટલ ખાતમુહૂર્ત કરવામાં આવશે. પીએમ મોદીની કચ્છ મુલાકાતનો મામલે એસપીજીની ટીમે અગ્ર હરોળની સુરક્ષા વ્યવસ્થા સંભાળી બંદોબસ્તમાં જોડાનારા પોલીસ કર્મચારીઓના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. કચ્છ ઉપરાંત રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી આઈપીએસ અને અન્ય પોલીસ અધિકારીઓ બંદોબસ્તમાં જોડાયા છે. વડાપ્રધાન ૧૫ ડિસેમ્બરે એક દિવસ માટે કચ્છ આવી રહ્યા છે. પીએમ મોદીની કચ્છ મુલાકાતને પગલે સુરક્ષા માટે એસપીજીની ટીમ આજે કચ્છમાં તૈનાત કરાઈ રહી છે. મોદી બપોરે ટેન્ટ સિટીમાં સભા સંબોધ્યા બાદ વર્ચ્યુઅલ ભૂમિપૂજન કરશે. જ્યારે સાંજે સફેદ રણની ચાંદની નિહાળ્યા બાદ દિલ્લી જવા રવાના થશે. વડાપ્રધાન અગાઉ ૧૪ ડિસેમ્બરના રોજ આવવાના હતા અને રાત્રિ રોકાણ ધોરડો ખાતે કરવાના હતા. પરંતુ ઉત્તરપ્રદેશ સરકારે ટેન્ટના મામલામાં ભ્રષ્ટાચારના આરોપનો સામનો કરી રહેલા લલ્લુજી એન્ડ સન્સ સામે કાર્યવાહી કરી છે, ત્યારે વડાપ્રધાને આવા સંજોગોમાં કચ્છના સફેદ રણમાં આવેલા ટેન્ટ સિટીમાં રોકાણનો કાર્યક્રમ રદ કર્યો છે. લલ્લુજી એન્ડ સન્સને ધોરડો ખાતે યોજાનારા વડાપ્રધાનના કાર્યક્રમની વ્યવસ્થામાંથી બાકાત રખાઈ છે અને રાજકોટની પેઢીને કામ અપાયું છે. કુંભ મેળામાં તંબુ લગાડવાના ઠેકામાં કરોડોના કૌભાંડને પગલે પાણીચું અપાયું ત્યારે કચ્છમાં પણ તેને અળગી કરી દેવાતાં જાણકારોમાં એ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રીપદે કાર્યરત હતા ત્યારથી લલ્લુજી એન્ડ સન્સને તંબુ નગરી (ટેન્ટ સિટી)નો ઠેકો મળતો રહ્યો છે. આમ, આ પેઢી સરકારની ચહિતી રહી હોવાની છાપ દ્રઢ બની છે. પરંતુ આ વખતે વડાપ્રધાનના કાર્યક્રમ માટે ડોમ સહિતની વ્યવસ્થા માટે આ જ પેઢીને ટેન્ડર ન આપી એક બાજુ ધકેલી દેવાઈ છે. કાર્યક્રમ માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીના વતન રાજકોટની પેઢી કિશોર પરમાર એન્ડ મંડપ સર્વિસને ટેન્ડર અપાયું છે. ટૂરિઝમ વિભાગના અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં વડાપ્રધાને વીડિયો-કોન્ફરન્સના માધ્યમથી ધોરડોમાં યોજાઈ રહેલા રણોત્સવમાં પ્રવાસીઓની ઘટતી જતી સંખ્યાને લઈને અધિકારીઓની ઝાટકણી કાઢી હતી. જેને પગલે પ્રવાસીઓને આકર્ષવા માટે આગામી સમયમાં પ્રવાસન વિભાગ દ્વારા રણોત્સવમાં વિવિધ જાહેરાતો મુકાશે અને માધ્યમો દ્વારા એનો પ્રસાર કરશે.

ગુજરાત ટુડે 'હેલ્થ ટુડે' પૂર્તિ

આરોગ્ય ક્ષેત્રે લોકજાગૃતિ માટે 'ગુજરાત ટુડે'ની દર વર્ષે પ્રસિદ્ધ થતી 'હેલ્થ ટુડે' પૂર્તિ

૨૭ ડિસેમ્બર-૨૦૨૦ના રોજ પ્રસિદ્ધ થશે

તેમાં તમારી જાહેરખબર મોકલાવી શકો છો. જાહેરખબર અમારા જે-તે વિસ્તારના સીટી ઓફિસ સ્થાનિક પ્રતિનિધિ અથવા તો અમદાવાદ સ્થિત મુખ્ય કચેરી, ખાતે પણ મોકલી શકો છો.

વ્યવસ્થાપક

જાહેરખબર વિભાગ, ગુજરાત ટુડે દૈનિક, ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ-૨૮

ફોન : ૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧,

ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩

E-mail : gujarattodaydaily@gmail.com, gtadvt@yahoo.co.in

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS